પ્રબોધની દસમા તથા બારમા વર્ષની ભેટ.

કમલિની

ભાષાન્તર કર્તા:

સ્વ. સૌ. ઉર્મિલા દયારામ.

૧-૭-૭.

सर्व दानात् परं दानं अन्न दानं विशिष्यते ।

તહુમારાજ લાભની — એક અમૂલ્ય સૂચના

શાસ્ત્રાજ્ઞાનું પાલન

એ

હિન્દુ માત્રનો પરમ ધર્મ છે.

भवन्ति नरकाः पापात् पापं दारिद्र्य संभवम् ॥
दारिद्र्यमप्रदानेन तस्मात् दानपरो भवेत् ॥

દાન નહિ આપવાથી દારિદ્રય આવે છે; દારિદ્રયથી પાપ થાય છે અને પાપને પરિણામે નર્ક મળે છે.

માટે

બસો રૂપિઆમાં અન્નદાન સાથે અમરનામ !

રૂ. ૨૦૦ આપી અન્ન દાન ખાતે એક દિવસ રોટી આરસની તખ્તીમા નામ કોતરાવી યાદગિરી અમર કરો ! ! !

ગરીબ હિંદુ અનાથોની દયા લાવવી અને તેમને સારે માઠે પ્રસંગે બ્રાહ્મણો માફક યાદ કરી દાન આપવું એ દરેક હિંદુનું કર્ત્તવ્ય છે. કારણ કે, આવા નિરાધાર અનાથોને દાન કરવાથીજ પરલોકની વાટ ખરચી પ્રાપ્ત થાય છે.

માટે તમારા દાનના મની-ઓર્ડરો તુરત નીચલે સરનામે મોકલી આપો.

એક રૂપીઆ સુધીનાં દાન વાર્ષિક રીપોર્ટમાં છપાય છે. તે રિપોર્ટ મફત મળે છે. તે મંગાવવા દાન મોકલી લખો.

મંત્રી-હિન્દુ અનાથાશ્રમ.

નડીઆદ,

સચિત્ર

સુન્દરી સુબોધ.

સ્ત્રીઓ, બાળકો અને કુટુમ્બીજન માટે પ્રકટ થતું:
સસ્તામાં સસ્તું-મ્હોટામાં મ્હોટું: લોકપ્રિય માસિક પત્ર.

બે કદમાં બ્હાર પડે છે.

૧૦૦ પાનાંનું સચિત્ર માસિક-લવાજમ, ત્રણ રૂપિયા.

૩૨ પાનાંનું સચિત્ર માસિક-લવાજમ, સવા રૂપિયો.

(હિન્દુસ્થાનની બ્હાર-પાંચ શીલિંગ અને બે શીલિંગ.)

દરેક કદના ગ્રાહકને ભેટનું પુસ્તક તથા ખાસ અંક મળે છે.

નમૂનો મંગાવો:

નીચેને સરનામે લખો:

સુન્દરી સુબોધ મન્દિર—અમદાવાદ.

અનાથોનો પોકાર!!

તમારા દેશના સદાચરણી, દરિદ્રી અને નિરાધાર અનાથો બીજે ક્યાં જઇ પોકાર કરે? બીજે ક્યાં જઇને અરજ કરે? તેને તમારો જ આધાર છે; તે તમારાંજ છે; તેમને મદદ કરી તેમના વ્યાધિ ટાળો અને તેમને વિદ્યા તથા હુન્નરનું જ્ઞાન આપી સનાથ બનાવો કે જેથી તેઓ પોતાના જેવા અનેક અનાથોને સનાથ બનાવે. તેમને મદદ કરી ઈશ્વરનો પ્રેમ મેળવો; તેમને દાન કરી તમારી સકમાણીનું સાર્થક કરો. **એ દાન તેજ સ્વર્ગ સુખનો માર્ગ છે.**

સિદ્ધપુર ક્ષેત્રમાં **"શ્રી ગોપાલ કૃષ્ણ મહારાજ" ની નિરાધાર કુલિન જનપોષક** સંસ્થા છે તેમાં ગરીબ કુલિનો, સદાચરણી વિધવાઓ, નિરાધાર બાળકો, તથા વ્યાધિગ્રસ્ત અનાથ મનુષ્યોનું પોષણ થાય છે. ગરીબ વિદ્યાર્થીઓને અન્ન, વસ્ત્ર, તથા પુસ્તકની મદદ આપી વિદ્યાભ્યાસ કરાવાય છે. વ્યવસ્થા સંપૂર્ણ સહી સલામત રીતે પ્રતિષ્ઠિત ગૃહસ્થોના હાથમાં છે. **દાન આપનારનાં નામ પ્રસિદ્ધ થશે.**

તમારાથી બને તેટલી મદદ તુરત જ મોકલો. રસીદ મળશે. પત્રવ્યવહાર, મનિઑર્ડર વિગેરે નીચલે સરનામે:—

મણીલાલ રામશંકર ઠાકર.

મંત્રી—સિદ્ધપુર.

સચિત્ર સુન્દરી સુબોધ.

દરેક અંકમાં શું આવે છે.

૧. વિવિધ પ્રકારનાં સુન્દર **ચિત્રો**, મનોહર **છબીઓ.**

૨. સુબોધક, આનન્દન, રસીલી **વાર્તાઓ-નવલકથાઓ.**

૩. સમાજ, સાહિત્ય અને વિજ્ઞાનને લગતા **ખાસ વિષયો.**

૪. વિદ્યા-કલા-વૈદક: પાકશાસ્ત્ર-ગૂંથણકલા.

૫. ગૃહ-ધર્મ વિશે અને એવાં અનેક ઉપયોગી લખાણ.

૬. હિન્દુસ્થાનમાં અને દુનિયામાં બનતા બનાવો.

૭. કાવ્યો, ગરબીઓ, ગરબાઓ.

૮. **બાળકો માટે વાર્તાઓ**—કવિતા-રમુજ, વગેરે.

૯. જૂદા જૂદા દેશોમાં **મુસાફરી,** યાત્રાનાં વર્ણન.

૧૦. ગમ્મતનાં લખાણ, ઉત્તમ વિષયોના ઉતારા, ઉપયોગી પુસ્તકોનો સાર, ચાલુ ચર્ચા, વગેરે.

દર વર્ષે ખાસ સ્ત્રીલેખથી લખાયલો, અનેક સુન્દર ચિત્રોથી શણગરાયલો, મ્હોટો **ખાસ અંક** પ્રકટ કરવામાં આવે છે.

સ્ત્રી-ઉપયોગી: કુટુંબોમાં વાંચવા લાયક

ઉત્તમ પુસ્તકો.

સુન્દરી સુબોધની પાછલી ફાઇલો:

છઠ્ઠા વર્ષના	અંકો	(૧ થી ૧૨)	રૂ. ૦-૧૨-૦
આઠમા ,,	,,	(,, ,,)	,, ૦-૧૨-૦
*નવમા ,,	,,	(,, ,,)	,, ૧—૦-૦
*દશમા ,,	,,	(,, ,,)	,, ૧—૪-૦
*અગિઆરમા	,,	(,, ,,)	,, ૧—૪-૦

સ્ત્રી લેખના મ્હોટા ખાસ અંકો.

૧૯૧૨ નો ખાસ અંક. (૧૫ ચિત્રો-૧૨૮ પાનાં)	રૂ. ૦-૧૨-૦	નામદાર શહેનશાહના દરબાર પ્રસંગનો
૧૯૧૩ નો ખાસ અંક. (૧૭ ચિત્રો-૧૯૨ પાનાં)	,, ૦-૧૨-૦	દેશોદયની હીલચાલોના અહેવાલથી ભરપૂર.
૧૯૧૪ નો ખાસ અંક. (૨૨ ચિત્રો. ૧૩૬ પાનાં)	,, ૦-૧૨-૦ ,,	સુન્દર રંગીનચિત્ર તથા લ્હડાઈનાં ચિત્રોવાળો.

વ્યવસ્થાપક સુન્દરી સુબોધ.

* * નવમા વર્ષની ફાઇલમાં ત્રીજો અંક નથી. પણ નવ દસ-અગીઆરમા વર્ષની ફાઇલોમાં ખાસ અંક સામેલ છે

કમલિની.

મિસિસ સત્યનાધનની "કમલા" નામની અંગ્રેજી

વાર્તાનું ભાષાન્તર.

ભાષાન્તર કર્તા

સ્વ. સૌ. ઊર્મિલા દયારામ ગિદુમલ.

પ્રકાશક

નરસિંહરાવ ભોળાનાથ દીવટિયા.

ન્યૂ બંગલો

બાંદરા.

કિંમત રૂ. ૧-૦-૦.

આવૃત્તિ ૧ લી. પ્રત ૩૦૦૦.
ઈ. સ. ૧૯૧૫. સંવત્ ૧૯૭૧.

શ્રી જ્ઞાનમન્દિર પ્રિન્ટિંગ પ્રેસમાં શંકરરાય અમૃતરાયે છાપ્યું.
સાંકડીશેરી રોડ—અમદાવાદ.

પ્રસ્તાવના.

આ પુસ્તકને લાંબી પ્રસ્તાવનાની આવશ્યકતા નથી, માટે પ્રસંગપ્રાપ્ત બે બોલ લખું છું.

મિસિસ સત્યનાધને અંગ્રેજીમાં 'કમલા' નામની વાર્તા લખી પ્રગટ કર્યાને આજ વીસ વર્ષ થયાં. એ વાર્તાના હૃદયવેધક રસથી આકર્ષાઈને હેતું આ ભાષાન્તર સ્વ. સૌ. ઊર્મિલાએ કર્યું. આ ભાષાન્તર કેટલાંક વર્ષ ઉપર એકવાર પૂરેપૂરું કરેલું, તે હસ્તલેખ ખોવાઈ ગયો; તેથી બધું બીજીવાર ફરીથી કર્યું.

"કમલાના પત્રો" નામની એક અંગ્રેજી કથા છે, તે તદ્દન જુદું જ પુસ્તક છે; પણ આ 'કમલા' ભાષાન્તર ચાલતું હતું ત્હેવામાં અનેક જણે પૂછેલું કે—'કમલાના પત્રો' તે જ આ કની? તેથી આ પ્રકારનો ભ્રમ ટાળવા માટે 'કમલા' નામ બદલી આ વાર્તાનું નામ 'કમલિની' રાખ્યું.

'સુન્દરીસુબોધ'ની ભેટ તરીકે વ્હેંચવા માટે આ ભાષાન્તરની પ્રથમ આવૃત્તિ એ માસિકના ગુણજ્ઞ તન્ત્રીએ લીધી અને તે ખુશીથી આપવામાં આવી છે. આપણા ગુજરાતના સ્ત્રીમંડળમાં બ્હોળા ફેલા-

વવાળું તથા તે વર્ગની અપૂર્વ સેવા કરનારું આ માસિક આ હિન્દુ સંસારના ચિત્રની વાર્તા સ્વીકારીને હેનો પ્રસાર કરે એ સર્વથા ઉચિત જ છે.

આ ભાષાન્તરમાં મ્હેં સ્થળે સ્થળે જરૂરના ફેરફાર કર્યાછે. પરંતુ તે હેવા અથવા એટલા બધા નથી કે તેથી ભાષાન્તર માટેની ભાષાન્તરકર્ત્તાની જવાબદારીમાં અથવા યશમાં ન્યૂનાધિકતા થાય.

નરસિંહરાવ ભોળાનાથ.

૧૯ મી ડીસેમ્બર, ૧૯૧૪.

અનુક્રમણિકા.

પ્રકરણ.		પૃષ્ઠ.
૧	બાલ્યાવસ્થા	૧
૨	વિવાહ	૧૦
૩	લગ્ન....	૨૧
૪	કુમલિનીની સખીઓ	૨૯
૫	પતિનું આગમન	૪૩
૬	કુમલિનીની સખીઓના સાસરામાં અનુભવ	૫૫
૭	અંધકારમય જીવનમાં ઝાંખું કિરણ	૬૭
૮	ચાર દહાડાનું ચાંદરણું	૭૯
૯	વિષબીજ	૯૧
૧૦	પાપની છાયા	૧૦૫
૧૧	કપટનો એક ક્રમ આગળ	૧૧૫
૧૨	પિતાની સોડયમાં પાછી	૧૩૧
૧૩	સઈનો બાજીમાં પ્રથમ દાવ	૧૪૩
૧૪	ભૂતકાળનાં મોંઘાં દર્શનો	૧૫૬
૧૫	સહુથી પણ અજાણી એક વાત	૧૬૯
૧૬	પતિને ઘેરઃ સુખ કે દુઃખ ?	૧૮૦
૧૭	પરાકાષ્ઠા	૧૯૫
૧૮	सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते	૨૦૭
૧૯	મૃત્યુની છાબ	૨૨૦
૨૦	અમૃતનો પ્યાલો: પાન વિના તૃપ્તિ	૨૩૦

ત્રિકાલસ્વપ્ન.

(લાવણી)*

સખી હો ! ત્રિકાલના ધ્વનિ થાય,
આજ ઉર મિશ્ર ગાન ઘૂંટાય;
સ્મરણપટ સ્વપ્ન એક ચીતરાય,
કદી નવ હવે જેહ ભૂસાય:—

પ્રહરભર વ્યોમ ચઢ્યો રવિરાય,
સિન્ધુ તહિં વેદગાન કંઇ ગાય;
રેલિયું રગરગ જીવનપૂર,
વિશ્વમાં તે સમયે શું મધુર !

હેવા સમયે સિન્ધુના તેજભર્યા પટ માંહિં
ઉલ્લાસો ઊભરાતા જોતો ઉપકંઠે રહી ત્યાંહિં
રહ્યો ઊભો હું એકલરૂપ,
હૃદયમાં સુખ વ્હેતું જ અનુપ.

સખી હો ! ૦ ૧

*'પ્રિય રે તે તે ક્યમ વિસરાય'-એ મણિલાલ દ્વિવેદીના "ઉત્તરરામચરિત" માંની લાવણીની ચાલ.

અને ત્ય્હાં આવી તું મુજ સંગ
નિરખતી ઉજ્જવલ સિન્ધુતરંગ
ઊભી, ને પ્રેમમન્ત્ર કંઇ ગૂઢ
સુણ્યા, ગાયા, આપણુ એ ઉર;
અને ત્ય્હાં સહસા દર્શન જેહ
પ્રગટિયું, સ્મરણ ત્હને કંઇ તેહ?
ક્ષિતિજ વિશેથી વેગથી કનકની નૌકા એક
સરતી સરતી સિન્ધુપટે કંઇ આવી કિનારે છેક,
સમેટ્યા શઢ દીપિત તત્કાળ,
કરી લંગર ઊભી ક્ષણ વાર.

સખી હો! ૦ ૨

અને કો દિવ્યદૂત તે વાર
તજી નૌકા આવ્યો જ કિનાર,
ગાઈ ને મધુરાં અનુપમ ગાન
આપણું હરિયું તે ક્ષણ ભાન;
આપિયું તુજ મુજ કરમાં એક
કુસુમ કો દિવ્યરૂપનું છેક;

સોંપી ચાલ્યો દૂત એ, ચઢ્યો નાવ ભરી ફાળ;
સરતી સરતી સિન્ધુજળે એ લુપ્ત થઈ તત્કાળ;

સ્વપ્નદર્શન એ તાજું આજ
થઈ મુજ ઉર દમતું શું અકાજ !

સખી હો ! ૦ ૩

(અનુષ્ટુપ્)

વીત્યાં એ સ્વપ્નને વર્ષો કેટલાં આજ ? શું કહું ?
એહુ અંતરમાં બીજાં સ્વપ્ન આવ્યાં, ગયાં, બહુ. ૪

(લાવણી: પ્રથમની ચાલની)

અને, જો, બીજું દર્શન આજ
પ્રગટિયું ઉર દમતું સહસા જ;

આપણું દિવ્ય કુસુમ સપ્રેમ
પોષિયું, ખીલવ્યું, રાખ્યું ક્ષેમ;

અને જો ! વેગે ધસતી આવી
કનકનૌકા ફરી દૂત જ લાવી;

કુસુમ ઝડપી લઈ ચાલિયો દિવ્યદૂત પળમાંહિં;
સુણિયાં નવ આક્રન્દ આપણાં, લાગ્યો નિષ્ઠુર કાંઈ;

ચઢયો એ નાવ, ફર્યાં ફરી નાહિં,
મૂઢ આપણુ બે બનિયાં ત્યાંહિં.

સખી હો ! ૦ ૫

(અનુષ્ટુપ્)

“અરે ભાઇ! દયાળુ થા, હમને સંગ લેઈ જા!” —
ઉદ્ગારો આપણા હેવા સુણી લાગ્યો જ બોલવા:— ૬

(દ્રુતવિલમ્બિત)

“કુસુમ આ કુમળું ઉર ધારવા
મનુજભૂમિ નથી હજી યોગ્ય આ;

કુસુમ એહ તણો ખપ છે બહુ
અમરધામ વિશે, વધુ શું કહું ? ૭

હજી નથી પ્રગટી તમ યોગ્યતા
પરમધામ વિશે પદ ધારવા;

જગપિતાચરણે વધુ ખીલશે
કુસુમ આ, અમીવર્ષણ ઝીલશે.” ૮

(લાવણી: પ્રથમની ચાલની)

ત્વરાથી બોલી હેવી વાણી
કનકનૌકા લીધી ઝટ તાણી;
શઢો ફૂલ્યા તેજસ્વી કાંઈ,
અને જો ! દિવ્ય એહ પળમાંહિં
પ્રગટયો જ્યોતિ દિવ્ય કો, અને વ્યોમને ઉર
ગાન અદૃશ્ય ગવાતાં સુણિયાં, ને સિન્ધુતણે પૂર
કનકનૌકા વેગે ગઈ દૂર,
દૂર એ, દૂર, દૂર, અતિ દૂર ! ૯

(શિખરિણી)

હવે સૂનાં ઊભાં વિષમ જગ–આઘાત સહીશું,
પ્રભુની આજ્ઞાઓ અડગ મનથી ધારી રહીશું;
અને અન્તે પેલી કનકમય નૌકા નિરખશું,
ચઢી ત્હેમાં વ્હાલી! કુસુમ ગયું ત્ય્હાં આપણ જશું. ૧૦

ન. ભો.

(૨૪ મી ડીસેમ્બર ૧૯૧૩.)

કમલિની.

પ્રકરણ ૧ લું.

બાલ્યાવસ્થા.

જો કે ભારતખંડ સંપૂર્ણ રીત્યે સ્વર્ગ નહિં હોય પરંતુ ત્હેમાં શ્રેષ્ઠ સુન્દરતા, અને વૈભવવાળાં અનેક સ્થળ છે. દક્ષિણના પર્વતમય પ્રદેશમાં ગંગા ગોદાવરીના મૂળપાસે આવેલું નાસિક એક ત્હેવું સ્થળ છે. આ સ્થળ પ્રકૃતિની ગંભીર, પ્રૌઢ અને ખાડા ખઈયાવાળી જગ્યાઓથી શોભાયમાન હતું. પર્વત પછવાડે પર્વતની હાર્યે આવેલી હતી. કેટલીક વનસ્પતિથી ઢંકાયલી તો કેટલીક ઉજ્જડ અને સુનકારવાળી પર્વતમાળાઓ હતી. કેટલાક પર્વતની તળેટી આગળની ગુફાઓ અને કોતરોમાંથી ચોમાસામાં ઝરણોનો પ્રવાહ ધસારાબન્ધ જતો હતો. આ ડુંગરોની હાર્યથી પશ્ચિમઘાટ શરૂ થતો હતો, ત્યાંથી થોડેક દૂર શિવગંગા નામનું પવિત્ર ધામ છે.

એક સાંઝને સમયે વાદળાં અસ્ત પામતા સૂર્યનાં કિરણોથી પ્રકાશિત થયાં હતાં. ચારે બાજુએ કેટલાક ગાઉ સુધી વિશાળ પણ શૂન્ય જગ્યા જણાતી હતી. એક બાજુએ નીચાં જૂનાં વૃક્ષ અને ટેકરા અને બીજી બાજુએ શિવગંગા શેહેર છે. ત્હેના ઘુમ્મટ, ઇમારતો અને ત્હાંના તળાવનું પાણી અસ્ત પામતા સૂર્યનાં કિરણોથી પ્રકાશિત થયાં હતાં. થોડેક છેટે એક વૃક્ષની ઘટાવાળી ટેકરી ઉપર

વદાય લેતા સૂર્યના પ્રકાશને વૃક્ષની ડાળીઓ પકડી રાખતી હોય તેમ જણાતું હતું.

સૂર્યના ચળકતા કિરણના પ્રકાશમાં આ સ્થળે એક બાળક કન્યા નજરે પડતી હતી. તે એક એકાન્તવાસી વૃદ્ધ બ્રાહ્મણની પુત્રી કમલિની હતી. તે ટેકરીની ટોચ ઉપરના દેવાલયના ખંડેર પાસે હાથ ઉપર માથું ટેકાવીને ઉભી હતી ત્હેની મુદ્રા ઉપર થાકનાં ચિન્હ જણાતાં હતાં. સામે આવેલા મેદાન તરફ તે ધ્યાન દેઈ જોયા કરતી હતી. આખરે તે નિઃશ્વાસ નાંખી બોલી " પિતાજી તો કાંઈ પણ જણાતા નથી. અરેરે ! હવે તે ક્યહારે ઘેર આવશે ?" તે છોકરીના વિચાર દર્શાવવું ઘણું કઠિન હતું. ત્હેની વૃદ્ધ દાદીમા ઘણી ગુસ્સે થયેલી હતી, અને હાલ ત્હેના પિતા ત્હેનું ક્રોધમાંથી રક્ષણ કરવાને તથા ત્હેની દાદીમાને શાન્ત કરવાને અને પાસેના મંદિરના પૂજારીઓ જે નિરંતર માંહો માંહે પૈસા માટે લઢતા હતા ત્હેમને શાન્ત પાડવાને અત્યારે અહિંઆં નહોતા. માત્ર મંદિરમાંની પ્રચંડ મૂર્તિ કમલિની તરફ ધારીને જોઈ રહેતી હતી. પાસેના વૃક્ષોની કુંણી ડાળીઓ પવનથી ઝોલાં ખાઈ ખેદસૂચક નાદ કરતી હતી. કમલિની ત્હેના પિતાનો આવવાનો માર્ગ જાણતી હતી. ઘણીવાર ત્હેની સાથે શેહેરમાં શાક, અનાજ લાવવા જતી, ને સાંઝે પાછા તાજાં લીલાં ખેતરોમાં થઈ તેઓ આવતાં હતાં. હાવે પ્રસંગે તે પોતાની ટેકરી ઘણે દૂરથી સંધ્યાકાળના આકાશમાંથી ઓળખી કાઢતી હતી. આ બાલિકા ત્હેના પિતાની પીઠ ઉપર બેશી ત્હેના ગળાની આસપાસ હાથ વીંટી ને આંખ્યો મીંચી દેતી હતી, અને સાંઝ પડતાં "સૂર્યનાં સોનેરી કિરણો ઝાડીમાંથી દેખાય છે કે નહિં ? મ્હારો મિત્ર પવન ત્યહાં છે

કે નહિં? ચીડીયણુ પણુ ભલું ઇચ્છનારી દાદીમા પણુ ત્યાં છે કે કેમ?" એમ વિચાર કરી આંખ્યો ઉઘાડીને ઊંચું જોતી તો તેજ સોનેરી કિરણો ઝાડીમાંથી પ્રકાશતાં હતાં. આ આનન્દજનક પ્રકાશ જોતાં ત્હેના હર્ષનો પાર રહેતો નહિં, અને હર્ષથી તાળીઓ પાડી પિતાના ખભા ઉપર ચુંબનો કરતી શેહેરમાંથી ઘેર આવી અંધારૂં થતાં નિદ્રાવશ થઈ જતી હતી. આહા! પછીનાં વરસોમાં આ ચિત્ર ત્હેને કેવું યાદ આવતું હતું! કેટલીવાર તે પહેલાંની પેઠે ભવિષ્યના કાંઈ પણુ વિચાર વગર બાલ્યાવસ્થાની, સ્વપ્ન વિના નિર્મલ મન રાખી ઊંઘવાની ઇચ્છા કરતી હતી! કમલિનીને લાંબો વખત પિતાની વાટય જોવી પડી નહિં. દૂરથી ત્હેને ડાંગેરના ખેતરમાંથી આવતો જોઈ આનન્દથી પિતાની તરફ દોડી ગઈ. વૃદ્ધપિતાએ ત્હેને તેડી લઈ ખભા ઉપર બેસાડી. કમલિની ત્હેના ગળાની આસપાસ હાથ વીંટાળી ધ્રુજતે અવાજે બોલી "પિતાજી, મ્હેં ત્રણ દિવસ સૂધી ત્હમારી વાટય જોઈ. અંધારૂં થઈ ગયું, ઘુવડો બોલવા લાગ્યાં ને દેવી મ્હારી તરફ ધારીને જોઈ રહેતી. પણુ ત્હમે આવ્યા નહિં"

"હશે દીકરી, હવે આપણે ઘેર આવ્યાં છીએ."

ત્હેમનું ઘર એક ન્હાની ઝૂંપડી હતી. ત્હેનો ઓટલો સ્વચ્છ, લીંપેલો, અને સ્હામેનાં મ્હોટાં વૃક્ષના છાંયડા નીચે હતો. આંગણામાં સ્હામે એક તુળશીકયારો હતો, ને એક બાજુએ કૂવો હતો. કૂવા પાસે માંજેલાં ચળકતાં પાણી ભરવાનાં વાસણો હતાં, જેવાં પિતા ને પુત્રી ઝૂંપડીમાં આવ્યાં કે ડોશી ગુસ્સે થઈ બોલી "આટલો વખત છોકરી શું કરતી હતી તે હું હવે સમઝી. રખડાઉ છોકરી! ત્હારા પિતા આજ ઘેર આવવાના છે તે તું જાણુતી હતી કે શું!"

કમલિનીએ પિતાના ખભા ઓઠે મ્હોં સંતાડયું અને ત્હેના પિતાએ સ્મિત કરી પૂછયું:—

"શું એ નઠારી છોકરી છે ?"

"ઘણી જ નઠારી. ત્હમારા બગાડયાથી સ્તો; હેને એક પુત્ર કરતાં પણ વધારે લડાવો છો." એમ કહી ડોશી હેમને માટે ખાવાનું લેવા ઝૂંપડીમાં ગઈ, અને કમલિનીનો પિતા કૂવા ઉપર હાથ મ્હો ધોવા ગયો. કમલિની આતુરતાથી પિતાની વાટય જોતી ઊભી રહી, અને થોડીવારમાં કેળનાં પાંદડાં ઉપર પીરસાયલાં દાળભાતનું સાદું ભોજન પિતા અને પુત્રી આનંદથી જમ્યાં.

જાત્રાળુઓમાં પવિત્રતા માટે પ્રસિદ્ધ ગણાતી ટેકરી ઉપર કમલિનીના સંન્યાસી પિતાની ઝૂંપડી હતી. આજુબાજુનો દેખાવ સુંદર હતો. અને દરેક ટેકરી ઉપર એક એક દેવાલય હતું. આ ટેકરી ઉપરનું મંદિર ખંડેર હતું, અને ત્હેની આસપાસ ઝૂંપડીઓ બાંધેલી હતી. પાસેના તળાવનું સ્વચ્છ પાણી, તળાવની પાળ તૂટી ગયેલી હોવાથી ધસારાબંધ, ખળખળ કરતું ખીણમાં વહી જતું હતું. પવન ભયંકર સુસવાટા કરતો, મંદિર પાસેની શૂન્ય જગ્યામાં થઈ ચાલ્યો જતો હતો. વારંવાર વૃક્ષોની ડાળીઓ હલાવતો હતો. વળી તળાવ ઉપર એકાએક શાન્ત થઈ કરૂણ સ્વરે વિલાપ કરતો, તો વહેતા પાણીના અવાજમાં ભળી જઈ હાસ્ય કરતો, હેવી અનેક રીત્યનું વિચિત્ર ગાન કરતો હતો. કમલિનીની ઝૂંપડી પાસે એક ગુફા હતી, અને ઝૂંપડી સ્હામે શહેરમાં જવાનો માર્ગ આવેલો હતો. દૂરથી આવતો પવન શહેરમાં નિરંતર વાગતાં ઢોલનો અવાજ લાવતો હતો.

કમલિની ત્હેના પિતાને અત્યન્ત પૂજ્ય ભાવથી ચ્હાતી હતી.

તે ન્હાની બાળક હતી, ત્યારે ત્હેની મા મરણ પામી હતી, ત્હેનું કમલિનીને ઝાંખું સ્મરણ હતું. ગૌર વર્ણની, ઊંચી, વિશાળ પણ શોકપૂર્ણ આંખ્યો વાળી સ્ત્રીની પ્રતિમા ત્હેની દૃષ્ટિ આગળ આવતી હતી. વારંવાર ત્હેના મધુર શબ્દો યાદ આવતા હતા, તે સમય ઘણો દૂર ગયેલો લાગતો હતો, પણ માતાની કોમળ અને મધુર આંખ્યોનો ચળકાટ સાંઝને વખતે તેનાથી સ્પષ્ટ જણાતો હતો. તે ગત માતાના સુખમય વિચાર કરતી કરતી નિદ્રાવશ થઈ જતી હતી.

કમલિનીની આટલી વયમાં કાંઈ વિશેષ જાણવા જોગ બનાવ બન્યા નહોતા. તે નિત્ય સ્હવારમાં વહેલી ઊઠી મંદિરમાં જઈ બ્રાહ્મણોના મંત્રો સાંભળતી, પક્ષીઓનાં મધુર ગાન સાંભળી આનન્દ પામતી. જો કે તે મંત્રોના અર્થ સમઝતી નહોતી, છતાં ત્હેને પક્ષીના ગાયન કરતાં, શાન્ત સ્વરે બ્રાહ્મણો જે મંત્ર બોલતા હતા, તે વધારે પ્રિય લાગતા હતા, ને ત્હેનું હૃદય ભક્તિમય થઈ જતું હતું. સ્હવારનો થોડો સમય હાવી રીત્યે ગાળી, જીવનમાં સર્વ વસ્તુઓ આપનાર કૃપાલુ પરમેશ્વરની તે પ્રાર્થના કરતી હતી.

ત્હેની ઝૂંપડીની આસપાસ ગાયો બકરીઓ ચરાવનાર શૂદ્રની છોકરીઓ ત્હેને ઘણી ગમતી હતી. તે છોકરીઓ આજુબાજુનાં ગામડાંની વાતો કહી કમલિનીને આનંદ પમાડતી હતી અને કમલિનીનું કામ ઘણી ખુશીથી કરતી હતી. તો પણ કમલિનીને ઘણું કામ કરવું પડતું હતું. સ્હવારમાં ઊઠી પિતાનો પાણીનો ચંબુ ભરી કેળનાં પાંદડાંનાં ગોઠવતી. તુલસીને પાણી પાતી, વગેરે અનેક કામ જે ડોશી દાદીમા કહેતી તે કરતી હતી. આખો દિવસ વૃક્ષના છાંયડા નીચેના મંદિરના ઓટલા ઉપર ત્હેના સંન્યાસી પિતા પાસે ગાળતી હતી. ત્હેની સોડયમાં બેશી જ્ઞાનની વાતો સાંભળતી હતી. હાવી રીતે

ઉછરતી કમલિની હેની વયની અન્ય બાલિકાઓ કરતાં તદ્દન જુદા જ સ્વભાવની હતી. તે લજ્જાયુક્ત, એકાન્તવાસી નિર્દોષ બાલિકા હતી. કોઇ કોઇ વખત પિતા જોડે શહેરમાં જઈ આનન્દ પામતી હતી, તે કરતાં વિશેષ આનન્દનો દિવસ ત્હાંના મંદિરની દેવીના ઉત્સવનો આવ્યો. આ ઉત્સવને દિવસે પ્રાતઃકાળે સુશોભિત વસ્ત્ર પ્હેરી બાલિકાઓનું મંડલ કેટલીક યુવતિઓ તથા વૃદ્ધ સ્ત્રીઓ સાથે દેવીના મંદિરવાળી ટેકરી ઉપર ચઢવા માંડયું. મંદિરની ચારે બાજુએ જાત્રાળુઓ માટે મંડપ બાંધ્યો હતો. મંદિરનાં વાજાં પૂર જોસથી વાગતાં હતાં. પવન પણ વિચિત્ર રીત્યે દિશા બદલી રોજ કરતાં વિશેષ જોરથી આવતો હતો. નિર્જન ટેકરી આજ જાત્રાળુઓના તથા આનન્દી બાલિકાઓના આવ્યાથી સુન્દર દેખાતી હતી. આ ઉત્સવ દશ વર્ષમાં એક જ વાર આવવાથી શેહેરમાંની સર્વ સ્ત્રીઓ, તથા બાલિકાઓ, વર્ષાદ, પવન, અને સૂર્યનો તાપ પાડનાર દેવીનાં દર્શન કરવા આવતાં હતાં. પુરુષો મંદિર પાસેના ઝરણમાં સ્નાન કરી ચંબુમાં નિર્મળ પાણી ભરી મંદિર તરફ જવા લાગ્યા, બાલિકાઓ કંકુ, ચોખા અને પુષ્પ લઈને આવતી હતી, અને પોતાના મનોરથ મળવા માટે મનમાં માનતાઓ માનીને પાછી જતી હતી. પાસેના પીપળાના વૃક્ષ નીચે વેરાગીને વેશે કેટલાક ભીખારીઓ વાજિંત્ર લઈ, દર્શન કરવા આવેલા લોકો પાસેથી ભીખની આશાએ વગાડી, ગાન કરતા હતા. મંદિરમાં ઘીના અનેક અનેક દીવા બળતા હતા. પૂજારીઓ કપાળ ઉપર મ્હોટાં ટીલાં કરી ગંભીરતા ધારણ કરી દેવીની પૂજા કરતા હતા. કેટલાક જાત્રાળુ પુરૂષો અને સ્ત્રીઓ દેવીની મૂર્તિ સ્હામે ઊભાં રહી પગે લાગતાં હતાં.

શરમાળ કમલિની શું કરવું તે ન જાણતી હોવાથી પોતાની ઝૂંપડી પાસે રહી જોયા કરતી હતી. ત્હેણે બીજા મંદિરના ન્હાના ઉત્સવો જોયા હતા; પરંતુ આ ટેકરી ઉપરનું મંદિર જે પોતાનું ગણુતી હતી ત્ય્હાં આટલા બધા લોકો ત્હેના જન્મારામાં ત્હેણે પ્રથમ જ જોયા.

શહેરની બાલિકાઓનું ટોળું કમલિની ભણી ધારી ધારીને જોવા લાગ્યું, અને ત્હેની લાગણીની દરકાર કર્યા વગર અનેક ટીકાઓ કરવા મંડયું, અને ધીમે ધીમે કમલિનીની પાસે આવી ત્હેના અલંકાર વસ્ત્રો જોવા લાગ્યું, અને "તું કહોની છોકરી છે ?" "ક્ય્હાંથી આવી ?" ત્હારી ઉમ્મર કેટલી છે ?" "પરણેલી છે કે કુંવારી ?" વગેરે અનેક પ્રશ્નો પૂછવાં માંડયા.

બિચારી કમલિની ભયથી અશ્રુપૂર્ણ આંખ્યોએ ચારેબાજુએ જોવા લાગી. એટલામાં એક જરા મ્હોટી વયની ને માયાળુ સ્વભાવની બાલિકા કમલિનીનો હાથ ઝાલી બાજુએ લઈ ગઈ, ને બીજી છોકરીઓને કહ્યું "હેને બિચારીને ગભરાવશો નહિં."

એક બાલિકાએ પૂછ્યું "ત્હારા પિતા સાથે તું શહેરમાં રહેવા આવવાની છે, એ વાત સાચી છે ?." "હું જાણતી નથી મ્હને પિતાજીએ હેવું કદી કહ્યું નથી."—કમલિનીએ ઉત્તર દીધો.

"પિતાજી ! ખરેખર ! આટલો વૃદ્ધ પુરૂષ કાંઈ ત્હારો પિતા નાં હોય. હેણે ત્હને કોઇક ઠેકાણેથી ઊચકી આણી હશે."—એક સ્ત્રીએ બાલિકાઓ તરફ આંખ્ય મીચકારી કહ્યું.

આ સાંભળી કમલિનીનાં નયનો વળી આંસુથી ભરાઈ ગયાં, ને ધ્રુજતે સ્વરે બોલી:—"તે મ્હારા પિતા છે, કોઇ પણ ત્હેની નાં કહી સકશે નહિં."

" ત્હારી મા ક્યહાં છે ?" બીજીએ પૂછ્યું.

" મા ! મ્હારે મા નથી, પણ દાદીમા છે. "

બાલિકાઓ આ સાંભળી હા ! હા ! હા ! કરી હસવા મંડી. "ત્હારે શું ત્હારૂં કહેવું એમ છે કે પેલી ડોકરી ત્હારી દાદીમા છે? હમે માનતાં નથી. હેને હમે ઓળખિયે છીએ; તેતો ગણેશની દાદી છે."

કમલિની હવે તદન નિરાશ થઈ ગઈ, અને હેને ગૂંચવાડામાં પડી ગંાલી જોઈ ફરી બાલિકાઓએ હસવા માંડયું. પેલી જરી મ્હોટી બાલિકા જે કમલિનીને આશ્વાસન દેતી હતી તે ત્હેની મદદે આવી અને કહ્યું:—" હશે. કાંઇ નહિં. તું જાણતી નથી, ત્હારી કને દાદીમા કહેવડાવે છે, પણ તે ત્હારી દાદીમા નથી. "

" ત્હારે તે મ્હારી માની દાદીમા છે"—કમલિનીએ ઉત્સાહથી ને સંતોષ પામી ઉત્તર દીધો. વળી પાછી બાલિકાઓ કમલિનીને હસવા મંડી, પરંતુ પેલી ઊંચી બાલિકાએ અત્યન્ત ક્રોધથી ત્હેમને રોકી કહ્યું:—" મૂર્ખીઓ, શા માટે આમ હસો છો ? જાણતાં નથી કે આ છોકરી તદન અજ્ઞાન છે ?" એમ કહી કમલિનીને ગળે હાથ ભેરવી મધુર સ્વરે પૂછ્યું, કે ત્હેં ગળામાં પહેરેલી હાવી સુશોભિત મોતીની માળા ત્હને કોંણે આપી ? વળી ત્હેણે એમ પણ કહ્યું કે "તું જાણે છે ? આ સાચાં મોતી છે !"

માત્ર આ મોતીની માળા જ કમલિનીનો શણગાર હતો. અને ત્હેના પિતાએ ત્હેની કિમ્મતનો કાંઇ જ વિચાર ના કરતાં કમલિનીને પહેરાવી રાખી હતી.

"મોતી !" બધી છોકરીઓએ આશ્ચર્ય પામી ગળામાંનાં મોતીની માળા પકડી પૂછ્યું " આહા ! ખરેખર આ શું મોતી છે ?" પેલી

જરા ઊંચી અને મ્હોટી વયની બાલિકા—કાશી—ની સોડયમાં ભરાઈ કમલિનીએ કહ્યું "આ માળા હું રોજ પહેરી રાખું છું. મ્હને લાગે છે કે આ માળા સહિત જ હું જન્મી છું. હું તે વડે રમું છું પણ ખરી." બાલિકાઓ કમલિનીનું બોલવું સાંભળી ખુશ થઈ, અને થોડી વારમાં વેરાઈ ગઈ. કાશીએ કમલિનીનો પાસેથી જ્યહારે શહેરમાં આવે ત્યહારે પોતાને ઘેર આવવાનું વચન લીધું અને જવા મંડી; "ત્હારા પિતા ને કહે જે કે 'રામકૃષ્ણપંતની દિકરી મ્હારી સખી છે.' એટલે ત્હને મ્હારે ઘેર લાવશે. મ્હારા પિતાને એ ઓળખે છે." કમલિની હેવી તો વિશ્વાસની અને આનંદિત દૃષ્ટિએ કાશીનો આંખ્યો તરફ જોઈ રહી હતી કે કાશીએ ત્હેને બાથમાં લઈ ચુમ્બન કર્યું.

હવે મંદિરની પ્રદક્ષિણા કરવાનો વખત થયો હતો. બાલિકાઓએ દેવીને પુષ્પ ચઢાવ્યાં, પવિત્ર પાણીનાં આચમન લીધાં, અને પવિત્ર ભસ્મ જરા જરા કપાળે અરકાડી, વગેરે વિધિઓ ત્હેમણે ઘણી ચોકસાઈથી કરી, ત્હેમાં કાશી સર્વની અગ્રેસર જણાતી હતી. ત્હેણે થોડાં પુષ્પ આણી કમલિનીના વાળમાં ગૂંથ્યાં, અને ત્હેની પાસેથી લીધેલા વચનનું ફરી સ્મરણ કરાવી ઘેર ગઈ.

હવે સૂર્ય ટેકરીઓ ઉપર વધારે બળથી પ્રકાસવા માંડયો. ઉષાકાળનો શીતળ પવન બંધ થયો. મંદિરનો ઉત્સવ પણ પૂર્ણ થયો. કમલિની પોતાની ઝૂંપડીમાં પિતાને ઉત્સવની તથા નવીન સખીએ ઉત્સાહથી આમંત્રણ કર્યાની વગેરે વાત કરવા ગઈ.

પ્રકરણ ૨ જું.

વિવાહ.

કાશીનાથ પંતના શહેરમાંના ઘરની પછવાડેના કૂવા પાસે યુવતીયોનું એક ટોળું ઊભું હતું. ત્હેમનાં પિત્તળનાં ચળકતાં વાસણો કૂવાની આસપાસની પથ્થર જડેલી જમીન ઉપર મૂકયાં હતાં. યુવતિયોના અભિનય ઉપરથી સ્પષ્ટ દેખાતું હતું કે કાંઇ ગુપ્ત પણ આનંદની વાત થતી હતી. પૂર્ણ યુવાવસ્થામાં આવેલી કન્યાઓનું વારંવાર મધુર હાસ્ય સંભળાતું હતું. એક યુવતિને પાણી ભરવાનું મ્હોટું વાસણ લઈ કૂવા પાસે આવતી જોઈ બીજીએ આત્કાર દઈ કહ્યું. "આવ્ય, આવ્ય. ભાગીરથી, હમારે સાતની સંખ્યા કરવા માટે ત્હારો ખપ છે".

"હા! રાજાની સાત કુંવરીઓના આત્મા ત્હેમનામાં સ્નેહ હતો તેથી મરણ પછી પણ સાત તારાઓ થયા છે." એક યુવતિયે આંખ્ય મીંચકારી કહ્યું.

"રાક્ષસો પણ સાત ગણાય છે, વ્યાધિઓ પણ સાત ગણાય-છે." જો, તેથી "ઇન્દ્ર પણ સાતની સંખ્યાથી ભય પામતા હોવાથી આઠની સંખ્યા કરવાને અર્જુનને ઉત્પન્ન કર્યા હતા." બીજી બોલી. "હવે ત્હારા જ્ઞાનનું ભાષણ રહેવા દે. અર્જુન કે વરુણ વિશે તું કાંઇ પણ જાણતી નથી"–શાસ્ત્રીની દીકરીએ કહ્યું.

"હું તે વિશે બધું જાણું છું." હરિણીએ વચમાં પડીને કહ્યું,

"કાલ્ય રાત્યે હમારે ઘેર કથા હતી–પણ હશે હવે એ વાત રહેવા દ્યો. ત્હમે સંન્યાસીની દીકરી કમલિનીને દીઠી છે? રામકૃષ્ણ પંતની દીકરી કાશી, હેને હમારે ઘેર લઈ આવી હતી."

બીજી એક કન્યાએ ધિક્કારથી હસીને અને મ્હો મચડીને કહ્યું:— " હા કમલિની હવે ત્હેની મુખ્ય સખી થઈ છે, અને કાશી ત્હેને જ્હાં જાય છે ત્હાં સાથે લઈ જાય છે. "

એટલામાં જાડી અને ઠીંગણી ગંગીએ ઈર્ષ્યાથી કહ્યું, "મ્હારી મા કાલ્ય રાત્રે કમલિનીને જોઈને હર્ષથી ઘેલા જેવી થઈ હતી. વળી એ ધૃષ્ટ છોકરીને હેતથી પંપાળી ત્હેના વાળમાં ફૂલ ગૂંથતાં જોઈ મ્હને હેવી તો ચ્હીડ ચઢી! વળી મા કહેતી હતી કે ત્હેને બિચારીને મા નથી.' અને આખો વખત ત્હેના સૌન્દર્યનાં વખાણ કરતી હતી. મ્હને તો એમ લાગ્યું કે પોતાને જ હેની મા થવું છે કે શું?"

હા! હા! હા! કરી સર્વ છોકરીઓ હસી પડી અને એકે કહ્યું. "મા તો નહિં, પણ સાસૂ થવાનો વિચાર હશે. ત્હારે એક ભાઇ છે, ખરૂં? બીજા શેહેરમાં અભ્યાસ કરવા ગયો છે. એજ હોવું જોઈયે, ખરેખર!"

આ સાંભળી ગંગી બોલી, "શું? તે મ્હારા ભાઇ માટે! મ્હારાથી તો હેને એક દિવસ પણ હમારા ઘરમાં આવેલી સહન થશે નહિં. સુન્દર! કમલિની લગારે સુન્દર નથી. તે શરમાળ છે ને જાણે મનુષ્યને કદી દીઠાં ન હોય તેમ અજાણ્યાને જોઈને ભયભીત થાય છે."

ભાગીરથી બોલી, " હેના પિતાએ અરધું જીવન વનમાં ગાળ્યું છે, અને હજી પણ વનમાં જ રહે છે. ત્હારે તે શરમાળ હોય ત્હેમાં કાંઇ નવાઈ નથી. પણ મ્હારા પિતાનો વૃદ્ધ સંન્યાસી વિશે ઘણો ઊંચો અભિપ્રાય છે. સાંભળ્યું છે કે તે પ્હેલાં ધનવાન્ પુરુષ હતો, પણ હવે તે વિશે કોઇ જાણતું નથી."

"હેમાંનો એક શબ્દ પણ હું સાચો માનતી નથી"–ગંગીએ ડોકી વાંકી કરી કહ્યું, ને પીતળનો પાણી ભરી મૂકેલો હાંડો ઉપાડી પોતાની કમ્મરે ટેકવી ઘેર ગઈ. બીજી યુવતિયો આ વિનયરહિત શબ્દો સાંભળી હસતી હસતી પોતપોતાનાં પાણીનાં વાસણો ઉપાડી, જેમ કાંઇ વાત બની જ ના હોય તેમ શાન્ત થઈ પોત પોતાને ઘેર ગઈ.

* * * * *

સાંઝનો સમય હતો. પહાડી પ્રદેશમાં જેવી સાંઝ પડે છે ત્હેવી એક સાધારણ સાંઝ હતી. સૂર્યનાં કિરણો પર્વતના શિખરો ઉપરથી અદૃશ્ય થતાં હતાં, અને પૃથ્વી ઉપર અંધકાર ફેલાવા માંડયો હતો. વિશાળ આકાશમાંથી કોઇક કોઇક તારાઓ ડોકિયાં કરતા હતા. પશ્ચિમ દિશાના ક્ષિતિજમાં અસ્ત પામેલા સૂર્યનાં ઝાંખાં કિરણો વૃક્ષમાંથી કોઇક વાર દેખાતાં હતાં. અહિયાં કમલિની એકલી ફરતી હતી. જેમ જેમ અંધકાર વધવા માંડયો તેમ તેમ આસપાસની કાળી શિલાઓ વિચિત્ર, મ્હોટી, અને ભયંકર થતી હોય તેમ હેને લાગ્યું. કમલિનીના વ્હેમી હૃદયને પવનથી હાલતાં પાંદડાંનો ખખડાટ અમાંગલિક લાગ્યો. જો કે તે હિમતવાન હતી પરંતુ આ સમયે તે ચારે તરફ શૂન્યકાર જોઈ ભયથી કંપવા લાગી. એકલી ઝૂંપડીથી આટલે દૂર તે કદી પણ આવી ન્હોતી. "પિતાજી ! પિતાજી !"–ત્હેણે બૂમ પાડી; અને પાસેની ખીણ તરફ નજર નાંખવાને કાંટાથી વીંટાયલી શિલાઓ ઉપર સંભાળથી ચઢી ઊભી રહી. એક ભરવાડના છોકરાએ ત્હેને કહ્યું હતું કે ત્હેના પિતા ખીણને રસ્તેથી આવે છે, તેથી તે તરફ જોવા મંડી. ત્હેની ઝૂંપડીમાં ત્રણ અતિથિ આવેલાં હતાં. ત્હેમાં એક સ્ત્રી હતી, ત્હેણે કમલિનીને ઉતાવળથી સંન્યાસીને તેડવા

મોકલી હતી. અંધકાર હવે ઝડપથી ફેલાવા માંડ્યો હતો તેથી કમલિની પાછા જવાનો વિચાર કરતી હતી, એટલામાં ખીણમાંના ઝાડીવાળા માર્ગ ઉપરથી એક યુવક ઓચિંતો કમલિની પાસે આવ્યો. ત્હેણે આટલો વખત ગીચ ઝાડી હોવાને લીધે કમલિનીને દીઠી નહોતી. ત્હેને જોઈને તે યુવક આશ્ચર્ય પામ્યો. ક્ષણભર તે કાંઈ સંભારતો હોય તેમ કમલિની તરફ જોઈ મૌન ધારી ઊભો રહ્યો. કમલિની પણ આશ્ચર્ય પામી ત્હેના બોલવાની વાટય જોઈ ઊભી રહી, પણ તે યુવક કાંઇ ના બોલ્યાથી કમલિનીએ પૂછ્યું-"હું પિતાજીને શોધવા અહિંઆં આવીછું, ત્હમે હેમને દીઠા છે ?"

"ત્હારા પિતા ? છોકરી, તું કોણ છે ? હું ઘણે દૂરથી ઔષધિ લેવા આવ્યો છું, મ્હેં કોઇ પણ પુરુષને નીચે જોયો નથી, પણ તું ભય રાખીશ નહિં કદાચ હું ત્હારા પિતાને ઓળખતો હોઇશ. તે કોણ છે તે મ્હને કહે."

"મ્હારા પિતાજી સંન્યાસી છે, હમે બંને અહિયાં રહીએ છીએ."

"હા સંન્યાસી નારાયણને હું ઓળખું છું. હેને ઘેર મ્હને લઈ જા તે ત્ય્હાં હશે. છોકરી, તું બ્હીશ નહિં, હું તારા પિતાનો મિત્ર છું, કમલિની કશું બોલી નહિં. પ્રથમ ત્હેણે સંશયની દૃષ્ટિયે તે યુવક ભણી જોયું પણ ત્હેની દૃઢ અને ભવ્ય મુખમુદ્રા અને રમણીય નેત્રો જોઈ સ્વાભાવિક રીત્યે હિંમત આવી અને કહ્યું, 'આવો,' અને ત્હેની આગળ ચાલવા માંડી.

જ્ય્હારે તે ઝૂંપડીએ પ્હોંચ્યાં ત્ય્હારે કમલિનીનો પિતા ઘેર આવેલો હતો. કમલિનીએ ત્હેની પાસે દોડી જઈ કહ્યું—"પિતાજી ! કોઇક પુરુષ ત્હમને બોલાવે છે, તે બ્હાર ઊભેલા છે, પણ

અરે ! આપણાં પ્હેરોણાં ક્યહાં ગયાં ? હું ત્હમને બોલાવવા ગઈ હતી પણ ત્હમે જડ્યા નહિં. હું વીજળીથી બળી ગયેલા ઝાડ પાસે ઊભી હતી ત્ય્હારે આ નવા પુરુષ આવ્યા."

"ત્હારે એટલે દૂર સુધી જવું ન્હોતું. હા, મેહેમાનોને હું મળ્યો, પણ આ નવો પુરુષ કોણ છે? મ્હને જોવા દે" કહી સંન્યાસી ઊઠીને બહાર ગયો.

કમલિનીનો પિતા આજે આટલો વૃદ્ધ અને વાંકો વળેલો શાથી લાગતો હતો? વળી નવા આવનાર યુવકને જોઈ ત્હેનામાં એકાએક ફેર શા માટે થયો? જે આંખ્યો એક ક્ષણ પ્હેલાં શોકપૂર્ણ હતી ત્હેમાં આનન્દજ્યોતિ પ્રકાસવા લાગ્યો. સાયંકાળનું તેજ ઝડપથી અદૃશ્ય થતું હતું, પણ અજાણ્યો પુરુષ સંન્યાસીને મળવાથી આનન્દ પામતો જણાતો હતો, ત્હેની મુખમુદ્રામાં થતા ફેરફાર જોવાને આટલું અજવાળું બસ હતું. સંન્યાસી લીમડાના થડને ટેકો દઈને ઊભો હતો, એક ક્ષણ તે યુવક ભણી જોઈ દુઃખિત સ્વરે બોલ્યો.

"આખરે ત્હમે આવ્યા પણ હવે આવ્યાથી શો ફાયદો!"

"હમણાં ન બોલશો" તે યુવક બોલ્યો. "ચાલો, પેલી ઘટા પાસે જઈયે, પેલી છોકરી ત્હમારી પુત્રી છે ?"

સંન્યાસીને તે યુવકે બોલતાં રોક્યો પણ તે ન ગણકારી શોકાતુર સ્વરે કહ્યું—"હવે વખત ગયો હું શું કરૂં !"

"પિતાજીને શું થયું છે ? તે આટલા ઉદાશ કેમ જણાય છે! એમ મનમાં વિચાર કરતી કમલિની સંન્યાસી પાસે આવી પણ તરત જ ત્હેણે કહ્યું—"કમલિની, ઘરમાં જા, સાંઝને વખતે એકલાં બહાર ફરવું નહિ."

થોડા સમય પછી વૃદ્ધ સંન્યાસી ઘરમાં આવ્યો પણ ત્હેની સાથેનો યુવક સાથે ન્હોતો. કમલિની ડોશી પાસે બેશીને રસોઈ થતી હતી તે જોયા કરતી હતી. ત્હેનો પિતા ઝૂંપડીમાં આવીને કમલિનીને બ્હાર લઈ ગયો ને બંને જણાં આંગણામાં બેઠાં. આ વખતે રાત પડી હતી. આકાશમાં તારા ઝગઝગી રહ્યા હતા. વૃક્ષ, પાંદડાં તથા ભૂમિ ઉપર ચન્દ્રનો નિર્મળ શ્વેત જ્યોતિ પ્રકાસતો હતો. ઝરણનું વ્હેતું પાણી ખળખળ કરી આનન્દ પમાડતું હતું. કમલિની પિતાના ખોળામાં માથું મૂકી ને સૂતી હતી, અને ચન્દ્રને નિહાળતી હતી. ત્હેના પિતાએ આ વખતે ગુપ્ત વાત કહેવા માંડી. "દીકરી, હવે ત્હારૂં લગ્ન થશે, ત્હેમાં મ્હારો ઉપાય નથી. થોડા વખત ઉપર વિવાહ નક્કી થયો હતો, મેહેમાનો મ્હને નહિં પણ ત્હને જોવા આવેલાં હતાં. મ્હેં લગ્ન મુલતવી રાખવાના ઘણા પ્રયાસ કર્યા પણ હવે કાંઇ ચાલે તેમ નથી. મ્હારા મિત્ર પંડિત ત્હારા સસરા થશે. ત્હેનાં પત્ની સાંઝે આપણે ઘેર આવ્યાં હતાં." ત્હેણે આ સર્વ દુઃખિત સ્વરે કહ્યું.

કમલિની લગનના વિચારથી અજાણી ન્હોતી. તે જાણતી હતી કે કોઇક દિવસ મ્હારૂં લગ્ન થશે, કારણ ડોશી વારંવાર કહેતી હતી કે "હવે પરણાવવી જોઇયે બહુ મ્હોટી થઈ." અને સંન્યાસી વિલંબ કરતો હતો તેથી બડબડયા કરતી હતી. સંન્યાસી પણ આનન્દમાં હોય ત્યહારે મશ્કરી કરતો કે–" હા હવે તે બહુ કંટાળો આપે છે માટે હું ત્હેને ઝટપટ પરણાવી દઇશ. "

કમલિની લગ્નને એક જીવનમાંનો મુખ્ય ઉત્સવ ધારતી હતી. પણ હવે પિતા શા માટે પોતાનો બચાવ કરી ક્ષમા માગતા હોય

એમ બોલો દુઃખી જણાતા હતા? હેના પિતાએ એમ શા સારૂં કહ્યું કે "હવે મ્હારો ઉપાય નથી. એમ ના બન્યું હોતતો કેવું સારૂં? ત્હારે બીજી સ્ત્રીઓની પેઠે અન્ન સારૂં કામ કરવાનું છે. કારણ બીજાની દયા ઉપર ત્હારો આધાર છે." કમલિનીએ વિચાર્યું કે–કામ કરવું ત્હેમાં નવાઇનું શું છે? મ્હને પણ કામ કરતાં આવડે-છે, મ્હને શું રાંધતાં નથી આવડતું? એમ વિચાર કરી આ બાલિકાની આંખ્યો વિસ્મયથી વિશાળ થઈ અને તે પિતાની સ્હામું જોઈ રહી, અને કહ્યું–"હા. પિતાજી ચિન્તા કરશો નહિં. હું બધું કામ જાણું છું." સંન્યાસીએ કમલિનીની દૃષ્ટિ મેળવવાનું ટાળીને કહ્યું–"દીકરી એમ ના જોઈ રહીશ." જ્યહારે જ્યહારે કમલિની પિતાના વિચાર જાણવાના હેતુથી ત્હેની તરફ જોતી ત્યહારે તે હાવી ટીકા કરતો હતો; તેથી કમલિની વધારે નવાઈ પામતી કે મ્હારી આંખ્યો-માં પિતાને દુઃખ કરે હેવું શું છે? સંન્યાસીએ કમલિનીને માથે હાથ મૂકીને કહ્યું—" દીકરી, ગમે ત્યહાં તું જઈશ ત્યહાંથી ત્હારા પિતાને જસ જ મળશે."

બીજે દિવસે લગ્નની તૈયારી થવા માંડી. ગંગી જે'ને કમલિ-ની ઉપર ધિક્કાર આવતો હતો ત્હેની જ મા કમલિનીની ભવિષ્યની સાસૂ હતી. કાશી ઘણું ખરૂં કમલિની સાથે બ્હેનપણાં હોવાથી મળવા આવતી હતી. ત્હેને કમલિની ગંગીના કુટુમ્બમાં જવાની હતી તે લગારે ગમતું ન્હોતું. જો ત્હેને પ્હેલેથી ખબર પડી હોત તો ત્હેના પિતાને કમલિનીને ત્યહાં ન દેવાને કાલાંવાલા કરત, પણ હવે તો બધું નક્કી થઈ ગયું હતું તેથી કશું બોલી સકાય તેમ ન્હોતું.

લગ્નનો દિવસ પાસે આવ્યો. કમલિની જીવનના મુખ્ય

દિવસની ઉત્સુકતાથી વાટય જોવા લાગી, લગ્નવિધિનો ગૂઢ અર્થ ન સમઝતી અજ્ઞાન બાલિકાઓ, એ વિધિને એક મહાન ઉત્સવ માની શણગાર તથા ધામધૂમની વાટય જુવે છે તેજ પ્રમાણે નિર્દોષ બાલિકા કમલિનીને પણ તે આનન્દનો દિવસ વિચિત્ર રીતે આકર્ષતો હતો. લગ્નની થતી સર્વ તૈયારીમાં તે ઉત્સાહપૂર્વક ભાગ લેતી હતી. આખરે લગ્નના પ્હેલા દિવસની સાંઝ આવી; લગ્નની પવિત્ર ગાંઠયથી જીવન પર્યન્ત બંધનમાં આવનાર કમલિની ભવિષ્યનાં સગાંઓનું લક્ષ ચૂકવી લાગ જોઇ ઘરમાંથી બ્હાર જતી રહી તે અકળાઈ ગઈ હતી. કેટલાક દિવસની ચાલૂ ધામધૂમને લીધે અને ત્હેના જીવનમાં થતા ફેરફારને લીધે અસ્પષ્ટ અને વિચિત્ર લાગણીઓ ત્હેના હ્રદયમાં થતી હતી. ત્હેની ભવિષ્યની સાસૂ વારંવાર આવતી અને ત્હેની અજ્ઞાનતા માટે નમ્ર ઠપકો પણ દેતી. તે કમલિનીના સ્વભાવથી તદ્દન અજાણી હતી, પણ કમલિની, પોતાને ત્હડાં તે ઘણું આવજા કરતી હતી તેથી અને ભવિષ્યમાં તે પોતાની સાસૂ થશે તે જાણી ત્હેનો સ્વભાવ જાણી લેવાનો યત્ન કરતી હતી. શણગરાયલી કમલિની આ સર્વ ધામધૂમથી જરા અસ્વસ્થ થયેલી જણાતી હતી. થોડી વારમાં મંદિરના ખંડેર પાસે જઈને ઊભી રહી. અને સ્હામેના તળાવનું નિર્મળ શાન્ત પાણી જોતી હતી, તથા પવનનું મધુરગાન, પાસેના ઝરણનું મીઠું હસવું અને પક્ષીઓનાં પરિચિત ગાન સાંભળતી હતી. અને પોતાની ઝૂંપડી કાયમની છોડી જવી પડશે એ વિચાર આવવાથી ત્હેનાં સુન્દર નયનો આંસુથી ભરાઈ ગયાં. પોતાની ન્હાની સ્વચ્છ ઝૂંપડી આજ જેટલી કદી વ્હાલી લાગી ન્હોતી. ચીઢિયણ દાદીમા જે પોતાની સંભાળ લેતી હતી તે પણ વધારે આકર્ષક લાગી, અને

પિતાજીથી જુદા પડવાના વિચારથી ત્હેની આંખ્યોમાંથી અશ્રુ વ્હેવા લાગ્યાં. ત્હેનો પિતા વિચિત્ર સ્વભાવનો હતો. કમલિનીને પોતાના પિતા શિવાય બીજા કોઇના વ્હાલનો અનુભવ ન્હોતો. કમલિનીનો વ્હાલ ત્હેના પિતા ઉપર અસાધારણ હતો. બાલ્યાવસ્થાથી તે ત્હેનો પાલન કરનાર, શિક્ષક, અને મિત્ર, સર્વસ્વ હતો. બિચારી કમલિની ભવિષ્યમાં શું થશે તે વિશે તદ્દન અજ્ઞાન હતી. તે એટલું જાણતી હતી કે શેહેરમાં અજાણી વસ્તીમાં પોતાને રહેવું પડશે. શેહેર ત્હેને બિહામણું લાગતું હતું. આમ વિચાર કરતી કરતી એક પાસેના મ્હોટા કાળા પથરા ઉપર એ બેઠી, પણ તે થોડીકવાર પણ એકાન્તમાં રહેવા પામી સકી નહિં. ન્હાનાં બાલકો દોડી આવ્યાં ને એક બાલક બોલ્યું:—"કમલિની કમલિની, ત્હને ઘરમાં બોલાવે છે." કેટલાંક ઘરેણાં કમલિનીને પ્હેરાવી જોવાનાં હતાં, ત્હેને માટે સોની વાટય જોતો હતો; પુષ્પની છાબડીઓ આવી હતી. કેટલાંક ન્હાનાં બાલકો બોલ્યાં:—"અહા કેટલાં બધાં ફૂલ! અને કમલિની, બ્હાર તો જો કેટલા બધા લોકો આવ્યા છે! મંદિર સ્હામેનો અને બાજૂ ઉપરનો મંડપ લોકોથી ભરાઈ ગયા છે." એક બીજા ન્હાના બાળકે કહ્યું:— "મંદિરની પછવાડે તો જરા જો! કેટલાં બધાં પકવાન તૈયાર થયાં છે! હું હમણાં જ ત્યહાં જઈ આવ્યો, હવે થોડી વારમાં નગારાં વાગવાનું શરૂ થશે; તે ત્રણ દિવસ સૂધી લાગટ વાગ્યા કરશે." હેવી રીત્યે ન્હાનાં બાળકો વારંવાર કમલિનીની પાસે આવીને બ્હાર શું થતું હતું ત્હેના સમાચાર કહી જતાં હતાં. તે સાંભળી કમલિની

પોતાની સખીઓના હાથ ઝાલી ખડખડ હસતી હતી. એટલામાં કાશી અને હેની માને પોતાના ઘર તરફ આવતાં જોઈને ઝૂંપડી પછવાડે એ સંતાવા લાગી. આ જોઈને કાશીએ કહ્યું:—"કમલિની, કમલિની, તું શું કરે છે? શા માટે સંતાતી ફરે છે? મ્હારે માટે હું શું લાવી છું તે તો જરા જો!" કમલિનીએ કાશીની માને પોતાની પાસે આવતાં જોઈ માથે હોડયું ને તે વૃદ્ધ સ્ત્રીને પગે લાગી. એ વૃદ્ધ સ્ત્રી બોલી:—"ઊઠય, ઊઠય, બાલિકા! આમ શરમાળ ના થા" એમ કહી હેને વાંસે થાબડવા લાગી; અને છોકરીઓએ રૂપાની વાડકીઓમાં આણેલા ચંદનનો લેપ કમલિનીને હાથે તથા મ્હોએ કર્યો. ડોશી બોલી:—"બસ, બસ! આ બધું કરવાનો કાલે ઘણીએ વખત મળશે. ચાલો." એમ કહી તે બધાં કમલિનીની ઝૂપડીમાં પેઠાં અને તે વખતે સર્વ તરુણ સ્ત્રીઓએ નમસ્કાર કરી હેને આવકાર દીધો. કારણ તે એક મ્હોટા માણસની સ્ત્રી હતી. હેનો પતિ શિવગંગાનો મામલતદાર હતો. હેને માટે ખાસ ગોઠવેલા ગાદી તકિયા ઉપર બેસવાનું કહ્યું. ગંગીની માએ કહ્યું, "આ અવસરે હમે પધાર્યાં તેથી હમને મ્હોટું માન મળ્યું સમઝીએ છીએ.' "કાંઇ નહિં બ્હેન, કમલિની મ્હારી દીકરી જેવી છે, મ્હને તે ઘણી વ્હાલી લાગે છે, હેનું લગ્ન જોયાથી મ્હને ઘણો આનંદ થશે, કાશીની તે સખી છે, માટે આ હેની સ્નેહથી આપેલી ભેટ રાખો." એમ કહી એક ન્હાની કંઠી કમલિનીની સાસૂના હાથમાં આપી. "હમારો ઘણો ઉપકાર થયો, આપ્યા ન આપ્યાથી કાંઇ વધતું ઓછું નથી; પણ કમલિનીના ઉપર હમારા ભાવથી ખુશ થઈ છું.

કમલિની! અહિંઆં આવ્ય, અને હેમને પગે લાગ્ય," કમલિનીની સાસુએ કહ્યું. કમલિની સાસુના કહ્યા પ્રમાણે પગે લાગી અને ત્હેનાથી થોડે દૂર જઈને બેઠી. આ વિનયશીલ છોકરીને જોઈ કાશીની માના હૃદયમાં ત્હેના ભવિષ્યનો વિચાર આવવા લાગ્યો. કારણ તે કમલિનીનાં સાસરિયાંને સારી પેઠે ઓળખતી હતી. ત્હેણે કમલિનીને સોડયમાં લઈને કહ્યું. "જો તારી પ્રેમાળ માતા હાલ જીવતી હોત તો ત્હારે માટે શું ના કરત ?" આટલું કહી ત્હેનું નમાવેલું માથું ઊંચુ કરી ત્હેના ગાલ ઉપર પ્રેમપૂર્વક ચુંબન કર્યું. જ્યહારે કમલિનીની સાસૂ ત્હેને બીજાં ઘરેણાં પ્હેરાવી જોતી હતી, ત્યહારે ત્હેની દાદીમા બોલાં, "હાની માતો ઘણી ધનવાન હતી, ગરીબની દીકરીઓ કાંઇ મોતીની માળા પ્હેરતી નથી. પણ બીજાં ઘરેણાં કોણ જાણે ક્યહાંએ છે."

બીજી એક સ્ત્રી બોલી:—"હેનો પિતા વિચિત્ર છે, કોઇ પણ હેને વિશે કાંઇ પણ જાણી સકતુ નથી." એટલે કમલિનીની દાદીમા બોલી ઊઠી:—"ત્હેમાં ઘરેણાં વિશે તો હેને ઘણું જ અજ્ઞાન છે, સોનું કે પીતળ તો ઓળખી સકતા જ નથી; એક પુરુષે પીતળનો લોટો સોનાનો કહીને આપ્યો અને કમલિનીના પિતાએ સોનાની કીંમત આપી; ધન સંબંધી તો લગારે દરકાર નથી. હાવી રીત્યનું જીવન ગાળે છે ત્હેમાં કાંઇ નવાઇ નથી. કમલિનીને પણ એક છોકરાની પેઠે ઉછેરે છે. તે પણ ત્હેના પિતા જેવી જ છે. ત્હમે કહેશો તો ત્હેના પિતાએ વાંચી સંભળાવેલાં ઘણાં પુસ્તકોની હકીકત ત્હમને કહી સંભળાવશે." આ સાંભળી બાજી સ્ત્રીઓ કમલિનીના સ્હામું જોઈને હસવા લાગી.

મંદિર પાસેના મંડપમાં પુરુષ વર્ગ બેઠેલો હતો; મીઠાઈ અને પાન સોપારીની થાળીઓ હેમની સ્હામે મૂકેલી હતી. કમલિનીનો વૃદ્ધ પિતા પણ ત્હાં જ હતો. પણ સંન્યાસી હોવાથી મેહેમાનોનો સત્કાર કરવામાં મુખ્ય ભાગ ન લેતાં જરા દૂર શાન્ત બેશી રહ્યો હતો. પરંતુ મેહેમાનો માંહેના મ્હોટી વયના પુરુષો હેના જ સહવાસની ઇચ્છા રાખતા હતા ને હેની પાસે બેશીને વાતચીત કરતા હતા; આથી સંન્યાસીમાં ફેરફાર થવા લાગ્યો. હેણે નીચું નમાવેલું પોતાનું શીર્ષ ઊંચું કર્યું, અને હેનું ભવ્ય કપાળ, વિચારશીલ મુખમુદ્રા અને હેની શ્યામ તેજોમય આંખ્યોમાં સ્વાભાવિક પ્રૌઢતા છવાઈ રહી.

પ્રકરણ ૩ જું.

લગ્ન.

તે દિવસની અખંડ રાત્રિ, બીજો દિવસ, જે લગ્નનો હતો, હેની તૈયારી કરવામાં વીતી ગઈ. આસપાસનાં ગામડાંમાંથી પુષ્કળ લોકો આવ્યા હતા. વરરાજાનાં કુટુમ્બી તથા મિત્રમંડળ સર્વ આવ્યાં હતાં. સંન્યાસીના મુખ્ય મિત્રો, શાસ્ત્રી, અને પંડિતનાં કુટુમ્બીથી તથા મંદિરના વૃદ્ધ અને યુવાન પૂજારીઓથી મંડપ ભરાઈ ગયો હતો. ખેડુત વર્ગના લોક પણ બહારના કામમાં મદદ કરવા આવ્યા હતા. કમલિની પોતાની કણુઆ સખી બેશીને કુટુમ્બ સહિત

આવી, ઘરના કામકાજમાં મદદ કરતાં જોઈ ઘણી આનંદિત થઈ. કમલિની એ લોકોને છેક બાળપણથી ઓળખતી હતી, એ ત્હેમને ઘણીવાર આસપાસનાં વનમાં ઉચ્ચ સ્વરે ઉલ્લાસથી મીઠાં ગાયન ગાતાં સાંભળતી હતી, ત્હેમની કુહાડીઓના ઘાના પડઘા પણ સાંભળતી હતી, અને વખતોવખત ત્હેમની વાતો સાંભળી આ વિશાળ જગતનું જ્ઞાન મેળવતી હતી; જ્ય્હારે પાસેની વિસ્તીર્ણ ખાડા ટેકરા અને હાસોત્રીવાળી ખીણમાં અનાજ પાકતું ત્ય્હારે સુર્યના તાપમાં સર્વ ખેડુતો કાપણી કરતા ત્ય્હારે કમલિની લણવાની, ઝુડવાની થતી સર્વ ક્રિયાઓ પૂર્ણ લક્ષ દઈ જોતી હતી, અને ત્હેમાં કામ કરતાં પોતાની મુખ્ય સખી યેશાને તથા ત્હેના ભાઇને ખેડુતના ટોળામાંથી ઘણે દૂરથી ઓળખી કાઢતી હતી. યેશાના વૃદ્ધ પિતા ઉપર પણ કમલિની ઘણી માયા રાખતી હતી. તે જોકે કમલિનીને ત્ય્હાં કાંઇ કામ કરતો નહોતો, પણ રોજ સાંઝે સારામાં સારૂં ખાવાનું લેવાનો હક કરતો આવતો હતો. ત્હેની સ્ત્રી કઢી કરી આપતી હતી, ને જો કોઇ દિવસ કઢી કરી આપતે વાર થતી તો તે ઘયડો કણબી પોતાની સ્ત્રીને ખૂબ મારતો હતો, પણ તે એ માર ઠંડે પેટે, રોજના વ્યવહાર તરીકે, ખમતી હતી. કેટલીકવાર યેશાનું મ્હો, બ્હેમ પડે એમ સૂજેલું જણાતું, ત્ય્હારે જો કમલિની કારણ પૂછતી તો હશીને કહેતી કેઃ—કાંઇ નહિં, એતો આજે બાપાને વેળાસર કઢી ના મળી એટલે માને માર પડયો, ત્હેમાં ભેગો મ્હને પણ ભાગ મળ્યો.” આમ કહી સરળ ભાવે પોતાના ગાલ પંપાળી કહેતી કેઃ-મ્હારૂં મ્હો આજે ઘણું ખરાબ દેખાય છે ખરૂં ?” ને પુષ્કળ હસતી. એ નિષ્કપટી અને અજ્ઞાન ગામડીઆંનો સ્વભાવ વિલક્ષણ હતો, ત્હેમાં

સારા અને નરસા અંશ હતા. પણ એ લોકો પ્રમાણિક, વિશ્વાસુ અને ઉદ્યોગી હતાં, ને જે હેમના ઉપર માયા રાખતા હતા, હેના હિત સારૂં કોઈ પણ પ્રકારનું કામ કરવાને તૈયાર હતાં.

કમલિનીના લગ્નનો દિવસ, શિયાળાનો હતો. દિવસ હાસ્યનો અને ટૂંકો હતો. સ્હવારનો સમય હતો. સૂર્યનાં કિરણ ટેકરીઓને પ્રકાશમય કરતાં હતાં. ઝાકળવાળાં પાંદડાં ચળકતાં હતાં, અને સ્હવારના નિર્મળ ઠંડા પવનથી મંદ અવાજે ખખડતાં હતાં. પાસેની ખીણ સ્હવારના પ્હોરમાં ઘણી સુશોભિત લાગતી હતી, તે જોઇ કમલિનીને દાદીમાએ ના કહ્યા છતાં નીચે જવાને તે લલચાઈ. એ ઠંડા ઝાકળથી ધોવાઈને સ્વચ્છ થયેલી કાળી શિલા ઉપર ઊભી રહી પાસેનાં જંગલી પુષ્પ લઈ પોતાના ગાલ સાથે દાબતી હતી. પવન ધીમે ધીમે આવી, કમલિનીને આનન્દ પમાડી, આજ હેનું લગ્ન થવાનું છે હેનું વિસ્મરણ કરાવતો હતો. પક્ષીઓનાં મધુર ગાન સ્પષ્ટ સંભળાતાં હતાં. કોયલના ટહુકાથી આકાશ, અને વન ગાજી રહ્યાં હતાં. કમલિનીનું રગેરગમાંનું લોહી આનન્દથી ઊછળી રહ્યું હતું. અને એ પણ હર્ષભેર "કુહૂ, કુહૂ, કુહૂ કુહૂ" કરી વૃક્ષની આસપાસ કૂદવા લાગી જ્યહારે કમલિની ઝૂંપડીની બહાર આવી ત્યહારે મળસકું હતું; અને ગઈ રાત્રના ઉજાગરાને લીધે નોકર ચાકર તથા મહેમાનો કોઈપણ જાગૃત થયાં નહોતાં; તેથી પોતાની ઇચ્છા પ્રમાણે વર્તવાને એ છૂટી હતી. એ મૃગની પેઠે શિલાઓ ઉપર કૂદતી હતી, અને હોઠ ઉપર આવ્યું તે ગાતી હતી. આ સર્વ એક પુરુષ મ્હોટા વૃક્ષને ઓઠે છાનો રહીને જોયા કરતો હતો. ગઈ કાલ્ય સાંઝે જે બાલિકા

નીચેથી ઊંચુ જોતે લજ્જા પામતી હતી, ત્હેને આજે આમ આનન્દથી નાચતી કૂદતી જોઈ તે આશ્ચર્ય પામ્યો. ત્હેના હૃદયમાં આ ચિત્રની છાપ કાયમની પડી રહી. આ સર્વ જોનાર પુરુષ કમલિનીનો સસરો હતો. કમલિનીના ખરા સ્વભાવનું આ ઉપરથી ત્હેને જ્ઞાન થયું. નિર્દોષ બાલિકા કમલિનીને જોઈ ને ત્હેને ઘણો આનંદ થયો, ને તે હસતે મ્હોએ કમલિનીની પાસે આવ્યો. પ્રથમ તો કમલિની હેના તરફ અચમ્બો પામી જોઈ રહી, પણ એને ઓળખ્યો કે તરત લજ્જા અને ભયથી ત્હેનું હૃદય ધડકવા લાગ્યું. "મ્હેં ગાવામાં અને કુદવામાં કાંઇ ખોટું કામ કર્યું છે? બીજાં જો જાણશે તો શું કહેશે?" હાવો વિચાર કમલિનીના મનમાં આવ્યો, અને થોડા દિવસ ઉપર હેની મસ્કેરી કરતી અને હસતી બાલિકાઓનું સ્મરણ થયું. ત્હેના સસરાના વૃક્ષને ઓઠેથી આવ્યાથી તે નીચું જોઈ એક બાજૂએ જતી રહી, અને જો હેણે કાંઇ માયાથી પ્રશ્ન ના પૂછ્યા હોત તો કમલિની ઘેર દોડી જાત. તે બોલ્યો:—"ઊભી રહે! ઊભી રહે! છોકરી, જતી ના રહીશ, હું સમઝ્યો, આ ત્હારો સ્હવારનો ઉદ્યોગ છે કેમ?" કદી કમલિની હેને એકલી મળી નહોતી, અને બીજા પુરુષોની સાથે વાત કરતો ત્યહારે ત્હેનો દેખાવ, ગંભીર, નિષ્ઠુર અને ભયંકર લાગતો હતો, પણ અત્યારે હેના મુખ ઉપર સ્મિત જોઈને હેના પ્રશ્નનો ઉત્તર દેવાની હિમ્મત આવી. તેથી કમલિનીએ કહ્યું:—"મ્હારે અહિંયાં નહોતું આવવું જોઈતું: દાદીમાએ મ્હને દૂર જવાની ના કહી હતી, પણ હું દોડતી હતી એટલે ખબર ના પડી." આ સાંભળી તે હસ્યો ને કહ્યું:—"ચિંતા નહિં, છોકરી,

હવે ઘેર જા." હેનું હાસ્ય કુમલિનીને માયાભરેલું લાગ્યું. ને હેનામાં મિત્રભાવ લાગ્યો.

લગ્નનો વિધિ સાંઝે થવાનો હતો. કુમલિની પુષ્કળ દીવાના ઝગઝગાટ વચ્ચે વરરાજા જોડે પાટલા ઉપર બેશીને પવિત્ર અગ્નિ સમક્ષ થવાના વિધિની ઉત્કંઠાથી વાટય જોતી હતી.

સૂર્યાસ્ત પછી આ વિધિનો આરંભ થયો. બાળક વરરાજા અને કન્યા બ્રાહ્મણો જે મંત્રો બોલતા હતા ત્હેનાથી તદ્દન અજ્ઞાન હતાં. તે સમયે હેમની પાસે કુમલિનીનાં સાસૂ અને સસરો હતાં. કદી પણ પતિપત્ની બંધનમૂકત ના થઇ સકે ત્હેની પ્રતિજ્ઞાસૂચક દીરની બ્રહ્મગાંઠ બંનેને હસ્તે મંગળ ઘડીએ બંધાઇ. જીવતી હો કે મરણ પામેલી હો, આજથી કુમલિની એ યુવક ગમે ત્હેવો હોય તો પણ ત્હેની જ સ્ત્રી શાસ્ત્રાનુસાર થઇ; પત્નીથી આ પ્રતિજ્ઞાનો કદી પણ ભંગ થઈ સકતો નથી. લગ્નવિધિ થઈ રહ્યા પછી વરકન્યા મેદાનમાં જઈ ચન્દ્રની સખી ઝીણામાં ઝીણો તારો રોહિણી સોધી કાડવાને કુમલિનીની સખીઓ સાથે ગયાં. તે સોધી કાઢયાથી જીવન પર્યન્ત સુખી થવાય છે હેવી માન્યતા હોવાથી આ રૂઢી પડી છે.

લગ્ન પછીના ત્રણ દિવસો ઉત્સવના આનન્દમાં ગાળ્યા પછી કુમલિનીને પતિને ઘેર જવાનો દિવસ આવ્યો. કુમલિનીને તેડવાને ત્હેની સાસુ, નણંદો અને બાજી સ્ત્રીઓ આવી હતી. ત્હેને સાસરે જતા પ્હેલાં ત્હેના સંન્યાસી પિતાએ પાસે બોલાવીને કહ્યું:--દીકરી, સંભાળથી જજે, ને સાસરામાં સર્વની આજ્ઞા માનજે. પતિની આજ્ઞાનો કદી પણ ભંગ કરીશ નહિ. ત્હેની ઇચ્છાનુસાર વર્તન રાખજે. તો

મંગલમય પ્રભુ ત્હારા ઉપર રાજી રહેશે, ભવિષ્યમાં ત્હારૂં રક્ષણ કરનાર તેજ છે. જો તને કોઇ દિવસ મ્હારો ખપ પડે તો કહાવી મોકલજે.” એટલું કહી ત્હેના કપાળ ઉપર ચુંબન કર્યું. કમલિની પિતાને પગે પડી અશ્રુ ઢાળતી બ્હાર ગઈ. આટલા દિવસ કમલિનીને પિતાથી છૂટાં પડવાના દુઃખનો અનુભવ ન્હોતો. તેથી શેહેરમાં ગયા પછી વ્હાલા પિતાજી જે ત્હેનું સર્વસ્વ હતા ત્હેમની ખોટય પડ્યાથી દુઃખમાં દિવસ કાડવા લાગી.

શિવગંગા શેહેરમાં બ્રાહ્મણોનો નિવાસ એક લાંબી અને વાંકી ચૂંકી ગલીમાં હતો. તે ગલીની નીચી તથા પ્હોળી ભીંત્યો હતી. અને સ્વચ્છ ઓટલાઓ વાળાં ઘરની હાર્ય હતી. કેટલાંક છૂટાં છરાયાં માળવાળાં ઘર નજરે પડતાં હતાં. આ ઘરની હાર્યનો પછવાડેનો ભાગ નદીના કિનારા સુધી પ્હોચતો હતો. ત્હાં સર્વ ઘરની સ્નાન કરવાની જગ્યાઓ હતી. ત્હાંથી થોડે દૂર ગામના લોકોને સ્નાન કરવાનો તથા લુગડાં ધોવાનો ઘાટ હતો. ઘરના આંગણામાં બ્રાહ્મણોનાં સુન્દર ગોરવર્ણનાં બાલકો થોડાં વસ્ત્ર અને અલંકાર પ્હેરેલાં રમતાં હતાં. તથા ન્હાની બાલિકાઓના વાળમાં ફૂલના ગજરા પ્હેરાવેલા હતા. આ ઘર આગળથી ઘણાં ન્હાનાં દેખાતાં હતાં, પરંતુ તે ઘર માંહેથી વિશાળ અને પછવાડેના ભાગમાં દરેક ઘરને થોડીક ખુલ્લી જગ્યા તથા ન્હાની પણ રમણીય વાડીઓ હતી. દરેક ઘરને એક સાંકડી વાડયવાળી સડક જોડે સંબન્ધ હતો અને ઘણીવાર સ્ત્રીઓ વાડામાં ઘરનું કામકાજ કરતી વખતે પણ પડોશણો સાથે વાર્તા વિનોદ ચાલૂ રાખતી હતી. આ બ્રાહ્મણવાડાની પછવાડેના કૂવાઓ આગળ

બહુ ગડબડાટ હમેશાં રહેતો; અને સારા પાણીનો કૂવો હોય ત્યાં પાસેની તથા દૂરની વૃદ્ધ અને યુવાન સ્ત્રીઓ કોઇ માટીનાં તથા કોઇ ત્રાંબા પીતળનાં બેડાં લેઈને પાણી ભરવા ટોળાંબંધ આવતી હતી.

પ્રાતઃકાલનો સમય હતો. પુરુષો નદીમાં સ્નાન કરીને ચંબૂમાં પાણી ભરીને ભીનાં વસ્ત્રભેર ઉતાવળા ઉતાવળા પોતપોતાને ઘેર જતા હતા. વાતાવરણ મેહેનતુ લોકોના શોરબકોરથા ગાજી રહ્યું હતું. કોઇ "શાક લ્યો શાક" તો કોઇ "દહિં જોઈએ દહિં" વગેરે ઘાંટા પાડી ને વેચતાં હતાં. તાજો લીલો મેવો વેચનારા પણ મ્હોટા ટોપલાઓ લઈને ઘર આગળ ફરતા હતા, અને ઘાંટા પાડીને લોકોનું ધ્યાન ખેંચતા હતા.

એક ઘરના ઓટલા ઉપર એક ઊંચો સંગીન બાંધાનો ગૌર વર્ણનો પુરુષ ઊભો હતો. ત્હેની મુખમુદ્રા ઉપર કઠોરતાનું પરંતુ સંયમનું ચિન્હ હતું, અને બ્રાહ્મણ જાતિના ગર્વનાં ચિન્હ પણ જણાતાં હતાં. આ ગલીમાંના એક મ્હોટા ઘરનો તે માલીક હતો. ત્હેની પાસે એક નોકર પત્ર લઈને ઊભો હતો. ત્હેણે સન્માનપૂર્વક જોડા કહાડી પત્ર આપવાને, હાથ લંબાવ્યો. બ્રાહ્મણે પૂછયું: "અલ્યા, તું શા કામે આવ્યો છે ?" આમ કેહતાંની સાથે જ ત્હેણે પત્ર, બ્રાહ્મણના હાથમાં આપ્યો. બ્રાહ્મણ તે પત્ર લઈને ઘરમાં ગયો, કે તરત જ તે પત્ર લાવનારે ચંચી કાઢી પાન કરવા માંડયું, અને ઘરનું કામ કરનારી નોકરાણીની સાથે તથા આંગણામાં મેવો વેચનાર સાથે વાતો કરવા મંડયો. આંગણાના ન્હાના સરખા બાગમાં માળી મોગરાના છોડના કયારા ખોદતો હતો. ત્હેના સ્હામું જોઈને બોલ્યો:—"આજે ઘણો ખુશાનો

દિવસ છે, ન્હાના શેઠ ઘેર આવનાર છે. મ્હને ઇનામ જરૂર મળશે." "શું પાસ થયા ?" "હા, પાસ થયા." તે પોતાને ઈનામ મળશે એ વિચારથી ખુશ થતો હતો. તે જ સમયે ઘરના આંગણા સ્હામે એક ગાડું ઊભું રહ્યું. ઘરના માણસોમાં તથા નોકરોમાં ગડબડાટ થઇ રહ્યો, ગાડા ઉપરથી ગાડાવાળો ઊતર્યો અને "રામા ! રામા ! ગોપાળ ! બાઇ સાહેબ આવ્યાં છે" કહી નોકરોને બૂમ પાડવા મંડ્યો.

માળી તરત ખોદવાનું કામ રહેવા દઈને ગાડા પાસે દોડતો ગયો, ને ગાડામાંથી ત્રણ ન્હાનાં નાગાં બાળકોને ઉતારીને ત્હેમની ગાંસડીઓ પોટલીઓ કાઢવા મંડ્યો. ઘરમાંથી ત્હેમના કુટુમ્બીઓ આંગણામાં આવીને "કોણ આવ્યું ? રમાબાઈ આવ્યાં ?" વગેરે પ્રશ્ન પૂછવા મંડ્યા. કમલિનીની સાસૂએ બ્હાર આવીને ન્હાનાં બાળકોને તેડીને ચુમ્બન કર્યાં. ગાડામાંથી એક પુરુષને ઊતરતો જોઇને માથે લુગડું ઓઢીને હેને સર્વના સુખસમાચાર પૂછ્યા. બધાંના ઊતર્યા પછી રમાબાઇ ગાડામાંથી ઊતરી, ઉતરતાં જ ત્હેની માએ પ્રેમપૂર્વક આલિંગન દીધું. રમાબાઈ એટલા ઉપર જઈને પૂજ્યભાવથી પિતાને પગે લાગી, અને અરસપરસ સુખસમાચાર કહી ઘરમાં ગયાં. એટલામાં રમાબાઈનો પતિ પોતાના સસરાને મળવા આવ્યો. તે ઠીંગણો, ભરેલા અંગનો બેડોળી મુખાકૃતિવાળો તથા બ્રાહ્મણના પ્રમાણમાં શ્યામવર્ણો હતો. રમાબાઈ પોતાની ન્હાની બ્હેન જાડી શ્યામ રંગની ગંગીને આવતાં જોઇ ત્હેને ભેટવા ગઇ. ત્હેનાથી થોડે દૂર ચોકમાં એક નાજુક ગૌરવર્ણની છોકરી ઊભી હતી તે બ્હાર આવી નહિં, રમાબાઇને જોઈને તે માત્ર નીચું માથું નમાવીને ઊભી રહી. રમાબાઈએ જરા તિરસ્કારથી પૂછ્યું:–"ઓહો ! આ કમલિની કે ?" એમ

કહીને બીજા ખંડમાં ગઈ. ત્હેનાં ત્રણુ બાલકો કમલિનીની આસપાસ ઊભાં રહીને ત્હેની ભણી ધારી ધારીને જોઈ રહ્યાં. બિચારી કમલિનીને શું કરવું તે ન સૂઝયાથી પાસેના ખંડમાં ગઇ. હેનો આવવાનો અવાજ સાંભળીને ગંગી ધાંટો પાડીને બોલીઃ—"હમણાં છોડશો નહિં બંધ રાખો." આમ કહેતાં કમલિનીએ સાંભળ્યું. રમાબાઈ ગાંસડીઓ છોડતી હતી, ત્હેની મા પણુ ત્ય્હાંજ હતી, સર્વે આનન્દથી વાતો કરતાં હતાં. બિચારી કમલિની ઓયડાના બાયણા પાસે ઊભી રહીને સર્વ જોતી તથા સાંભળતી હતી, પરંતુ કોઇ ત્હેની જોડે એક અક્ષર પણ બોલતુ ન્હોતુ.

પ્રકરણ ૪ થું.

કમલિનીની સખીઓ.

કમલિનીને સાસરે આવ્યે ૭ મહિના થયા હતા, ત્હેનો પ્રથમ અનુભવ સુખમય હતો. ગંગી હેને ધિક્કારતી હતી, પણુ સાસૂ તથા સસરા માયાથી વર્તતાં હતાં. કમલિની ગંગી કરતાં ઘણા વિષયમાં ચઢિયાતી હોવાથી ગંગીથી તે સહન ન્હોતુ થઈ સકતુ. અને પોતાને પાછળ પડેલી જોઈને કોઇ પણુ પ્રકારે હેનું વેર વાળવાનો નિશ્ચય હેણે કર્યો હતો. "કમલિનીમાં હેવું શું છે કે ત્હેણે સર્વનાં હૃદય વશ કર્યાં છે ?" આમ તે વિચાર કરતી હતી. કમલિની પ્રત્યે કઠોરતાથી વર્તનારને પણુ હેનાં નયનો સુન્દર અને મધુર લાગતાં હતાં, હેની ચાલવાની રીત્ય, હેના ડોકનું સૌન્દર્ય તથા મુખમુદ્રા સ્પષ્ટ રીત્યે

હેના ગુણ અને કુળની શ્રેષ્ટતા દર્શાવતાં હતાં. હેની નમ્ર અને મનરંજક રીતભાતથી તથા સર્વ કર્તવ્ય ઉત્સાહપૂર્વક કરવાથી કેટલાક સમય સુધી ગંગી નિષ્ફળ થઈ હતી. કઠિન વૈતરાં પણ તે ઉત્સાહથી કરતી હતી, અને તે પોતાના સસરાને પિતા તુલ્ય ગણીને સર્વ કાર્ય કરવાને તૈયાર રહેતી. વળી પોતે કાંઇ પણ કર્તવ્ય કરતાં સંકોચ પામતી નથી હેની હેના સસરાની ખાતરી થશે એમ એ જાણતી હતી. વૃદ્ધ સસરા કમલિનીના પિતાને ઘણા ખરા વિષયમાં મળતા આવતા હતા. એ પણ વિદ્વાન્ શાસ્ત્રી હતા. ને સંન્યાસીની પેઠે ત્હેવાં જ જીર્ણ પુસ્તકો ત્હેમને પ્રિય હતાં. જેમ કમલિની પોતાના પિતા સામું જોતી ત્હેવી જ રીત્યે જ્યહારે ત્હેના સસરા સ્હામું ઉત્કંઠાથી જોતી ત્યહારે તે હેને માથે હાથ મૂકીને પંપાળતો હતો. તે ન્હાની બાલિકાને પોતાના પિતાની ખોટય પડતી લાગી તે એ સસરા તરફ વધારે આકર્ષાતી હતી. પ્રથમ તો ત્હેનો સસરો કમલિનીના પોતાની તરફ ઝીણી ઝીણી બાબતોમાં સેવાપરાયણતા જોઈ વિસ્મય પામતો હતો. સામાન્ય રીત્યે સસરાથી પુત્રવધૂ ભય પામે છે, અને પુત્રવધૂ તરીકે કૃત્રિમ લજ્જા દર્શાવે છે; પરંતુ કમલિની આ સર્વ કૃત્રિમ રૂઢિથી સંપૂર્ણ અજ્ઞાન હતી. ત્હેની નિર્દોષ બાલક જેવી સરલતા અને નિષ્કપટીપણું જોઈ ત્હેના ઉપર વિશેષ માયા રાખતો હતો. શાસ્ત્રીનો ઘરમાં એક જુદો જ અધ્યયનખંડ હતો, ત્હાં કોઇ પણ જવાની હિંમત કરતું નહિં, પરંતુ કમલિની પોતાનાં ગૃહકર્તવ્ય કરીને ત્યહાં જતી હતી, ને શાન્તપણે ત્હેનાં પુસ્તકો વ્યવસ્થિત રીત્યે ગોઠવતી હતી, અથવા તો જ્યહારે શાસ્ત્રી વિદ્યાભ્યાસમાં મગ્ન હોય ત્યહારે મૌન ધારણ કરી બાજુ ઉપર બેશી રહીને ભક્તિપૂર્વક જોયા

કરતી હતી. શરૂઆતમાં તો શાસ્ત્રી આ ન્હાની અપરિચિત બાલિકાને જોઈને અસ્વસ્થ થતો હતો, પણ કેટલોક સમય વીત્યા પછી તે ટેવાઈ ગયો ને ત્હેના આવવાની વાટય પણ જોતો હતો, કારણ ત્હેની ખાતરી હતી કે ગમે તે રીત્યે કામમાંથી થોડો વખત કાઢીને શ્લોક સાંભળવાને તે આવશે. હેનાં સંસ્કૃત પુસ્તકોમાં શું લખેલું છે તે આ ન્હાની બાલિકા જાણે છે હેની ત્હેને અચાનક એક દિવસ ખબર પડી. કમલિની પુસ્તકો ઉપરથી ધુળ્ય ખંખેરીને ગોઠવતી હતી, ત્ય્હારે ત્હેણે સરલ ભાવથી પૂછ્યું:—"પુરુષસૂકતના શ્લોકનું પુસ્તક સૌથી ઉપર મૂકું? આજે ત્હમારે હેનો ખપ પડશે?" આ સાંભળી શાસ્ત્રી હેના ભણી વિસ્મય પામી જોઈ રહ્યા, અને જરા મ્હોટે અવાજે પૂછ્યું:—"પુરુષસૂક્તના શ્લોક ગ્રન્થ વિશે તું શું સમઝે?" વૃદ્ધ સસરાના સ્હેજ કઠોરતાથી પ્રશ્ન પૂછ્યાને લીધે પ્રથમ તો બાલક કમલિની ભયભીત થઈ, પણ બીજી ક્ષણે નિર્દોષતાથી દૃષ્ટિ ઊંચી કરીને ઉત્તર દીધોઃ—"હું જાણું છું મ્હારા પિતાજીને આ ગ્રન્થ ઘણો ગમે છે. હું હેનો અર્થ કાંઈક સમઝું છું."

અહા! ત્હેના વિશાળ શ્યામ નયનોમાં વિશ્વાસ વ્હાલ અને નિર્દોષતાની કેવી છાયા હતી! આ જોઈ શાસ્ત્રીએ નરમાશથી પૂછ્યું:—"તું સમઝે છે? ત્હને વાચતાં લખતાં આવડે છે?" કમલિનીએ નિઃશ્વાસ નાંખીને કહ્યું:—"ઘણું થોડું, પણ મ્હારા પિતાજી શ્લોક રોજ બોલતા હતા, તેથી તે બધા મ્હને આવડે છે, હું ત્હેમના ખોળામાં સૂતી ત્યારે શ્લોક બોલીને મ્હને ઉંઘાડતા હતા." "ત્હને વાંચતાં કો'ણે શીખવ્યું?" "કે'વી રીતે શીખી તે હું જાણતી નથી,

પણ જ્યારે હું ન્હાની હતી અને વાંચતે ભૂલ્ય કરતી હતી ત્યારે મ્હને મ્હારા પિતાજી સુધારીને કહેતા કેઃ—“ભણેલા પુરુષની પુત્રીને વાંચતાં આવડવું જ જોઈએ.” વળી તે કહેતા હતા કેઃ—‘લક્ષ્મીને વાંચતાં આવડતું હતું.’ કમલિનીના સસરાએ પૂછયું:—‘લક્ષ્મી કોણ હતી?” “તે મ્હારી પ્રતિમા હશે, કારણ પિતાજી મ્હને લક્ષ્મી કહીને બોલાવતા ને જાણે ઘણા કાળ પૂર્વે તે જીવતી હોય તે પ્રમાણે બોલતા હતા, પણ હું કહેતી હતી કેઃ—‘એ મ્હારો પડછાયો છે કારણ પ્રથમ કમલિની અને ત્હેનો પડછાયો લક્ષ્મી.” એમ કહી કમલિનીએ મ્હો સંતાડીને સ્હેજ હાસ્ય કર્યું. ત્હેની નિર્દોષતા અને ચાલાકી જોઈ ત્હેનો વૃદ્ધ સસરો માથું ધુણાવતો ધુણાવતો હસવા મંડયો. પુત્રવધૂએ સસરા સાથે પરિચિત થઈ હેનો સ્નેહ મેળવવો એ વિનય રૂઢિના વિરુદ્ધ હતું, તેથી ગંગીને ત્હેનો ખોટો અર્થ કરવાનું કારણ મળ્યું. સર્વ પ્રકારના પાપાચરણના આરોપ નિર્દોષ બાલિકા કમલિનીના ઉપર મૂકયા, વળી એમ કહેવા માંડયું કેઃ—“હેને મ્હારો અને માનો સહવાસ ગમતો નથી, એ મર્યાદા વિનાની ધૃષ્ટ છોકરી છે અને ધૃષ્ટતા સંતાડવાને નિરભિમાન-પણાનો કૃત્રિમ ડોળ કરે છે, હેને હેના સસરાના સહવાસમાં વધારે રહેવાય એવી ઇચ્છાથી ઘરનું કામકાજ સારી રીત્યે કરીને પ્રસન્ન રાખે છે અને મ્હારી વિરુદ્ધ ચઢાવે છે.” ગંગીના આમ બોલવા ઉપર હેની મા લક્ષ દેતી ન્હોતી, ને કમલિનીને લડાવીને કહેતી હતી કેઃ—“બિચારી કમલિનીનો પિતા અહિંયાં નથી, ત્હારો પિતા તેજ હેનો પિતા છે.”

ગંગીની મા સરલ સ્વભાવની હતી અને બીજાથી સ્હેલાઈથી

દોરાઈ જાય ત્હેવી હતી. જ્યહારે તે ઉશ્કેરાઇ જતી ત્યહારે કઠોર શબ્દો વાપરતી હતી. હાવા સ્વભાવની હોવાથી ગંગીના બોલવાના ચાલૂ પ્રવાહે અલ્પ સમયમાં હેના મન ઉપર અસર કરી, તેથી તે ગુપ્ત રીતે પોતાના પતિની સાથે કંકાસ કરતી હતી ને ત્હેની કુટુમ્બ પ્રત્યેની વર્તણુક નિરુત્સાહી તથા નિર્દય છે એમ માનતી હતી. વારંવાર કમલિની માટે અણુસારો કરી કહેતી હતી કેઃ—"કમલિનીના પડછામાં ગંગી કેટલી સાધારણ દેખાય છે તે ત્હમે શું નથી દેખતા? આ જાણ્યા છતાં ગંગીનું લગ્ન કરવાનો કાંઇ પણ યત્ન નથી કરતા. હેનાં વસ્ત્ર અલંકાર કેટલાં સાધારણ છે? ત્હમે તો માત્ર ત્હમારી પુત્રવધૂના ઉપર જ દયા આણો છો, હું તો લોકોનું બોલવું સાંભળીને થાકી ગઇ છું. જે આવે છે તે "અહા! ત્હમારી પુત્રવધૂ કે'વી સારી છે? તે કે'વી સુન્દર છે, એ કો'ની પુત્રી છે?" એમ કહે છે; પણ મ્હારી પુત્રી તરફ તો કોઇ જોતું પણ નથી. જો આપણો પુત્ર પણ કમલિની ઉપર પ્રેમ ભાવ રાખશે તો કમલિની ત્હેનું મન આપણા ઉપરથી ઊઠાડી લેશે ત્યહારે આપણી શી અવસ્થા થશે? તે આપણા લગારે સમાચાર પણ પૂછશે નહિં. કોણ જાણે કે'વે અમાંગલિક દિવસે હેણે આપણા ઘરમાં પગ મૂક્યો! સગાં સ્નેહીઓ સર્વ ત્હમારાથી અસંતુષ્ટ થઇ ગયાં છે, અને બિચારી ગંગીની અવગણના થાય છે." હાવી રીત્યે ત્હેણે પોતાના પતિના કાન ભંભેરવાનો યત્ન કર્યો, તેથી ત્હેણે કંટાળીને કમલિનીને પોતાની જોડે મંદિરમાં દર્શન કરવા લઇ જવાનું છોડી દીધું. આખા કુટુમ્બમાંથી તે કમલિની શિવાય કોઇને પોતાની સાથે મંદિરે તેડી જતો નહિં. કમલિનીનાં શ્વસુરપક્ષનાં સર્વ સગાં સ્નેહીઓ કમલિનીનાં દરેક કૃત્ય સંશયશીલ દષ્ટિયે જોતા

લાગ્યાં, ત્હેનો સસરો પણ હવે ત્હેના પ્રત્યે બેદરકારીથી વર્તવા લાગ્યો; હવે ગંગીનો જય થયો, આથી બાલિકા કમલિની દુઃખી થઈને એકાન્તમાં જઈને મૂગે મ્હોએ અશ્રુ પાડતી હતી. એ બિચારી શું કરી શકે? કુટુમ્બમંડળનાં સર્વ ત્હેને ધિક્કારતાં હતાં. એ વિચાર કરતી હતી કે—"મ્હેં કાંઈક અપરાધ કર્યો છે, ને સસરાને નારાજ કર્યા છે. કારણ હવે જ્યહારે હું હર્ષથી સસરા પાસે જાઉં છું, ત્યહારે એક બાજુએ બેસાડી મૂકે છે ને હું કાંઈ પણ બોલું છું તો કહે છે કેઃ—'વડીલ સમક્ષ ન્હાની બાલિકાઓએ મૌન રાખવું જોઈયે.' આમ ત્હેનો સસરો નમ્રતાથી કહેતો હતો, પરંતુ તેથી કમલિનીની પ્રફુલ્લતાનો પ્રવાહ રોકાઈ તેના હૃદયમાં ઊભરાતા સર્વ આનંદનો નાશ થઈ જતો હતો, ને નિરાશા થતી હતી.

કમલિની પોતાના પતિને લગારે ઓળખતી ન્હોતી. લગ્નવિધિ સંપૂર્ણ થયા પછી તરત જ તે એક દૂરના શહેરમાં વિદ્યાભ્યાસ કરવાને ગયો હતો, ને સર્વ પરીક્ષાઓમાં વિજયી નીવડ્યા પછી જ ઘેર આવનાર હતો. કમલિનીને લગ્નવિધિ સમયે એક તરુણ પુરુષને પોતાની પાસે બેઠાનું તથા ત્હેનાથી ભયભીત થઈ અસ્વસ્થ થઈને ઊઠી જવાનો યત્ન કર્યાના ઝાંખા સ્મરણ શિવાય કાંઈ યાદ નહોતું. કમલિની જાણતી હતી કે આ પુરુષ પોતાનો પતિ છે, અને લગ્નવિધિથી એક બીજા જોડે કાંઈક ગૂઢ રીત્યે જોડાયાં છિયે, પણ હેનું કદી ચિંતન કરતી નહોતી. કમલિનીનું ચિત્ત સૃષ્ટિસૌંદર્ય તરફ વધારે આકર્ષાતું હતું. જેમ જેમ કમલિની પોતાના વયની અન્ય બાલિકાઓના સંસર્ગમાં આવીને જગતની વાતો સાંભળતી ગઈ, તેમ તેમ હેને સંસારચક્ર ભયંકર દેખાવા લાગ્યું, અને ધીમે ધીમે હેનું બાલક

જીવન લુપ્ત થયું. ત્હેનું સર્વની સાથે સ્વતંત્રતાથી બોલવું અદશ્ય થઈ ગયું, તે સંકોચશીલ અને થોડા બોલી થઈ, અને ભય તથા આશ્ચર્યતાથી ત્હેનાં વિશાળ નયનો વધારે વિશાળ દેખાવા લાગ્યાં.

કમલિનીની મુખ્ય સખીઓ ચાર હતી, ને પડોશમાં જ રહેતી હતી, કમલિની ત્હેમને વારંવાર કૂવા ઉપર મળતી હતી. આરંભમાં ન્હાની અપરિચિત બાલિકા કમલિનીને નવોઢાના સુશોભિત વસ્ત્રાલંકારથી સજ્જ થયેલી દેખીને, ઈર્ષ્યાથી તે દૂરનાં દૂર જ રહેતાં હતાં, પરંતુ ત્હેની નિર્દોષિતા તથા સરલતાથી ત્હેમનાં મન ત્હેણે હરણ કરી લીધાં હતાં. સાસૂ સસરાની માયા મેળવવી:એ બ્રાહ્મણ કુટુમ્બમાં દુર્લભ હોવા છતાં કમલિની એ સુખ પ્રાપ્ત કરી શકી હતી, તેથી ત્હેની સખીઓએ એક દિવસે હેને ચીઢવતે ચીઢવતે કહ્યું:—"અરે! કમલિની! સાસૂ સસરાને તો તું ત્હારી હાથેલીમાં નચવે છે. હમે સાંભળ્યું છે કે ત્હારે ઘેર તો સુખની રેલ છેલ થઈ રહી છે! તું મા વગરની છતાં આ કળા ક્ય્હાંથી શીખી! ખરેખર! તું કોઈ ન્હાની ડાકયણ હોઈશ. કમલિનીએ અશ્રુ પૂર્ણ આંખ્યોએ જવાબ દીધો:—"ત્હમે કહો છો હેમાંનું કશુંએ નથી." "હા હમે જાણીએ છીએ કે એ સઘળું લાંબો સમય ટકનાર નથી, થોડા વખતમાં ત્હને એ આસન ઉપરથી ઊતારી મૂકશે, કારણ ત્હને ઘણી જ સ્નેહાળ નણંદ મળી છે." "પણ મ્હેં કાંઇ કર્યું નથી." કમલિનીએ કરુણ સ્વરે આટલું કહી વધારે વિગત કહેવા જતી હતી તેટલામાં હેમાંની એક સહુ કરતાં મ્હોટી વયની ઊંચી તથા સ્હેજ શ્યામવર્ણની હતી ત્હેણે આગળ આવીને કમલિનીને બોલતાં રોકીને કહ્યું, "હા, હા, હમે સર્વ જાણીએ છીએ, હમને બધાંને જાતિ અનુભવ છે; ગાત્ર

સાસૂ સસરા ઉપર મૂર્ખાઇથી વિશ્વાસ રાખે છે તેથી હમને આશ્ચર્ય લાગે છે. અજ્ઞાન છોકરી, કાંઇ ભય રાખીશ નહિં, હમારાં બધાંનાં સાસરાનાં ઘર દુઃખમય છે; તું ધારે છે ત્હેવાં ત્હારાં સાસૂ નણંદ સરલ સ્વભાવનાં નથી. ભવિષ્યમાં હેવા દિવસો આવશે કે એક પણ દિવસ સાસૂનો અને પતિના હાથનો માર ખાધા વગર જશે નહિં. એ લોકો ત્હારા ભોજનમાં વિષ નાંખવાનો પણ યત્ન કર્યાં વગર રહેશે નહિં, પણ તું ગભરાઇશ નહિં. આ સર્વ ત્હારી માએ શું ન્હોતું કહ્યું ? અરે હા ! પણ ત્હારે મા નથી. નિરાધાર કમલિની તું માર સહન કરી શકે તેમ લાગતું નથી." આ બોલનાર ભાગીરથી હતી.

શાસ્ત્રીની પુત્રી રુક્માએ કહ્યું:—"પણ જેમ બધાંને સહન કરવું પડે છે તેમ ત્હારે પણ કરવું પડશે; માટે તું ભયભીત થઇશ નહિં. સ્ત્રીઓનું ભાગ્ય જ હેવું છે."

"પણ એ લોકો મ્હને શું કરવા મારશે ?"

"ત્હારી અયોગ્ય વર્તણુક માટે વળી; હમેશાં એ તો અયોગ્ય વર્તણુક માટે જ હોય, જો નણંદથી ઘી ઢોળાય ને તું પાસે ઉભી હોય તો ત્હેં જ ઢોળ્યું કહેવાય, કારણ ત્હારી નજર લાગી તેથી ઢોળાયું."

એટલામાં હરિણીએ આંખ્યોમાંથી ઊભરાઈ જતાં આંસુઓને રોકી રાખીને કહ્યું:—"અરે ! કાલ્ય રાત્રે જ મ્હને માર પડ્યો હતો. મ્હારા પતિયે રાત્રે ન ખાધું એટલે સાસૂએ કહ્યું કે 'ત્હારે પાપે એ ન જમ્યો.' એ વિષયની મ્હેં અજ્ઞાનતા દેખાડી એટલે મ્હને મારી તથા અપવાસ કરાવ્યો." હરિણી માત્ર બાર વરસની સુન્દર અને

કોમલ બાલિકા હતી. ભાગીરથીએ કહ્યું:—આતો કાંઇ જ નથી, હજી તું મ્હોટી તો થા, પતિની વર્તણુકથી કેટલુંએ સહન કરવું પડશે. સ્હામેના ઘરમાં સીતા રહે છે ત્હેની વાત જાણી? બિચારીએ પોતાની માએ કરાવેલા અલંકાર પ્હેર્યા કે તરત જ ત્હેના પતિએ માગ્યા અને તે ન આપ્યા એટલે કેટલાક દિવસ સૂધી કંકાસ કરી બીજી સ્ત્રી પયણી આણવાની ધમકી દેખાડી." આ સાંભળી કમલિનીએ તરત પોતાની મોતીની માળા ઉપર હાથ મૂકયો. આ જોઈ સર્વ સખીઓ હશી પડી, ને રૂક્મા બોલી:—"જા, જા, હાવા અલંકાર નહિં, ત્હારાં ઘરેણાં તો ન્હાના બાળકના રમકડાં જેવાં છે. ત્હારો પતિ હાવાં ઘરેણાંની જરાએ દરકાર નહિં કરે." પણ કમલિનીએ તરત જવાબ દીધો:—"પણ જો એ માગશે તો હું આપીશ એટલે મ્હને નહિં મારે." હેની સરલતાથી ભાગીરથીનું હૃદય પીગળ્યું. ત્હેણે કમલિનીને સોડયમાં લઇ ને કહ્યું:—"ના બ્હેન ત્હને કોઇ નહિં મારે, હું જોઉં તો ખરી કોણ મારે છે? હમારે હાવી વાતો ત્હને ન કહેવી જોઈએ. પરમેશ્વરે જે'ની નિર્દોષતાનો સંહાર નથી કર્યો, ત્હેને મનુષ્યને તેમ કરવાનો શો અધિકાર છે? તું નિશ્ચિંતપણે ઘેર જા, ને ત્હને જે કરવાનું કહે તે કર્ય, ને કોઇના પણ મારનો ભય રાખીશ નહિં." એટલામાં ભીમા નામની એક ગટ્ટી બાલિકા જે આટલો વખત મૌન ધારણ કરી સર્વ સાંભળતી હતી, ત્હેણે કમલિનીની પાસે આવીનું કહ્યું:—"તુ કેટલી ભોળી છે! હું ત્હારી બેનપણી થઇશ." ન્હાની સુન્દર બાલિકા હરિણીએ કહ્યું:—હું પણ ત્હારી બેનપણી થઇશ." આમ કહી ચારે સખીઓએ કમલિનીની છેક પાસે આવીને ત્હેનો હાથ ઝાલીને પ્રતિજ્ઞા લીધી:—"હમે કદી પણ ત્હારી જોડે

લઢીશું નહિં, ને રોજ સ્હવારે આપણે અહિંઆં કૂવા ઉપર મળીશું. કમલિનીએ ત્હેમના ભણી આભારદૃષ્ટિથી જોયું, અને ખુશ થતી ઘેર ગઈ.

કમલિનીના સસરાને હેની વિરૂદ્ધ ભંભેર્યા છતાં બાલક કમલિની પ્રત્યે હેના હૃદયમાં દયાભાવ હતો. કમલિનીની તરફની હવે ધારણ કરેલી નિષ્ઠુર વર્તણુક તો માત્ર બ્હારનો ડોળ જ હતો. તે દૃઢ મનવાળો તથા પોતાનું ધાર્યું કરનાર પુરુષ હતો. એકવાર કાંઇ પણ હેના મનમાં આવતું તો તે ફેરવવાનું ઘણું જ વિષમ કાર્ય હતું. હેણે પ્રથમથી જ જાણ્યું હતું કે પોતાની પુત્રવધૂ બીજી સર્વ બાલિકાઓ કરતાં તદ્દન જુદા જ સ્વભાવની છે, અને તે પોતાને કમલિનીનો મુખ્ય પાલક ગણતો હતો. કમલિનીના લગ્નના દિવસની પ્રાતઃકાલે ત્હેને આનન્દથી નિર્ભયપણે પ્રકૃતિની સુન્દરતા અનુભવતાં જોઈ હતી, તે ચિત્ર હજી પણ હેની દૃષ્ટિ સ્હામું તાજું હતું. તે જાણે સ્વતંત્રતાની પ્રતિમા હોય હેવી દેખાતી હતી. હેનામાં બીજા ગમે ત્હેવા ગુણ હશે, પણ તે પ્રપંચ અને છળ કપટ તો લગારે જાણતી હોય હેવી વાત શાસ્ત્રીના માન્યામાં કદી આવતી ન્હોતી. તેમ કરવાને કમલિની તદ્દન અસમર્થ અને અજ્ઞાન છે હેવી હેની પૂર્ણ ખાતરી હતી, છતાં પોતાની પત્નીની ઇચ્છાનુસાર કમલિની જ્યહારે અધ્યયન ખંડમાં આવતી હતી ત્યહારે જેમ બને તેમ પોતે ઓછું બોલતો હતો. જે દિવસથી કમલિની સાસરે આવી હતી તે દિવસથી નિત્ય સસરા જમી રહેતા હતા ત્યહારે ત્હેમના હાથ ઉપર પાણી રેડી ત્હેમના હાથ એ ધોવડાવતી હતી, અને પોતે જમતો હતો તે વખતે હેને પાસે બેસાડતો પણ હતો; કમલિનીને સસરાની પાસે

બેસવામાં ખાસ આનન્દ લાગતો હતો, ને બીજી બધી વાતો બદલાઈ હતી છતાં આ નિયમનો શાસ્ત્રીએ ભંગ કર્યો નહોતો. પરંતુ જે દિવસે કમલિનીની નણંદ રમાબાઈ ઘેર આવી, તે જ દિવસથી રમાબાઈએ કમલિનીને હેના સસરા જમવા આવે ત્હારે બીજા ખંડમાં જવાની આજ્ઞા કરી. શાસ્ત્રીને ભોજન સમયે કમલિની વગર સૂનું સૂનું લાગ્યું; હેણે જમવા બેસતી વખતે આસપાસ જોયું અને કમલિનીને ન દીઠાથી પૂછ્યુંઃ—“ કમલિની ક્યહાં છે ? ” આ સાંભળી રમાબાઈયે વચમાં પડીને કહ્યુંઃ—“ અહિંઆં ઘરમાં જ છે, એ પછીથી સર્વ સ્ત્રીઓ સાથે જમશે. ” રમાબાઈ આથી વધારે કશું બોલી સકી નહિં, કારણ એ જાણતી હતી કે પિતાને કમલિની ઘણી વ્હાલી છે, ને જો પોતે કાંઇ વધારે બોલશે તો પોતાની કમલિની પ્રત્યેની નિર્દય વર્તણુક જાણી જઈ પિતાના હૃદયને દુઃખ થશે. શાસ્ત્રીએ કમલિનીને ફરી બોલાવી, પણ તે જ સમયે રમાબાઈએ કમલિનીને કામ સોંપ્યું; તે જોઈ વૃદ્ધ શાસ્ત્રીએ નિરાશ થઈને રમાબાઈને કહ્યું “ જો જે, હેને બરોબર જમાડજે; બિચારી છોકરી ઘણું જ થોડું ખાય છે. ”

આ દિવસ પછી બિચારી કમલિની કદી પણ ભોજન સમયે, પિતા તુલ્ય માયાળુ સસરો પાસે જવા પામી નહોતી.

એક દિવસે સંધ્યાકાળે શાસ્ત્રીના સર્વ કુટુમ્બમંડળને નિમંત્રણ હતું. શાસ્ત્રીના મિત્રને ઘેર લગ્નપ્રસંગ હતો, તેથી રમાબાઈ અને ગંગી, બંને બ્હેનો સુશોભિત વસ્ત્રાલંકારઃ પ્હેરીને લગ્નવિધિ જોવા જવાને સજ્જ થયાં હતાં, ત્હારે હેમની માએ કમલિનીને જોડે લઈ જવાનું કહ્યું, પણ રમાબાઈએ કહ્યું કે “ કમલિની અજાણી

છે, એ કોઇને ઓળખતી નથી, હેને કોઇનો પરિચય નથી, તેથી હેને લઈ જવું વ્યર્થ છે" વગેરે ન્હાનાં કાઢયાં, ને કમલિનીને જોડે ના લઈ ગયાં. પરંતુ પોતાની માની પરવાનગી લઈને બિચારી કમલિનીના સર્વ અલંકાર કાઢી લીધા અને બન્ને બ્હેનોએ પહેર્યા. કમલિનીના સંન્યાસી પિતાએ આપેલી મોતીની માળા, જે કમલિની છેક બાલ્યકાલથી પહેરી રાખતી હતી, તે આજે પહેલ વહેલીવારજ કમલિનીની કોટથી છૂટી પડી, ને તે માળા ગંગીએ પ્હેરી, અને રમાબાઈને ગંગી શણગરાઈને બ્હાર ગયાં. થોડીક પળ વીત્યા પછી કમલિનીની સખી કાશી આવી. બિચારી કમલિની નિરાશ થઈને બેઠી હતી, પણ કાશીને આવતી જોઈને આનંદથી હેની પાસે દોડી ગઈ, પરંતુ કાશીની મુખમુદ્રા ઉપર સ્હેજ ક્રોધનાં ચિન્હ જોઈને બોલતાં અટકી. કાશીએ કહ્યું:—"કમલિની! તું હાવી છેક જ મૂર્ખ ક્યાંથી થઈ! ત્હારાં ઘરેણાં શા માટે પેલી બે જણીઓને આપ્યાં? મ્હેં આ ક્ષણે જ હેમને શણગરાઈને ઘરમાંથી નીકળતાં દીઠાં. હવે હું ત્હને શી રીત્યે લઈ જાઉં? ઘેરથી આટલે સૂધી ત્હેને રામચંદ્ર પંતને ઘેર લઈ જવાને આવી હતી. હેમને ત્યહાં લગ્નસમારંભ ઘણા ભપકાથી થવાનો છે, આંધળાં, લૂલાં, ને વિધવા સ્ત્રીઓ શિવાય ગામનાં સર્વ મનુષ્ય ત્યહાં જોવા જનાર છે, પણ વ્હાલી કમલિની! તું શું કરવા રૂવે છે? ત્હને શું થયું? કોણે દુઃખ દીધું?"

"મ્હારે કોઇ ઠેકાણે નથી જવું. માત્ર તુંજ મ્હારી કને રહે, એટલે મ્હને સંતોષ થશે. મ્હને શાથી દુઃખ થતું હતું તે હું નથી જાણતી, કોણ જાણે કેમ; પ્હેલાં કદી પણ હાવું નહોતું થયું. હું અહિંયાંથી ઘણે દૂર, મ્હારે જૂને ઘેર હત તો કેવું સારૂં થાત!"

કાશીએ કહ્યું:—"હા! હું સમજી, ખરૂં પૂછે તો, તું અહિંઆં કોઇને પ્રિય નથી, પણ હશે, ચાલ્ય, હવે વખત નકામો નહિં જવા દઇયે." એમ કહી કાશીએ પોતાની ડોકમાંથી એ સેરની કંઠી કાઢીને હેને પહેરાવીને કહ્યું:—"જો, હવે ચાલશે. આપણે હવે જરા ઉતાવળાં ઉતાવળાં જઇયે. આ માત્ર એક જ કંઠી પહેર્યા છતાં તું કેવી શોભે છે! ચાલ્ય, હજી પણ આપણે ત્હારી નણંદોનો પરાજય કરીશું."

કમલિનીએ પૂછ્યું. "પણ મ્હારાં સાસૂને પૂછવું છે તે?" કાશીએ ઉત્તર દીધો:—"ત્હારાં સાસૂની તો મ્હેં ક્યારનીએ રજા લીધી છે, ત્હેમણે ત્હને લઈ જવાની હા પણ કહી છે." હવે કમલિનીનાં નયનો આનંદથી પ્રકાસવા લાગ્યાં, તે સર્વ દુ:ખ ભૂલી જઇને કાશી જોડે આનંદમાં સાંઝ ગાળી.

રાત્રે રમાબાઈ તથા ગંગીના ઘેર આવ્યા પછી ઘરમાં ઘણો ક્ષોભ ઉત્પન્ન થયો. રમાબાઈ ઘણા વેગથી આમ તેમ ધસતી હતી, અને સર્વની સાથે ઉત્સુકતાથી ઉસ્કેરાઇને બોલતી હતી. વારે ઘડીયે માને એકાન્ત ખંડમાં લઈ જઇને, ગુપચુપ કરી, અનેક પ્રકારની યુક્તિઓ રચતી હતી. રમાબાઈનો પતિ પણ ત્યાં જઇને કાંઇક સૂચના આપતો હતો, ચર્ચા કરતો હતો, તથા રમાબાઈની પેઠે જ વાદવિવાદ કરતો હતો. રમાબાઈનો પતિ, ગણેશ તથા કમલિનીના લગ્નથી લગારે સંતુષ્ટ નહોતો. પ્રથમ હેણે એક જુદી જ યોજના કરી હતી, પરંતુ પોતાની સર્વ યોજના નિષ્ફળ નીવડયાથી નિરાશ થયો હતો. હેને પોતાના ઊંડા ચાતુર્યનું ઘણું અભિમાન હતું, ને કમલિનીના વર્તનનો બીજાંને ખોટો અર્થ સમઝાવવાને તત્પર હતો.

એ કહેતો હતો કેઃ—"એકનો એક પુત્રરત્ન, પ્રખ્યાત પુરુષનો વારસ હેને એક નિર્ધન મનુષ્યની પુત્રી સાથે લગ્ન કરાવ્યું! હેની માનું પૂર્વ ચરિત્ર કેવળ અજાણ્યું, અને પિતા માત્ર ભટકતો સંન્યાસી! શી અધોગતિ! હેવું કરવાની શી જરૂર હતી? હું તો ધારતો હતો કે શાસ્ત્રી હજી એક બે વર્ષ વધારે થોભશે. વળી સ્ત્રીને લખતાં વાંચતાં આવડે! પતિ કરતાં પત્ની ચતુર! આહા! દુનિયાંનું શું એ થવા આવ્યું છે! કમલિની કલ્હારનીએ ઉત્તમ પદ પામી છે, ને હેનો પતિ ઘેર આવશે, ત્ય્હારે કોણ જાણે, કેટલાંએ કપટ કરશે!" વળી એ પોતાની સાસૂને એમ પણ કહેતો હતો કે "મ્હેં કહેલી ધનાઢ્ય મનુષ્યની પુત્રી સાથે ગણેશનું લગન ના કરાવ્યાથી આપણા કુટુમ્બને ઘણો ગેરલાભ થયો છે. એ કન્યાનો પિતા શ્રીમંત છે, ને હેના માત્ર સંબંધી થયાથી ત્હમારા પુત્રને ઊંચી પદવી મળત હજી પણ કાંઇ વખત નથી વહી ગયો, પણ કામ જરા કઠણ છે." હાવી રીત્યે પોતાની નવીન યોજના વિશે સંદિગ્ધતાથી બોલતો હતો. વળી બાલ્યકાળમાં કમલિનીનું બીજા યુવક સાથે લગ્ન કરવાના હેના પિતાએ આપેલા વચન વિશે, તથા તે વચનનો ભંગ થયાથી તે યુવકની નિરાશા વિશે અસ્પષ્ટ અણુસારા કરતો હતો.

આ સર્વ ક્ષોભનું કારણ કમલિની સમઝી સકી નહિં, તથા શેના ચર્ચા ચાલે છે, ત્હેનો વિચાર પણ હેને આવ્યો નહિં. ચર્ચા કરનાર મંડળમાં કમલિનીનો સસરો શામેલ નહોતો. શાસ્ત્રી ચર્ચા ચાલતી હતી તે ખંડ પાસે આવતો કે તરત જાણે સર્વ હેમનાથી ભયભીત થતાં હોય તેમ શાન્ત થઈ જતાં હતાં. માત્ર રમાબાઈ લોકો અને વાતો વિશે તીખા બોલો ફેંકતી હતી. કમલિની, રમાબાઇના

બોલવાના જુસ્સાથી તથા હેના મિજાજથી છક થતી હતી, પણ રમાબાઇ પોતાને ગણતરીમાં ગણતાં નથી હેનું કારણ સમજી શકતી નહોતી જો, બિચારી કમલિની ઉશ્કેરાઇ ચર્ચા ચલાવનાર મંડળીપાસે અજાણ્યે જતી હતી તો હેને વિઘ્નરૂપ ધારી, હેના પ્રત્યે ધારી ધારીને બધાં જોઈ રહેતાં હતાં. સર્વ કમલિની પ્રત્યે આમ વર્તવાથી તે બિચારી અસ્વસ્થ થઈ, એકાદ એકાન્ત સ્થળે જઈને બેસતી હતી, પરંતુ આ સર્વ ગુપ્ત વાતનો વિષય પોતે જ છે એમ હેને લગારે વિચાર પણ નહોતો આવ્યો. કમલિનોનો પતિ ગણેશ છેલ્લી પરીક્ષામાં પાસ થયો હતો, અને હેને સરકારી નોકરી મળી હતી, તેથી કમલિની ઉપર ઈર્ષ્યાનું આ સર્વ કેટલેક અંશે પરિણામ હતું, તે પણ એ જાણતી નહોતી.

પ્રકરણ ૫ મું.

પતિનું આગમન.

રાત્રિ પડી હતી. ઊંચી, ગંભીર પર્વતમાળા એક પાછાડી એક ચઢીને નિર્મલ આકાશને સ્પર્શ કરતી હોય તેમ દેખાતું હતું. જાણે કોઇ દેવીની અદ્દભુત કળાથી સર્વ સ્થળ ચંદ્રના શ્વેત રૂપેરી કિરણોથી પ્રકાશમય થઈને શાન્ત અરણ્યની સુંદરતામાં વધારો થતો હતો. ઉપરા ઉપરી ચઢતાં શિખરોની વિસ્તીર્ણ હાર્યમાં એ દિવ્ય તેજનો પડદો વધારેમાં વધારે તેજસ્વી હતો, અને બરફથી ઢંકાયલા પર્વતો

હોય તેમ આંખ્યને આંજી નાંખતો હતો. આ પર્વતવાળા પ્રદેશે રાત્રિની અપૂર્વ શોભા ગ્રહણ કરી હતી. ખીણુમાંનાં, પર્વત ઉપરનાં પ્રચંડ વૃક્ષો ઉપર, તથા ત્રાસજનક પશુઓનાં કોતરો ઉપર ચંદ્રનાં કિરણો અત્યન્ત મૃદુતાથી ચુમ્બન કરતાં હોય તેમ દેખાતું હતું. પર્વતમાંથી નીકળતા પાણીનાં ઝરણો ચંદ્રના પ્રકાશથી ગાળેલી ચાંદી જેવાં દેખાતાં હતાં, અને શ્યામ શિલાઓ ઉપરથી ધસારાબંધ ખળખળાટ કરતાં વહ્યે જતાં હતાં. આ પર્વતહારમાંના એક પર્વત ઉપર, ધ્યાન ધરનારાઓ, એકાન્તવાસી, અને ધર્મપરાયણ યોગીઓના મઠ હતા. ઉપર વર્ણન કરેલી રાત્રિયે બે પુરુષો આ સ્થળે અત્યન્ત આતુરતાથી વાત કરતા હતા. આ બે પુરુષોમાંનો એક કમલિનીનો પિતા હતો. ઊંચો, અંગે ક્ષીણ, અને માથાના અને ચાલના વિલક્ષણ મરોડવાળો, અને મુખ ઉપર શૂન્ય હૃદયતાની છાપવાળો, નિઃસંશય એ જ હતો. સંન્યાસી નારાયણ પોતાનામાં અને પોતાનાં સ્વપ્નાંમાં જ જીવન ગાળતો હતો. હેવું શું કારણ હતું કે તે પોતાનું અર્ધ જીવન સંન્યાસી થઈને આ પર્વતોના એકાન્તમાં ગાળતો હતો? આ ચિન્તનમય જીવનમાં ત્હેના સંસ્કારી મનને હેવું શું અનુકૂળ જણાતું હતું? હેના પૂર્વાશ્રમનો ઇતિહાસ શો હતો? હાલના સમયના બીજા સંન્યાસીઓથી એ ભિન્ન શા માટે હતો કે જેથી તે ભેટ તથા દાન સ્વીકારતો ન્હોતો. હેની સાથે વાત કરનાર પુરુષ જે કમલિનીના વિવાહને દિવસે સંન્યાસીને અણધાર્યો મળવા આવ્યો હતો તે જ યુવક હતો. સંન્યાસી નારાયણે કહ્યું:—"રામચન્દ્ર, ત્હારા ઉપર મ્હને દયા આવે છે, અને મ્હારા હૃદયને દુઃખ થાય છે, પણ હવે સમય ગયો. તું હવે કમલિનીને ન મળવાની પ્રતિજ્ઞા લે. મ્હેં કહેલી વાત તું ગુપ્ત રાખીશ હેના મ્હને ખાત્રી છે. સુખ કાંઇ દ્રવ્યસંપત્તિમાં સમાયલું નથી.

મ્હાન્ પિતા પરમેશ્વર કમલિનીને જ્યહાં છે ત્યહાં જ સુખી રાખો. હું મ્હારા પોતાના અનુભવથી કહું છું કે મ્હેં જગત ત્યાગ કર્યું તે દિવસથી તે અદેખા દેવોએ મ્હારી પત્નીને મ્હારી કનેથી છીનવી લીધી ત્યહાં સૂધી મ્હારૂં જીવન સંપૂર્ણ સુખમય હતું. ત્હને મ્હારો જમાઈ કરી લેવાની કેટલી ઇચ્છા હતી! પરંતુ દૈવ ત્હેની વિરુદ્ધ હતું. એ ક્રૂર ઝપાટામાં મ્હારૂં સર્વસ્વ ગયું. માત્ર કમલિની રહી છે, પણ હેને મળવાની મ્હારી હિમ્મત ચાલતી નથી. મળું તો હેને મ્હારી પાસેની પાસે જ રાખવાની ઇચ્છા થાય; પરંતુ હેને મ્હારાથી છૂટાં રહ્યા વગર છૂટકો નથી. કે'વો વિચિત્ર સંજોગ કે હેના વિવાહને દિવસે જ તું આવી ચઢ્યો! કહે, પ્રત્યેક વિષયમાં હું ત્હારા ઉપર વિશ્વાસ રાખું?"

તે યુવકે સ્પષ્ટ આવેશથી કહ્યું:—"હા નિશ્ચિંતપણે રાખો. આવતી કાલ્યે હું શિવગંગા છોડીને જઈશ, પણ કેટલાક વિશ્વાસુ મનુષ્યોને કમલિનીના સમાચાર વારંવાર પૂછીને ત્હમને કહેવા આવવાનું કહેતો ગયો છું, ને આ પર્વત ઉપરનું એકાન્ત સ્થળ હોવા છતાં ત્હમને સર્વ માહિતી મળશે. હવે હું જવાની રજા લઉં છું. કૃપાલુ પ્રભુ ત્હમારી સર્વ ઇચ્છાઓ પૂર્ણ કરો." આટલું કહીને તે યુવક સંન્યાસીથી છૂટો પડ્યો. હેની મુખમુદ્રા ઉપર શોક અને ભારે નિરાશા છવાઈ રહ્યાં હતાં.

* * * * * *

કમલિનીનો પતિ વિદ્યાભ્યાસ કરવાને રામપુર ગયો હતો, તે શેહેર શિવગંગાથી ઘણું દૂર ન્હોતું ત્યહાં કેળવણીની મુખ્ય સંસ્થા હોવાથી વિદ્યા પ્રાપ્ત કરવાને દૂર દેશથી પણ વિદ્યાર્થીઓ આવીને

રહ્યા હતા. આ નગરમાં બ્હાર ગામના વિદ્યાર્થીઓ જુદે જુદે સ્થળે ત્રણ ત્રણ અથવા ચારની ટોળી મળીને ભેગા રહેતા હતા. સોંઘામાં સોંઘું તથા અનુકૂળતાથી રહેવાય ત્હેવું સ્થળ બજાર પાસે હતું. રામપુર શેહેરની ભીંડયવાળી શેરીઓમાં વસનારાને પરિચિત દેખાવ તથા શબ્દઘોષ તરફ હવે આપણે વળિયે. શાક બાજી તથા મેવો વેચનારાઓ ઠેર ઠેર દૃષ્ટિયે પડતા હતા. રસ્તાની એક બાજુ મીઠાઈ-વાળાની દુકાનોની હાર્ય હતી. બીજે છેડે કંસારાઓ ત્રાંબા પીતળનાં વાસણો ઘડતા હતા ત્હેનો અવાજ તથા અનેક પ્રકારના ઘોંઘાટ કાને પડતા હતા. છેક ટોચ સૂધી અનાજના કોથળાઓથી ભરેલાં ગાડાંઓ ધીમે ધીમે જતાં હતાં. રસ્તો સાંકડો હોવાથી સ્હામસ્હામાં ગાડાં મળી જઈને એક બીજા સાથે અથડાઈ, ઘસાઈને જતાં ત્હારે ગાડા-વાળાઓમાં માંહોમાંહે ઝઘડો થતો હતો, તો વળી કોઇ મારામારી પણ કરતા હતા. લોકો બૂમ પાડતા હતાઃ—"અરે, બસ, બસ, તું પ્હેલો જા, ને એ પછી જશે" કેટલાક જાડા, ચીકણા શરીરવાળા, દુકાનદારો દુકાનમાં બેશીને પાન ચાવતા ચાવતા આ સર્વ બેદરકા-રીથી જોયા કરતા હતા. રસ્તો ફરસબંધીનો છતાં ખડબચડો થઈ ગયો હતો. હેના ઉપર ગાડીનો અવાજ કાન ફોડી નાંખે તેટલો બધો થતો હતો. ઠેર ઠેર રાતા જોડા પ્હેરેલા, લાંબી પિછોડી, અને કોઇ ફેંટાવાળા તો કોઇ ચકરી પાઘડી પ્હેરેલા બ્રાહ્મણો નજરે પડતા હતા.

આ સર્વ દેખાવ આ રસ્તા ઉપરના એક ન્હાના ઘરની અંધારી મેડીની કઠેરાવાળી બ્હારીમાંથી દેખાતો હતો. આ ઘરમાં હરાડથી ચોવીસ વર્ષ સૂધીની વયના બે યુવકો જુનીખંખ ખુરશીઓ ઉપર

બેશી મ્હામે ટેબલ ઉપર લાંબા પગ કરીને અભ્યાસમાં મગ્ન હતા. ત્રીજો યુવક બ્હારી પાસેના ગાદી તકીયા ઉપર સૂતો હતો. હેના હાથમાં ચોપાનિયું હતું તે બાજુ ઉપર નાંખી દઈને બ્હારીમાંથી જોવા મંડયો. થોડી વારે ટેબલ પાસે બેઠેલા બેમાંનો એક યુવક કંટાળાથી પુસ્તક નીચે નાંખી દઈને ઊઠયો, ને બોલ્યોઃ—આ સર્વ વાંચવું વ્યર્થ છે. અહા ! ગણેશ ! તું તો નિરાંતે વિશ્રાન્તિ લે છે. મ્હારૂં નસીબ ત્હારા જેવું હોત તો કે'વું સારૂં થાત ! પરીક્ષામાં પાસ થયો કે તરત જ કલેકટરની કચેરીમાં નોકરી મળી ! અને હવે રજાના દિવસોમાં ઘેર જઈશ.

આ સાંભળી ગણેશે આળસ મરડી સ્મિત કરી કહ્યું "ગઈ કાલ્ય રાત્રિએ આપણે નાટક જોયું ત્હેણે મ્હારો દમ કાઢી નાંખ્યો છે. પરીક્ષા આપી આવ્યા પછી પણ મ્હને આટલો થાક લાગ્યો ન્હોતો." "ગણેશ સંભાળજે ! તું શેનાથી આકર્ષાયો હતો તે હમે જાણીએ છીએ."

"મ્હારી જાત્યને સંભાળતાં મ્હને આવડે છે. ત્હમારે હેની ચિન્તા કરવી નહિં. હેની સુન્દરતા, અને ચાલાકીની પ્રશંસા હું છેટેથી જ કરતો હતો. ચાતુર્યનો શો ભંડાર ત્હેની પાસે છે ? હેને પોતાના શબ્દોની કેટલી બધી ખાતરી છે ! એકી વખતે ત્રણ પુરુષોની સાથે એ ચર્ચા ચલાવતી હતી ! હું ધારૂં છું કે ત્હેણે મ્હને દીઠો નહિં હોય. હું ઘણે દૂર હતો, પણ ખરેખર ! હું ત્યહાંથી ખશી સકતો ન્હોતો."

"શું એ કોઇને ના દેખે ? એ તો આંખ્યોના ખૂણામાંથી બધાને જુવે છે, ને પછી કોઇને પણ પોતાના તાબામાંથી જવા દેતી નથી.

પૂર્વના સમયમાં હેના જેવી સ્ત્રી, રાજ્યની ચઢતી અથવા પડતી ધારે તે કરાવી સકે. તે બીજી સાધારણ સ્ત્રીઓ જેવી નથી."

"ના એ જ હેનામાં નવાઈ જેવું છે તો, એ ગુણમાં જ ત્હેની પુરુષ ઉપરની સત્તા સમાયલી છે. ખરેખર ! હેનામાં ઘણો ચમત્કાર છે. મ્હેં સાંભળ્યું છે કે હેણે બાલની ટોળી દાસ જેવી કરીને રાખેલી છે, અને બીજો હેનું સર્વ કાર્ય કરે છે, ને એ લોકોને ઘણે મોકળે હાથે ઇનામ આપે છે. આ વાત જરા શંકા ઉત્પન્ન કરે છે, પણ જેટલું બીજા પુરુષો નથી જાણતા તેટલું પ્રત્યેક મનુષ્ય વિશે એ સ્ત્રી જાણે છે."

ત્રીજો યુવક પુસ્તક બાજુ ઉપર મૂકીને, વાતમાં ભાગ લઈને બોલ્યોઃ—ઘણી જ હાનિકારક લક્ષણવાળી સ્ત્રી લાગે છે. આખું જગત્ સઈબાઈને ઓળખે છે. મ્હને હેના ગુણનું નિરીક્ષણ કરવાને ઘણું મન થાય છે." "ઘણો ઉત્તમ ધંધો, પણ ગણેશના પેઠે પરીક્ષામાં પાસ થાય તેટલી વાટય જો, અને પછી બીજા લોકોના ગુણ અવગુણનો અભ્યાસ કરજે. ગણેશ, એટલું સારૂં છે કે તું હવે તારે ઘેર જનાર છે."

એટલામાં ગણેશે ઉત્તર દીધોઃ—"હા પણ મ્હારા ઉપર તે સત્તા ચલાવશે હેવો ભય રાખીશ નહિં."

"જોઈશું, જોઈશું." કહી બંને વિદ્યાર્થીઓ જમવાનો સમય થવા આવ્યો હતો તેથી સ્નાન કરવાને ગયા.

ગણેશ વિદ્વાન્ કુળમાં જન્મ્યો હતો. હેનો પિતા તથા દાદો શાસ્ત્રી હતા, અને વિદ્યા, કુશળતા તથા ધર્માન્ધપણા માટે પ્રખ્યાત હતા, પણ હાલના સમયમાં સંસ્કૃત ભાષાની કોઇને કદર ન્હોતી.

અસલના વખતમાં ઊંચ કુળના યુવકો બ્રહ્મચારીનાં વસ્ત્ર ધારણ કરીને ભિક્ષા માગી અન્ન ખાતા, અને દેવાલય અથવા વૃક્ષની ઘટા નીચે વિદ્વાન શાસ્ત્રીઓ અને પંડિતોના ચરણ પાસે બેશીને વિદ્યામય ચર્ચાઓ સાંભળવામાં તથા ભક્તિરસનાં ગાયન ગાઈ મહાન્ પ્રભુની સ્તુતિ કરવામાં આખો દિવસ ગાળતા હતા. પરંતુ, એ પૂર્વના દિવસો હવે ગયા હતા. વૃક્ષની શીતળ ઘટાઓ હવે સુજ્ઞ તથા સાધુ પુરુષોના નિવાસસ્થાન ન્હોતાં. સંસ્કૃત ભાષા હવે તુચ્છ ગણાતી હતી, અને અંગ્રેજી જ્ઞાનમાં જ સર્વસ્વ સમાયલું હતું, કારણ સાંસારિક બાબતમાં હેનો બદલો ઘણો ફાયદાકારક હતો, તેથી શિવગંગાના વૃદ્ધ શાસ્ત્રીએ પોતાની ઇચ્છા વિરૂદ્ધ કમને, પોતાના એકના એક પુત્રને અંગ્રેજી શાળામાં અભ્યાસ કરવાને મોકલ્યો હતો. આ વૃદ્ધ પુરુષતો અંગ્રેજી ભાષાનું જ્ઞાન ઉપર ટપકિયું છે એટલુંજ નહિં પણ હિન્દુ ધર્મને ભ્રષ્ટ કરનારૂં છે એમ ગણતો હતો. પરંતુ સમયને અનુસરીને ચાલવાની હેને ફરજ પડી હતી. જો કે હેનું હૃદય પોતાના તરુણ પુત્રના ધર્મસંસ્કાર તથા વર્તણુકમાં આ નવીન કેળવણીની શી અસર થશે એ વિશે શંકાશીલ બન્યું હતું, છતાં પોતાનો પુત્ર પરીક્ષામાં વિજયી નિવડ્યાથી તે આનન્દિત થયો હતો.

* * * * *

શિવગંગામાં સંધ્યાનો સમય હતો. રસ્તાઓમાં શાન્તિ પ્રસરી રહી હતી; માત્ર કોઇ કોઇવાર જતાં આવતાં ગાડાંનો અવાજ તથા નિશ્ચિન્તપણે હાકતા આનન્દિત ગાડાંવાળાના ગાયનનો સ્વર સંભળાતો હતો. પશ્ચિમમાં પ્રકાશ ધીમે ધીમે ઝાંખો થવા માંડ્યો, અને સાંકડા રસ્તાઓમાં તથા દિવસે જે જગ્યાઓ શીતળ છાંયડાવાળી હતી તે

જગ્યાઓમાં અન્ધકાર ફેલાઈ ભયાનક દેખાવા લાગી. અસ્ત પામેલા સૂર્યનાં ઝાંખાં કિરણોનો આછો પ્રકાશ માત્ર નદીના તટ પાસેના મેદાન ઉપર ઝાંખો ઝાંખો રહ્યા હતો. ન્હાની બાલિકાઓનાં ટોળાં ઘરની પછવાડેના વાડામાં રમતાં હતાં. ઘણા ખરા પુરુષો નદી કિનારે ફરતા હતા, ને કેટલાક શેહેરની સર્વ ચર્ચાનું સ્થાન બજાર હતું ત્યાં ગયા હતા. કેટલીક સ્ત્રીઓ લુગડાં ધોવાને તો કેટલીક સુશોભિત વસ્ત્રો પ્હેરીને પાણી ભરવાને અથવા તો દેવનાં દર્શન કરવાને બ્હાને ઘરની બ્હાર નીકળી હતી. તરતની જ ખેતરમાંથી ગાયોને ચરાવીને આવેલી ગોવાળણ પાસે માત્ર કમલિનીને ઘેર મૂકી સર્વ બ્હાર ગયાં હતાં. કુમલિનીનું હૃદય શોકમય થયું હતું. હાલ એના ઉપર અત્યન્ત સખ્તાઈ વપરાતી હતી, તેથી હેને લાગતું હતું કે:—"જગતમાં મ્હારા ઉપર કોઇનો સ્નેહ ભાવ રહ્યો નથી, મ્હારી કોઇને દરકાર પણ નથી, પિતાજી એકવાર પણ મળવા આવ્યા નહિં." હેને સર્વ શૂન્ય લાગ્યું, ને વિચારવા લાગી:—"હાવી સ્થિતિ કેટલો સમય રહેશે? ઘરમાં સર્વ કર્તા હર્તા રમાબાઈ છે હેને રાજી રાખવાને મ્હેં અનેક યત્ન કર્યા પણ સર્વ વ્યર્થ." રમાબાઈ ઘણી ચંચળ તથા આનન્દી સ્ત્રી હતી, ને બિચારી શરમાળ બાલિકા કુમલિની નણંદનો સ્નેહ પ્રાપ્ત કરવાનો ઘણો યત્ન કરતી હતી, પણ હેને એક માયાનો શબ્દ પણ કદીએ કહેતી ન્હોતી, રમાબાઈ રસોઈમાં ઘણી કુશળ ગણાતી હતી, તે જ્યહારે કાંઇ મિષ્ટાન્ન અથવા સામાન્ય ખાવાની વાનીઓ કરવા બેસતી ત્યહારે જોઈતી સર્વ સામગ્રીઓ કમલિની ઉતાવળી ઉતાવળી રમાબાઈને મદદ કરવાના ઉત્સાહથી લાવી આપતી હતી, પરંતુ હેનો સર્વ શ્રમ તથા કાર્ય કરવાનો ઉત્સાહ વ્યર્થ જતો હતો.

બિચારી કમલિની બ્હીતે બ્હીતે ધીમે રહીને પૂછતી, "કણુક બાંધું?" અથવા "હું તળવા બેસું." ત્યારે રમાબાઈ નારાજીથી કર્કશતાથી 'હું' એમ ઉત્તર દેતી. જ્યારે કમલિની કણક બાંધતી અથવા તો પૂરીઓ વણતી હતી ત્યારે કોઇ કોઇવાર નણંદ ભણી સ્મિતની આશાથી જોતી હતી. પણ વ્યર્થ.

ઉપર વર્ણન કરેલી સાંઝે કમલિની ઘરની પછવાડેના વાડામાંના વૃક્ષની ઘટા નીચે બેઠી હતી, ત્યાંથી નદી દેખાતી હતી. કમલિની બિચારમાં મગ્ન હતી. ધીમે ધીમે ઉદાસ વિચાર જતા રહ્યા, અને પોતાના પિતાનું પર્વત ઉપરનું ઘર, યેશી તથા અન્ય સખીઓ સાંભરી આવ્યાં. પર્વત ઉપરના ખડકો, ખેતરો, અનેક પ્રકારનાં રંગ-બેરંગી પુષ્પો વગેરે હેની નજર આગળ આવી, એક પ્રકારની શાન્તિ તથા હર્ષથી હેનું હૃદય પ્રફુલ્લિત થયું. ને ભવિષ્યમાં સુખની આશા આવી. "રમાબાઈને હેળવી લઈશ, તે જાણશે કે હું હેનો સ્નેહ મેળવવાને યત્ન કરૂં છું, તો તે જરૂર માયાથી વર્તશે, અને ગંગી પણ મ્હારી સખી થશે એટલે દિવસો સુખ શાન્તિમાં જશે." આમ વિચાર કરી સરલ કમલિની શાન્તિ મેળવવાના વિચાર કરતી હતી. હેને પતિનો વિચાર આવ્યો, પણ હેના સ્વભાવથી અજાણી હોવાથી એ કે'વા ભાવથી વર્તશે તે બાબત મુંઝવણમાં પડી. આ પ્રમાણે ઘણો સમય બેશીને તર્ક કર્યા એટલામાં ત્હેણે ઘરમાં મનુષ્યના અવાજ સંભળ્યા, તે ઉપરથી ધાર્યું કે સર્વ ઘેર આવ્યાં. તે ઘરમાં જવાને ઊઠતી હતી, એટલામાં ત્હેને કાને કેટલાક શબ્દો પડયા તેથી હેનું હૃદય ભેદાયું, તે ચકિત થઈ અને ત્હેના સર્વ સુખમય તર્ક ઊડી ગયા. રમાબાઈ પોતાના પતિના કાંઈક પ્રશ્નનો ઉત્તર દેતી હતી:—"કોણ

જાણે હેની મા કોણ હતી તે! હેવી એક નિર્ધન છોકરીને આપણે ઘેર પધરાવી દીધી છે, મ્હારા ભોળા પિતા કે'વા છેતરાયા છે! હવે આ યુક્તિ ઉત્તમ લાગે છે. કે'વું સારૂં યુગલ એ થાત! અને ગંગીને કે'વા સારા કુળમાં દેવાત! પણ હવે હાને ટાળવી કહાડ્યુ પડશે."

કમલિનીથી હાનો અર્થ સ્પષ્ટ રીત્યે સમજાયો, એ લોકો કમલિની વિશેજ વાત કરતાં હતાં. ઉપરનાં શબ્દો સાંભળીને કમલિની ઘણી દુઃખી થઈ અને ન્હાશી જવાનો સંકલ્પ કર્યો, અને મનમાં બોલીઃ—"પણ હું જાઉં ક્યહાં? અરેરે હું શું કરવા જન્મી?" અત્યન્ત દુઃખથી તે સસરા પાસે ગઈ, કારણ હેમણે લગ્ન માટે માગું કર્યું હતું. તેથી હેમને જ કહેવું યોગ્ય ધાર્યું. તે ઉતાવળી ઉતાવળી ચોકમાં થઈને સસરાના ખંડમાં ગઈ, તે ઉશ્કેરાયલી હતી તેથી ધ્રુજતે ધ્રુજતે સસરાને પગે લાગી ને અત્યન્ત દુઃખી સ્વરે બોલીઃ—"અરેરે, મ્હને શું કરવા ત્હમારા પુત્ર સાથે પયણાવી? ત્હમે પૈશા કેમ ન માગ્યા? ત્હમે જાણતા ન્હોતા કે હું એક બાખારીની પુત્રી છું?" હેનો વૃદ્ધ સસરો ઘણો આશ્ચર્ય પામ્યો પણ તેણે શાન્તિથી ઉત્તર દીધોઃ—"શાન્ત થા, શાન્ત થા, આટલી બધી વ્યાકુળ થવાનું શું કારણ છે?" ત્હેણે નીચા નમીને પોતાના પગ પાસેથી રોતી કમલિનીને ઊઠાડીને કહ્યુંઃ—"આમ રોઇશ નહિં, ત્હને કોણે કહ્યું કે તુ બાખારીની પુત્રી છે? તુ જા, ને ઘરમાં કામ કર્ય."

કમલિની સસરા પાસે એટલી નિર્દોષતાથી જઈને રોઈ હતી કે, તે વૃદ્ધ પુરુષ કમલિની હવે યુવતી થઈ છે એ વીસરી જઈને

જેમ ન્હાના બાળકને પંપાળીને કહે તેમ ત્હેનાં અશ્રુ લોહી નાંખીને હેણે કહ્યું:—"હેવા ખોટા ખોટા વિચાર મનમાં ન આણવા, એક મ્હોટા સાધુની પુત્રી થઈને હેવા વિચાર કરાય! ત્હારે કામ કરીને સાસૂને પ્રસન્ન રાખવી."

"અરેરે મ્હારે કેટલું સહન કરવું પડે છે તે સસરા જાણતા નથી, જો હું પિતાજી પાસે જઈને રોઈ હોત તો તે પણ એ જ પ્રમાણે કહેત." એમ મનમાં વિચાર કરતી કરતી કમલિની પોતાની ઓયડીમાં જઈને ડુસકે ડુસકાં ભરીને રોવા લાગી. હવે એને સર્વ સ્પષ્ટ સમઝાયું. પોતે સર્વને ભારરૂપ છે ને સર્વને દુઃખ કરવાને જન્મી છે, ને પોતે ગરીબની પુત્રી છે તેથી પોતાને કોઇ પણ પ્રકારે ટાળવાનો સાસૂ, નણંદ તથા નણદોઇ યત્ન કરે છે. હવે પોતાની પ્રત્યે એ લોકોના તિરસ્કારનું કારણ સમઝાયું. હવે પોતાનો પતિ પણ ધિક્કારશે કે કેમ? પિતાજીએ કદી દ્રવ્યની વાત કરી હતી કે નહિં? પિતાજી પાસે દ્રવ્ય હતું? જો હું માગું તો તે આપે? પણ પિતાજીને કે'વી રીત્યે મળવું? અને નણંદ મ્હારી મા વિશે શું કેહતી હતી? માને કોઇ ઓળખતું ન્હોતું?" આ સર્વ વિચારોથી તે મૂઝાતી હતી. સંધ્યાકાળના સૂર્યાસ્તની સાથે જ હેના સર્વ સુખનો અસ્ત થઈ હેનું હૃદય અંધકારમય થયું. કમલિની ઉદાસ થઈને વિચારમાં બેઠી હતી એટલામાં કોઇ કે ઓયડીમાં પ્રવેશ કર્યો. બારીમાંથી ઝાંખુ અજવાળુ તે પ્રવેશ કરનાર યુવકના મુખ તથા આકૃતિ ઉપર પડયું. તે હેની માને મા, મા કહી બોલાવતો ચારે બાજુએ સોધતો હતો. કમલિનીએ ત્હેને જોઈને વિચાર્યું કે "શું આ મ્હારા પતિ છે? એ આવવાના હતા તે શું આવી પ્હોચ્યા છે? હવે એ પણ મ્હને ધિક્કારશે"?

આમ વિચાર આવ્યાથી ત્હેના હૃદયમાં દુઃખની જ્વાલા પ્રગટી. ત્હેણે દુઃખી તથા ઘણા ધીમા સ્વરે કહ્યું:—"મા અહિંઆં નથી."

"અહિંયાં અંધારા ખૂણામાં કોણ છે ? ઊઠો !" કમલિની તરત ઊઠીને ઊભી થઈ, ને લજ્જાપૂર્ણ સ્વરે બોલી:—"હુ છું." તે ઊઠી કે તરત ત્હેના ઉપર બારીમાંથી પ્રકાશ પડ્યો, ને એક સૌન્દર્યની પ્રતિમા તે યુવકની દૃષ્ટિયે પડી.

ગણેશ પોતાની બાલક પત્નિને સાત વર્ષ ઉપર ઘેર મૂકીને અભ્યાસ કરવા ગયો હતો. અને હવે તે ઊંચી, પાતળી પણ સ્વરૂપવાન્ યુવતીને જોઈને આશ્ચર્ય પામ્યો. હેના શ્વેત ગોળ ગાલ ઉપર તથા આંખ્યની શ્યામ પાપણો ઉપર અશ્રુ બિન્દુ હતાં. હેનું કોમલ શ્વેત મુખ ચન્દ્રના જેવું પ્રકાશમય હતું. તે યુવકે પૂછ્યું "ત્હમે કમલિની છો ?" કમલિનીએ યુવકના સ્હામું જોયું, હેનાં નયનો બાલક જે'વી નિર્દોષતાથી તથા વિશ્વાસથી પોતાના સ્હામાં ફેરવેલાં જોઈ ને ગણેશનું હૃદય વીંધાયું, પરંતુ જાણે પોતે કાંઇ દરકાર ના કરતો હોય તેમ ફરીને ગયો, પણ ભયભીત થયેલી કમલિનાને પ્રેમનાં વચનો કહીને શાન્ત કરવાને હેનું હૃદય તલ્પી રહ્યું હતું.

પ્રકરણ ૬ ઠું.

કમલિનીની સખીઓના સાસરામાં અનુભવ.

કમલિનીના પતિના ઘેર આવ્યા પછી કમલિનીના જીવનમાં કાંઇ પણ સુધારો થયો ન્હોતો; ઉલટું હેના ઘરના કામકાજમાં ઘણો વધારો થયો, અને કમલિનીને હેની નણંદો કુટુમ્બ મંડળથી વધારેને વધારે છેટે રાખતી હતી. કમલિનીનું કામ પ્હરોડથી શરૂ થતું હતું. એક અંધારી ઓરડીમાં કમલિની હેની સાસૂ પાસે સૂતી. આ ઓયડીને એક જ બારી હતી તથા ચારે ભીંત્યોમાં ગોખલા હતા. કમલિનીના સાદા શૃંગારની સામગ્રી ગોખલામાં રહેતી હતી. એક ગોખલામાં કંકુની ડાબલી, કાંસકી, તથા ન્હાનું ચાટલું, અને બીજા ગોખલામાં જુઈ અથવા શેવંતીના ફૂલનો ગજરો ને પાન સોપારીની ડબ્બી તથા તાસક મૂકતી હતી. એ ઓયડીમાં એક આડો વાંસ લટકાવેલો હતો, તથા બે પેટીઓ હતી; વાંસ ઉપર હેનાં લુગડાં લટકાવેલાં રહેતાં; કમલિનીનાં લુગડાંનું પોટલું એક અંધારા ખૂણામાં રહેતું, તથા ત્હેની પાસે હેની રાત્રે સૂવાની સાદડી વીંટીને મૂકતી હતી. રોજ પ્હરોડિએ સૂર્યોદય પ્હેલાં હેની સાસૂ જાગૃત થઈને પાસે સૂતેલી કમલિનીને ઊઠાડતી હતી; કમલિની તરત ઉઠીને ઉતાવળી ઉતાવળી ઘરના પાછલા વાડામાં જઈને પીતળના દેગડા, લોટા વગેરે માંજી સ્વચ્છ કરી પાણી ભરીને સર્વને માટે દાતણ પાણીની તૈયારી કરી આપતી હતી; ત્યહાર પછી રસોડામાં તથા આંગણામાં એઓટ

કરતી હતી, આંગણામાં લીંપણ ઉપર સાથીઆ પાડતી હતી, અને ઘર અગાડી ટોપલીઓમાં તાજાં શાક ભાજી વેચનારાઓ આવતા હેમની પાસેથી શાક ભાજી લઈ રસોઈનો આરંભ કરતી; સર્વને માટે સ્નાનની તથા પૂજાની તૈયારી પણ હેને જ કરવી પડતી; ને જો કોક દિવસ કાંઈ રહી ગયું હોય તો મ્હેણાં તથા ગાળોનો વરસાદ હેના ઉપર વરસતો. રસોઈ થઈ રહ્યા પછી સર્વને પીરસવાનું કામ રમાબાઈ કરતી, તે સમયે કમલિની બાયણાને ઓઠે ઊભી રહીને સર્વ જોયા કરતી હતી. બપોરને સમયે કુટુમ્બમાંનાં વડીલો સૂતાં હતાં તે વખતે છોકરીઓ વાળ હોળતી, માથામાં ફૂલ ગૂંથતી, અને કપાળે ચાંલ્લા કરતી. સૌથી વધારે શ્રમનું કાર્ય કમલિનીને શિર પડતું હતું. તે સર્વ કમલિની ઉત્સાહથી કરતી હતી, પણ જ્યહારે આટલું બધું કર્યાં છતાં હેની સાસૂ કહેતી કે "બિચારી ગંગીની તો કામ કરી કરીને કમ્મર તૂટી ગઈ. કમલિની કામમાં સાહ્ય કરી નણંદોનો ભાર ઓછો કરવાને બદલે પોતાની હાજરીમાં એકને રાખીને વધારો કરે છે," ત્યહારે હાવું સાંભળીને કમલિનીને અત્યન્ત દુઃખ થતું હતું. તે ઉપરાંત રમાબાઈ કહેતી કેઃ—"કમલિનીને હેના જમવાના પતરાળામાં પીરશેલું સર્વ જમતી નથી; લોકોને એ એમ દેખાડે છે કે આપણે હેને ભૂખે મારીએ છીએ ને ઘણાં ક્રૂર છીએ. વળી તે બીજાના દેખતાં એટલો તો દુઃખનો ડોળ કરે છે કે હેની આંખ્યો ફોડી નાંખવાનું કોઇને પણ મન થાય." હાવું સાંભળીને રમાબાઈની મા પાસે થઈને જતે જતે કમલિની ભણી ઘુરકિયું કરીને કહેતી કેઃ—"એ કજાત હજી ઘણાંએ તોફાન કરશે." આ પ્રમાણે રોજ ચાલ્યા કરતું હતું. ને બિચારી કમલિનીને પોતાનો કે'વી રીત્યે બચાવ કરવો

અથવા શું કહેવું, તે કાંઇ સૂઝતું નહિં. નણંદોના પોતાના ઉપરના અનેક અસત્ય આરોપો સાંભળીને તે સ્તબ્ધ જ બની જતી હતી.

ભાગ્યને આધીન થઈને આ સર્વ, કમલિની મૌન ધારીને સહન કરતી હતી. પોતાના ધર્મ ઉપરના સંપૂર્ણ વિશ્વાસથી કમલિની સહન-શક્તિ મેળવી સકી હતી. બાલ્યકાલમાં પુરાણી પાસે બેશીને, સીતા, રામ, પાણ્ડવ વગેરેની વીરકથાઓ સાંભળીને ધૈર્ય શક્તિ મેળવી હતી. રાક્ષસોની અનેક વાર્તાઓ અને મનુષ્ય ઉપરની હેમની સત્તાની વાતો સાંભળી હતી; સંસ્કૃત શ્લોકોના ધ્વનિએ હેના શ્રવણમાં પડી પડીને હેને નિદ્રાવશ કરી હતી. ચાંદની રાત્રિમાં અડધી ઊંઘમાં અડધી જાગતી કમલિની બીજી છોકરીઓ જોડે ઘયડી ડોસીઓની આસપાસ વીંટાઈને બેસતી, અને હેમની પાસેથી વાર્તાઓ સાંભળતી તે સારો ઉપદેશ સાર રૂપે કઢાય હેવી કલ્પિત કથાઓ હતી. વાર્તામાં નદીઓ, ટેકરીઓ, વૃક્ષ, પશુ, પક્ષી સર્વને સજીવ વર્ણવાતાં અને મનુષ્યની પેઠે વાચા અર્પાતી. આ સર્વ ઉપરથી ગમે તે થાય તો એ પોતાનો ધર્મ બજાવતાં, સર્વ સાથે સ્નેહથી વર્તતાં તથા મનુષ્ય પ્રાણી ઉપર દયા ભાવ રાખતાં કમલિની શીખી હતી. કેટલીક વાર્તાઓ ખામી વાળી હોવા છતાં એટલું તો સ્પષ્ટ રીત્યે સાબીત કરતી હતી કે સારાં કૃત્યનાં ફળ, તથા નઠારાં કૃત્યની શિક્ષા આ જન્મમાં અથવા તો આવતા જન્મમાં નિશ્ચય ભોગવવાનાં છે; નમ્ર-પણું, સ્નેહ, પવિત્રતા, અને વડીલ પ્રત્યે માનવૃત્તિ એ સર્વ ઉત્તમ જીવનના સદ્‌ગુણનાં ચિન્હ છે. કમલિનીનો આ નીતિશાસ્ત્રનો સાર હતો, તેથી હેને સદ્‌ગુણી થવાનું ઘણું બળ મળ્યું હતું.

વળી બીજું શિક્ષણ હેને એ મળ્યું હતું કે ગમે તો પોતે સુખી હોય અથવા દુઃખી હોય પણ અસંતોષ દેખાડયા વગર શાન્તિથી સહન કરવું, કારણ તે સર્વ મનુષ્યના હાથમાં નહિં પણ ભાગ્યને આધીન છે. આથી હેને બહુ જ થોડું આશ્વાસન મળતું હતું. માત્ર એ વૃત્તિયે હેના મનને અત્યન્ત નિર્બલ કરી નાંખ્યું હતું. જીવનનો સાધારણ ઉત્સાહ પણ હેનામાંથી જતો રહ્યો હતો. કારણ ગમે તેટલા યત્ન કર્યા છતાં ભાગ્યમાં હશે તે જ થશે હેવી હેની દૃઢ માન્યતા હતી. સીતા સાવિત્રી વગેરે અન્ય સદ્દગુણી સ્ત્રીઓનું નિરંતર સ્મરણ કરીને વર્તન રાખતી હતી. "એટલા બધા સદ્દગુણથી ભરપૂર સ્ત્રીઓ હોવા છતાં હેમને અનેક કષ્ટ સહન કરવાં પડયાં હતાં તથા હેમના સદ્દગુણનો બદલો આ ભવમાં મળ્યો ન્હોતો. હેમને પણ ભાગ્યને આધીન રહેવું પડયું હતું." આ પ્રમાણે વિચાર કરીને કમલિની નણંદોનાં મ્હેણાં તથા ક્રૂરતા સહન કરતી હતી. જ્યહારે તે નિર્મળ ભૂરા આકાશ, સુંદર સૂર્યોદય તથા ધસારાબંધ વ્હેતી ભરપૂર નદી ભણી જોતી હતી, ત્યહારે ત્હેને ઘણો જ આનન્દ થતો હતો. ત્યહારે તે વિચારતી હતી કે "આ નિર્જીવ વસ્તુઓને જોઈને મ્હને શા સારૂં આટલો બધો આનન્દ થાય છે ?" વળી કોઇ કોઇવાર હેને, જ્યહાં પોતે એકાન્તમાં વિચાર મગ્ન થઈને શાન્તિથી પૃથ્વી તથા આકાશની ભવ્યતા નિહાળી સંતુષ્ટ થાય, હેવા ગાઢ અરણ્યમાં લુપ્ત થઈ જવાની ઘણી ઇચ્છા થતી હતી.

કમલિની માત્ર પોતાના જ વિચારમાં ગુંથાયલી ન્હોતી રહેતી. હેની બીજી તરુણ સખીઓના જીવનમાં ઉત્સાહથી ભાગ લેતી હતી તથા ત્હેમને સાચા સખીભાવથી આશ્વાસન દેતી હતી. પોતાની

સમવયની સખીઓના દુઃખની વાત ઘણું ખરૂં સાંભળતી હતી, અને ઘણીવાર પોતાની દૃષ્ટિ આગળ હેવા બનાવ બનેલા હેણે જોયા હતા કે સખીના દુઃખથી પોતે ત્રાસી જતી. એક સમયે સ્હામેના ઘરમાં ભાગીરથીને હેના ક્રોધાયમાન પતિની વર્તણુકથી ઘણું સહન કરવું પડ્યું હતું. ભાગીરથી થોડુંક ભણેલી અને તેજ સ્વભાવની હતી; ને હેનો પતિ શ્રીમંત પણ તદ્દન અજ્ઞાન હતો; હેને ભાગીરથીની જરાએ કાળજી ન્હોતી, તેથી હેના ભણતરનો તિરસ્કાર કરી અનેક રીતે હેની અવગણના કરતો હતો; આમ કર્યાથી ભાગીરથીનો ગર્વ તૂટશે એમ એ માનતો હતો. ભાગીરથી રાત્ય દિવસ દુઃખ તથા ચિન્તામાં કાઢતી હતી. આખરે જ્યહારે હેના પતિએ ઉઘાડી રીત્યે નાચનારી સ્ત્રીને ઘરમાં આણીને ભાગીરથીનું અપમાન કર્યું ત્યહારે પતિએ આપેલા શરીર ઉપરના સર્વ અલંકાર હેણે ફેંકી દીધા, પતિના જીવતા સુધી હાથમાંનાં જે કંકણ કઢાય નહિં તે નંદી નાંખ્યાં ને પિયર જતી રહી, પણ બિચારી ભાગીરથીને ફરી હેનો પતિ નહિં બોલાવે એ ભયથી હેની માએ એક દિવસ પણ પોતાની પાસે ના રાખી. તે ઘણી ક્રોધિત થઈ, અને પતિ પત્ની વચ્ચે શાન્તિ કરાવવાના વિચારથી ભાગીરથીને જ્યહારે હેના પતિના ઘર પાસે આણી ત્યહારે કમલિની કૂવા ઉપરથી પાછી આવતી હતી. ભાગીરથી તથા હેની મા ઘરના દ્વાર આગળ ઊભાં હતાં. ભાગીરથીનું હૃદય અનહદ દુઃખથી બળતું હતું ને તે ચોધાર આંસુ પાડી રોતી હતી, પણ હેના ભણી કોઇ લક્ષ દેતું ન્હોતું. ભાગીરથીની મા હેને ધાંટા પાડીને ગાળો દેતી હતી, હેણે કહ્યું:—"જો ત્હેં ત્હારી મેળે જ ત્હારી આ સ્થિતિ આણી છે, જાઓ હવે ત્હમારા ઘરમાં." આમ કહી દીકરીને હેના

ઘર ભણી ધક્કો મારી ખસેડી.

"મા ! હું ઘરમાં નહિં જાઉં ! ત્હારે મ્હને મારી નાંખવી હોય તો મારી નાંખ્ય, પણ હું જીવતે ઘોરમાં નહિં દટાઉં,"—ભાગીરથીએ ધીમેથી પણ દૃઢતાથી ઉત્તર દીધો. આ જોઈને કમલિનીને દુઃખ થયું. કેટલીક પાડોશણોનું ત્હાં ટોળું વળ્યું હતું. પણ કોઇને ભાગીરથીની દયા આવી નહિં. એક સ્ત્રીએ હેની મશ્કરી કરીને કહ્યું કે "કેમ ? તુ એટલી બધી ક્રોધિત થઈને ગઈ હતી ને પાછી આવી કે શું ?"

બીજી બોલી "શરમા છોકરી, શરમા, તુ જાણતી નથી કે એકવાર પરણ્યા પછી ગધેડા જેવો પતિ હોય તો પણ સ્ત્રીથી તેહનાથી છૂટાતુ નથી ! ધુંસર ગમે તો લાકડાનું હોય કે સોનાનું પણ એકવાર બંધાયા પછી છૂટતુ નથી."

ત્રીજી સ્ત્રીએ કહ્યું—"જો તને કેવા સરસ અલંકાર હેણે આપ્યા છે; તેથી પણ તુ સંતુષ્ટ નથી ? જા, બા, ઘરમાં જા, ને પતિને ચરણે શીષ મૂકીને પગે લાગ્ય."

ભાગીરથીએ કાંઇ પણ ઉત્તર ના દીધો, અને જાણે કશું સાંભળ્યું જ નથી હેવો ડોળ કર્યો. પ્રથમ હેનાં નયનો તિરસ્કારથી પ્રકાશતાં હતાં, પણ પછીથી માથું નીચું કરીને પગથિયાં ઉપર બેઠી, હેના હૃદયની વેદના કોઇ સમઝી સકતું ન્હોતું. કમલિની આ સર્વ દૂર ઉભી રહી ને જોતી હતી. તે બીજી વૃદ્ધ સ્ત્રીઓની પાસે થઈને જતાં ભયભીત થતી હતી, પણ જ્હારે હેણે તે સ્ત્રીઓને ભાગીરથી પ્રત્યે અણુઘટતા નિર્દય શબ્દો વાપરતાં સાંભળ્યા ત્હારે પોતાનો પાણીનો

દેધડો ભાંય ઉપર મૂકીને ભાગીરથીની પાસે ગઈ. એટલામાં તરત જ ભાગીરથીના પતિએ બાયણું ઉઘાડીને શાન્ત સ્વરે પૂછ્યું, "આ સર્વ ગડબડાટ શેનો છે ?" અહો! "કર્કશા પાછી આવી કે શું ?" ભાગીરથી તરત ઊભી થઈ. તે ડુસકાં રોકી રાખતી હતી તેથી હેનો શ્વાસ ઝડપથી ચાલતો હતો. એ લુગડું માથે ઓઢીને ઘરમાં ગઈ. હેની મુખમુદ્રા ઉપર દઢતાનાં ચિહ્ન હતાં. હેની મા પગથિયા પાસે ઊભી રહીને પુત્રીના વર્તણુક માટે જમાઈની ક્ષમા માગતી હતી, ત્હેના તરફ ફરીને ભાગીરથી એ કહ્યું:--"મા હવે બોલીશ નહિં, બોલીને ત્હારી જાત્યને હલકી ના પાડીશ, ત્હેં મ્હને આ ઘરમાં પાછી આણી છે, અને હવે જીવતી હું અહિંથી જઈશ નહિં. તું હવે ઘેર જા."

એટલામાં હેનો પતિ બોલી ઊઠ્યો:--પણ ત્હને ઘરમાં રાખવાનું કોણ છે ? હાથનાં કંકણો પણ ફોડી નાખ્યાં, હવે ડોકમાંનું મંગળસૂત્ર પણ તોડી નાંખ્ય !"

ભાગિરથીના પતિને આ પ્રમાણે બોલતાં સાંભળીને કમલિનીને હેના ઉપર તિરસ્કાર ઊપજ્યો અને વધારે સહન ના થયાથી તે ઘેર ગઈ. પતિ પોતાની પત્ની ઉપર ધારે તો કેટલો બધો જુલમ કરી સકે છે, તેની કમલિનીને આજે સમઝણ પડી. જે સ્ત્રી પતિના પ્રેમની આશા રાખતી હોય, અને હેને પ્રેમને બદલે કઠોર વચનો સાંભળવાં પડે, અથવા પોતાના પ્રત્યે પતિનો તિરસ્કાર દેખે, ત્યારે પત્નીને કેટલું તથા કેવા પ્રકારનું દુ:ખ થાય છે, ત્હેનું કમલિનીને હજી જ્ઞાન ન્હોતું. સ્ત્રીની ઉત્તમ લાગણીઓને, અયોગ્ય અપમાન કરી ધિક્કાર દર્શાવીને સ્ત્રીનું જીવન કેટલાક પુરૂષો, કેટલું દુ:ખમય કરે છે, અને કેટલીકવાર

ઓના હૃદયમાં ક્રોધ ઉત્પન્ન કરાવે છે, તે પણ કમલિની જાણુતી નહોતી.

બીજી બાલકવધૂ સુંદર હરિણી, કમલિનીની પાડોશમાં જ રહેતી હતી. જો કે એ ધનાઢ્ય પુરૂષની પુત્રી હતી; અને પતિના પ્રેમથી સંપૂર્ણ સુખી હતી, પરંતુ હેની વિચિત્ર સ્વભાવની સાસૂ એ ન્હાની બાલિકા ઉપર અત્યન્ત કઠોરતાથી વર્તતી હતી. હરિણી માતા-પિતાને ઘેર ઘણા લાડથી ઉછરેલી હોવા છતાં, સાસરે કઠણ વૈતરાં કરતે લગારે હઠતી નહોતી, પણ હેની સાસૂને કશાથી સંતોષ થતો નહોતો. જેમ હરિણી વધારે વૈતરાં કરતી હતી તેમ હેની સાસૂ હેને વધારે ધિક્કારતી હતી. હરિણીના પતિએ આ બે વચ્ચે સંપ કરાવ-વવાના ઘણા યત્ન કર્યા હતા, પરંતુ જેમ જેમ એ સલાહશાન્તિ કરાવવાનો યત્ન કરતો હતો, તેમ તેમ હેની વૃદ્ધ માતા વધારે નિષ્ઠુર થઈને, પુત્રવધૂ ઉપર અનેક આરોપો મૂકતી હતી, અને પુત્રને પણ દોષ દેતી હતી. તે કહેતી કે:—“ મ્હારા પુત્રને હવે મ્હારી લગારે દરકાર નથી. એ પેલીના પ્રેમમાં મુગ્ધ થયો છે, અને આજ કાલ્યની ન્હાની બાલક છોકરી મ્હારા ઉપર રાજ્ય ચલાવે એમ ઇચ્છે છે. એક બે વર્ષમાં મ્હને કાઢી મૂકશે, ને પેલી છોકરીના ધાર્યા પ્રમાણે સર્વ થશે મ્હેં જેને ઉછેરીને મ્હોટો કર્યો, તે જ મ્હને રસ્તામાં રઝળાવશે.” આવાં રોદડાં, હરિણી દિનપ્રતિદિન ઘડીએ ઘડીએ સાંભળતી હતી. હરિણી સ્હવારમાં ઊઠીને ગૃહકાર્ય કરતી ત્યહારે હેની સાસૂ કઠોર સ્વરે પૂછતી.—“ આજે વળી શાં ગુપ્ત કાવતરાં કરવા માંડયાં છે? ત્હારા પતિને મ્હારે વિશે શું શું જુઠું જુઠું કહે છે? કોણ જાણે શી, શી, છાની વાતો કહે છે? પ્હેલાં મ્હારો દીકરો મ્હારા ઉપર

કેટલો બધો સ્નેહ રાખતો હતો । ને હવે હેનાથી હું ઘરમાં રહું છું તે પણ સહન થતું નથી? ત્હેં હેની આંખ્યોમાં ધુળ નાંખી છે, કે કાંઇક ઓષધિ પાઇ છે, તેથી એ પોતાની મા, જેણે હેને જન્મ આપ્યો છે, ત્હેની પણ વિરૂદ્ધ થયો છે." આ પ્રમાણે હરિણીની વૃદ્ધ સાસૂ બોલતી છતાં, હરિણી મૌન રાખતી હતી. હરિણીનું મૌન તથા હેની શાન્ત મુખમુદ્રા જોઈ હેની સાસૂ વધારે ચીઢાઇને કહેતી કેઃ—"જો જે તો ખરી, એક દિવસ હેવો આવશે કે હું ત્હારી અપ-કીર્તિ થયેલી જોઇશ, અને તે પણ થોડા સમયમાં જ." એટલું કહીને પોતે જ રુદન કરતી, ને વળી કહેતી કે "દીકરાની હાવી અણઘ-ટતી વર્તણુકની પ્રભુ હેને શિક્ષા કરશે." આમ કહી વધારે ઘાંટો પાડી રુદન કરતી હતી. જ્યહારે તે ઘાંટો પાડી રુદન કરીને વ્યર્થ કંકાસ કરતી હતી ત્યહારે હેનો પુત્ર કંટાળીને ઘરની બ્હાર જતો રહેતો હતો, અને ત્યહાંથી બરોબાર પોતાની નોકરીએ જતો હતો. બિચારી હરિણી પતિના બ્હાર ગયા પછી હુસકે હુસકાં ભરી રુદન કરતી હતી. અને કેટલીકવાર જમતી પણ નહોતી. આથી તે વૃદ્ધ ચીડીયણ સાસૂ વધારે ચીઢાતી હતી. જ્યહારે સાસૂ ત્હેને મ્હેણાં મારી અત્યન્ત દુઃખ દેતી હતી, ત્યહારે હરિણી પાણી ભરવાને બ્હાને દેઘડો લેઇને કૂવે જતી હતી; ત્યહાં હેની સખીઓ ભેગી મળી ને, હેને આશ્વાસન દેતી, સલાહ આપતી ને પુનઃ આનંદિત કરતી હતી; પરંતુ હેની સખીઓએ દીધેલાં આશ્વાસન અલ્પ સમય જ ટકતાં હતાં. જેવી હરિણી પાણી ભરીને ઘરમાં પગ મૂકતી કે અદેખી મૂર્ખ, અજ્ઞાન સાસૂનાં કઠોર વચનો હરિણીના આનંદનો નાશ કરીને તે બાલિકાનું હૃદય અંધકારમય કરતાં હતાં.

પરંતુ બાજી બે યુવતિયો કાશી તથા રૂક્ષ્માનાં જીવન અત્યન્ત સુખમય હતાં. એ સર્વદા સખીઓને ઘેર મળવા જતી આવતી ને જ્યહાં જાય ત્યહાં આનંદ ફેલાવતી હતી. કાશીની મા ડાહી, સદ્ગુણી ને કર્તવ્યબુદ્ધિવાળી હતી, એ નિંદા તથા કૂડ કપટ ધિક્કારતી હતી, તથા જે મનુષ્ય બીજાના દોષોથી સહેલાઇથી અંધ થઇને દોરાય હેવા મનુષ્ય પ્રત્યે હેને જરા પણ લાગણી નહોતી. કમલિનીની સાસૂ ગૃહ-સંસાર સલાહશાન્તિથી ચલાવી નહોતી સકતી, તેથી કમલિનીને દુઃખ સહન કરવું પડતુ હતુ તે જોઇને હેને કમલિની ઉપર દયા આવતી હતી. જ્યહારે બાલક કમલિનીને હેની સાસૂ સાત વર્ષ પૂરે પહેલ વહેલી ઘેર લાવી તે દિવસોમાં કમલિનીની સાસૂનાં માત્ર મ્હોનાં મીઠાં વચન, તથા કોઇ સ્ત્રીઓ મળવા આવે ત્યહારે કમલિનીનાં મ્હારનાં વખાણ કરતી સાંભળીને જ કાશીની મા, ભવિષ્યમાં તેનું શું પરિણામ આવશે, તથા બિચારી નમાઇ કમલિનીને કેટલું દુઃખ સહન કરવું પડશે તે જાણી ગઇ હતી, ને કેટલા થોડા સમયમાં કમ-લિનીને સાસરીયાં તરફથી તિરસ્કાર, અપમાન વગેરે દુઃખ ખમવાં પડશે તે પણ જાણતી હતી. કાશીની માનો કમલિની ઉપર પ્રથમથી જ સ્નેહ હતો. કમલિનીની નિર્દોષતા, તથા સત્યશીલતાએ હેનું મન હરી લીધું હતું. હેના મનમાં એમ ઓછું પણ આવતુ હતું કેઃ—" મ્હારે પુત્ર નથી, જો મ્હારે પુત્ર હોત તો નિશ્ચય હેને કમલિની સાથે પયણાવત. કાશીની માએ ઘણા ડહાપણથી તથા સાવચેતીથી કાશી માટે પતિ પસંદ કર્યો હતો, અને વ્યવસ્થા, રીતિ એટલા તો ડહાપણથી કરી હતી કે એ બે કુટુમ્બ વચ્ચે લગારે મતભેદ કે ઊંચાં મન થયાં નહોતાં. કાશી પતિના પ્રેમથી સંતુષ્ટ તથા સુખી હતી. હેની સાસૂ

પણ કાશીને પોતાની પુત્રી સમાન ગણી સ્નેહભાવ રાખતી હતી. આ બે કુટુમ્બ પાસે પાસે જ રહેતાં હતાં, અને બન્ને વૃદ્ધ સ્ત્રીઓ બે બ્હેનો પ્રમાણે એક બીજા પ્રત્યે વર્તન રાખતી હતી.

શાસ્ત્રીની પુત્રી રુકમાનું સાસરૂં, કાશીના સાસરા જેટલું દ્રવ્યવાન્ નહોતું. પરંતુ રુકમાનો પતિ હેના ઉપર સંપૂર્ણ પ્રેમ રાખતો હતો. કાશી તથા રુકમાની માતાઓ, ઉજાણી, ઉત્સવ વગેરે કરીને, પાડોશમાંની યુવતિયો તથા બાલિકાઓનાં જીવન દુઃખી હતાં, ત્હેમને હાવા પ્રસંગોને નિમિત્તે તેડાવીને આનંદ કરાવતી હતી.

હિંદુ સંસારની રીતિ પ્રમાણે પતિપત્નીના સંબંધમાં ઘણાં સખ્ત બંધન હોય છે. યુરોપના લોકોની પેઠે બન્નેને બોલવા ચાલવાની તથા કાંઇપણ કાર્ય કરવાની સરખી છૂટ હોતી નથી. સંયુક્ત કુટુમ્બની પદ્ધતિને લીધે હાવી વિલક્ષણ રૂઢિ થઈ છે. જ્યહાં લગી તરુણ પત્ની પોતાના પતિ સાથે સ્વતંત્ર ઘરમાં ન રહેતી હોય ત્યહાં લગી, કુટુમ્બના અન્ય મનુષ્યના દેખતાં એક શબ્દ પણ પતિ જોડે બોલી સકતી નથી, અને પતિપત્ની એકબીજાથી તદ્દન અજાણ્યાં જ હોય તેમ વર્તે છે. જ્યહારે હેનો પતિ સર્વ કુટુમ્બી બેઠાં હોય તે ખંડમાં આવે છે ત્યહારે હેની તરુણ પત્ની પોતાનું મ્હો પતિ ના દેખે તેમ ફેરવી દે છે, અથવા તો તે ખંડમાંથી જ જતી રહે છે, અને જો કોઇ પ્રસંગે વડીલના દેખતાં પતિને ઉત્તર દેવાની ફરજ પડે છે ત્યહારે આડું જોઈને ટૂંકામાં ઉત્તર દે છે. કેટલીકવાર તો સાસુની ઇર્ષ્યાને લીધે તરુણ યુગલ છૂટથી વર્તી સકતાં નથી.

બ્હીકણ કમલિનીને, ભયથી, પતિ સાથે વાત કરવાની કદિ ઇચ્છા થઈ નહોતી, તથા પતિને આકર્ષવાની પણ ઇચ્છા નહોતી.

લગ્ન થયા પછી ઘણા સમય સુધી કમલિનીએ પોતાના પતિને જોયો જ નહોતો, અને હવે ભય તથા લજ્જાથી કમલિનીની પતિની સમક્ષ નયનો ઉંચાં કરીને જોવાની હિંમત ચાલતી નહોતી. હાનું કારણ માત્ર લજ્જા જ નહોતી, પણ સાસરિયાંનો અત્યન્ત જુલમ સહન કરીને હેના મનમાં એમ આવ્યું હતું કે પોતે માત્ર તરછોડાવાને તથા કઠોર વચનો સાંભળવાને જ જન્મી છે. તેથી એ જેમ બને તેમ પોતાના પતિથી દૂર રહેવાનો યત્ન કરતી હતી. ગણેશનો પોતાની મા ઉપર ઘણો સ્નેહ હતો, એ ઘણુંખરૂં મા પાસે જઇને બેસતો હતો, ને હેની મા હેનો વાંસો પંપાળી હેનાં વખાણ કરતી હતી, પરંતુ જ્યહારે કમલિની કાંઇ કાર્ય પ્રસંગે પોતાના પતિના ખંડમાં જતી ત્યહારે ગણેશ, કમલિની ભણી વગર અચકાયે સ્નેહભીનાં નયનોથી જોતો હતો, અને કમલિનીની મુખમુદ્રા ઉપર લજ્જાથી રંગ ચઢી આવતો હતો. પરંતુ જ્યહારે કમલિની એકલી પડતી હતી ત્યહારેઃ—"હેમનો મ્હારા ઉપરનો ભાવ ઘણો સમય નહિ રહે. જ્યહારે એ જાણશે કે આ જગતમાં મ્હારૂં કોઇ નથી, હું ધનહીન તથા તુચ્છ છું, ત્યહારે એ પણ મ્હારો તિરસ્કાર કરશે." આમ વિચાર કરીને બે ચાર પળ અનુભવેલી સુખમય લાગણી દાબી દેતી હતી. પણ જેમ જેમ તે સંકોચ પામતી હતી તેમ તેમ હેના પતિનો પ્રેમ વધતો જતો હતો. ગણેશ આશ્ચર્ય પામીને વિચાર કરતો હતો ને કોઇવાર માને પૂછતો હતો કે—"કમલિનીની વયની અન્ય યુવતિયોને સ્વાભાવિક રીત્યે નવીન અને સુશોભિત વસ્ત્રાલંકારને માટે જેટલી હોંસ હોય છે, તેમ હોવાને બદલે કમલિની શાસારૂં નિરભિલાષી તથા નિરુત્સાહી છે?" ત્યહારે હેની મા કહેતી કે—"સંન્યાસીની પુત્રીમાં

સર્વ માણસાઈ તથા સુઘડતાની બુદ્ધિ બળીને ભસ્મ થઈ ગઈ છે. તેથી બીજી વહુઓ કરતાં તદન વિચિત્ર રીત્યે જ વર્તે છે." માના હાવા પ્રકારના ઉત્તર સાંભળીને ગણેશ વિચાર કરતો હતો કે "આ શું સત્ય છે? શું કમલિની ખરેખર લાગણીરહિત છે?" હાવી શંકાથી તે કોઇ કોઇવાર દિલગીર રહેતો હતો, પરંતુ જેમ જેમ તે ખાસ લક્ષ દઈને કમલિનીનું અવલોકન કરતો ગયો તેમ તેમ હેની ખાતરી થઈ કે કમલિનીનું મૌન, ઉત્સાહરહિત મુખમુદ્રા, તથા તટસ્થપણું સ્વાભાવિક નહોતાં, પણ નણંદો તરફથી ખમેલાં દુઃખનું પરિણામ હતું. ગણેશ જાણતો હતો કે પોતાની મા બ્હેનોથી સહેલાઈથી દોરાય છે, કારણ તે ઘણીવાર ફરિયાદ કરતી હતી કે:— "કમલિનીને પ્રેમાળ નણંદોના ગુણની કદર નથી, ને હઠીલી છે. હેની નણંદો બીજી સ્ત્રીઓની નણંદો જેવી નથી. કમલિનીનો ભવિષ્યનો સંસારમાર્ગ સરળ કરવાને કમલિનીને સર્વ ગૃહવ્યવસ્થા રમાબાઈ તથા ગંગી શીખવે છે, પણ એ નણંદો ઉપર લગારે સ્નેહ તથા સખીભાવ રાખતી નથી, અને એક પારકા મનુષ્યની પેઠે વર્તે છે."

પ્રકરણ ૭ મું.

અંધકારમય જીવનમાં ઝાંખું કિરણ.

ગણેશે જોયું કે ઘરનાં સર્વ કઠણ વૈતરાં બ્હેનો કમલિની કને કરાવતાં હતાં, ને હાવું કામ કમલિનીનું શરીર દૃઢ બનાવવા માટે

આપિયે છિયે એમ કહેતાં હતાં. બ્હારની સ્ત્રીઓ મળવા આવતી ત્યારે કમલિનીની બહુ દયા આણીને હેની સાસૂ કહેતી કે:—'બિચારી છોકરીને મા પણ નથી' વગેરે ડોળ કરતી હતી. વળી એમ પણ કહેતી કે:—"ઘરનું સર્વ કામકાજ રમાબાઈ તથા ગંગી કરે છે." આ સર્વ ગણેશ ધ્યાન દઈને જોયા કરતો હતો. અને આટલી ન્હાની છોકરી ઉપર આખા ઘરના કામનો ભાર હેને માથે પડેલો જોઈને હેના ઉપર દયા આણતો હતો. અને દિવસે દિવસે નિર્દોષ કમલિની ઉપર હેનો પ્રેમ વધતો જતો હતો. પણ કમલિની એ વિશે તદ્દન અજાણી હતી. એક દિવસે સંધ્યાકાળે કમલિનીને અકસ્માત્ જ ગણેશ પોતાના ઉપર કેટલો ભાવ રાખે છે તે જણાયું. હુનાળાને દિવસે સૂર્યાસ્ત સમયે કમલિનીને તાવ ભરાયો હતો. પાડોશની સર્વ યુવતિયો આંગણામાં ભેગી થઈ હતી, પણ કમલિનીને ત્યહાં જવાનું મન થયું નહિં. હેના ઘર તથા નદીની વચમાં એક દેહેરાનું ખંડેર હતું, ત્હેની પછવાડેના વૃક્ષના શીતળ છાંયડા નીચે જઈને બેઠી. પોતાને તાવ બરાયો હતો ત્હેની હેને ખબર ન્હોતી. એ ઘણા સમય સુધી ઢીંચણ ઉપર તાવથી ધમધમતું માથું ટેકવીને બેશી રહી. હેણે કોકનાં પગલાં સાંભળ્યાં પણ એ એટલી તો શ્રમિત થયેલી હતી કે માથું ઊંચું કરી કોણ છે તે જોવાની પણ હેનામાં હાય રહી ન્હોતી; પરંતુ તેટલામાં હેના માથા ઉપર પ્રેમાળ હસ્તનો સ્પર્શ થયાથી તથા સ્નેહ પૂર્ણ શબ્દો સાંભળીને ચમકીને હેણે ઊંચું જોયું. ગણેશે પૂછ્યું "શું છે? શરીરે સારૂં નથી? અહિંઆં શું કરે છે?" કમલિની આશ્ચર્ય પામી તથા ભયભીત થઈને પોતાના પતિના સ્હામું જોવા લાગી. ગણેશે કહ્યું:—" ભય ના પામીશ, હું ત્હારો ભક્ષ કરવા નથી

આવ્યો, મ્હારી પાસે આવ્ય, ત્હારૂં શરીર તપાસવા દે, ત્હને તાવ હોય હેવું ગરમ છે.” એમ કહી હેણે કમલિનીનો હાથ ઝાલ્યો પણ તે તાવથી ધગધગતો જોઈને બોલ્યો:—“અરે ! ત્હને તાવ ભરાયો છે !” પોતાની આટલી દરકાર રાખે છે તે જાણીને આશ્ચર્યથી કમલિનીનાં વિશાળ નેત્ર હર્ષથી પ્રકાસવા લાગ્યાં. હેના પતિએ ધીમે રહીને કમલિનીનું માથું પોતાની સોડયમાં લીધું, પણ તે છોડવીને જરા પાછી ખશીને કમલિની ભય પામીને બોલી:—“મ્હારી સાથે બોલશો નહિં, મ્હને અડકશો પણ નહિં, સાસૂજી ત્હમને ખીજશે.” એટલું કહી લુગડામાં મ્હોં સંતાડી જતી રહેવાનું કરતી હતી, પણ ગણેશે હેનો હાથ ઝાલી જતી રોકી અને અત્યન્ત માયાળુ સ્વરથી પોતાની બાલક પત્નીને સ્મિત કરીને પૂછ્યું:—“હાવી ત્હને કોણે આજ્ઞા કરી છે ? મૂર્ખ ના થઈશ, ઘરમાં જા અને માને કહે કે તાવ આવ્યો છે, એ ત્હને ઓષધ આપશે; હું જાણતો હતો કે તું અજ્ઞાન છે માટે જ ત્હને ખોળતો ખોળતો અહિંયાં આવ્યો.” કમલિનીએ પૂછ્યું “ત્હમે મ્હને સોધવા આવ્યા !” “હા, આજ આખો દિવસ ત્હારા વગર સૂનું લાગ્યું તેથી ત્હને સોધતો આવ્યો.” એમ કહી ગણેશે કમલિનીની સુન્દર આંખ્યો તરફ જોયું. કમલિનીની આંખ્યોમાં અશ્રુ ભરાઈ આવ્યાં ને હેના કોમળ હોઠ ધ્રૂજવા લાગ્યા, ને પૂછ્યું. “થોડા દિવસ પછી ત્હમે પણ મ્હને સર્વની પેઠે તુચ્છ ગણી ધિક્કારીને મ્હને ટાળવાનો યત્ન કરશો ?” “ના, ના, શું કરવાને ? ત્હારા મગજમાં કે’વા વિચાર આવે છે !” “કારણ હું દરિદ્ર, ધનહીનની પુત્રી છું, મ્હારે કોઇ કને જવાનું સ્થાન નથી, મ્હારા પિતાજી અરણ્યમાં રહે છે, ને ત્હાં પણ કાંઇ ધન નથી.”

આટલું કહીને કમલિનીની આંખ્યોમાંથી અશ્રુની ધારા વ્હેવા માંડી. પતિના માયાળુ વર્તનથી પોતાના હૃદયની વાત કહી દીધી. ગણેશે પ્રેમવચનો કહીને કમલિનીના મનનું સાન્ત્વન કર્યું. હવે કમલિનીનો સ્હેજ ભય ઓછો થયો, હેણે કહ્યું:—"મ્હારા પિતા પણ ઘણો સમય થયો આવ્યા નથી." "હું સન્યાસીને ત્હારી પાસે લઈ આવીશ, પણ તુ આ પ્રમાણે રોઈશ નહિં. ત્હને કોઇ ધિક્કારતું નથી. તું દ્રવ્ય સંબંધી શું જાણે ? ત્હારે માટે દ્રવ્ય આણવાનું કામ મ્હારૂં છે." એમ કહીને કમલિનીના લુગડાના છેડા વડે કમલિનીનાં અશ્રુ લોહી નાંખ્યાં. શરમાળ કમલિની માથું નીચું રાખી ઘર ભણી ગઇ તથા ગણેશ નદી કિનારે ફરવા ગયો. કમલિનીનું હૃદય નવીન લાગણીઓથી ધડકવા લાગ્યું. હેને તાવ વધતો જતો હતો તથા માથું વધારે ને વધારે ધમધમતું હતું, પણ હેની કમલિનીને લગારે દરકાર ન્હોતી. કારણ જ્યહાં લગારે આશા ન્હોતી ત્યહાં હેને એક નવીન પ્રેમાળ મિત્ર મળ્યાથી હેના હૃદયમાં નવીન પ્રકારનો આનન્દ થતો હતો, હેનો વિચાર કરતી કરતી પોતાની ઓયડીમાં જઈને સૂઈ ગઈ.

તે રાત્રિયે કમલિનીએ પોતાની દૃષ્ટિ સમક્ષ અનેક દીવાની જ્યોત નૃત્ય કરતી દીઠી. ઓયડી માણસોથી ભરપૂર હતી, ઘણા જણના હસ્ત હેના કપાળને સ્પર્શ કરતા હતા, પણ કો'ના કો'ના હસ્ત છે તે એ ઓળખી સકતી ન્હોતી, ત્યહાર પછી શું થયું ત્હેની હેને કશી પણ ખબર પડી નહિં. ઘણે દિવસે કમલિનીને ભાન આવ્યું ને આંખો ઉઘાડીને જોયું, ત્યહારે પર્વતનો શીતળ સુગન્ધમય પવન આવતો હેને લાગ્યો. કોક હેની પાસે બેશીને નાડી તપાસતું

હતું, હેનાં બે સુન્દર નયનો કમલિનીનું મુખારવિન્દ નિહાળતાં હતાં. એ નયનોની અદ્‌ભુત આકર્ષક શક્તિયે કમલિનીને સ્તબ્ધ કરી દીધી હતી, તેથી તે પોતાની દૃષ્ટિ બીજી તરફ ખશેડી સકતી ન્હોતી. તે યુવક એક હાથથી કમલિનીની નાડી તપાસતો હતો, અને બીજો હાથ હેણે કમલિનીના શ્વેત કપાળ ઉપર મૂકયો હતો. હેના હાથમાંથી નવીન જીવનનો પ્રવાહ શરીરમાં આવતો હોય એમ કમલિનીને લાગતું હતું, હેને આરામ થતો જતો હતો તથા નવીન બળ આવતું લાગતું હતું. થોડીક પળ પછી કમલિનીએ પાછાં નયનો બંધ કર્યાં. યુવકે નાડી ઝાલેલો કમલિનીનો હાથ ધીમેથી છોડીને કહ્યું:—"હેની સ્થિતિ સુધરતી જાય છે. રોગ સ્હામે મ્હારે મહા યુદ્ધ કરવું પડ્યું હતું, હવે હેને નિદ્રા લેવા દો." હેનો સ્વર એટલો બધો મધુર તથા કપાળ ઉપર મૂકેલા હાથનો સ્પર્શ હેવો કળ વાળનારો હતો કે કમલિની કેટલાક કલાક સૂધી લાગટ નિદ્રાવશ રહી. જ્યારે તે જાગૃત થઈ ત્યારે હેને પ્રથમ જ ભાન આવ્યું અને પ્રથમ જ જાણ્યું કે પોતે અજાણ્યા સ્થાનમાં એક પર્વત ઉપરના દેવાલયની ઠંડકવાળી ઓશરીમાં હતી. દેવાલયમાં થોડી થોડીવારે ઘંટ વાગતા હતા, તથા શંખનાદ સંભળાતો હતો. હેનો પતિ, સાસુ કાશી, વગેરે પાસે બેઠેલાં હતાં. મંદિરમાંનો પૂજારી કમલિનીની પાસે બેશીને મંત્ર ભણતો હતો, અને હેની સ્હામે અગ્નિમાં સુગન્ધીદાર પદાર્થ બાળતો હતો. તે પૂજારીએ માર્ગોસા (નામની વનસ્પતિ) નાં પાંદડાં કમલિનીના માથા ઉપરથી સાતવાર ઉતારીને કહ્યું:—"હવે એ ભયમુક્ત થઈ છે, હેના શરીરના સાત હિસ્સા પાડ્યા હતા, પરંતુ ગૃહદેવતાઓએ તથા હમારી મહાનદેવીએ હેમાંથી

બાગ લેવાની ના કહ્યાથી તે પુનઃ જીવતદાન પામી છે.” રોગમુક્ત થયેલી કમલિનીને પાસેના પવિત્ર તળાવમાં સ્નાન કરાવીને દેવીની પૂજા કરવાનું કહીને એ મંદિર ભણી ગયો. કમલિનીએ પાસે બેઠેલાંઓની વાતચીત ઉપરથી જાણ્યું કે પૂજારીના મંત્ર ભણ્યાથી નહિં પણ, હેને નવીન અસર કરનાર યુવકની કળાથી પોતે રોગમુક્ત થઈ છે. સર્વ જણાં આખો દિવસ એ યુવકના ચમત્કારી ગુણવાળા ઔષધની તથા હેની પ્રશંસા કરતાં હતાં.

કમલિનીને ગળે હાથ વીંટીને કાશી બોલી:—“પ્રિય કમલિની! હમે ધાર્યું હતું કે તું હવે જીવીશ નહિં. અનેક ઉપાય કર્યા છતાં, દિવસોના દિવસો સૂધી ત્હને તાવ ઉતરતો ન્હોતો. છેવટે એક સ્ત્રીએ યોગ શક્તિથી કહ્યું કે ત્હને કુમારિકાઓની દેવીની ઝડપ લાગી છે, તેથી ત્હને અહિંઆં એ દેવીની ઝડપમાંથી મુક્ત કરવાને આણી, પરંતુ અહિં આવ્યા પછી ત્હારૂં શરીર ઠંડું તથા નિર્જીવ થઈ ગયું હતું, અને મ્હને ત્હારા સમાચાર—અરેરે! હેવા ભયાનક સમાચાર મળ્યા મ્હારી કમલિની!—તેથી હું ઉતાવળી ઉતાવળી પિતાની સાથે અહિં આવી. અને પિતા ઔષધીમાં પ્રવીણ યુવકને જોડે લેતા આવ્યા હતા. જો! હેણે ત્હારે માટે કેટલું બધું કર્યું છે!”

બીજે દિવસે તે યુવક પાછો આવ્યો, કમલિની હેને જોઈને થોડી ભયભીત થઈ, અને વિચિત્ર પ્રકારની શક્તિ પોતાને એ યુવકના બંધનમાં રાખતી હોય એમ લાગ્યું. વળી હેને એમ પણ લાગ્યું કે આ યુવક જે આજ્ઞા કરે તે કરવાને પોતે તૈયાર હતી; આ વિચારથી હેને કંપારી આવી. જ્યહારે તે યુવક જવાને ઉઠ્યો ત્ય્હારે કમલિનીને ઘણું આશ્ચર્ય લાગ્યું, કારણ હેણે એ યુવકને ઓળખ્યો.

ઘણા વર્ષ પ્હેલાં જે અજાણ્યા પુરુષને પિતાજીની ઝૂંપડી પાસે પર્વતમાંની ઔષધિ ભેગી કરતો જોયો હતો, ને જેને પોતાના પિતાજી પાસે લઈ ગઈ હતી તે જ આ યુવક હતો. પરંતુ આ વાત સર્વને કહેવાનો હેને ભય લાગ્યો તેથી મનમાં જ રાખી. થોડા દિવસ પછી કમલિનીને જરા શક્તિ આવ્યાથી હેને પાછી શિવગંગા લઈ ગયાં. હેનો પતિ આખો દિનરાત હેની કાળજીપૂર્વક સંભાળ લેતો હતો. આથી સર્વ કુટુમ્બી વિરુદ્ધ થયાં હતાં. પરંતુ ગણેશ ત્હેની દરકાર કરતો ન્હોતો. દુર્બલ કમલિની પોતાનો પતિ પોતાની આટલીબધી સંભાળ લેતો હતો માટે ખરા અંતઃકરણથી મનમાં આભાર માનતી હતી. એ જાણતી હતી કે સાસૂ તથા નણંદો આથી નાખુશ થયાં છે. હેનો પતિ સર્વ નિયમોનો ભંગ કરીને કમલિનીની પોતે જાતે ચાકરી કરતો હતો, તેથી સાસૂ તથા નણંદો ઘણાં ક્રોધાયમાન થયાં હતાં. કમલિનીના મંદવાડના ખંડમાં ગણેશ જતો હતો તે સાસૂ નણંદોને લગારે ગમતું નહિ. પણ હેમને શાન્ત પાડવા માટે કમલિનીનામાં હાય ન્હોતી.

અનેક દેવ દેવતાઓનાં જુદે જુદે પવિત્ર સ્થળે વર્ષમાં એક વાર યાત્રાએ જવાની હિન્દુઓમાં રીત્ય છે. સ્ત્રીઓ તથા બાલિકાઓ મળીને ઘણા દિવસ સૂધી ચાલે ત્હેવી ખાવાની વાનીઓ કરીને સાથે રાખે છે, અને ગાડાંમાં બેશીને યાત્રાએ જવાને નીકળે છે. યાત્રાનાં પવિત્ર તીર્થોમાંનું દૂધસ્થળ ઘણું પ્રખ્યાત છે, ત્યહાં પાસેના તથા દૂર દેશથી લોકો યાત્રા કરવાને આવે છે. એ ઘણું રમણીય સ્થાન છે, તથા ત્હેની આસપાસનાં ગામડાંઓ તથા જગ્યાઓ ઘણી સુન્દર છે. ત્યહાં ગંગા ગોદાવરીનો બીજી નદીઓ જોડે સંગમ થઈને

ઊંચા ખડકો ઉપરથી પાણી મ્હોટા ધોધ રૂપે ખડકમય ખીણમાં થઇને ધસારાબંધ વ્હે છે. જે કાળા ખડકો ઉપર થઇને ધોધ પડે છે ત્હાં પાણી, પડવાના જોરથી શ્વેત નરમ વાદળાં જેવું દેખાય છે, તથા ફુવારાની પેઠે જળનાં બિન્દુ ઉડે છે. પાણીના હાવા ભવ્ય, શ્વેત દેખાવ ઉપરથી તે જગ્યાનું નામ દુધસ્થળ પાડ્યું છે.

શિવગંગાથી દર વર્ષે પુષ્કળ લોકો દુધસ્થળની યાત્રાએ જતાં હતાં. કમલિની મંદવાડમાંથી સાજી થવા માંડી તેમ તેમ યાત્રાએ જવાનો સમય પાસે આવ્યો. કુટુમ્બી અને સર્વ યાત્રાળુ મંડળ સાથે એ પણ ગઈ. કાશી અને બીજી સખીઓ પણ સાથે હોવાથી હેને ઘણો આનન્દ થતો હતો. હાવી મુસાફરીના નિર્દોષ આનન્દ તથા નિર્બન્ધતા, અને કમલિનીના ઘરના રસહીન જીવન, એ બેમાં કેટલો બધો, સ્વર્ગ અને પૃથ્વી જેટલો ભેદ હતો? કમલિનીની સાસૂ તથા નણંદો સાથે હતાં પરંતુ કમલિની સાસૂ તથા નણંદો શું કહેશે ત્હેની દરકાર કર્યા વગર પોતાની સખીઓ સાથે આનન્દમાં સમય ગાળતી હતી. વન, પર્વત વગેરેના જુદા જુદા પ્રકારના સુન્દર દેખાવ જોઇ ને હેને ઘણો આનન્દ થતો હતો.

પ્હરોડમાં ઝાકળવાળા વનમાં થઈ ને જતાં જાત્રાળુઓ વનમાં લાકડાં કાપનારાઓની કુહાડીના પડઘા, તથા દૂર કૂવામાંથી પાણીના ચાલના કોસના અવાજ સાંભળતા હતા.

દ્રાક્ષના ભરચક માંડવાઓ ઉપર લીલાંછમ પાંદડાંઓની વચ્ચે વચ્ચે કાળી દ્રાક્ષનાં ઝૂમખાં લટકતાં દેખાતાં હતાં, તથા લીંબુ તથા નારંગીનાં પુષ્પથી પવન સુગન્ધમય થઈ રહ્યો હતો. કૂવાની આસપાસ શાકભાજીના ક્યારા લીલાગલીચા જેવા દેખાતા હતા, અને

ખેતરોમાં કામ કરનારા માણસોના અવાજ પાસે સંભળાવા લાગતા હતા. કોઇ કોઇ ગામડિયણ છોકરીઓ લીલા મેવાની અથવા તાજાં શાકની ટોપલીઓ ભરીને લઈ જતી સ્હામી મળતી હતી, ત્હેની તરુણ ખેડુતો બળદ હાકતે હાકતે મશ્કરી કરતા હતા. એક ખેડુત ઘાંટા પાડીને ગાતો હતો, ત્હેણે એક છોકરીને શાક લઈ જતાં જોઇને કહ્યું:—"મ્હારા કૂવાનું પાણી પી. તો તરશ મટશે, ત્હારા મ્હો ઉપરની ખૂબસુરતી વધશે હેવું પાણી હું ત્હારે માટે કૂવામાંથી કહાડી આપીશ." આટલું કહીને એ બળદોને ઘાંટા પાડીને હાકવા મંડયો; હેના ઘાંટાના પડઘા પર્વતમાં પડતા સંભળાતા હતા. પવનના સૂસવાટમાં શાકની ટોપલીવાળી છોકરીનો ક્રોધવાળો ઉત્તર ઢંકાઈ જતો હતો, પરંતુ ખેડુતે એ છોકરીના ઉત્તરને ગણકાર્યા વગર પુનઃ ગાન શરૂ કર્યું.

યાત્રાળુઓ ખેતરની પાસે આવતા ગયા તેમ તેમ ખેતરોમાંથી નવા કાપણી કરેલા ઘાસની સુગન્ધ તથા વાડય ઉપરનાં પુષ્પની સુગન્ધ અને નવા ખેડાતા ખેતરોમાંની માટીની લ્હેરી વાસ આવતી હતી પુરુષો તથા સ્ત્રીઓ ઘાસના ભારા બાંધતે બાંધતે એક બીજાની મશ્કેરી કરતા હતા તેથી ત્હેમના આનંદમય હસવાનો સ્વર સંભળાતો હતો.

યાત્રાળુઓને એક પુરુષોનું ટોળું સ્હામું આવતું મળ્યું, હેમની પછવાડે જરા ન્હાના પુરુષોનું બીજું ટોળું હતું. આ ખેતરોમાં કામ કરનારો મજૂર વર્ગ હતો. ખેતરમાં આખો દિવસ કામ કરીને સંધ્યાકાળે એ લોકો ઘર ભણી જતા હતા. એ લોકો ઘણા રસથી ગાતા હતા, તથા તાલ પ્રમાણે ચાલતા હતા. આગળના

ટોળાવાળા પુરુષો એક લીંટી ગાતા હતા અને પાછળનું ટોળું ત્હેનો ઉત્તર દેતું હતું.

આગલું ટોળું બોલ્યું:—"હીંડો બાઈઓ ધીમે ધીમે"

પાછલા ટોળાએ ઉત્તર દીધો:—"હા ! હા !"

આગલું ટોળું બોલ્યું:—" ખીણુમાં થઈ, ટેકરી ચઢીને "

પાછલા ટોળાએ ઉત્તર દીધો:—" હા ! હા ! "

આગલું ટોળું બોલ્યું:—ખાશું ભાખરી લુની લુની.

પાછલા ટોળાએ ઉત્તર દીધો:—હા ! હા !

આગલું ટોળું બોલ્યું:—" વાટય જૂવે છે મૂરખ નારી "

પાછલા ટોળાએ ઉત્તર દીધો:—" હા ! હા ! "

આ પ્રમાણે બોલતા બોલતા આવતા હતા. એટલામાં એક કાળું લુગડું પ્હેરેલી સ્વરૂપવાન સ્ત્રી સ્હામી આવતી મળી, કે તરત ગીતનો વિષય બદલી નાંખ્યો અને

આગલું ટોળું બોલ્યું;:—" કાળે લુગડે કામણુ કીધાં ? "

પાછલું ટોળું બોલ્યું,:—" ના, ના, "

આગલું ટોળું બોલ્યું:—" મૃગની ચાલ્યે ચિત્ત ચળાવ્યાં ? "

પાછલું ટોળું બોલ્યું:—હા ! હા !

આગલું ટોળું બોલ્યું:—" કાળી આંખ્યે કામણુ કીધાં ?"

પાછલું ટોળું બોલ્યું:—" હા, હા, "

હાવા પ્રશ્ન પુછી તથા ઉત્તર દઈને બંને ટોળાંના પુરુષોએ હસવા માંડયું. બિચારો સ્ત્રી શરમાઈ નીચું જોઈને બાજૂ ઉપર થઈને ચાલી જતી હતી, તેમ તેમ ગીતમાં હેની વધારે મશ્કેરી થવા માંડી, આ સાંભળી તે સ્ત્રીએ કહ્યું:—" જવા દો તમારી મશ્કેરી,

મૂર્ખાઓ ! ” પણ હેનો ઉત્તર હા, હા, કરીને વધારે ધાંટો પાડીને દીધો, અને ધાંટા પાડીને હસતું હસતું એ ટોળું ટેકરી ઉપર ચઢવા માંડ્યું. હેમનાં ઘર ટેકરી પછવાડેની ખીણમાં હતાં. આખા દિવસની સપ્ત મજૂરી કર્યા પછી હાવી રીત્યનો નિર્દોષ આનન્દ કરતા કરતા પર્વતની સ્વચ્છ હવા ખાતા એ ઘેર જતા હતા.

હવે યાત્રાળુઓ **તપ** સરોવર પાસે આવી પ્હોચ્યા. એ સરોવર ખીલેલાં **કમળથી** ભરપૂર હતું. **સરોવરને** કાંઠે કાદવમાં ઢોર બેઠેલાં હતાં અને પાસેની ઘટામાં એક ન્હાનું મંદિર હતું; ત્હાં શરીરે ભસ્મ ચોળેલા કેટલાક વૈરાગીઓ બેઠેલા હતા, અને બીજી બાજૂ છાણ માટી તથા વાંસથી બાંધેલાં ઝૂંપડાંવાળું ન્હાનું ગામડું હતું. યાત્રાળુઓ મંદિરમાં દેવનાં દર્શન કરીને આગળ ચાલ્યાં; ત્હાં એક વેલાથી ઢંકાયલી તથા લીલ ઊગેલી ખડકની ગુફા હતી ત્હાં ગયાં. આ ગુફાની ભીંત્યો ઉપરથી પાણી નિરંતર ટપકયા કરતું હતું. ત્હેની નીચે જ ખડકમાં એક ખાડામાં આ નિર્મળ ટંડુ પાણી ભેગું થયું હતું, ત્હેમાંથી સર્વે જણાંએ પાણી પીને તરસ છીપાવી. આ કુંડમાં **સતી સીતાએ** સ્નાન કર્યું હતું હેવી માન્યતા હોવાથી એ પવિત્ર ગણાતો હતો, તથા ત્હેની પાસે એક ખાટલાના આકારનો કોતરી કાડેલો ચોરસ ખડક હતો, ત્હેની ચારે બાજુએ લીલ તથા ઘાસ ઊગી નીકળેલાં હતાં. આ ખડકને **સીતાના** પુત્રોનું પાલણું કહેતા હતા. અહિંયાંનાં મ્હોટાં મ્હોટાં વૃક્ષો ઉપર ઘણાં માકડાં નજરે પડતાં હતાં, તે ચીગીયારી પાડતાં હતાં તથા જતા આવતા લોકો ઉપર **જાંબુના** વૃક્ષ ઉપરથી **જાંબૂ** ખાઈને ત્હેના ઠળિયા નાંખતાં હતાં. થોડેક આગળ જતાં યાત્રાળુઓએ નગારાંના અવાજ સાંભળ્યા.

એક ઠેકાણે વનમાં કઠિયારાએ કુહાડીથી વૃક્ષનું થડ કાપ્યું ત્હેમાંથી રક્તનો પ્રવાહ નીકળવા માંડ્યો! તે જગ્યાએ કોઇ નવીન દેવનું સ્થાન હોવું જોઈએ એમ ધારીને સર્વ ગામડિયાઓ હેનું દર્શન કરવાને ત્હાં ભેગા થયા હતા, તથા નગારાં વગાડવા મંડ્યા હતા, "ને દેવનો કોપ શમાવવાને ત્હાં એક બકરો કાપ્યો હતો તથા તે વૃક્ષની ચારે બાજૂએ રંગીન ધજાઓ બાંધી હતી, અને થોડા સમયમાં ત્હાં પથ્થરનું દેવાલય બંધાશે એમ જાત્રાળુએ સાંભળ્યું. કમલિની આ સર્વ જોતી હતી, ને એ તથા હેની સખીઓ વનમાંનાં પુષ્પ ચૂંટીને ભેગાં કરીને પ્રત્યેક પવિત્ર સ્થળે તથા દેવાલયમાં મૂર્તિને ચઢાવીને પ્રાર્થના કરતી હતી:—"ઓ! મહાન્ દેવ! ત્હમે મ્હને સહાય થાઓ, મ્હારા પિતાની રક્ષા કરો, અને મ્હને સુખશાન્તિ ઘો." જેમ વધારે ભયાનક મૂર્તિનાં દર્શન કરતી હતી તેમ હેનું હૃદય વધારે ભયભીત થતું હતું.

બપોરને સમયે યાત્રાળુઓએ સરોવર પાસેના મ્હોટા વૃક્ષની શીતળ છાયા નીચે ગાડાં છોડયાં. વૃક્ષની સૂકી ડાળીઓ સળગાવીને રસોઇ શરૂ કરી; સર્વે એકબીજાને રસોઈની સાદી વાનીઓ રાંધવામાં મદદ કરતાં હતાં. યુવતિયો આનન્દથી કામ કરતી હતી તથા વાતો કરતી જતી હતી. કોઇ વૃક્ષની સૂકી ડાળીઓના કડકા વીણી આણતી હતી, તો કોઇ તળાવમાંથી નિર્મળ પાણી આણતી હતી; જેમ યાત્રાળુઓમાં હમેશાં સ્ત્રીઓ કરતાં પુરુષોની સંખ્યા ઓછી હોય છે તેમ આ મંડળમાં પણ હતું. પુરુષોમાં કમલિનીનો પતિ પણ આવ્યો હતો. કાશી, ભાગીરથી તથા બીજી સર્વ યુવતિયોમાં કમલિની સૌથી ન્હાની વયની હતી, તેથી એ સર્વ સખીઓની સમક્ષ પોતાના પતિનું

કાંઇ પણ કાર્ય કરતી તો હેની ઘણી મશ્કેરી થતી હતી. એ સર્વ નિર્દોષ તથા આનન્દી સખીઓનું મંડળ હતું. કોઇવાર ઊંડા કૂવામાંથી પાણી કાઢવાને પુરુષો યુવતીઓને સાહ્ય કરતા હતા. સન્ધ્યાસમયે ગામડાની પાસેની ધર્મશાળાઓમાં ઉતારો કરતા હતા, ને ત્યહાં રાત્રિ ગાળતાં હતાં. ધર્મશાળા પાસેના ગામડાંનાં ઘર તથા ચરીને પાછી આવતી ગાયો જોઈ ને કમલિનીને વિચિત્ર પ્રકારની શાન્તિ થતી હતી. કમલિની કાશીની પાસે બેશીને હેની વાર્તા સાંભળતી હતી, કોઇવાર વિચારમાં પડતી હતી, તો કોઇવાર આકાશમાંના પ્રકાશિત તારાઓ ભણી જોતી હતી તથા તોફાની પવનના સુસવાટા સાંભળતી હતી. હેનો પતિ દરરોજ સંધ્યાકાળે હેની તથા કાશી અને કાશીની માની પાસે બેશીને અનેક પ્રકારની વાતો કરીને આનન્દ કરાવતો હતો.

પ્રકરણ ૮ મું.

ચાર દહાડાનું ચાંદરણું.

આ પ્રમાણે આઠ દિવસની મુસાફરી કર્યા પછી યાત્રાળુઓ આખરે દૂધસ્થળ પ્હોંચ્યાં. ધસારાબન્ધ પડતા ધોધના અવાજથી તથા ત્હેના સુન્દર દેખાવથી કમલિની ઘણી જ હર્ષિત થઈ. વિચિત્ર ગાન ગાતો પવન સુસવાટા કરતો આવતો હતો. ધોધના અવાજના પાસેના પર્વતોમાં પડઘા પડતા હતા. નદીની આજૂબાજૂ પથ્થરનાં બાંધેલાં છૂટક છૂટક

ઝૂંપડાં હતાં. ધોધ પડતો હતો ત્હેની થોડેક આગળથી નદી પ્હોળી થઈને પથ્થરની કોતરેલી નંદીની મૂર્તિના પગ ભીંજવીને વ્હેતી હતી; નન્દી એકલો ઊભેલો સૂર્ય તરફ ધુરકતો જણાતો હતો. નન્દી સ્હામે એક જૂનું મહાદેવનું દેહરૂં મ્હોટાં વૃક્ષોની ઘટામાં ઢંકાયલું હતું. કમલિની સંગાથની સ્ત્રીઓની વાતો સાંભળતી હતી. કોઇ નદીમાં ચોખા નાંખતી હતી તો કોઇ નાળિયેર વધેરતી હતી. વૃદ્ધ સ્ત્રીઓ નદીનો ધોધ જોઈને "હરિ! હરિ!" તો કોઇ 'શિવ! શિવ!" કહીને "આહા! હા! પવિત્ર ગંગા માતા કે'વાં વ્હે છે!" એમ ઘણા ભક્તિભાવથી કહેતી હતી. જ્યહાંથી પાણીનો ધોધ પડતો હતો, ત્હેની પાસેના જ આરાનાં પગથિયાં ઉપર અન્ય યુવતીઓ તથા કમલિની ઊભાં હતાં. આ દેખાવ જોઇને કમલિનીને સ્પષ્ટ લાગ્યું કે આ સર્વ જગ્યા પોતે પ્હેલાં જોઈ છે, સર્વ દેખાવ હેને જાણીતો લાગ્યો, અને ધીમે ધીમે આ સર્વ જોયું હોય ત્હેની હેના હૃદયમાં વધારે ખાતરી થતી ગઈ. એ પગથિયાની છેક ધાર ઉપર આવીને ઊભી ને સ્હામે પારનો મ્હોટો શ્યામ ઊંચો ખડક હેણે અગાઉ જોયો હોય તેમ તરત ઓળખ્યો. ધસતા પાણીનો નાદ પણ સાંભળ્યો હોય તેમ હેને સ્મરણ થયું. આ સર્વ જોયાની ખાતરી થઇ. પરંતુ ત્યહાં બીજું શું થયું હતું? સર્વ સ્વપ્ના જેવું હેને કેમ ભાસતું હતું?–હેનું માથું શાથી દૂખવા લાગ્યું તથા હૃદયમાં દુઃખ થવા લાગ્યું? એ જાગૃત હતી પરંતુ સ્વપ્નવશ થઇ હોય એમ લાગ્યું. હેનો હસ્ત ઝાલીને હેને કોણ દોરતું હતું? હાથે હીરાની બંગડીઓ પ્હેરેલી કોઇ ઉમરાવ કુળની સ્વરૂપવાન સ્ત્રીની આકૃતિ હેની સંમુખ દેખાઇ. કમલિની ને છેક પાસે જ પાણીના ધધારાનો અવાજ સંભ-

જાતો હતો, હેનો તે જ ક્ષણે પગ લપસ્યો ને પાણીના પ્રવાહ ભેગી તણાઈ કે તરત તે ઉમરાવ સ્ત્રીએ ચીસ પાડીને પાણીમાં ડૂબકી મારી, પછી સર્વ અંધકારમય થઈ ગયું. હેના શરીરમાં તીવ્ર વેદના થવા લાગી, પાણીમાં ભયંકર ભમરા થવા લાગ્યા, એટલામાં તે સ્ત્રીએ બળ કરીને ત્હેને ઝાલીને નદીના કિનારા ઉપર આણી. હાવું સ્મરણ ચિત્ર હેની નજર આગળ આવ્યું. પણ આ સર્વ ક્યહારે તથા ક્યહાં બન્યું હતું? આ પ્રમાણે શું ખરેખર બન્યું હતું? હેનું સ્મરણ આજે શાથી થયું? પિતાજીએ કદી પણ હેવા બનાવની વાત કરી ન્હોતી. આ પ્રમાણે તે વિચારમાં ડૂબેલી હતી તેટલામાં હેણે કોઇકનો સ્વર સાંભળ્યો ને ચમકી. ભૂતકાળના વૃતાન્ત ભેગો વિચિત્ર રીત્યે ભળી જતો, તે કમલિનીના પિતાનો સ્વર હતો. ઘણા કાળ ઉપર સાંભળેલા મધુર ગાનના સુર હેને આકર્ષણ કરતા હોય એમ લાગ્યું, અને હેને સ્વપ્નમય સ્થિતિમાંથી જાગૃત કરી. કમલિનીએ તરત પાછળ વળીને જોયું તો હેના પિતાને જ લોકોના ટોળામાં અદશ્ય થતો જોયો, તે દિશા તરફ કમલિની "પિતાજી! પિતાજી!" કહીને ત્વરાથી દોડી. એ દોડતી દોડતી ઘટામાંના મંદિરના પગથીઆ ઉપર આવીને ઊભી પરંતુ હેનો પિતા ફરી દેખાયો નહિં. ઘંટના તથા શંખના અવાજ કાન ફોડી નાંખે ત્હેવા થતા હતા. આ વિચિત્ર સ્વપ્નું, તથા પોતાના પિતાને નજરોનજર દેખાયા છતાં ન મળ્યા તેથી તથા આસપાસના સર્વ લોકો પોતાની સ્હામું જોઈ રહ્યાથી એ ભયભીત થઈ. "અરે! મ્હારાં સાસૂ તથા પતિ મ્હને અહિં એકલી જોશે તો શું કહેશે?" આમ વિચાર કરવા લાગી. આજૂબાજૂ ભસ્મ ચોળેલા વેરાગીઓ તથા ભયાનક રાક્ષસ જેવા કદ્રુપ પૂજારીઓ હેની તરફ તાકીને જોઈ

રહ્યા હતા, તેથી તે ગભરાવા લાગી. હાવા લોકોએ તરુણ કન્યાઓ ઉપર ભુરકી નાંખ્યાની અનેક વાતો હેને યાદ આવી, એ ચીસ પાડવા જતી હતી પરંતુ હેનું સર્વ બળ જતું રહેલું લાગ્યું, એ જમીન ઉપર બેશી ગઈ. એટલામાં એક શાન્ત, મધુર તથા ગંભીર અને પ્રભાવ-શાલી સ્વર સંભળાયો;—"ઊઠો, અને ત્હમારા કુટુમ્બી પાસે ચાલો, આ સ્થાન ત્હમારે લાયકનું નથી." કમલિની તરત આજ્ઞાને આધીન થઈ ને ધ્રૂજતી ધ્રૂજતી ઊઠી, અને આ બોલનાર મનુષ્ય સ્હામે જોયું, તો એ પેલો તરુણ વૈદ્ય હતો ! કમલિની તરત નિર્ભય થઈને શાન્ત પડીને કાંઇંક પૂછવા જતી હતી, પરંતુ તે યુવકે કહ્યું:—" છાનાં રહો, બોલશો નહિં. આ સ્થળ કાંઇ પણ વાત કરવાને યોગ્ય નથી." હેણે કમલિનીનો હસ્ત મજબુત ઝાલીને હાવા ભયંકર દેખાતા લોકોની બીડમાંથી, કાશી તથા હેની સખીઓનું ટોળું હતું ત્હાં સંભાળથી હેને દોરી ગયો. કમલિનીએ કાશીને પોતાની પાસે આવતાં જોઈ, એટલે હેના જીવમાં જીવ આવ્યો.

"નારાયણ સંન્યાસીએ ત્હમને કહાવ્યું છે કે કમલિનીને હેના કુટુમ્બી પાસે લઈ જાઓ. એ પેલા મંદિરમાંછે, હેમણે ત્હમને દૂરથી દીઠાં હતાં પરંતુ હાલ એ બીજા કાર્યમાં ગૂંથાયલા છે, તેથી મેળાપ થઈ સકશે નહિં." તે યુવક કાશીને આટલા સમાચાર કહીને જતો રહ્યો. આ સાંભળીને કમલિની મૂઝાવા લાગી ને કાશીને કશું પણ કહી સકી નહિં. કાશી હેના ભણી પ્રશ્ન કરતી નજરે જોઈ રહી હતી. કમલિની રોવા લાગી. કાશીએ ધાર્યું કે એ પોતાના પિતાને ન મળ્યાના દુઃખથી રૂવે છે, તેથી હેને આશ્વાસન દઈ સર્વ સખીઓ મળીને કમલિનીનાં સાસરિયાં વાળા ટોળામાં નદી કિનારે

ગયાં. આ બનાવથી કમલિની ઘણી અસ્વસ્થ થઈ હતી. " આ સ્વપ્નમય પરંતુ પ્રત્યક્ષ દર્શન શાથી થયું હતું ? શું ખરેખર હાવો બનાવ બન્યો હતો ? પિતાજી શા માટે મ્હને મળ્યા વગર જતા રહ્યા ? શું નદીની દેવીએ કાંઇ સંદેશો મોકલ્યો હતો ? " આમ અનેક વિચાર કમલિનીને આવ્યા કરતા હતા, પરંતુ તે કાંઇ ખાતરીથી કહી સકતી ન્હોતી. "કાશીને બધું કહીશ તો એ શું કહેશે ? પેલો વૈદ્ય અહિંયાં કે'વી રીતે આવ્યો ? પિતાજીએ શા સારૂં હેની સાથે સંદેશો કહેવડાવ્યો ? " વગેરે વિચાર હેને આવતા હતા, પરંતુ હાવી ભીડચમાંથી એ વૈદ્યે પોતાને સંભાળથી કાશી પાસે આણ્યા માટે મનમાં આભાર માનવા લાગી.

કમલિનીનો પતિ દિવસનો ઘણોખરો સમય કમલિનીની જોડે ગાળતો હતો. ઘરની પેઠે બ્હાર નીકળ્યા પછી ગણેશ તથા કમલિની ઉપર હેનાં સાસરિયાં સખ્તાઈ કરતાં ન્હોતાં. કમલિની સાથે જેમ જેમ એ વધારે વખત ગાળતો ગયો તેમ તેમ હેનો પ્રેમ કમલિની ઉપર વધારે દૃઢ થતો ગયો. હેની અપૂર્વ સુન્દરતા, લાલિત્ય, તથા અકૃત્રિમ વિવેક કમલિનીને હેની વયની અન્ય યુવતિયોથી તદ્દન જુદી જ પાડતાં હતાં. તથા હેના ઊંચા કૂળની ખાતરી કરી આપતાં હતાં. તે ઉપરાંત કમલિનીનો સર્વ માહિતી મેળવવાનો ઉત્સાહ અને કહેલી વાત ઘણી જ ચંચળતાથી સમઝવાની શક્તિ, આ સર્વ ગુણ જોઈને સ્ત્રીઓના પ્રેમ તથા કેળવણી વિશે હેણે અંગ્રેજી વિચાર ગ્રહ્યા હતા તેથી ઉશ્કેરાઈને, હેના પતિયે નવો માર્ગ શરૂ કરવાનો અને કમલિનીને પોતાની ખરી સહધર્મચારિણી કરવાનો નિશ્ચય કર્યો.

આ વિચારથી યાત્રાએથી પાછાં ઘેર આવ્યા પછી કમલિનીનું

જ્ઞાન વધારવાનું કાર્ય ગણેશે પોતાના હાથમાં લીધું. આ કાર્યમાં ઘણાં વિઘ્ન નડયાં. કમલિનીની સાસૂ તથા નણંદો ઘણાં કોપાયમાન થયાં, અને કહ્યું કેઃ—તું તો હવે પુરુષપણું ખોઈ બેઠો છે; કોઇ પણ ટેકવાળો પુરુષ પોતાની સ્ત્રીનું મહત્ત્વ આટલું બધું વધારી દઈને, હેને શિક્ષણ આપીને પોતાની બરોબરિયણ કરે ? વહૂ તો થાળી ચાટનારી બિલાડી જેવી ગણાય, તથા સાસરિયાંની અને પતિની દાસી કહેવાય." એ એમ માનતાં હતાં કે ગણેશ હાવી વર્તણુકથી પોતાને હલકો પાડીને વક્કર ખુવે છે. કેટલાક સમય સુધી ગણેશે દ્રઢ રહીને પોતાના વિચાર પ્રમાણે ચાલવા માંડયું, પરંતુ હેની માએ જાણે કાંઇ ભારે દુઃખ પડયું હોય તેમ તથા પોતાની જાત્યને કાંઇ મહા કષ્ટ થયું હોય તેમ દુખિયારે ચ્હેરે ફરવા માંડયું. કેટલીકવાર એ પોતાના પુત્ર આગળ રુદન કરીને હેને ચઢાવવાને કહેતી હતી કેઃ—"ત્હને શું થયું છે દીકરા ! એ છોકરીને તું એક પૂતળી જેટલી શું સંભાળ્ય સંભાળ્ય કરે છે ? જાણે હેને ભણીને કમાવા જવું હોય તેમ ઘરનું કામકાજ મૂકાવી દઈને હેના હાથમાં પુસ્તકો શું કામ આપ્યાં છે ? હાય ! હાય ! હાવું જોવાને પરમેશ્વરે મ્હને શા સારૂ જન્મ દીધો ? ત્હારી બ્હેનોને કેટલું દુઃખ થાય છે ! ત્હારી વહૂને હમારા ઉપર લગારે પ્રેમ કે લાગણી પણ નથી. હેણે જ ત્હને ચઢાવીને આ શરૂ કર્યું છે. હમે પ્રથમથી જ જાણતાં હતાં કે હેને વાંચવા ઉપર ઘણો પ્રેમ છે." આ સાંભળી ગણેશે કહ્યુંઃ—"મા ! તું આમ શું કામ બોલે છે ? સ્હવારમાં એક કલાક પુસ્તક વાંચ્યાથી તે હેવી થઈ જશે ? એ જરા વધારે જ્ઞાન મેળવીને મ્હારા કાર્યમાં ભાગ લઈ સકે એટલી જ મ્હારી ઇચ્છા છે. એ ત્હારા ઉપર રાજ્ય નહિં

ચલાવે. ભણતરથી હેનામાં છે તેના કરતાંએ વધારે નમ્રતા આવશે. થોડો સમય વાંચીને એ ઘરનું સર્વ કામકાજ કરે છે, છતાં તું શા માટે કહે છે કે બધું કામ ત્હમારે બધાંને કરવું પડે છે ?"

પણ આથી તે શાન્ત પડી નહિં, ને મ્હો ચઢાવીને આખો દિવસ ખૂણામાં બેશી રહી. માને આટલી દુઃખી જોઈને ગણેશનું કાળજું બળી જતું હતું. હેણે માને ઘણી ઘણી રીત્યે સમઝાવી, પણ વ્યર્થ. પ્હેલાં જ્યહારે ગણેશ જમવા બેસતો ત્યહારે હેની મા પાસે બેસતી હતી. હવે જ્યહારે ગણેશ જમવાને આવતો કે તરત હેની મા ઊઠીને બીજા ખંડમાં જતી રહેતી હતી. આ ગણેશને ઘણું કઠણ લાગ્યું. હેના પિતાએ પણ વર્તણુક બદલી. પ્હેલાં એ પુત્રની સાથે બેશીને લાંબા વખત સુધી કૉલેજની જીંદગી વિશે વાતચીત કરવામાં તથા અંગ્રેજીના નવીન શિક્ષણનો ઉપહાસ કરવામાં સમય ગાળતો હતો, તથા વેદાન્તનાં પુસ્તકોની ઉત્સાહભેર પ્રશંસા કરતો હતો, તે હવે મૌન ધારીને બેશી રહેતો હતો, અને જો ગણેશ કાંઇ પણ બોલતો, તો અણપરવડતો ઉંકારો કરીને ઉત્તર દેતો હતો. ગણેશની બ્હેનો પણ ગણેશને ટાળતી હતી, તથા એ પાસે હોય ત્યહારે માના કાનમાં છાનીછાની વાતો કહેતી હતી. માત્ર રમાબાઈનો પતિ ગણેશ સાથે પ્રથમ પ્રમાણે જ વર્તન રાખતો હતો. બિચારી કમલિની સૌથી વધારે દુઃખ ભોગવવા લાગી. પોતાની ભણી તિરસ્કારનાં તથા કઠોર વચનો વપરાતાં સાંભળીને હેનું હૃદય દુઃખમાં ડૂબી જતું હતું; ઘણા સમય સુધી એ લોકોની હાવી વર્તણુકનું કારણ એ સમઝી સકી નહિં. રોજની પેઠે એ રસોડામાં કામ કરવાને જતી હતી તો હેને કોઇ ગણકારતું નહિં, અને નજીવું કામ પણ હેના હાથમાંથી ઝૂંટવી

લેતાં હતાં. એક દિવસે રોજની પેઠે સર્વ સ્ત્રીવર્ગ જમવા બેસતો હતો ત્હાં ગઈ, સર્વ જમતાં હતાં પણ કમલિની માટે ઠામ કે ધાન્ય કશુંએ રાખ્યું નહોતું. એ ત્હાં થોડો સમય બાયણા પાસે ઊભી રહી પણ ચાકરડીએ પણ હેને ગણકારી નહિં. હેને ઘણી ભૂખ લાગી હતી, પરંતુ કશું બોલી નહિં. જ્યહારે સાંઝે કમલિની કૂવા ઉપર પાણી ભરવાને ગઈ ત્યહારે રૂક્માએ હેનું મ્હો ઊતરી ગયેલું જોઈને પૂછ્યું, અને આનન્દિ રૂક્માએ અનેક પ્રકારની નિર્દોષ મશ્કરી કરી; પણ જ્યહારે કમલિનીને એમ થયું કે ખરી વાત કહ્યા વગર છૂટકો નથી, ત્યહારે હેનાં નયનોમાં અશ્રુ ભરાઈ આવ્યાં. હેણે માત્ર એટલું જ કહ્યું કે મ્હને આજે જમવાનું મળ્યું નથી, તથા ઘણી ભૂખ લાગેલી છે. રૂક્મા આ સાંભળીને તરત બેડું જમીન ઉપર મૂકીને ઘરમાં દોડતી જઈને પોતે કરેલી પૂરીઓ લઈ આવી ને કમલિનીને ખાવાને ઘણો આગ્રહ કર્યો; મહા મેહેનતે કમલિનીએ થોડીક ખાધી. રૂક્માએ પૂછ્યું "આજે શા માટે જમવાનું નથી મળ્યું ?" કમલિનીએ ઉત્તર દીધો; "કારણ હું જાણતી નથી, પણ કાંઈક બન્યું છે ખરૂં, હમણાંનાં મ્હને ઘર કામકાજમાં પણ અડકવા દેતાં નથી અને મ્હને સર્વ જણાં ટાળે છે." સાસરિયાંની આ વર્તણુક બંનેને વિચિત્ર લાગી. થોડીવાર મૌન રાખ્યા પછી રૂક્માએ પૂછ્યું:—"જો આ પ્રમાણે રોજ ચાલ્યા કરશે તો શું કરીશ ?" આ સાંભળીને કમલિની પુષ્કળ રોવા લાગી, પરંતુ હેની સખીએ હેનાં આંસુ લ્હોઈને છાની રાખીને કહ્યું:—"કાંઇ ચિન્તા નહિં, તું કોઇને કહીશ નહિં, પણ બધાં જમી રહે એટલે તું કૂવા ઉપર આવજે, હું ત્હારે માટે પૂરીઓ લાવીશ."

કમલિનીનો પિતા પોતાની પ્રાણ સમાન પ્રિય પુત્રીને સુખી

કરવાને ગમે તે કરવાને તત્પર હતો, ત્હેણે ત્હેને આ સ્થિતિમાં જોઈ હોત તો હેને કેટલું બધું દુઃખ થાત ? જેટલો સમય કમલિની પોતાના પિતા સાથે રહી હતી તેટલા સમયમાં હેને કદી કશું દુઃખ પડયું ન્હોતું, તેમ કશાની ખોટય પણ પડી ન્હોતી. બાલ્યકાળના સુખી દિવસો હેને સ્વપ્ના જેવા લાગતા હતા, પરંતુ હાલ જેવી કમલિનીની સ્થિતિ છે ત્હેવી જ સર્વ ન્હાની વહૂઓની સ્થિતિ શ્વશુર ગૃહમાં હિન્દુ કુટુમ્બોમાં હોય છે. વ્હાલથી ઉછેરેલી પુત્રીને એકવાર આપી દીધી એટલે, હેના નવીન જીવનમાં કાંઇ પણ બોલવાનો હેનાં માતાપિતાનો લગારે અધિકાર રહેતો નથી, હેના ભાગ્યમાં જે લખ્યું હશે તે થયા વિના રહેશે નહિં, એમ પુત્રીનાં માતાપિતા માને છે.

કમલિનીને અકસ્માત્ ખબર પડી કે હેનો જમવાનો ઠામ પુરુષ વર્ગ જમવા બેસે છે ત્ય્હાં પીરસાય છે. કમલિનીની ભૂખથી ઉતરી ગયેલી મુખમુદ્રા ના જોઈ સકાયાથી હેમની ચાકરડીએ આ માહીતી આપી. એ પણ કમલિની ઉપર નારાજ થઈ હતી. તે બોલી:-"આ બધું હાથે કરીને ત્હમે ત્હમારા ઉપર આણ્યું છે." બિચારી કમલિના કશું ના સમઝી તેથી ત્હેણે પોતાના પતિને પૂછ્યું. ત્ય્હારે ગણેશે કહ્યું:—"ત્હને મ્હેં ભણાવવા માંડયું છે તેથી બધું આમ ચાલેછે." કમલિનીએ પોતાના પતિને વીનવીને કહ્યું કે:—"મ્હારા ઉપર દયા લાવીને મ્હને ક્ષમા કરો ને મ્હને શિક્ષણ આપવાનું છોડી દ્યો. મ્હારે કેટલુંબધું સહન કરવું પડે છે, તે તમે જાણતા નથી." પરંતુ ગણેશે કહ્યું કે:-"કશું ગણકાર્યા વગર તું ત્હારો અભ્યાસ કર્યે જજે." થોડા સમય સૂધી તો ગણેશે નિયમસર તથા માયાથી કમલિનીને શીખવવાનું ચાલૂ રાખ્યું. સર્વ દુઃખ સહન કરવા છતાં તેટલો સમય

કમલિની ઘણી સુખી રહેતી હતી. પરંતુ પતિની વર્તણુકમાં પણ ફેરફાર થવા લાગ્યો. ધીમે ધીમે હેણે કમલિનીને શિક્ષણ આપવાનું છોડી દીધું. કમલિનીને સ્હવારમાં કશુંએ કરવાનું રહ્યું નહિ, પરંતુ સાસૂ નણંદોનાં મ્હેણાંના ભયથી સ્ત્રીઓના બેસવાના ખંડમાં જતાં બ્હીતી હતી. પતિના શિક્ષણ આપવાના નીમેલા વખતે વાટય જોતી કમલિની રોજ સ્હવારમાં બેશી રહેતી, પરંતુ ગણેશ આવતો નહિં. હેની વર્તણુકના આ ફેરફારનું કારણ એ કળી સકી નહિં. પતિ થોડો સમય શાખવતો હતો, તેટલા માટે સર્વનાં મ્હેણાં, જુલમ, માત્ર હેના પ્રેમ ખાતર સહન કરતી હતી, ને હવે હેનો પતિ જે પોતાનું આ ભવમાં તથા બીજા ભવમાં સર્વસ્વ હતું ત્હેને આમ પોતાને ટાળતો જોઈને કમલિનીનું હૃદય નિરાશાથી ચીરાવા માંડયું. આ હેની હાર્ય થઈ એમ લાગી હેની માનવૃત્તિને કાંઇક ક્ષોભ થયો. પ્હેલાં કમલિનીને ગણેશ ઉપર એક જાતયનો નિશ્ચિન્ત વિશ્વાસ હતો, પરંતુ હવે હેના ઉપર શંકા આવવા લાગી.

જ્યહારે કમલિની પોતાના ખંડની બ્હાર આવતી ત્યહારે હેની નણંદો એક બીજા સ્હામું જોઈને સ્મિત કરતાં હતાં, ને કહેતાં કેઃ—“ અહા ! શી પડતી ! આટલી બધી ખટપટ કર્યાનું શું પરિણામ આવ્યું ?” આથી કમલિનીના હૃદયમાં બમણું દુઃખ થવા લાગ્યું, તોએ એ મનમાં પોતાના પતિનો બચાવ કરતી હતી કેઃ—“ શું કરે હેમાં હેમનો દોષ નથી. મ્હારી સાસૂ તથા નણંદોનું આ કામ છે.” પરંતુ આ વિચારથી હેને સંતોષ કે સુખ થતું ન્હોતું. હવે સાસૂ નણંદની વર્તણુકમાં બીજો ફેરફાર થવા લાગ્યો. કમલિનીને કઠોર શબ્દો, તથા મ્હેણાં મારવાં મૂકી દીધાં, ને ગણેશની સોબતમાં સર્વે

રહી આનન્દ કરવા લાગ્યાં. કમલિની જાણુતી હતી કે પોતાની પ્રત્યે કદી કોઇ પણુ માયા નહિં દર્શાવે, પરંતુ પોતાના પતિને સર્વ જણાં આનન્દમાં રાખતાં જોઈને તે ઘણી ખુશ થવા લાગી. આ ફેરફાર રમાબાઈના પતિના કૃત્યથી થયો હતો. એ કુટુમ્બનો સલાહકાર હતો. જ્યહારે ઘરનાં બધાં બૈરાંએ જોયું કે ગણેશ અને કમલિની વિશે તથા કુટુમ્બની દશા વિશે હેણે કહેલું ભવિષ્ય ખરૂં પડ્યું, ત્યહારે સર્વ કુટુમ્બ મંડળ વૃદ્ધશાસ્ત્રી પાસે જઈને હાવી પુત્રવધૂ ઘરમાં આણ્યા માટે હેને દોષ દેવા લાગ્યું. ગણેશની માએ કહ્યું:—"એ તો વહુ પછવાડે ઘેલો થયો છે, હેને ત્હમારી કે મ્હારી લગારે દરકાર નથી, ને મર્યાદા ભંગ કરીને આપણા કરતાં એ કમલિની વધારે હોય એમ કરે છે. હેને કામ પણ કરવા દેતો નથી, અને હમે કમલિનીની દાસીઓ થઇને રહીએ એમ ઇચ્છે છે." વૃદ્ધશાસ્ત્રીએ આ સર્વ સાંભળ્યું, વિચાર કર્યો ને હેના મનમાં ઘણું દુઃખ થયું. એટલામાં રમાબાઇનો પતિ હેની મદદમાં આવ્યો ને બોલ્યો:—"હાનું પરિણામ શું આવશે તે હું જાણુતો જ હતો. આ સર્વ નવીન કેળવણીનું પરિણામ છે, અને અંગ્રેજી શિક્ષણ લીધેલા જવાનીઆઓની ધૂન છે, ને તેથી જ ત્હમને મ્હેં અનેકવાર ચેતવણી આપી હતી, પરંતુ હવે આમ શું કરવા કરોછો? જેમ ત્હમે વિરુદ્ધ મત દર્શાવશો તેમ એ વધારે પોતાની સ્ત્રીને ભણાવવાનું કરશે. એ એમ ધારે છે કે પોતાના અભિપ્રાય અમલમાં આણવાને પોતે ભારે યુદ્ધ કરે છે. જો ત્હમે આમ હેની વિરુદ્ધ પડશો તો આપણા ત્રાસથી કંટાળીને જતો રહેશે અને આપણે હેને સમૂળગો ખોઈશું. હેને શી દરકાર છે? ત્હમે સર્વ જો કમલિનીને દુઃખ દેશો તો એ કમલિનીને લઈને જતો રહેશે. માટે

હેના મનમાં જેમ આવે તેમ કરવા દો. હેની વિરુદ્ધ થવાને બદલે અને કમલિનીની પ્રત્યે તિરસ્કાર દેખાડવાને બદલે હેની મરજી પ્રમાણે વર્તવા દો. તરુણ પુરુષનું આકર્ષણ હેની સ્ત્રી ઉપરથી ફેરવી લેવાના હજારો ઉપાય છે, ગણેશને મોજશોકનો અને મિત્રમંડળના સહવાસનો છંદ છે તે હું જાણુંછું. માટે હેની આ ઘેલછા ટાળવાને હેને ઉજાણીએ તથા કીર્તનો હોય ત્હાં લઈ જાઓ. જ્હારે ત્હમને સર્વને પોતાની વિરુદ્ધ મતનાં નહિં જુવે ત્હારે પોતાની મેળે જ કમલિનીને કેળવવાનું કાર્ય છોડી દેશે."

આ અભિપ્રાયને સર્વ માન આપ્યાં, શાસ્ત્રીએ માત્ર એટલુંજ દુઃખિત સ્વરે કહ્યું કેઃ—"મ્હારી વ્હાલી સદ્‌ગુણી પુત્રવધૂ પોતાના પતિને સારૂ વિરુદ્ધ ચઢાવીને કુટુમ્બથી વિમુખ કરે અને મ્હારો છોકરો આમ વર્તે હેવું હું કદી પણ માની સકતો નથી." આ વાતચીત થયા પછી ગણેશની મા પોતાના પુત્ર પ્રત્યે માયાથી વર્તવા મંડી. વ્હાલી માયાળુ માને નાખુશ કર્યા માટે ગણેશને પસ્તાવો થયો ને હેણે વિચાર્યું કેઃ—"માનો પ્રેમ એટલોબધો છે કે મ્હારી ગેરવર્તણુક પણ ખમી રહે છે." વળી હેણે નિશ્ચય કર્યો કે "થોડા દિવસમાં હું રામપુર જવાનો જ છું, એટલે ત્હાં કમલિનીને હું શિક્ષણ આપીશ." તેથી હેણે થોડા દિવસ માટે અહિંયાં શિક્ષણ આપવું બંધ કર્યું, અને કમલિનીની સોબત પણ ઓછી કરી નાંખી. પોતાનાં ખટપટી સગાંઓએ યોજેલી યુક્તિઓમાં મૂર્ખ ગણેશ સપડાઇને બીજા પ્રકારના વિનોદમાં સમય ગાળવા લાગ્યોઃ—

પ્રકરણ ૯ મું.

વિષબીજ.

કમલિનીના હૃદયના ગૂઢ ભાવ તથા ઉત્તમ ગુણ કોઇ જાણતું ન્હોતું, એ પોતે પણ પોતાના સદ્દગુણોની હયાતી વિશે અજાણી હતી. એ ગુપ્ત દ્વાર ઊઘાડવાનો મંત્ર કોઇયે હજી ઉચ્ચાર્યો ન્હોતો. કૃત્રિમ બન્ધનોએ પૂરી રાખેલો પ્રવાહ અંધકારમાં અને સ્થિર રહ્યો હતો. એ પ્રવાહના બળને કોઇયે અજમાવ્યું ન્હોતું; અને એ પ્રવાહનો સર્વગ્રાહી વેગ પ્રગટ થવા માંડ્યો ન્હોતો. હજી સુધી એ શાન્ત, સ્વપ્નમગ્ન, ગભરાયલી અચેષ્ટ કમલિની હતી; સંયોગોના હાથમાં રમકડારૂપ, ભક્ષરૂપ બનેલી કમલિની દરેક જુલમ વગર બોલ્યે ખમી રહેતી હતી, અને સર્વ ભાગ્યને યોગે થાય છે એમ માનીને શાન્તિથી દરેક નવો દુઃખનો ભાર ઉપાડતી હતી. મૂગાં પ્રાણીની પેઠે કોઇને પ્રશ્ન પૂછ્યા વગર કશાની પડપૂછ કર્યા વગર જે કામ કરવાનું આપે તે પોતે કર્યે જતી હતી તેથી એ જાતે આશ્ચર્ય પામતી હતી.

ગમે તે કારણથી, હેને પોતાનાં સાસરિયાંની વર્તણુકથી કાંઇ ખાસ વધારે દુઃખ ન્હોતું લાગતું. ધીમે ધીમે હેની આંખ્યો ઉઘડી હતી. એ બધાંનાં કપટ તથા હલકાઇથી કંટાળી હેમની તરફથી કશી સારી વર્તણુકની આશા જ રાખતી ન્હોતી, અને એ બધાં હેવી રીત્યે વર્તે હેમાં કશી નવાઈ નથી એમ હેને લાગતું હતું. પરંતુ ગણેશ વિશે કમલિનીનો હાવો અભિપ્રાય ન્હોતો. જો કે ગણેશ પ્રત્યે હજી હેના

હૃદયમાં પ્રેમની લાગણીએ પ્રવેશ ન્હોતો કર્યો પણ કમલિની હેને પોતાના મિત્ર પ્રમાણે ગણુતી હતી, ને ગણેશને હેના કુટુમ્બી કરતાં ગુણવાન માનતી હતી. ગણેશની માયાળુ વર્તણુકથી કમલિનીના મનમાં વિશ્વાસ બેઠો હતો. હાવો પુરુષ પોતાનો પતિ એ શું દુર્લભ સુખ ન્હોતું ? એમ વિચાર કરીને કમલિની પોતાના હૃદયને આશ્વાસન દેતી હતી. પરંતુ કોઇ કોઇવાર હેનું હૃદય શેની ઊર્મિઓથી ધડકતું હતું ? આ મૈત્રીએ ધીમે ધીમે કમલિનીના હૃદયમાં નવીન પ્રેમનું ઝરણ ઉત્પન્ન કર્યું હતું. આથી તે ઘણી આશ્ચર્ય પામતી હતી, અને જગતમાં સર્વ નવીનતા હેને લાગવા માંડી. સુખમય શુદ્ધ જીવન ગાળી સકાય, પોતાના તથા પતિના હૃદયની એકતા થાય ને કદી પણ એક બીજા વચ્ચે મનભેદ ન થાય, એક બીજાની લાગણીઓ સમઝી સકાય, તથા એક બીજાના પ્રેમ સારૂં જ જીવન છે હેવો દિવસ આવવાનો સંભવ લાગીને નવીન જીવનનું પ્રાતઃકાળ થતું હોય એમ હેને લાગ્યું. હજી કમલિનીની પ્રેમની લાગણી ઝાંખી હતી, પરંતુ કોઇ કોઇવાર ઘણી પ્રબલ થતી હતી. રમાબાઇ તથા ગંગી અને હેમની મા તરફથી ગણેશ તથા કમલિનીએ ભોગવેલાં દુઃખે હેમનો એક બીજા પ્રત્યે સંબન્ધ વધારે દૃઢ કર્યો હતો. ગણેશને કોઇ કઠોર શબ્દ કહેતું તો કમલિનીનું હૃદય ઘણું દુઃખી થતું હતું. પણ ગણેશ આ જાણતો ન્હોતો. કમલિનીને વિચાર આવતો હતો કે જ્યહારે પોતાને સાસુ નણંદો દુઃખ દેતાં હતાં, ત્યહારે ગણેશના હૃદયમાં પણ એ જ પ્રમાણે દુઃખ થતુ હશે કે કેમ ? ધીમે ધીમે કમલિનીનાં હૃદયમાં મૈત્રી કરતાં વિશેષ આશાની જાગૃતિ થઈ. એ પોતાના મનમાં વિચારતી કેઃ—“એ શું હશે?” પણ હાનો ઉત્તર દેનાર કોઇ ન્હોતું. હાવી ક્ષણે જો

ગણેશ એક પ્રેમ વચન અથવા એક માયાળુ શબ્દ કહેત તો હેના હૃદયનાં દ્વાર ઉઘડી જાત, અને હૃદયની સર્વ વાત ગણેશને કહેત, પરંતુ કમલિની ભયથી કશી વાત ગણેશને કહેતી ન્હોતી, ગણેશની પોતાની પ્રત્યેની બેદરકારી જોઈને એ નિરાશ થતી હતી, પરંતુ ગણેશની સર્વ દરકાર રાખવાનો પોતાનો ધર્મ સમઝીને હેના કામમાં કદી પણ બેપરવાપણું રાખતી ન્હોતી તથા આળસ કરતી ન્હોતી. હેને દુઃખ પડવાના ઘણી નજીવી બાબતોમાંથી ઉત્પન્ન થયેલા બનાવો બનતા હતા. કમલિનીના મનમાં ઘણીવાર ગણેશ વિશે ભય તથા શંકા ઉત્પન્ન થતાં હતાં. "શું એ કાંઇ સંકટમાં આવવાના છે?" આમ વિચાર હેના મનમાં અનેકવાર આવતો હતો, જીવનમાર્ગમાં શી, શી, અને ક્યહાં, ક્યહાં, ભૂલભૂલામણીઓ છે તે આટલાં થોડાં વર્ષના અનુભવથી એ સમઝી સકી હતી, તથા જેને જીવનમાર્ગ સરલતાથી વટાવવો હોય ત્હેણે કેઇ કેઇ ભૂલભૂલામણીઓ ટાળવી જોઇએ તે પણ જાણતી હતી. સઇબાઇ શિવગંગામાં આવી હતી એ કમલિનીનું ચિન્તાનું મૂખ્ય કારણ હતું. સઈ જાધવીણને લોકો માત્ર સઈના નામથી જ ઓળખતા હતા; હેને ગણેશે રામપુરમાં અકસ્માત્ નાટકમાં જોઈ હતી. હેની કેટલીક જમીન તથા મિલકત શિવગંગામાં હોવાથી એ હાલ અહિં આવી હતી. જે દિવસે સાંઝે એ શિવગંગા આવી પ્હોચી તે જ સાંઝે, પોતાની દાસીઓ સાથે બગીચાવાળા ઘરના ઓટલા ઉપર એ બેઠી હતી, તેટલામાં હેણે કોકનાં પગલાં સાંભળ્યાં.

સઇએ ઘાંટો પાડીને પૂછ્યું "કોણ છે?"

"રામ! રામ! બાઈસાહેબ" એક ઊંચા કદાવર ભીલે હાથ

જોડીને નમસ્કાર કરીને ઉત્તર દીધો.

"ભીમા! શા સમાચાર છે?"

"ઈશ્વરકૃપાથી અને ત્હમારા પ્રતાપથી સઘળું સારૂં છે."

"અરે! પણ પેલા ચોરીના માલનું શું થયું?"

"અહા! બિચારાને મુસ્કેલીમાંથી શી રીત્યે છૂટવું ત્હેની સમજણ પડતી નથી. એ પોતાના નસીબને ગાળો દેતો હતો, ને કહેતો હતો કે એ બધાંનું મૂળ સઈ છે. ત્હમારા હુકમ પ્રમાણે હું ઝાડ નીચે સંતાઈને બધી વાત તથા ગાળો સાંભળતો હતો. ચોરીનો કીમતી માલ હેની પોતાની જ ઘાસની ગંજી નીચેથી મળ્યો. પ્હાડી ભીલ ઉપર છૂપી પોલીસ પોતાની હુશિયારી દેખાડીને ફસાવવાનું કરે ત્હેની હેવી જ દશા થાય!"

સઈ બોલી:—"સારૂં, યોગ્ય જ થયું. હેણે મ્હારી સલાહ ન્હોતી માની, હવે એ કોના માથા ઉપર દોષ નાંખે છે?"

"એ બાબત કશું બોલ્યો નથી. ત્હમને મળીને સલાહ પૂછવાની હેની મરજી છે. ગામમાં બધે એ જ વાત ચાલી રહી છે, ને પૈસાદાર લોકોનો જીવ પોતાની મિલકત માટે તાળવે ટાંગેલો છે."

"મ્હારા કહ્યા પ્રમાણે વાટય જોઈને સર્વ કાર્ય મ્હને સોંપ્યું હોત તો બધું સારી રીત્યે પાર પડત. એક ભીલને સપડાવવા જતે પોતાને જ ત્હાંથી માલ પકડાઇ સપડાયો તે કેવી ફજેતી? ખરેખર, ત્હને ત્હારી હુશિયારી માટે સારો બદલો મળશે; પણ શંકરરાવનું શું થયું?" સઈએ વિષય બદલીને પૂછ્યું, "હેને જંગલમાંથી રસ્તો જડયો? મ્હેં હેને ખરો રસ્તો ન્હોતો દેખાડયો. એ મૂર્ખ ખરેખરૂં માને છે કે પોતાની સ્ત્રી જતી રહી છે? આ બાબત ઘણી બારી-

ફીથી તપાસતો રહેજે, ત્હને સારૂં ઇનામ મળશે. ખબરદાર ! કોઇને એક શબ્દ પણ એ વિશે કહીશ નહિં. પેલો ઉછાંછળો અજાણ્યો માણુસ હજી અહિયાં શું કરવા ભટક્યા કરે છે ? તું કહેતો હતો ને, કે જ્યહારે એ પર્વતો ઉપર મુસાફરી કરતો હતો, ત્યહારે હેની પાસે અમૂલ્ય દાગીના હતા ! ”

“ એ હાલ ક્યહાં છે હેની મ્હને ખબર નથી, બાઇસાહેબ. કોઇ કોઇવાર આપણુને ઠગવાને એ સાધુ જેવાં ભગવાં કપડાં પ્હેરે છે, પણ હમે તપાસ કરીને ત્હમને કહીશું. થોડા દહાડા ઉપર હેને સારાં કપડાં પ્હેરીને ઘોડા ઉપર સવારી કરીને પર્વતને રસ્તેથી જતાં જોયો હતો, એ સર્વ કાંઇં પૈસા ને નોકર ચાકર વગર થાય ?” એટલામાં એક બીજા હેના જેવા જ કદાવર ભીલે કહ્યું:—“ પણ હેને ઘોંડયાથી બ્હીતા રહેવું પડશે, કારણ એ ઘાટના રસ્તા ઉપર હું બરોબર નજર રાખું છું. ”

“ બહુ સારૂં, ભીમા, ઘોંડયા, હવે ત્હમે જાઓ. હું અહિં એક પખવાડિયું રહીશ. બીજને દહાડે રામપુર આવીશ, પછી શુક્રવારે અગનાઈ જવાને નદી ઓળંગીશ. બીજને બીજે દિવસે સદાશિવ ધોળમાં મ્હારી પાસે આવજો. અપ્રાથી ડોશીને આ આપજે ને મ્હારી ઓયડી વાળી ઝાડીને સાફ રાખવાનું કહેજે. અને ગોન્દનને પણ કહેજે કે ધોળમાં મ્હારે ટટ્ટૂનો ખપ પડશે. ખબરદાર રહેજે ! ”

ઉપરની વાતો ઉપરથી સઈ કેવા પ્રકારની સ્ત્રી છે તે સહેજમાં ખબર પડશે. ચોરી, લૂંટફાટ, તથા તે દેશમાં થતી સર્વ ગુપ્ત હકીકતથી એ ભોમીયણ હતી. દરેક શહેરમાંના બનાવની ખબર હેના વિશ્વાસુ નોકરો આણી આપતા હતા. અજાણ્યા માણુસને એ ઘણી

ચતુર તથા ઘણી પ્રભાવવાળી સ્ત્રી લાગતી હતી, તેથી હેને લઢાઇ ટંટા પતવવાનું, ચોરીઓ પકડાવી આપવાનું તથા જાસૂસનું કાર્ય ઘણા મનુષ્યો હેનો વિશ્વાસ રાખીને સોંપતા હતા. સઈના કારભારીઓ જોડે કોઇ નવીન મનુષ્ય આવતો, તો હેને કાંઈને કાંઇ કામ એ સોંપતી જ, તથા હેની સાથે પ્હેલવ્હેલા ઓળખાણથી જ મિત્રભાવથી વર્તતી હતી. કોઇવાર પોતાને માટે કસબી કોર્યની સાડી મંગાવતી, તો કોઇવાર અમુક જાત્યના અલંકાર કરાવવાનું કાર્ય સોંપતી હતી, તથા તે કાર્ય શી રીત્યે કરવું ત્હેની સર્વ સૂચના આપતી હતી. આ કાર્ય એ હેવી તો છૂટથી તથા આનન્દથી બોલીને સોંપતી કે ગગે હેવા અણઘડ ગામડિયા પણ હેની આગળ વગર ગભરાયે વર્તતા હતા. સરકારી અમલદારો પણ હેની સલાહ લેતા હતા, તથા એ સલાહ અને સૂચનાઓ ઘણી આતુરતાથી અમલમાં આણતા હતા. જ્યહાં જાય ત્યહાં સઈની હાવી સત્તા હોવાથી, રમાબાઇના હાવા પતિ જોડે હેનું ઓળખાણ હોય ત્હેમાં કાંઇ નવાઈ નહિં, કેમકે એ જાતે દુનિયાંદારીમાં કુશળ માણસ હતો. સઈ શિવગંગામાં આવી કે તરત હેણે રમાબાઇના પતિને તેડવા મોકલ્યું. ગણેશના મનમાં પણ હેને મળવાની ઇચ્છા થઈ, પરંતુ હેના પંઝામાં સપડાવાના ભયથી પ્રથમ તો ત્હેનાથી દૂર રહેવાનું કર્યું, પણ રમાબાઈના પતિના અત્યન્ત આગ્રહથી એક દિવસે હેની સાથે સઈને ઘેર એ ગયો. સઈને મળવાને પુષ્કળ મનુષ્યોનું ટોળું વાટય જોતું હતું, ત્હેમાં ગણેશ ભળી ગયો, અને સઈ શું કરે છે તે જોવાને ડોકિયું કર્યું.

એટલામાં સઈએ હેને દીઠો કે તરત કહ્યું:—"ઓહો! આ કોણ છે? આ કોઇ નવીન મૂર્તિ છે!" આ સાંભળીને ગણેશ

સંતાઈ જવાનું કરતો હતો, પરંતુ રમાબાઇના પતિએ ગણેશના ખભા ઉપર હાથ મૂકીને કહ્યું:—"આ મ્હારી પત્નીનો ભાઈ છે, રજાના દિવસો ગાળવાને ઘેર આવ્યો છે, અને અંગીનું લગ્ન છે તેથી થોડા દિવસની રજા વધરાવી છે." સઈએ ભમ્મરો ઊંચી કરી અને સ્મિત કરીને ગણેશને કહ્યું:—"એમ કે! ત્હારે તો મ્હેં ત્હમારી સુન્દર પત્નીને દુધસ્થળમાં જોઈ છે, શરમાશો નહિં; એ અસાધારણ છોકરી છે, પણ આ તરફની નથી. જુવો, ત્હમારા કરતાં હું હેને વિશે વધારે જાણુંછું. થોડા સમય ઉપર હેને લીધે જ ત્હમારા કુટુમ્બમાં ક્લેશ થયો હતો, નહિં વારૂ? હેનો અભ્યાસ કેવો ચાલે છે?" ગણેશને જરા ચમકેલો જોઈને કહ્યું:—"અરે! હેમાં ગુપ્ત રાખવાનું શું છે? હમે એ સર્વ જાણીએ છીએ, સઈથી કશી પણ વાત ગુમ રહી સકે છે? મ્હને ત્હમારી પત્નીને ફરી જોવાનું મન છે; પરંતુ સાવચેત રહેજો હો! એ મંન્યારીની પુત્રી છે." આટલું કહીને રમાબાઈના પતિને તથા ગણેશને નમસ્કાર કરી જવાની રજા આપી.

બિચારા ગણેશના તો હોશ કોશ જ ઊડી ગયા. સઈએ હેની તરફ આટલી નજર કરી તેથી એ ગભરાઈ ગયો હતો, તથા હેણે કમલિનીને મળવાની ઇચ્છા દર્શાવ્યાથી એ ઘણો આશ્ચર્ય પામ્યો હતો. અજ્ઞાન, નિર્દોષ અને અજાણી કમલિની હેની સમક્ષ કેવી ઝાંખી પડશે? અને કમલિની આ સ્ત્રી વિશે શું ધારશે? આ વિચારોથી તે કમ્પિત થયો; તે જ ક્ષણે રમાબાઈનો પતિ જાણે ગણેશના વિચાર કળી સકયો હોય તેમ બોલ્યો:—"જોયું! કેળવાયલી અને વગર કેળવાયલીનો ફેર કેટલો બધો છે? ત્હને કેઈ સ્ત્રી પત્ની તરીકે ગમે? સાદી, અજ્ઞાન, અને મ્હોં ઊઘાડવાને પણ બ્હીએ

ત્હેવી કે, બહાદૂર, ચતુર, અને સર્વ પુરુષો ઉપર પોતાની સત્તા ચલાવવાને પ્રતાપવાળી હોય ત્હેવી સ્ત્રી ? પણ સઈ હાવી થઈ છે તે કેળવણીને જ પ્રતાપે. એ હેના સાસરામાં પોતાના મૂર્ખ ગામડિયા જેવા પતિથી અસંતુષ્ટ હતી, તેથી હેણે પોતાના પતિને વિષ પાયું એમ કહેવાય છે. ગમે તેમ હો, પણ હેનું શું થયું તે કોઇ જાણતું નથી. સઈ હેવી ચતુર છે તથા હેને મનુષ્યોની રીત્ય ભાત્ય મન વગેરેની હેવી પરીક્ષા છે કે ભલભલા પુરૂષો પણ હેની બરોબરી કરી સકતા નથી. એ રાણી જેવી સ્વતન્ત્ર છે, મ્હારા ત્હમારા જેવા સાધારણ વર્ગના પુરુષોની હેને લગારે પરવા નથી, કારણ રાજા મહારાજાઓ હેના મિત્ર છે. હવે ત્હમે સર્વ સમઝયા ? હેનામાં અતિ ઉચ્ચ સ્થિતિ અને અતિ નીચે પતન બંને સંયુક્ત થયાં છે, મ્હને લાગે છે કે ત્હમને ત્હેની કશી દરકાર નથી. ત્હમારી નવી કેળવણી સ્ત્રીને સ્વાતંત્ર્ય આપે છે, પરંતુ હેમની નીતિનું શું ? પણ મ્હને લાગે છે કે ત્હમને ત્હેનું કાંઇ નથી ! કમલિનીને આ દશાએ પ્હોંચેલી જોવી ત્હમને ગમશે ? જરાક હેને ઉશ્કેરવાની જરૂર છે; એટલું થયું કે હેના હૃદયનાં સૂતાં જળ જોસમાં ફાટી બધે રેલ રેલાવશે, અને પછી ત્હમારૂં શું થશે ? ત્હમે શું એમ ધારો છો કે કમલિની ત્હમારી લગાર પણ દરકાર કરશે ? તમે માત્ર હેના પ્રેમમાં મુગ્ધ થયેલા અને હેને પૂજનારા અનેક પુરુષોમાંના એક ગણાશો. સઈના બોલવા ઉપરથી સ્ત્રીને કેળવણી આપવામાં ભય છે, તે ત્હમે શું ન સમઝયા ? વળી 'એ સન્યાસીની પુત્રી છે, સંભાળજો.' એ વચનો યાદ છે ? "

" જાઓ ! જાઓ ! હેની ચેતવણીની મ્હારે શી દરકાર છે ?

મ્હારી સાથે એ પ્રમાણે વાત કરશો નહિં. કમલિની વિશે ત્હમે શું જાણો ? હું કબૂલ કરૂં છું કે કેળવણી અને છૂટ સર્વ સ્ત્રીને લાભકારક નથી; અને ત્હમે કહો છો ત્હેમાં કાંઈક સત્યાંશ હશે. પણ બધી સ્ત્રીઓ કાંઇ સઈ નથી. ત્હમે શું જાણતા નથી કે કેટલાંકને સ્વાભાવિક રીત્યે જ નીચ તથા અનીતિનાં કૃત્યો પ્રત્યે તિરસ્કાર હોય છે ? તથા હેમના પોતાના ઉચ્ચ ગુણો અને પવિત્ર આત્મા આ દુર્ગુણોને પ્રવેશ કરવા દેતા નથી ? સ્ત્રીઓનો ઘણેભાગે હાવો સ્વભાવ હોય છે, અને બીજા કોઇનામાં જે કાંઇ સદ્‌ગુણ જુવે છે તે ગ્રહણ કરે છે. વળી જે હેમને પ્રેમથી કેળવી ઉચ્ચ સ્થિતિમાં આણે છે, હેના ઉપર અચળ પ્રેમ રાખે છે, અને ગમે તો હેને એક સિંહાસન પદ પામવા જેટલી ઉચ્ચ સ્થિતિમાં આણો તો પણ જે'ણે હેને પ્રેમથી તથા ખરા અંતઃકરણથી ઉચ્ચ સ્થિતિમાં આણી હોય ત્હેના પ્રત્યે હેવી વર્તણુક રાખે છે કે એ કેળવણી આપનારને કદી પણ દુઃખ થાય નહિં. મ્હને ખાતરી છે કે સઈ એ કદી પણ ખરો પ્રેમ શું છે તે જાણ્યું જ નહિં હોય."

"શાબાશ, હિમ્મતથી બોલ્યા ! ખરેખર ઉમદા શબ્દો કહ્યા ! પરંતુ જે'નું હૃદય ઇર્ષ્યાથી ભરપૂર હોય, નિરંતર પોતાનાં વખાણ થાય તે તરફ જેટલું લક્ષ હોય, ત્હેવી સ્ત્રીની શું કદી પણ ઉન્નતિ થાય ? અજમાવી જુવો ને પછી જોઈયે કે ત્હમે વિજય મેળવો છો કે કેમ. સો સ્ત્રીઓમાંથી નવાણું સ્ત્રીઓ પોતાના પતિ શિવાય અન્ય પુરુષને જ પ્રેમ અર્પણ કરે છે. પણ ચાલો, હવે ઘરમાં જઇયે, આપણું ઘર આવ્યું.

સઇનું શિવગંગા આવવાનું બીજું કારણ એ શેહેરમાં રથ-

યાત્રાનો મહાન્ ઉત્સવ જોવાનું હતું. આ રથયાત્રા વર્ષમાં એકવાર ભરાતી હતી, તથા એ મ્હોટામાં મ્હોટો ઉત્સવ ગણાતો હતો. ત્યાં પાસેનાં તથા દૂરનાં ગામોમાંથી પુષ્કળ મનુષ્યો આવતા હતા. શેહેરની બ્હારના મંદિરમાંના ચોગાનમાંથી રથને શણગારીને પુરુષો ખેંચીને શેહેરમાં ફરવીને પાછા ત્યાં લાવતા હતા. એ રથ મ્હોટા વિકાળ પ્રાણી જેવો હતો, તથા સુનેરી રંગથી ઝગઝગતો હતો. હેને ખરેખરા ઘોડાથી પણ બમણા ઉંચા તથા મ્હોટા લાકડાના ઘોડા જોડેલા હતા. આ ઘોડાઓને ભપકાદાર કસબી ઝૂલોથી શણગારેલા હતા, ને હેના ઉપર મનુષ્યોનાં તથા રાક્ષસોનાં લાકડાનાં પૂતળાં બેસાડેલાં હતાં. શેહેરમાં થઈને રથ સલામત મંદિર પાસે પાછો જાય માટે દેવોને પ્રસન્ન રાખવાને અનેક પ્રકારનાં નૈવેદ્ય તૈયાર થયાં હતાં. પ્રાતઃકાલથી શેહેરમાં આ ઉત્સવને દિવસે કલબલાટ થઈ રહ્યો હતો. પ્રાતઃકાળે કૂકડાં બોલતા પ્હેલાં ચાલતા રથની પ્રથમ ઝાંખી કરવાને મંદિરના ચોકમાં, તથા મંદિરની આસપાસની વૃક્ષની ઘટામાં, લોકો ઉત્સુકતાથી રથને ચઢાવવાની વસ્તુઓ લઈને વાટય જોતા એકઠા થયા હતા. પ્રથમ સર્વ શાન્ત હતું, પરંતુ સ્હેજ સૂર્યનો પ્રકાશ થતાં કૂકડો બોલ્યો કે લોકોમાં જાગૃતિ આવવા માંડી. સ્ત્રીઓ પોતાનાં રોતાં બાળકોને ગાઈને તથા મહાન્ ભયંકર રથ ભણી આંગળી કરી દેખાડીને છાનાં રાખવાનો યત્ન કરતી હતી; એ રથ હેમના સ્હામો સ્થાગ-અને ઊંચો બુરજના જેવો, લોકોના ટોળાની પ્રાર્થનાનું જાણે મૂર્તિરૂપ હોય હેવો ઊભો હતો. સૂર્યનો પ્રકાશ પડવાની સાથે જ રથ સ્હામે ઊભા રહેલા મંદિરમાંના પૂજારીઓએ મધુર વીણા વગાડાને તથા મંજીરાના તાલ સાથે પ્રાતઃકાળના ભજનોનો આરંભ

કર્યો. ઊંચા નીચા સુરના મધુરના આલાપ લેવાવા માંડયા, તથા એ પૂજારી બ્રાહ્મણોની આજૂબાજૂ ઊભા રહીને સાંભળનારાઓ ગાનારા પૂજારીઓના આશીર્વાદ તરીકે એ સંગીતને સ્વીકારતા હતા. વીણાના મધુર સુર, ગાનારા પૂજારીઓના આલાપ, તથા મંજીરાના તાલ રોજ મંદિરમાં વાગતાં નગારાંના અવાજથી તદ્દન જુદા પડી સાંભળનારાંના હૃદયને ભક્તિભય કરતા હતા.

સૂર્યોદય થયો કે તરત જનમંડળમાં વધારે કલબલાટ થયો, તથા રથમાંના દેવને નૈવેદ્ય ધરાવવાનું કાર્ય શરૂ થયું. સર્વ પ્રકારના મેવા, શાક, પુષ્પ, *માછલી, બકરાં, તથા ગામમાં મળતી સર્વ વસ્તુઓ ધરાવવાને આણી હતી. તથા સર્વ વસ્તુઓનો સરખો સ્વીકાર થતો હતો. જ્યહારે રથ પાસે ધરાવવાનું કાર્ય ચાલતું હતું, ત્યહારે કાન ફોડી નાખે ત્હેવા ઘંટ તથા નગારાં વાગવા માંડયાં. કેટલાક પુરુષો રથને આગળ બાંધેલાં જાડાં દોયડાં ઝાલીને ઘેલા મનુષ્યની પેઠે બૂમો પાડીને અત્યન્ત બળ કરીને ખેંચવા મંડયા. એટલું બધું બળ કરવા છતાં રથ લગારે ખસ્યો નહિં. લોકો દેવ, દેવીનો નામોચ્ચાર કરીને રથ ચાલે ત્હેવી પ્રાર્થના કરવા લાગ્યા. એક સ્ત્રી રથની સ્હામે આવીને "ગોવિંદા ! ગોવિંદા !" બોલી નૃત્ય કરવા લાગી. આસપાસના લોકો કહેવા મંડયા કે હેનામાં દેવ આવ્યા છે. તેટલામાં તે ઊંચે ને તીણે સ્વરે બોલી:—"હું આગળ નહિં ખસું. "મ્હારૂં હૃદય સંતુષ્ટ નથી થયું. મ્હારે સુવર્ણની ખાણ્યો છે, જગત્‌માંના સર્વ જળનો ભંડાર મ્હારો છે, સર્વ મનુષ્ય, પ્રાણીઓ, મ્હને

* દક્ષિણમાં હિન્દુ ધર્મની કેટલીક જ્ઞાતિઓમાં માછલાં તથા બકરાં વગેરે ખાવાનો ચાલ છે તેથી રથમાંના દેવને પણ એ ધરાવવામાં આવે છે.

નૈવેદ્ય ધરાવે છે, પણ એક જ સ્ત્રી શા માટે હેના ભાગનું નથી ધરાવતી? સર્વ જગત્ સુન્દર વસ્ત્રો પ્હેરીને અહિંયાં આવ્યું છે ત્યહારે એ ઘરમાં રહીને છાનીમાની શા માટે રૂવે છે? એ હલકી જ્ઞાતિની છે, અને હેનું ઘર નદી કિનારાના મ્હોટા પીપળાના ઝાડની પાસે જ છે." આ સાંભળીને કેટલાક પુરુષો ઉશ્કેરાઈને પેલી સ્ત્રીની ઝૂંપડી ભણી દોડ્યા, અને તે ગભરાયલી સ્ત્રીને ઘરની બ્હાર કાઢીને કહ્યું:-

"ત્હારામાં હેવા શા સદ્‌ગુણ છે, બાઈ, કે દેવનું ધ્યાન ખેંચાઈને ત્હારી તરફના નૈવેદ્યની વાટય જુવે છે?" લોકો આ ગરીબ વૃદ્ધ તથા અપંગ સ્ત્રીને જોઈને આશ્ચર્ય પામ્યા. હેની ઝૂંપડીમાં મીઠા વગર રાંધેલા એક કાચબા શિવાય બીજું કાંઇં ન્હોતું. તે સ્ત્રીએ કહ્યું:—"મ્હારી કાંઇંક પણ નવેદ્ય ધરાવવાની ઇચ્છા હતી, પણ મ્હારી પાસે આ રાંધેલા કાચબા શિવાય કાંઇં પણ નથી તેથી હું રોતી હતી, પણ હવે તો હું એ પણ દેવને ધરાવીશ. જો કે હું ઘયડી અને ગરીબછું, પણ દેવનું લક્ષ મ્હારા ઉપર ખેંચાયાથી હું મ્હને કેટલીબધી ભાગ્યશાળી માનુંછું!" આમ બોલીને તે ઉતાવળી ઉતાવળી ઊઠી અને કેળના પાંદડામાં વીટીને આ સાદું નૈવેદ્ય ધરાવવાને લઈ ગઈ. પુરુષોએ પાછા ઘાંટા પાડીને લાંબાં મજબૂત દોયડાં ઝાલીને ખેંચ્યાં ને રથ ચાલ્યો. શહેરના મૂખ્ય રસ્તાઓ ઉપર ફરીને હેને કાયમને સ્થળે આવતે આખો દિવસ વીતી જઈને સાંઝ પડવા આવી હતી. કમલિનીએ ભાગીરથી તથા પોતાની અન્ય સખીઓ જોડે લગભગ આખો દિવસ બ્હાર ગાળ્યો હતો. કમલિની લોકોને બૂમો પાડતા સાંભળતી હતી, તથા લોકોનાં ટોળાં આમથી તેમ દોડાદોડ કરીને ધક્કામુક્કી કરતાં જોતી હતી. આ સર્વમાં તે તદ્દન એકલી પડી

હતી. એ કથાની પણ દરકાર કર્યા વગર દૂર ઊભી રહીને જોયા કરતી હતી. હેણે હાવી રથયાત્રાઓની વાતો સાંભળી હતી, પરંતુ આ સમયે નજરેનજર પ્રથમ જ જોઈને હેને સર્વ વ્યર્થ માલ વિનાનું લાગ્યું. હેનું ચિત્ત બીજા વિચારોમાં હતું. હેણે દેવની શક્તિની તથા ચમત્કારની અનેક વાર્તા સાંભળી હતી. તથા સર્વ મનુષ્યો દેવની પૂજા કરતા હતા, પરંતુ જેમ લોકોના હૃદય ઉપર હેની અસર થતી હતી ત્હેવી અસર કમલિનીના હૃદય ઉપર લગારે થઈ નહિં. ભાગીરથીએ કહ્યું કે–"રસ્તામાં ભય છે, એમ પૂજારીના કહ્યાથી દેવ કોપાયમાન થઈને રથ અટકી ગયો. વળી અજાણતાં બીજા ગામડાની સરહદ ઉપર રથ ખેંચનારાએ પગ મૂકયાથી એ રથ ખેંચનાર પુરુષ આગળમાંના સાત પુરુષોમાંનો પ્હેલો પુરુષ ત્હાં બેભાન થઈને પડી ગયો, હેને ઉપાડીને કેટલાક માણસોએ રથ સ્હામે સૂવાડયો, પૂજારીએ દેવને કોપ શમાવવાની પ્રાર્થના કરી તથા તે બેભાન, તદ્દન મુવેલા જેવા મનુષ્યના ઉપર ત્રણવાર પવિત્ર ગંગાજળ છાંટીને ત્રણવાર દેવની પ્રદક્ષિણા કરી કે તરત તે મનુષ્ય સાજો થઈને બેઠો થયો." કમલિની આ સર્વ આશ્ચર્ય પામીને સાંભળી રહી. પરંતુ ગમે તેમ હો, એ જે પરમેશ્વરને પોતાના મનમાં પૂજતી હતી, તે અહિં હેનાથી દેખાતો ન્હોતો, હેના હૃદયમાં બીજો જ દેખાવ આવ્યો; એ સ્વાભાવિક, પ્રચંડ, ભવ્ય દેખાવ હેણે પોતાના પિતાની જોડે એકવાર દીઠો હતો;–એક પર્વતમય પ્રદેશમાં આછા પ્રકાશ અને કાંઈક અંધકારવાળી આસપાસની સ્થિતિની વચ્ચે હેણે આત્માની એક ઉલ્લાસમય વૃત્તિ અનુભવી હતી, જેથી હેને લાગ્યું હતું કે અહિં પ્રભુ વસે છે, અને કોઈક સર્વ શક્તિમાન પ્રભાવવાળા સત્ત્વની સંનિધિમાં હું

આવીછું; એ દિવસનું હેને સ્મરણ થયું. એ સુન્દર દેખાવ અને આ દેખાવમાં કેટલોબધો ફેર હતો? હેનું માથું ઘણો વિચાર કરવાથી ફરવા લાગ્યું. હેણે ભાગીરથીને પૂછ્યું:—"દેવો તું કહે છે ત્હેવા હશે બલે; પરંતુ રાક્ષસોનું રાજ્ય મનુષ્યો ઉપર આટલું બધું કેમ જોરાવર છે?"

"રાક્ષસો? તે તો દેવલોકોના નોકરો છે, અને હેમની આસપાસ ઊભા રહેનારા સિપાઇઓ છે; જેમ મનુષ્ય જંગલી છે તેમ એ રાક્ષસો પણ જંગલી છે"

"ત્યારે વૃક્ષમાં, ખીણમાં, તળાવ કાંઠે વસનારાં તથા મનુષ્યોના શરીરમાં આવે છે, એ ભૂત કેવાં?'

"એ તો મરણ પામેલા પાપી મનુષ્યોના આત્મા લોકોને હાનિકર હોય છે, ત્હેને મંત્રથી કાઢી મૂકાય છે. જ્યારે માણસના શરીરમાં ભૂત આવે છે અને જ્યારે ત્હેની પાસે કોઇ કુશળ પુરુષ મંત્ર ભણે છે ત્યારે ત્હેની અસર થવા માંડે છે એટલે એ ભૂત આવેલો મનુષ્ય ચાર માણસથી પણ ના ઊચકાય હેવા મ્હોટા પથરા ઊચકીને ગામના દરવાજાની બ્હાર નાંખે છે, ત્યારે ભૂત જતું રહે છે. સદ્દગુણી મનુષ્યોના આત્મા મરણ પછી ગૃહદેવ થાય છે, અને બારોબાર સ્વર્ગમાં જઈને રહે છે. માત્ર જ્યારે પોતાના કુટુમ્બમાં કોઇનું મરણ થવાનું હોય, અથવા તો મહા દુઃખ પડવાનું હોય ત્યારે જ દર્શન દે છે."

કમલિની બોલી:—"હું એમ ધારતી હતી કે મેદાનો અને પર્વતોનો પરમેશ્વર પૃથ્વી ઉપરની ઊભરાતી વસ્તીની દરકાર ન કરતાં પોતાના અગમ્ય એકાન્તસ્થાનમાં એકલો જ રહીને આકાશ અને તારા,

પવનનાં તોફાન, નદીનાં પૂર ઉપર તથા મ્હોટી નદીઓ ઉપર જ રાજ્ય કરતો હશે; અને મનુષ્યોની સર્વ સંભાળ વગેરે વિધાતાના હાથમાં હશે."

આ સાંભળીને ભાગીરથી પુષ્કળ હશી, અને ખાતરી પૂર્વક બોલી કે:—"એ પણ ખરૂં છે, પરંતુ પર્વતોના દેવો જુદા હોય છે, એ માણસોમાંના સંન્યાસી જેવા હોય છે" બિચારી કમલિની આ બધું સમજી સકી નહિં, અને વધારેને વધારે ગૂંચવાડામાં પડી.

પ્રકરણ ૧૦ મું.

પાપની છાયા.

સન્ધ્યાકાળે લોકો વેરાવા મંડયા. પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકોને ઉજ્જડ ટેકરી ઉપર ચઢીને પવનના ધસારા સ્હામે બળ કરીને પોતપોતાને ગામડે જતાં કમલિની જોતી હતી. કમલિનીની પાસે એક આધેડ વયનો પુરૂષ ઊભો હતો, હેણે વાંસે એક ચોરસ વાંસની છાબડી લટકાવેલી હતી, અને હેમાં બે ન્હાનાં બાલકો બેસાડેલાં હતાં. એ પુરૂષની પાસે એક સ્ત્રી, એક હાથમાં નવું માટલું અને શેલડી તથા બીજા હાથમાં તાજું શાક લઈને ઊભી હતી એ આનન્દથી ભરપૂર દેખાતી હતી. હેણે તાજું શાક રાત્રિએ કરવાને લીધું હતું. આ સ્ત્રીની પાસે એક ન્હાની બાલકી હેના હાથમાંની શેલડીનો છેડો

ઝાલીને સંતોષથી ઊભી હતી. એ લોકોને ઘણે દૂરને ગામડે જવાનું હતું, એ બાલકીએ પોતાની માને પૂછ્યું:—"આપણું ઘર હજી કેટલે દૂર છે ?" આ સાંભળીને કમલિનીને એ બાલકી ઉપર પ્રેમ ઊભરાઈ આવ્યો, તથા પર્વત ઉપરનાં બીજાં ન્હાનાં બાલકોને પોતે બપોરે વૃક્ષના છાંયડા નીચે બેસાને પોતે જોડેલાં હાલરડાં ગાઈને ઊંઘાડતી હતી, તે દિવસો સાંભર્યા. પોતાની પર્વતની ઝૂંપડીમાં જ્ઞાતિભેદ, ભય, તથા વ્હેમોના બંધનથી મુક્ત, પક્ષીઓના જેવી સ્વતન્ત્રતાથી ઉછરેલી કમલિની ગામડાની રમતગમતોમાં પૂર્ણ ઉત્સાહથી ભાગ લેતી હતી, તથા કણબીઓનાં શ્યામ બાલકો જ્યહારે દોડી આવીને હેને પગે વળગતાં હતાં, ત્યહારે આનન્દભેર ત્હેમને ગળે વળગીને આલિંગન દેતી હતી. કણબીનાં અને નીચવર્ણનાં બાલકોને અડકયા પછી સ્નાન કરવું એ ભૂલી જતી તો સંન્યાસીની મનોહર પુત્રીનો કોઇ દોષ કાઢતુ નહિં. પરંતુ હવે સર્વ કેવું બદલાઈ ગયું હતુ ! જ્ઞાતિની કૃત્રિમ મર્યાદાએ હેને ગામડાના આ સર્વ લોકોથી કેવી છૂટી પાડી હતી ! ગામડાના તથા શહેરના જીવનની રીતિમાં કેટલો બધો ફેર ! હેની નગરવાસી બ્હેનો જે વિષય સ્હેલાઈથી સમજી સકતી હતી, તે સમજતે કમલિનીને ઘણો સમય લાગ્યો હતો. નગરવાસી સ્ત્રીઓ, ગામડાની સ્વતન્ત્રતા, આનંદ, તથા જીવનરીતિથી કેવળ અજ્ઞાન હતી, હેમનાં બાલક જીવનનો કૃત્રિમ રીત્યે અકાલ અન્ત, બલાત્કારે ઉત્પન્ન કરેલા યૌવનમાં આવતો હતો; અને વિચાર અથવા લાગણીનો ક્રમે ક્રમે વિકાસ થાય એ હેમના ભાગ્યમાં ન્હોતું. જેમ શેહેરના ઘરના દરવાજા પછી થોડા મેદાનને બદલે તરત જ ખુલ્લું અને ઝગઝગતું બજાર હોય છે, તેમ નગરમાં ઊછરેલી હેની એ

ભગિનીઓ એકાએક, બાલકને યોગ્ય વય, તથા સમય પ્હેલાં, બાલકપણામાંથી એકદમ યૌવનમાં પડતી હતી. બીજીઓને સ્વાભાવિક ક્રમ જેવી લાગતી વાતોની કલ્પના પણ કરવી કમલિનીને બહુવાર મુસ્કેલ લાગતી હતી. હેની પાસે ઊભી રહેલી બાલકીએ ટાઢય વાય છે એમ કહ્યાથી હેની માએ પોતાના લુગડાનો પાલવ હેના માથા ઉપર હોરાડીને હેને વ્હાલથી સોડયમાં લીધી. આ જોઈને કમલિનીએ પોતાના કરતાં એ બાલકીને ઘણી ભાગ્યશાળી માની, કારણ કમલિનીની મા ક્યહાં હતી ? ગમે હેવી ગરીબ સ્થિતિમાં, અને ગમે હેવા ન્હાના ગામડામાં રહીને જો હેની મા હોત તો એ પોતાને કેટલી સુખી માનત !

કમલિની અને ભાગીરથી ઘેર જતે ઘર પાસેની નદી આગળની ઘટાવાળી જગ્યામાં, જ્યહાં એ લોકો રોજ જતાં હતાં ત્યહાં ગયાં. નદીનું પાણી વૃક્ષનાં મ્હોટાં બ્હાર નીકળેલાં મૂળને અથડાઈને ભમરા થતું થતું ખળખળાટ કરતું વ્હેતું હતું. કમલિની નદીમાં ન્હાના ન્હાના પથરા નાંખતી હતી, એટલામાં એકાએક ભાગીરથીએ હેનો છેડો ખેંચીને ગભરાટથી કહ્યું:—“ ચાલ્ય, ચાલ્ય, કમલિની ! આ ઝાડને ઓઠે આવ્ય, ગમે તે થાય પણ હું હમણાં આગળ નહિં આવું;” બંને જણીઓ લુગડાં સંકોરીને વૃક્ષના મ્હોટા થડને ઓઠે ઊભી રહી. ભાગીરથીએ ઉસ્કેરાઈને પૂછ્યું “ત્હારા પતિ જોડે આવે છે, હેને તું ઓળખે છે ? ” કમલિનીએ ડોકું ધૂણાવીને ના કહી, તથા પોતાના પતિને આવતો જોઈને હેનું હૃદય ધડકવા લાગ્યું. હેના મનમાં થવા લાગ્યું કે, પતિથી સંતાઈ રહેવામાં દોષ છે, તેથી હેણે ભાગીરથીને કાલાવાલા કરીને વૃક્ષને ઓઠેથી બ્હાર જવાનું કહ્યું, પરંતુ ભાગીરથીએ નાની ના જ કહી, અને હેનો છેડો ઝાલીને

રોકી રાખી, ને કહ્યું: "હું એક તસુ પણ નહિં ખસું, ત્હારા પતિ જોડે આવનાર મ્હને દેખે એ મ્હારે ઇષ્ટ નથી."

"કેમ ભાગીરથી શું છે? એ કાંઇ ત્હારા સગામાંનો તો નથી ને? ને હોય તોએ શું? આપણને નદી કિનારે જોઇને એ કાંઇ વદશે નહિં."

ભાગીરથીએ કમલિનીની દૃષ્ટિએ દૃષ્ટિ મેળવીને કહ્યું:—"કારણ નથી જાણતી? એ કૃષ્ણાએ જ મ્હને કહ્યું હતું કે કમલિનીનો પતિ સઇને મળવા જાય છે." એટલું કહીને કમલિનીનો હાથ ઝાલીને દુઃખના ઉભરામાં બોલી:—"ઓ કમલિની! તુ મ્હારી સખી છે, અને હેણે મ્હને જે જે કહ્યું તે સર્વ ત્હને ના કહું તો તુ મ્હારી સખી શેની?"

"હેણે ત્હને શું કહ્યું."

"કમલિની! હેની કે'વી ધૃષ્ટતા? અને તે પાછી કે'વી રીત્યે! અરેરે! હું શી રીત્યે કહું! બાલક જેવી ત્હારી નિર્દોષતા મ્હને ઠપકો દે છે અશે, હું હેની જોડે કશો સંબન્ધ નહિં રાખું. એ નઠારૂં જ છે ને નઠારૂં હોવું જ જોઇએ. તું કહે કે કોઇને નહિં કહું."

"ના નહિં કહું, પણ એટલું બધું છે શું? જો એ ત્હારા કુટુમ્બી થતા હોય તો હેમની સાથે તુ બોલે હેમાં શી અડચણ છે?"

"કમલિની! હેણે શું કહ્યું હતું તે તુ જાણે છે? એ સર્વનું મૂળ કારણ મ્હારો પતિ જ છે. સર્વ જગત્ જાણે છે કે હેમનો મ્હારા ઉપર લગારે પ્રેમ નથી; તેથી આ પુરુષે મ્હારી સાથે બોલવાની ધૃષ્ટતા કરી હતી. મંદિર પાસેની ઘટામાં એ હતો; ને મ્હોટી બ્હેન મંદિરમાં પૂજા કરતી હતી, ત્હારે આ પુરુષે ઘટામાંથી એક-

દમ આવીને મ્હારા ઉપર એક પત્ર નાંખીને મ્હને હેવી તો ભડકાવી ! ” આટલું કહીને ભાગીરથીએ પોતાની ચોળીમાંથી પત્ર કાઢ્યો, ને કોઇ જુવે છે કે નહિં, તે જોવાને ચારે તરફ દૃષ્ટિ ફેરવીને કહ્યું:—“તે રાત્રે મ્હને ઊંઘ આવી નહિં. શું કરૂં? હેમાં મ્હારો દોષ નથી. હેના કરતાં હું મરી ગઈ હોત તો કે'વું સારૂં થાત! હું આ બધી વાતને લીધે મ્હારી જાત્યને હેવી તો ધિક્કારૂં છું ! કમલિની ! એમ ભડકીને મ્હારા ભણી ના જો, હેના કહ્યા પ્રમાણે, તે રાત્રિયે હેની સાથે ન્હાશી જવાનો વિચાર થયો હતો, કારણ એ પોતાનો પ્રેમ મ્હને અર્પણ કરે છે, એમ લખ્યું છે. હવે મ્હને હું કેટલી દોષિત લાગુ છું? પણ તે સમયે મ્હને બીજો કશો વિચાર આવ્યો ન્હોતો. તે સમયે મ્હને સર્વ સ્વાભાવિક લાગ્યું હતું, અને હેણે પત્રમાં પણ એમ જ લખ્યું છે. પણ. હું હેના પત્રનો ઉત્તર લખી સકી નહિં. સ્હવારમાં ઊઠી ત્યહારે મ્હને મ્હારા પોતાના હલકા વિચાર માટે પશ્ચાત્તાપ થયો, અને પતિ ઉપર ક્રોધ આવ્યો, કારણ હેણે મ્હારી તરફ હાવી વર્તણુક રાખીને અન્ય પુરૂષોને હાવું લખવાનો હક આપ્યા જેવું કર્યું. વળી કોઇવાર મ્હારા મનના વિચાર બદલાઈને એમ થાય છે કે જો હું આ પુરુષ સાથે ન્હાશી જઈશ, તો પતિને એમની વર્તણુંક માટે યોગ્ય શિક્ષા થશે. એ પુરુષે આ જ સ્થળે મળવાનું લખ્યું હતું; પણ હું એક આખું પખવાડિયું ઘરની બ્હાર નીકળી ન્હોતી. અને કમલિની, જાણે છે? એક દિવસે ત્હેં જ મ્હને બચાવી હતી. કાશીને ઘેર જતે રસ્તામાં વાંક આવે છે ત્યહાં થઈને હું તથા મ્હોટી બ્હેન જતાં હતાં, હું જરા પછવાડે પડી એટલામાં એ ઓચિંતો આવી ચઢ્યો, એટલામાં ત્હારા ઘરના આંગ-

ખૂણાના ખૂણામાંથી મ્હને ધાંટો પાડીને ત્હેં બોલાવ્યાનો સ્વર મ્હેં સાંભળ્યો, એટલે 'કમલિની આવે છે' એમ કહીને હું ઝડપથી હેનાથી નાઠી. એ જોઈ તે પુરુષે કહ્યું:—"ત્હને કોણ ગણેશની પત્ની બોલાવે છે?" હેના બોલ્યાથી હું ભડકીને વધારે ઝડપથી ત્હારી પાસે આવવા મંડી, વળી એટલામાં મ્હને કોઇ પણ બ્હાને રોકવાને હેણે કહ્યું:—"અરે, આજે પણ મ્હેં ગણેશને સર્પને ઘેર દીઠો હતો." આ મ્હેં સાંભળ્યું, પણ જવાબ દીધા વગર લુગડાના છેડાથી મ્હોં ઢાંકીને તથા હાથમાંની ગાગર સજ્જડ ઝાલીને ત્હારી પાસે હું ચાલી આવી. ત્હારો ધાંટો તે સમયે મ્હને ઘણો સહાયભૂત થયો હતો, તથા તે ક્ષણે મ્હારી આંખ્યો ઊઘડી; મ્હને લાગ્યું કે આ માણસનો સમાગમ રાખવામાં હું ભયંકર પાપ કરૂં છું. મ્હારી મ્હોટી બ્હેન આગળ હતી ત્હેની જોડે હું શામેલ થઈ; તે વખતે મ્હારૂં હૃદય હેવા તો બળથી આખો રસ્તો ધડકતું હતું! ને હવે મ્હને મ્હારી જાતનો જ એટલો તો ભય લાગે છે! કેમકે મ્હારૂં મન ભમે છે; અને પેલાએ કાગળમાં લખેલી વાત જે ક્ષણે મ્હારૂં મન દૃઢ નથી હોતું ત્યહારે મ્હને લલચાવે છે."

"અરે! ભાગીરથી! આ કેટલું ભયંકર! ચાલો આપણે આ સ્થળેથી જતાં રહીએ, અને આ પત્ર બાળી નાંખીએ. આપણે હેના સ્હામું કદી નહિં જોઈએ. હું હેને કદી ત્હારી સાથે બોલવા દઈશ નહિં. ભાગીરથી! ત્હારૂં ચિત્ત ભમાવવાને ખરેખર હેણે ત્હને કાંઈક ખવડાવ્યું છે, ત્હેની અસરમાંથી મુક્ત થવાને તું માદળીયું કરાવજે."

ભાગીરથી તથા કમલિની પાછાં ફરીને રોહિણી માતાના મંદિર ભણી જવા લાગ્યાં. છેટેથી સૂર્યાસ્તનાં કિરણોથી પ્રકાશિત થયેલું

રોહિણીનું મંદિર જોઈને કમલિની બંને હાથ જોડીને બોલી:—"રોહિણી માતા! મ્હારી સખીને આ પાપની અસરથી મુક્ત કરશો તો આવતી પૂનમે સાતવાર, સાત, સાત, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીશ." ભાગીરથીએ કહ્યું, "કૃપાળુ માતા! હમારી પ્રાર્થના સ્વીકારો, અને એક વર્ષ સુધી દર પૂનમે હું સાતવાર સાત સાત સાષ્ટાંગદંડવત્ પ્રણામ કરીશ." બંને સખીઓ અસ્ત પામતા સૂર્ય ભણી ફરીને, સૂર્યને પ્રણામ કરીને ઘટાની બ્હાર નીકળતાં હતાં, એટલામાં શાસ્ત્રીની પુત્રી રૂક્મા સ્હામી આવતી મળી. એ બોલી:—"આ રહ્યાં, હું ધારતી હતી જ કે ત્હમે અહિંયાં આવ્યાં હશો. હું ન્હોતી કહેતી કે આપણને એક બીજા વગર ચાલતું જ નથી?" હેની પાછળ ધીમે ધીમે હરિણી આવી પ્હોચી, એટલે રૂક્માએ કહ્યું, "થોડીક ક્ષણ આપણા ત્રણની ત્રિપુટિ હતી, પણ હવે ચાર થયાં. ચાર થાય તે ઘણાં ભાગ્યશાળી ગણાય, અને વળી ગમે હેવા બળવાનને પણ આપણે ચારે મળીને નસાડી મૂકી સકીએ. ત્રણ ભેગી થાય ત્હારે અપ્સરાઓ કહેવાય, પણ ચાર હોય ત્હારે શું?"

ભાગીરથીએ રૂક્માનો ખભો ઝાલી હલાવીને કહ્યું:—"જવા દે ત્હારો લવારો, હમ્મેશાં કાંઇને કાંઇ બકબકની જ હોય છે. ત્હારા ઘરનાં સર્વ પુરાણ વાંચનારાંઓથી, તથા ત્હારા પતિની સહાયથી તું સર્વ સીખી છે તે જાણ્યું, પણ એ સર્વ ભણતર છતાં તું એક હાસ્ય રસથી તથા વિનોદથી ભરપૂર માંકડું છે."

રૂક્માએ તરત વાતનો વિષય બદલીને પોતાના હોઠ સજ્જડ બંધ કરીને જરા શોકગ્રસ્ત દેખાવનો ડોળ કર્યો, પણ તરત મુખમુદ્રા બદલીને કહ્યું:—"હમણાં એ વાત કરવાની નથી. મ્હારા મગજમાં

એક વિચાર કરી જોવા લાયક વાત સૂઝી છે. હરિણીની સાસૂ હવે હેને હદપાર દુ:ખ દે છે, બિચારી હરિણી આજે તો લગારે ઘરની બ્હાર નીકળી ન્હોતી, તે હમણાં જ હું હેને હેની બડબડતી સાસૂ કનેથી બોલાવી લાવીશું."

રૂક્‌મા જરા શરીરે પુષ્ટ તથા ઘઉં વર્ણની હતી. હેના ભરેલા ગાલમાં હસતી ત્‍હારે ખાડા પડીને મુખનું સૌન્દર્ય વધારતા હતા. હેની આંખ્યો આનન્દથી પ્રકાશિત હતી. એ ટોળાની મધ્યમાં ઊભી હતી. લાલિત્યવાળી ઊંચી ભાગીરથી હેની સ્હામે ઊભી હતી, હેણે એક હાથ કમલિનીના ખભા ઉપર મૂક્યો હતો. કમલિની એક વૃક્ષના થડને અઢિંગાને ઊભી હતી, હેનું કોમળ શ્વેત મુખારવિન્દ અસ્ત પામતા સૂર્યનાં નરમ કિરણોના પ્રકાશથી વિશેષ કોમળ દેખાતું હતું; હેનાં સુન્દર શ્યામ નયનો ઉત્સુક્તાથી ઘડીકમાં એક તરફ તો ઘડીકમાં બીજી સખી તરફ ફરતાં હતાં. પાતળી બાળક જેવી મુખમુદ્રાવાળી હરિણી રૂક્‌માનો એક હાથ ઝાલીને નીચું જોઈને હેની સોડયમાં ઊભી હતી. સુન્દર સૂર્યાસ્ત, શીતળ આંબાની ઘટા, આ ચાર યુવતિયોનું ટોળું, તથા હેમની પાસે થઈને વ્હેતી નદી, એ સર્વ એક મનોહર દેખાવ હતો.

કમલિનીની સખીઓમાં કાશી બાદ કરતાં, એકલી રૂક્‌મા સુખી હતી, તે આનન્દી તથા ઉત્સાહથી ભરપૂર હતી; જ્‍હારે હેની સખીઓ દિલગીર રહેતી ત્‍હારે હેવા પ્રકારની વાર્તા કરીને હેમને હસાવતી, ને પોતે પણ હેવી રીત્યે હસતી હતી કે સર્વને હસવું આવ્યા વગર રહેતું નહિં. રૂક્‌માએ કહ્યું:—"હશે, આપણે જાણીએ છીએ કે સાસુઓ તો ભૂંડી હોય છે, પણ હેનું કરવું શું? દુખિયારૂં મ્હો કરીને

બેશી રહેવા કરતાં હેનો કાંઈક ઉપાય કરીએ. આપણે હરિણીની સાસૂને એક દહાડો છેતરીને બ્હીવડાવિયે તો કે'વું ? મ્હેં એક યુક્તિ સોધી કાઢી છે; જૂવો, સાંભળો, જો ત્હમે સર્વ કબૂલ થાવ તો હરિણીનું દુઃખ ટાળીએ. એ પ્રપંચી ડોશી એજ દાવની છે!" આટલું કહીને રૂકૂમા ખડખડાટ હશીને પાછી બોલી, "એ ઘણી જ બ્હેમી છે, હેને ભય પામેલી જોવાની કેટલી મઝા પડશે!"

ભાગીરથીએ પૂછ્યું:—"પણ એ યુક્તિ શી છે તે તો કહે?"

રૂકૂમાએ કહ્યું:—"ઊભી રહે, જરા થોભ્ય ને સાંભળ્ય; આપણે ત્રણે ડાકયણોનો વેસ લઈએ; વાળ છૂટા રાખવા, મ્હો ધોળુ રંગવું, આંખ્યનાં પોપચાં રાતાં રંગવાં અને લાંબા કાળા જભ્ભા પ્હેરવા. કાલ્યે શેહેરમાં આતશબાજી છે, એટલે સર્વ પુરુષો બ્હાર જશે. હરિણીના ઘરના આંગણાની બરોબર સ્હામે જ મ્હારા ઘરના વાડાનું બાયણું પડે છે, અને જ્યહારે એ ડોશી રાત્રિએ સૂવા જતા પ્હેલાં આંગણામાં આવશે ત્હારે હેના ઉપર તલપ મારીશું, અને જો એ ચીસ પાડશે તો વધારે બ્હીવડાવીને ન્હાશી જઈશું. આપણે એમ બોલીશું કેઃ—'હમે ત્રણે બ્હેનો રોગની દેવીઓ છીએ, હમને અહિઆં દેવોએ મોકલી છે. ત્હારી પુત્રવધૂને ઘણું દુઃખ પડે છે તથા અપવાસ કરવા પડે છે તે જાણીને હમે ત્હારા ઉપર વેર વાળવાને આવ્યાં છીએ.' અને સર્વથી મ્હોટી ભયંકર કોલેરાની દેવી ખાતે હું મ્હારા વાળ પણ ધોળા રંગીશ. હું એક સાવરણી, તથા સૂપડું હેના મ્હો સામું હલાવીશ, તું જરા મ્હારાથી પછવાડે ઊભી રહેજે, ને હેની ભણી આંગળી કરીને જ્યહારે હું 'વેર લઈશ' એમ બોલું તે જ વખતે ઘુવડ બોલાવજે, પછી ધીમે ધીમે પાછે પગલે ચાલીને વૃક્ષના પડછાયામાં જતી રહેજે,

ને જેટલી ઝડપથી દોડાય તેટલી ઝડપથી દોડીને ત્હારે ઘેર જજે. હું પણ હેના સામી સાવરણી હલાવતી હલાવતી ધીમે ધીમે પાછે પગલે જઈશ. હરિણીને રોજની પેઠે હેને હેના સૂવાના ખંડમાં સૂવાને જવા દેવી, એટલે જ્યહારે ડોશી ભડકીને ઘરમાં જાય ત્યહારે હરિણી હેને આશ્વાસન દઈ સકે. આમ કર્યાથી ઘણી ગમ્મત પડશે, ખરૂં કની? હવે શેનો વાંધો છે.'' ? આમ કહીને રૂક્મા વળી પુષ્કળ હશી પડી.

ભાગીરથી બોલીઃ—“ ગમ્મત તો પડશે પણ પછીથી માર કોણ સહન કરશે? આપણે નક્કી પકડાઈ જઈશું.”

રૂક્માએ કહ્યું—“ શું, માર ! આપણે શી રીત્યે પકડાઈશું ? આમ કર્યાથી જુલમી ડોશીને યોગ્ય શિક્ષા થશે. એ નક્કી પોતે રાત્રે શું જોયું તે બીજાને કહેશે, ને પછી સર્વ જણાં ગુપચુપ વાતો કરવા માંડશે—હા ! હા ! હા—અને બીજી સર્વ સ્ત્રીઓ ભેગી થઈ ને ગંભીરતાથી વાતો કરશે, તથા ડોશીઓ ડાહાપણથી ડોકાં હલાવશે. આહા ! કેવી ગમ્મત થશે ! અને હરિણી ઓછામાં ઓછું એક વર્ષ સુધી સાસુના દુઃખમાંથી મુક્ત થશે; ખરૂં કહું છું.”

“ ના ! ના ! ડાકપણો ઘરમાં આવ્યાનો સર્વ દોષ મ્હારા ઉપર તથા મ્હારા પતિ ઉપર આવશે.” હરિણી આટલો સમય વિસ્મય પામીને જોઈ રહી હતી ત્હેણે આમ કહ્યું. આ યુક્તિથી હરિણીને ભડકેલી જોઈને હેને હસાવીને રૂક્મા હસવા લાગી, અને રૂક્માએ પોતાની સર્વ યુક્તિઓ પડતી મૂકી.

પ્રકરણ ૧૧ મું.

કપટનો એક ક્રમ આગળ.

ગંગીના લગ્ન પ્રસંગે કાશીના પિતાએ પોતાનું શિવગંગામાંનું બગીચાવાળું ઘર, ગંગીના પિતાને ભાડે આપ્યું હતું. શાસ્ત્રીએ પોતાની પુત્રીના લગ્નની ખુશાલીમાં ત્હાં મિજલસ કરી હતી. આ પ્રસંગે ગાયનકળામાં કુશળ સ્ત્રી ગાનારીઓને રામપુર તથા બીજાં શહેરોમાંથી બોલાવી હતી. આ મિજલસમાં જ્ઞાતિભેદ ગણ્યા વગર સર્વ સ્ત્રીપુરુષોને નિમંત્રણ કર્યાં હતાં, ત્હેમાં સઈ પણ આવી હતી.

મધ્યરાત્રિ થવા આવી હતી. પૂર્ણિમાનો ચન્દ્ર હતો. બગીચામાં આંબાના પડછાયા જાણે અમંગલ સૂચવતા હોય તેમ હાલવા લાગ્યા. વૃક્ષની ડાળીઓના હાલવાથી, ઘડી ઘડી હાલતા ચન્દ્રના પ્રકાશ તથા પડછાયાથી થતા અંધકારમાં એક સ્ત્રી મ્હોટી શિલા ઉપર બેઠેલી દેખાતી હતી, તે એક પાસે ઊભેલા પુરુષ જોડે આતુરતાથી વાત કરતી હતી. ઘરમાંથી મનુષ્યોનો બોલવાનો સ્વર સંભળાતો હતો તથા મંજીરાના સાદ સંભળાતા હતા, પરંતુ સર્વથી વધારે એક સ્ત્રીનો ઝીણો મધુર સ્વર વીણાના સુર જોડે સંભળાતો હતો.

"સારૂં થયું, આપણને મળવાનો આ સારો પ્રસંગ મળ્યો છે." આ પ્રમાણે બગીચામાં રમાબાઈનો પતિ સઈને કહેતો હતો. "હવે ઈશ્વરની કૃપા આપણા ઉપર જણાય છે. તે દિવસે ત્હમે ગણેશને મળવા ગયાં હતાં, ત્હેનું શું પરિણામ આવ્યું? હું જાણતો હતો કે તે

દિવસે ઘરમાં ઘણાં મનુષ્યો ભરાશે, તેથી કોણ આવ્યું ગયું ત્હેની કોઇને ખબર નહિં પડે એમ ધારીને મ્હેં ત્હમને જવાનું કહ્યું હતું."

સઈ કાંઇ બોલવા જતી હતી, પરંતુ એટલામાં એ બોલ્યો, "પણ થોભો, મ્હને ત્હમારી સાથે સર્વ વાત સ્પષ્ટ રીતે કરવા દ્યો. ત્હમારા ગણેશ જોડેના આ મેળાપથી બે અસર કરવાનું હું ધારતો હતો. એક તો એ કે મ્હેં ગણેશને કહ્યું હતું કે સર્વ સ્ત્રીઓ હલકા તથા અદેખા સ્વભાવની હોય છે, ત્યહારે એ મ્હારા ઉપર ક્રોધાયમાન થયો હતો, તેથી કમલિની ત્હમને પોતાના પતિ જોડે જોઈને પોતાના હૃદયમાં ઈર્ષ્યાનું મૂળ ઘાલે એ મતલબ હતી. કારણ ગણેશ કમલિનીને હેવી રીત્યે રાખે છે કે જાણે સ્વરૂપ તથા ગુણમાં હેની બરોબરી કરી સકે હેવું કોઇ જ નથી. બીજું એ કે મ્હારે કમલિનીની ખાત્રી કરાવવી છે કે હેણે ત્હમારાથી શી બાબત બ્હીતાં રહેવાનું છે."

સઈએ કહ્યું:—"હેને મ્હારી બ્હીક ! એ મ્હારા ભણી હેવી રીત્યે તો જોઈ રહી હતી કે જાણે મ્હને જોયાથી પણ ભ્રષ્ટ થઈ જવાય ! ધૃષ્ટ છોકરી ! અને હેણે 'એ ઘરમાં નથી, થોડા દિવસ માટે બ્હારગામ ગયા છે' એ વચન હેવી રીત્યે કહ્યું હતુ કે જાણે હુ હેને ઘેર જવાની છું તે ગણેશ ન જાણતો હોય, અને જાણે પ્રથમથી ગણેશ જોડે મ્હેં નક્કી જ કર્યું ના હોય; તે વખતે મ્હને હેવું થયું ! હશે, શું થયું તે નહિં કહું. ગણેશ મ્હારો દાસ બને એટલું જ જોવાની એ છોકરી ઉપર વેર વાળવા માટે મ્હારી ઉત્કંઠા છે, પરંતુ ગણેશ ક્યહાં હતો તે નક્કી કર્યા વગર ત્હમે મ્હને ત્યહાં મોકલી તે મ્હને લગારે ગમ્યું નહિં. એ બીખારણ, જાણે એક રાજ-

કુમારી હોય, ત્હેવા ડોળથી ઉત્તર દઈને પાછું પણ જોયા વગર ઘરમાં જતી રહી."

રમાબાઈના પતિએ હસ્તે હસ્તે કહ્યું:—"હશે, કાંઇ ચિન્તા નહિં. કમલિનીને ત્હમે જોઈ, તથા હેના ઉપર ત્હમને અણગમો થયો તેથી હું ખુશ થયો છું." આટલું કહ્યા પછી બંને જણાં કાંઇક ગુપ્ત વાતો કરવા મંડયાં. થોડીવાર પછી સઈ ખડખડાટ હશીને બોલી:—"ઓહો! પેલી રામપુરની શ્રીમંત કન્યા જોડે ગણેશને ત્હમારે પરણાવવો છે, અને ત્હેમાં મારી સાહ્ય જોઈયે છીએ, તથા કમલિનીને કાઢી મૂકવી છે; એ કાંઇ કઠણ નથી; પણ ત્હમે કહો છો એ યુક્તિ નહિં ચાલે; અલબત, એ સન્યાસીની પુત્રી છે એટલે હેનામાં રખડાઉ સ્વભાવ આવેલો હોય જ અને જો એ વહૂ નકામી નીવડી એમ થાય તો ત્હેની કોઇને નવાઈ નહિં લાગે; પરંતુ માત્ર રીસાઈ કમલિની પિતાને ઘેર જતી રહે અને તેથી હેના ઉપર અનીતિનું કલંક દેઈયે, ત્હેનાથી કાંઇ એ કાયમની જશે નહિં. જ્ય્હારે પોતાને વિશે લાવી વાતો થતી સાંભળશે, ત્ય્હારે ટેકીલી કમલિની પોતાની મેળે જ પોતાના પતિથી છેટાં રહેવાનો યત્ન કરશે, પરંતુ ગણેશની ખાત્રી નહિં થાય. પણ હું એક બીજી વાત જાણું છું, ત્હેનાથી વખતે ત્હમારૂં ધાર્યું થાય, એ વાત ત્હમને પછીથી કહીશ."

આ વાતમાંની થોડી ઘણી વાત ઘરની બગીચા પાસેની બારીમાંથી કોક સાંભળતુ હતું, કારણ સ્ત્રીઓને મન સઈ ઘણી હુંશિયાર તથા ખટપટી સ્ત્રી હતી, તેથી સ્ત્રીઓ હમેશાં હેની આવ્યજા ઉપર નજર રાખતી હતી.

ગંગીના લગ્ન પછી થોડે દિવસે કાશીને ઘેર જવાનો કમલિનીને

પ્રસંગ મળ્યો. કાશીને ઘેર કાંઈક ઉત્સવ હતો, તેથી શાસ્ત્રીનાં પત્નીને કમલિનીને પણ લેતાં આવવાનું કહ્યું હતું. બંને યુવતિયો ઘણે સમયે મળી તેથી બંનેને અત્યંત આનંદ થયો, અને જેવો લાગ મળ્યો કે તરત બંને સખીઓ એક બીજાનો હાથ પકડીને વાડામાં વાતો કરવાને સટકી ગઈ. સમય સાંઝનો હતો, તથા સ્હેજ સ્હેજ ધુમસ પડતુ હતું, અને વાતાવરણ વાડામાંના મોગરા તથા ચંપાના પુષ્પથી સુગન્ધમય થઈ રહ્યું હતું. કાશી તથા કમલિની છેલછેલ્લાં મળ્યા પછી કમલિનીના ઘરમાં ઘણાએ બનાવ બન્યા હતા. કાશીએ ગંગીના લગ્નની તથા મિજલસની વાતો સાંભળી હતી, પરંતુ તે વિશે વધારે વિગત જાણવાને એ ઉત્સુક હતી. કમલિનીએ ગંગીના લગ્ન વગેરેની સર્વ વાત કહ્યા પછી હેને કાશીએ હેના પતિ વિશે પ્રશ્ન પૂછ્યા, ત્હેના ઉત્તરમાં કમલિનીએ કાશીને ખભે માથું નાંખી મ્હોં સંતાડીને કહ્યુંઃ—“એ મ્હારા પ્રત્યે ઘણા હેતથી વર્તે છે, પરંતુ હાલ કેટલાક હેવા બનાવ બન્યા છે કે એ પોતાની વર્તણુક બદલશે એમ મ્હને ભય રહે છે; કેટલીકવાર હેમને મ્હારા ઉપર તિરસ્કાર આવતો હોય એમ મ્હને લાગે છે. હમણાંનું મ્હને શિક્ષણ આપવાનું પણ છોડી દીધું છે. મ્હને કેટલું દુઃખ થાય છે તે હું શી રીત્યે કહું ? ” આટલું કહીને કમલિની બોલતી અટકી, પરંતુ કાશી પ્રશ્ન પૂછતી હોય હેવી છાયા હેની આંખોમાં લાગ્યાથી કમલિનીએ પુનઃ કહેવાનું શરૂ કર્યુંઃ—“ જો, ગંગીનું લગ્ન થયે એક અઠવાડિયું થયું. ત્હાર પ્હેલાં કેટલાક દિવસો લગ્નની તૈયારી કરવામાં ગયા. ત્હારા પિતાએ ભાડે આપેલું ઘર મેહેમાનોથી ભરાઈ ગયું હતું, અને બીજા કેટલાક માટે તો બગીચાને છેડે, ઉતારા માટે મંડપ બાંધવો પડ્યો હતો. હમારા ઘરમાં ઘણા

લોકોની આવજા થતી હતી. એક દિવસે એક અજાણી સ્ત્રી હમારે ત્ય્હાં આવી, ને પછીથી તપાસ કરતાં જણાયું કે એ સઈ હતી!" "સઈ જાધવિણી?" "હા. એ આવી તે વખતે એ કોણ છે, હેની મ્હને ખબર ન્હોતી. મ્હેં હેને મેહેમાનોમાંની એકાદ ધારી હતી. જ્ય્હારે હેણે મ્હારો પતિ ક્યાં છે તે પૂછ્યું, ત્ય્હારે હું સ્હેજ ગભરાઈ એટલે મ્હારા સામું એ ખડખડાટ હસી પડી. હેના પ્રશ્નથી મ્હને નવાઈ લાગી હતી, પણ જ્ય્હારે હેણે આગળ બોલવા માંડયું, ત્ય્હારે મ્હારા હૃદયમાં એક પ્રકારની નિરાશા ઉત્પન્ન થઈ. એ એટલી તો સુન્દર તથા મોહક દેખાતી હતી! મ્હને એમ વિચાર આવ્યો કે મ્હારા પતિનું હેને શું કામ હશે? પણ જ્ય્હારે મ્હારા પતિના મ્હારગામ ગયાના સમાચારથી એ અજાણી હતી એમ જાણ્યું ત્ય્હારે મ્હને ઘણો જ આનંદ થયો, કારણ મ્હારી એટલી તો ખાત્રી થઈ કે મ્હારા પતિએ આ મેળાપની ગોઠવણ કરી ન્હોતી. એ સુન્દર છે પરંતુ જાણે હેને જોયાથી પણ ભ્રષ્ટ થવાતું હોય એમ મ્હને લાગ્યું, તેથી હું ઉત્તર દઈને ઘરમાં જતી રહી. પરંતુ, કાશી, હું ઘરમાં જતી હતી તે વખતે હેની આંખ્યો એટલી તો ક્રૂરતાથી ભરપૂર દેખાતી હતી કે મ્હારા હૃદયમાં ભય ઉત્પન્ન થયો. એ જાણે મ્હને ધમકી દેતી હોય એમ લાગ્યું, આથી મ્હારૂં ચિત્ત ઘણું અસ્વસ્થ રહે છે. સાસૂ નણંદો ગમે તેટલું દુઃખ દે તે હું સહન કરવાને તૈયાર છું, કારણ ગમે એટલું તોએ એ મ્હારા પતિનાં પોતાનાં જ માણસો છે, અને જો કે મ્હને ધિક્કારે છે પણ મ્હારા પતિ ઉપર સંપૂર્ણ પ્રેમ રાખે છે, પરંતુ જ્ય્હારે મ્હને આ સ્ત્રી સાંભરી આવે છે ત્ય્હારે મ્હને ક્રમકમાટ ઊપજે છે. કાશી! ત્હને એમ લાગે છે કે આ સ્ત્રી હમારી

એની વચમાં વિઘ્ન નાખશે ? કેટલીકવાર આ વિચારથી ત્રાસ ન પામતાં ભાગ્યમાં જે હશે તે થશે એમ ધારીને શાન્ત રહેવાનો યત્ન કરૂં છું, પરંતુ પતિનો પ્રેમ ખોઇશ એ વિચાર પણ મ્હારાથી સહન કરી સકાતો નથી. મ્હારા પતિ પોતે આપેલાં વચનો પાળતા નથી, તથા મ્હારી પ્રત્યે બેદરકારીથી વર્તે છે, ત્ય્હારે મ્હારા હ્રદયમાં નિરાશા ઉત્પન્ન થાય છે, અને કશાની પણ આશા રાખ્યા વગર આખો દિવસ કામ કર્યા કરૂં છું, બારેમાં બારે બૈનરૂં પણ મ્હને ત્હેવે સમયે કરવું ગમે છે, કારણ તેથી મ્હારૂં મન કામમાં રોકાય છે. કહે કાશી, હવે મ્હારે શું કરવું ? હમેશાં સલાહ આપવાને તું મ્હારી પાસે રહેતી હોત તો કે'વું સારૂં !" આટલું કહીને કમલિની રોવા માંડી. કાશીએ કમલિનીને ગળે હાથ વીંટી થોડીવાર મૌન રાખીને પછી કહ્યું:—"કમલિની હું સઇને ઓળખું છું, પણ હેને ત્હારા પતિ પાસે કોણે મોકલી હશે ! મ્હારી કમલિની ! સાવચેત રહેજે ! ત્હને કોઇ દુઃખી કરવાનો યત્ન કરે છે, સંભાળજે. ત્હારૂં રક્ષણ કરનાર માત્ર પ્રભુ છે."

કમલિનીએ કાશીના શબ્દોથી ભડકીને પૂછયું:—" ખરેખર, તું એમ ધારે છે કે કોઇયે હેને મોકલી હશે ? "

"ખાત્રીથી. એ ઘણી ખટપટી સ્ત્રી છે, એ ઘણી પ્રભાવવાળી છે તથા હેનામાં અનેક પ્રકારનાં છળકપટ છે. વળી એ હેના વર્ગની બીજી સ્ત્રીઓ જેવી અધમ દશાએ પ્હોંચેલી નથી તેથી મ્હને વધારે ભય લાગે છે. ત્હારી સાસૂએ હેને દીઠી હતી ? એ ત્હમારા ઘરમાં રહી હતી ? "

કમલિનીએ કહ્યું:—"મ્હને ખબર નથી, બગીચામાં બીજા

મંડપ પણ બાંધ્યા હતા, ને હું તો ઘરમાં જ હતી.” એટલામાં સ્હામેથી ભાગીરથી આવી, ને ત્રણે સખીઓએ નદીને કિનારે કિનારે ચાલવા માંડયું. વિચારમાં મગ્ન થયેલી કમલિનીએ નદી સ્હામેના કાંઠા ઉપરની લીલાં વૃક્ષોની હાર્ય જોતે જોતે પ્રશ્ન પૂછ્યોઃ—“ આ સઈ કોણ છે ? હેને કોણે મ્હારા પતિ પાસે મોકલી હશે ? ” ભાગીરથીએ જરા ઉસ્કેરાઇને કહ્યું:—“ત્હારાં જ સાસરિયાં શિવાય બીજું કોણ મોકલે ? સાસરિયાં જ આપણને દુઃખ દે છે. ઓ કમલિની ! કહેવા બેશીએ તો એટલું એટલું કહેવાનું છે, પણ આપણાં મ્હોં બંધ થઈ ગયાં છે. એ લોકો એમ ધારે છે કે આપણને લાગણી જ હોતી નથી, અને બારે બારે વૈતરાં કરાવીને આપણને થકવીને મૂગાં કરી દે છે. આપણે જીવનથી કંટાળી જઈએ છીએ. દરરોજનાં વૈતરાં, અને એ લોકોનો બડબડાટ તથા મ્હેણાં સાંભળ્યા પછી બીજું કશું કહેવા કરવાની ઇચ્છા જ રહેતી નથી. માત્ર આટલું થોડું કે કેદખાનાની બ્હાર આવીને સખીઓને મળી સકીએ છીએ, તથા થોડું બ્હાર ફરીને સૂર્યનારાયણના પ્રકાશનો. અને સૃષ્ટિસૌન્દર્યનો લાભ લઈ સકીએ છીએ એ માટે પરમકૃપાળુ પ્રભુનો ઉપકાર માનવો. ”

ભાગીરથી ઊંચી, પાતળી, અને ઘઉંવર્ણની હતી. હેની મુખાકૃતિ લંબગોળ હતી તથા કોમળતાથી ભરપૂર હતી, હેની કાળી આંખ્યોનો ચળકાટ હેના મુખની શોભામાં વધારો કરતો હતો. હેની ડોક સ્હેજ પાતળી હતી. જ્યહારે તે કાંઇ ગુસ્સાના આવેશમાં આવી જઈને બોલતી ત્હારે હેના અભિનય એટલા તો સુન્દર અને સ્વાભાવિક થતા હતા, અને અંગ એટલું તો લાલિત્યથી વળતું હતું

કે કોઇ અજાણ્યો મનુષ્ય હેને એકાદ રાજકુંવરી ધારે. હેની બોલી જુસ્સાદાર હતી, અને તેમ હોવાનું કારણ હતું, પરંતુ બીજાં એ કારણ ભાગ્યે જ સમઝી સકતાં. માત્ર હેની સખીઓ જ હેની સ્થિતિ જાણતી હતી; અને હેના પ્રત્યે પૂર્ણ લાગણી દર્શાવતી હતી. જો કે એ જુસ્સાવાળી અને ઘણા તામસી સ્વભાવની હતી, પરંતુ જો એ કોઇની જોડે પણ મિત્રતા બાંધતી તો, હેના જેવી ખરી મિત્ર બીજી મળવી દુર્લભ; પોતાની સખી માટે પ્રસંગ આવે તો પોતાનો પ્રાણ અર્પણ કરે હેવી હતી. કાશી તથા કમલિની શાન્તતાથી ભાગીરથીનું કહેવું સાંભળતાં હતાં. વાતો કરતાં કરતાં ત્રણે જણાં નદી કિનારાના મંદિર પાસેની વૃક્ષની ગાઢી ઘટા પાસે આવી પહોચ્યાં. ભાગીરથીએ એકાએક વાતનો વિષય બદલીને કહ્યું:—"છાનાં રહો, હવે અહિંઆં કોઇ બોલશો નહિં, પેલી ઘટા જોઇ ? ત્હાં પૂજારીઓ રહે છે અને ત્હેની સ્હામ જ પેલું મંદિર છે. ચાલો આપણે થોડાં ફૂલ તોડીને રોહિણી માતાને ચઢાવિયે. એ સર્વ જૂવે છે, ને સર્વનાં કાળાં ધોળાં જાણે છે. 'ખાડો હોય ત્હાં પાણી ભરાય,' આપણે વધારે શું કરવા કહેવું જોઇયે ? ત્હમે જાણો છો કે હું ખુલ્લા મનની છું, જો કે મ્હને ક્રોધ ચઢે છે, અને કર્કશ શબ્દો બોલું છું, પણ મ્હારા મનમાં કશું રાખતી નથી."

કમલિનીએ પૂછ્યું, "પણ ખરૂં કહે ભાગીરથી, ત્હેં કાંઇ સાંભળ્યું છે ?"

"હેમાં સાંભળવાનું શું હતું ? કુટુમ્બમાં અસંતોષ અને કલેશ સાસુ શિવાય કોણ શરૂ કરે છે ? મ્હારી સાસુએ શું એમ ન્હોતું કર્યું ! આખરે જ્યહારે મ્હારા પતિએ મ્હારાથી કંટાળીને બીજી સ્ત્રી ઘરમાં

આણી ત્ય્હારે એ જંપી. અલબત્ત હું તો કર્કશા છું, તેથી બોલવાને પણ યોગ્ય નથી, હું હેમના સ્હામો ઉત્તર દેતી હતી, પણ તે શું કરવાને ? કારણ, મ્હારૂં હૃદય દુ:ખથી ચીરાઈ જતું હતુ અને હેમાં હેવી તો બળતરા થતી હતી ! ધન, વૈભવને શું કરે ? મ્હારી સાસૂ હવે મલકાતી મલકાતી સ્હામું જોઈને કહે છે કે 'જો સ્વચ્છંદી છોકરી, જો ! ત્હારી હેવી વર્તણુકનું શું પરિણામ આવ્યું ? સ્વતન્ત્ર થવાનો યત્ન કરીને શો લાભ લીધો ? હવે હેનો બદલો મળ્યો ? હવે દુઃખથી રીબાયાથી અથવા ક્રોધ કર્યાથી શું વળવાનું છે ?" સાસૂના આ શબ્દો ભાગીરથી ઘણા જુસ્સાથી કહેતી હતી. પરંતુ એટલામાં બીજો કાંઈક વિચાર આવ્યાથી કમલિની ભણી જોઈને નમ્રતાથી બોલી:—" કમલિની, ત્હને હું એક વાતથી ચેતવુંછું ! રમાબાઈના પતિથી સાવચેત રહેજે. ગંગીના લગ્ન પ્હેલાંની મિજલસને દહાડે મ્હેં બારીમાંથી રમાબાઈના પતિને સઈ સાથે વાત કરતાં સાંભળ્યો. હેના શબ્દો શંકા આવે ત્હેવા હતા, કારણ બે ત્રણવાર હેને ત્હારૂં નામ દેતાં મ્હેં સાંભળ્યો હતો; પણ ચાલો હવે રોહિણી માતાની પૂજા કરીએ. અંધારૂં થવા આવ્યું છે, અને મંદિરમાં ઘંટ વાગવાના પણ શરૂ થયા છે. જો, દીવા સળગાવીને પૂજારીઓ બ્હાર આવે છે. આપણે રસ્તાની બાજુ ઉપર ચાલીએ, કારણ, આ સમયે દેવો ફરવા નીકળે છે, માટે હેમના માર્ગમાં ના આવવું જોઈએ."

મંદિરમાંથી ઘંટ તથા શંખનાદ સંભળાવા માંડયો. રોહિણી માતાનો મંદિરમાંથી બ્હાર ફરવા જવાનો સમય થયો હતો, તેથી છેલ્લી આરતી શરૂ થઈ હતી. મોડાં પડેલાં મનુષ્યો, ઉતાવળાં ઉતાવળાં પિત્તળની થાળીમાં પુષ્પ લઈને માતાને ચઢાવવા જતાં હતાં, તો કેટ-

ભાંક મંદિરથી થોડેક છેટે ઊભાં રહીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતાં હતાં.

મંદિરમાં ગાતા પૂજારીઓના ગાયનના સૂર બદલાયા તે ઉપરથી લોકોએ જાણ્યું કે માતા મંદિરના દ્વારમાં આવ્યાં છે, તેથી લોકોએ નવ વાર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને પોતાની ઇચ્છાઓ પ્રગટ કરવા માંડી, તથા મંદિરની છેક પાસે જઈને ત્હાંથી પવિત્ર ભસ્મ, ચપટી જેટલી લઈને તથા તુલસી પત્ર લઈને મંદિરની ત્રણવાર પ્રદક્ષિણા કરીને ઘેર જતાં હતાં. આ સમયે લોકો એક શબ્દ પણ ઘાંટો પાડીને બોલતાં ન્હોતાં, હેમનાં હૃદય ભયથી ભરપૂર હતાં. કેટલાક મંદિરમાં નાળિયેર વધેરતા હતા, તો કેટલાક રોગમુક્ત થવાને કપૂર બાળતા હતા, ને કેટલાક માળા ફેરવતા હતા. પાસેનાં વૃક્ષની ઘટામાં પુષ્ટ, કદાવર, બિહામણા દેખાવના અને શરીરે ભસ્મ ચોળેલા વેરાગીઓ તથા મંદિરમાંના પૂજારીઓ હતા. વેરાગીઓને જોઈને ત્રણે સખીઓએ ભયથી એકબીજાના હાથ ઝાલ્યા. હેમની તરફ વેરાગીઓ આંખ્યો કાઢીને ધૃષ્ટતાથી વિકાળ પ્રાણીની પેઠે ધારી ધારીને જોતા હતા. કમલિનીએ કહ્યું:—“ એ કાશી ! મ્હને આ લોકોનો ઘણો ભય લાગે છે, હામાંનો એક રોજ ભિક્ષા માગવાને હમારે ઘેર આવે છે, અને હેને હું કાંઇ આપું છું ત્યારે એ આશીર્વાદ દે છે, પણ તે વખતે એ એટલો બધો તો બિહામણો દેખાય છે ! ” કાશીએ કહ્યું:— “ એમ કહેવાય છે કે એ લોકોની આંખ્યમાં એક જાતની હેવી શક્તિ હોય છે કે કેટલાંક મનુષ્યો હેને જ દેખે છે, ને હેની પછવાડે પછવાડે જ જાય છે. મ્હને લાગે છે કે આ લોકો જે ધારે તે કરી સકે. ” કમલિનીએ કહ્યું:—“ હાય હાય, કેવું ભયાનક ! હમારે ત્હાં

પૂજારી આવે છે તે મ્હને બગારે ગમતો નથી. હેને હમ્મેશાં મ્હારે વિશે કાંઇકને કાંઇક કહેવાનું હોય છે જ. એ જ્યહારે આવે છે ત્યહારે હું સંતાતી રહું છું, પણ એ મ્હને સોધી કાઢે છે. પૂજા માટે હેને કાંઇક નહિંતો કાંઇક જોઈતું જ હોય છે, અને તે હેને માટે મ્હારે લઈ જવું પડે છે, ત્યહારે એ મ્હારા ભણી હેવું તો તાકીને જુવે છે કે મ્હને ભય લાગે છે, તું એમ ધારે છે કે મ્હારો હેના ઉપર અભાવ છે તે એ જાણતો હશે.!"

ભાગીરથીએ કહ્યું:—"એ લોકો બધું જાણે છે. જ્યહારે પૂજારીઓ સમાધિમાં હોય છે ત્યહારે દેવ હેમને સર્વ કહે છે, અને હેમની સત્તા દેવો ઉપર પણ હોય છે, કેટલાક નઠારા પૂજારીઓ તો એટલા ધૃષ્ટ હોય છે કે દેવને પણ આજ્ઞા કરવા જાય છે. પૂજારીઓ મંત્રકળામાં ઘણા કુશળ હોય છે તેથી શક્તિવાળા થાય છે. હાલના પ્હેલાંનો પૂજારી ઘણો દુષ્ટ હતો. એ શી રીતે મરણ પામ્યો તે તું જાણે છે? જો, આપણાં રોહિણી દેવી સૌભાગ્યવંતા છે. તું જાણે છે કે આપણું ગામ નદીના પૂરથી ધોવાઈજતું હેમણે ઉગાર્યું હતું? જ્યહારે રાત્રિમાં એક સમયે નદીમાં પુષ્કળ પૂર આવ્યું હતું અને નદીના બંધ તૂટી જવાનો ભય લાગ્યો, ત્યહારે રોહિણી દેવીએ મામલતદારને ત્યહાં જઈને હેમને જગાડ્યા, અને કામ કરનારા માણસોને મોકલવાનું કહ્યું, ત્યહારે મામલતદારે અણપરવડતે કહ્યું કે—'એક રાતમાં બંધનું રક્ષણ કરવું કઠણ છે,' ત્યહારે દેવીએ કોપાયમાન થઈને કહ્યું કે 'હમે દરેક જણાં ઉઠીને આવો અને માત્ર એક એક પાવડા જેટલી રેતી આણો, બાકીનુ સર્વ હું સંભાળી લઈશ. હું કોણ છું તે હમે જાણો છો?' તે રાત્રિયે ગામના સર્વ પુરૂષોએ જઈને ધમધો-

કાર કામ કર્યું, અને જન્મારામાં કદી પણ ન લીધેલો શ્રમ લીધો તેથી આપણા શેહેરનો બચાવ થયો. રોહિણી માતા ઘણાં સદ્‌ગુણી છે, અને પેલો પૂજારી બહુ છૂટથી વર્તતો હતો તેથી હેના ઉપર ક્રોધાયમાન થયાં હતાં. એક વાર મધ્ય રાત્રિયે શેહેરનું રક્ષણ કરવાને રોહિણી માતા ફરવા નીકળતાં હતાં ત્યારે પેલો પૂજારી ભાંગ પીને ઘેનમાં અડબડિયાં ખાતો સ્હામો મળ્યો. ત્હેણે પુછ્યું:—'કેમ, રંડા ! આવ્ય બ્હાર' આ ઘણું જ અપમાન ભરેલું હોવાથી રોહિણી દેવી ક્રોધાયમાન જ થઈને પાછાં ફર્યાં, મંદિરની બ્હાર હતાં તેથી તે સ્વતંત્ર હતાં, અને પૂજારીના તાબામાં ન્હોતાં, તેથી હેમણે હેવો એક વાંસામાં ધકકો પૂજારીને માર્યો કે એ ધરતી ઉપર પડી ગયો ને મ્હોમાંથી રક્ત નીકળ્યું ને મરણ પામ્યો. રોહિણીદેવી સાથે મશ્કરી કરી સકાતી નથી, હેને સારા દિલના અને પવિત્ર મનુષ્યો જ ગમે છે, સ્ત્રીઓ ભણી તાકીને જોઈ રહેનારા, તથા અપશબ્દો વાપરનારા ઉપર રોહિણીદેવીની કૃપા નથી હોતી. એ ઘણાં સદાચારી છે, હેમના સદાચરણના બળથી એ પોતે નદીમાં અને પૂરમાં થઈને પણ સ્હામે પાર વગર પલળ્યે જાય છે ને આવે છે. હેમના ગુણ સ્ત્રીઓ ગાયનમાં પણ ઘણા ગાય છે.

કમલિની ગૂઢ ભયથી ભરેલા હૃદય સાથે મંદિરની છેક પાસે ગઈ. મહાન્ સદ્‌ગુણી રોહિણીદેવી આગળ મન ખાલી કરવાની હેને ઘણી જ ઇચ્છા થઈ. મંદિરની સ્હામે ઊભી રહીને હાથ જોડીને રોહિણીદેવીને પ્રણામ કર્યા. જ્યહાં સર્વ અંધાધુંધી ચાલતી હતી, કશાનો નિયમ ન્હોતો, ત્હેવા ઘરમાં કૃપાળુ પરમેશ્વર રાજ્ય ચલાવે તથા સંસારનાં યુદ્ધ અને ક્લેશ સમયે પોતાને બળ આપે, હેવી

પ્રાર્થના એ કરતી હતી, તથા નિઃશબ્દ આંસુ પાડી રુદન કરતી હતી. હેને લાગ્યું કે સર્વ અંધ વિધાતાના હસ્તમાં છે. ભયંકર મૂર્તિ સ્હામે એ પગે લાગીને બોલી, “ઓ! મહાન્ પ્રભુ!” તે સમયે વૃક્ષમાં થઈને સુસવાટો કરતો પવન હેના ધીમે સ્વરે બોલેલા દુઃખમય શબ્દોને પણ દૂર લઈ જતો હોય ત્હેવો ભાસ થયો. તે ફરી બોલી “ઓ! મહાન્ પ્રભુ! જો તું આ સ્થળે હોય–” આટલું કહી તે અટકી ગઈ, પોતાની પ્રત્યે પ્રપંચો કરતા હતા તે મનુષ્યોનું સ્મરણ થયાથી તે કમ્પી ઊઠી, પરંતુ બીજી જ ક્ષણે હેનું ચિત્ત શાન્ત થવા માંડ્યું. હેણે પોતાના ઘરભણી જવાના માર્ગ ઉપર, ત્હેની પાસેની ટેકરીઓ ઉપર, તથા માર્ગના વાંક ભણી દૃષ્ટિ કરી વિચારમાં પડી. હેને લાગ્યું કે પરમેશ્વર પોતાનાથી છેટો નથી, અને એ સાહ્ય કરવાને સર્વ શક્તિમાન્ છે. હેણે સ્વાભાવિક રીત્યે આકાશ ભણી જોયું ને કહ્યું, “હા, મંગલમય પ્રભુ! તું આ સ્થળે છે, તું મ્હારૂં હૃદય જાણે છે. ત્હેં મ્હને સૃજાવી છે, ને સર્વ જુવે છે. તું સારાં તથા નઠારાંને પણ જુવે છે. દુષ્ટ મનુષ્યોના અધમ પ્રપંચોને નિષ્ફળ કરય. ઓ પ્રભુ! મ્હારા સ્વામીનો તથા મ્હારો ઉદ્ધાર કર્ય, હમારી ચારે બાજુઓ અંધકારરૂપી અસત્યતાથી ભરપૂર છે. હમને સત્યનો માર્ગ દર્શાવ્ય. આ મ્હારી નમ્ર પ્રાર્થના અંગીકાર કરીને સાહ્ય થા.”

કમલિની નયનો મીંચીને, હાથ જોડીને થોડીવાર મૌનયુક્ત બેશી રહી. પવન પુષ્કળ સુસવાટા કરતો હતો, તથા આંબાના વૃક્ષની લીલી ડાળીયો ભાવિ સૂચવતી હાલતી હતી; કમલિનીને એમ લાગ્યું કે પોતે હાવી પ્રાર્થના કરવાની ધૃષ્ટતા કરી હતી, તેથી અદૃશ્ય દેવ કોપાયમાન થઈને પોતાની પાસે આવતા હતા. હેણે ભયભીત થઈને

પુનઃ પ્રણામ કર્યા. પોતાની ધૃષ્ટતાનું શું પરિણામ આવશે એ ભયથી ધ્રૂજવા મંડી. પવનનો સુસવાટો ધીમો પડયો, સર્વ શાન્ત થયું. “દેવી ક્રોધાયમાન થઈને હું બેઠી છું ત્હાંને ત્હાંજ મ્હારો પ્રાણ લેશે કે શું ?” એમ વિચારીને હેણે ફરીથી નયનો મીંચ્યાં, ને હાથ જોડયા, હેનું ચિત્ત પ્રાર્થનામાં લીન થઈ ગયું. તે જ ક્ષણે હેના પતિનો સ્વર સંભળાયો. નયનો ઉઘાડીને ઊંચું જોયું તો અન્ય પુરુષને જોઈને ચમકી ઊઠી. પોતાનો પતિ પોતાની પાસે જ ઊભો રહીને કાંઈક કહેતો હતો, પણ હેના શબ્દનો અર્થ તે બરોબર સમઝી સકી નહિં, કારણ પેલા પુરુષનાં નેત્રોની ચમત્કારિક શક્તિયે હેને સ્તબ્ધ કરી દીધી હતી. ત્હેણે વિચાર્યું:—“પેલો યુવક ! આહા ! પેલો જ યુવક છે, એ અહિંયાં શું કામ આવ્યો હશે !” એ ઊભી થઈ અને પોતાના પતિ પાસે ગઈ તથા પોતાના ધડકતા હૃદયને સ્થિર કરવાને પોતાના હૃદય ઉપર હાથ મૂકયો. જે વૈદે કમલિનીને રોગમુક્ત કરી તથા એનો મેળાપ વિચિત્ર સંજોગો વચ્ચે દુધ્રસ્થળમાં થયો હતો, તે જ યુવક કમલિનીના પતિ જોડે ઊભો હતો. હેની આંખ્યોની સુન્દરતા, તથા હેની વિચિત્ર શક્તિ કદી પણ ભૂલાય ત્હેવી ન્હોતી. હેના નેત્રોની શક્તિ જોઈને કમલિની વિસ્મય પામવા લાગી. કમલિનીના પતિએ કમલિનીને હેની સખીઓ વૃક્ષ નીચે ઊભી હતી ત્હાં લઈ જઈને કહ્યું:—“ત્હારા પિતા પાસે જવાને જલદીથી તૈયાર થા.” કમલિની જાણે સ્વપ્નમાંથી જાગૃત થઈ હોય તેમ ચમકીને પૂછ્યું, “શું ? શા માટે ?” કમલિનીની ગભરાયલી મુખમુદ્રા ભણી જોઈને સ્મિત કરીને ગણેશે પૂછ્યું:—“આ પવિત્ર ઘાટમાં કોઈ દેવી શક્તિયે ત્હારી શુદ્ધિ ભૂલાવી દીધી છે ? આટલો સમય હું

શું કહેતો હતો તે ત્હેં સાંભળ્યું નહિં ? ત્હારા પિતાએ ત્હને તેડવા મોકલ્યું છે. એ માંદા છે, માટે ઘેર આવીને ઝટ જવાની તૈયારી કર." આટલું કહીને હેનો પતિ તથા પેલો યુવક ચાલ્યા ગયા.

ગણેશનો સ્વભાવ સમઝવો એ ઘણું કઠિન હતું. હેનામાં ઘણા સદ્‌ગુણ હતા. પણ તે નિરુદ્યમી તથા જરા સ્વાર્થી હતો. બધી વસ્તુઓ પોતાના સુખ માટે છે એમ એ ગણતો, તેથી કમલિનીને પોતાને આનન્દ આપનાર તથા પોતાની સેવા કરનાર પોતાની મિલકત ગણે હેમાં કાંઇ નવાઈ જેવું ન્હોતું. કમલિનીની પ્રત્યેની પોતાની બેદરકારીભરેલી વર્તણુકથી કમલિનીને દુઃખ થતું હતું, ત્હેનાથી પોતે અજાણ્યો હોય હેવો ડોળ કરતો હતો. કમલિની પોતાની પત્ની છે, તથા સર્વ રીત્યે પોતાની મિલકત છે, એટલાથી જ એ સંતુષ્ટ હતો. હેને પ્રેમથી પોતાની તરફ આકર્ષવી તથા હેનું હૃદય પોતાનું કરી લેવું હેવી કાંઇ ખાસ ઉત્કંઠા હેને ન્હોતી; પરંતુ જ્યહારે એ કમલિનીની પાસે આવતો ત્યહારે હેની સાથે પ્રેમથી વર્તતો હતો, કારણ તેમ કર્યાથી કમલિનીના મુખારવિન્દ ઉપર આનન્દનો પ્રકાશ તથા રંગ ચઢી આવતાં તે જોઈને ગણેશ આનન્દ પામતો હતો. ગણેશ કોઇને દુઃખી જોઈ સકતો ન્હોતો, એ જ કારણથી કેટલાંક કઠિન કર્તવ્યો બજાવતે સંકોચ પામતો હતો, તથા પોતાની માની પાસે રહેવું ગમતું હતું, કારણ એ એકનો એક પુત્ર હોવાથી હેના મા હેને લડાવીને હેનાં નિરંતર વખાણ હેને મ્હોએ જ કરતી હતી. રમાબાઈના પતિએ ગણેશના આ સર્વ સ્વભાવનું નિરીક્ષણ કર્યું હતું, અને જેમ બને તેમ હેને સઈના સંસર્ગમાં વધારે ને વધારે આણવાનો યત્ન કરતો હતો. સઈમાં ઘણી આકર્ષણશક્તિ હતી.

હેની જ્ઞાનમય વાતો, હેનો આનન્દી ને મશ્કરો સ્વભાવ, સંસારનો વિશાળ અનુભવ વગેરેથી ગણેશ આકર્ષાયા વગર રહ્યો નહિં. કમલિની હેના મનની આ નિર્બળતાથી અજાણી હતી, એ પોતે તીવ્ર લાગણીવાળી તથા ઉમદા સ્વભાવની હતી, તેથી પોતાની આજૂબાજૂનાંઓમાંના ઉત્તમ ગુણ જ જોતી. એ પોતે તદ્દન નિઃસ્વાર્થી હતી, તથા સર્વનું કાર્ય કાળજી રાખીને કરતી હતી. ધીમે ધીમે ગણેશ કમલિનીથી અચકાવા લાગ્યો, કારણ ગમે તે બ્હાનું કાઢીને હેને અભ્યાસ કરાવવાનાં વચનો હેણે અનેકવાર તોડયાં હતાં, તેથી એ પોતાને મનમાં ગુન્હેગાર ગણતો હતો. ગણેશના આવ્યાથી કમલિનીના મુખ ઉપર આનન્દનો પ્રકાશ આવતો તે જોઈને હેને પોતાનાં ભંગ કરેલાં વચનો સાંભરી આવતાં હતાં તથા તે શરમિંદો થતો હતો. એ જાણતો હતો કે પોતાના કરતાં કમલિની ઘણી સદ્‌ગુણી છે, તેથી પણ તે અચકાતો હતો. પોતે કમલિનીને અભ્યાસ કરાવવા માટે વચન આપ્યા માટે પસ્તાવા લાગ્યો, કારણ હવે તે વચન પોતે પાળી સકતો ન્હોતો.

પ્રકરણ ૧૨ મું.

પિતાની સોડયમાં પાછી.

સઈના શિવગંગામાં આવ્યાથી કેટલાકના હૃદયમાં ઘણો આનન્દ વ્યાપી રહ્યો હતો. જ્યહાં જ્યહાં લગ્નઉત્સવ, અથવા મિજલસ હોય ત્યહાં ત્યહાં સઈ દૃષ્ટિયે પડતી હતી, તથા ગણેશની વયના યુવકો, સઈની જ વાતો કરવામાં સમય ગાળતા હતા, અને સર્વની સમક્ષ સઈએ ગણેશ ઉપર ખાસ કૃપા કરીને હેની સાથે પુષ્કળ સમય વાતોમાં ગાળ્યા માટે હેને હેના મિત્રો ધન્યવાદ આપતા હતા, અને ગણેશને કહેતા હતા કે "તું ઘણો ભાગ્યશાળી છે." આથી ગણેશના મનને ઘણો આનન્દ થતો હતો. કમલિનીને હેના પતિને સઈની સોબતમાં ફરતો જોયાની વાત સખિયો તરફથી કાને આવ્યા પછી તે ઘણી અસ્વસ્થ રહેવા લાગી, ત્હેમાં વળી પિતાજીના મંદવાડના સમાચાર સાંભળીને બીજી ચિન્તા ઉત્પન્ન થઈ. ઘડીકમાં હેને પતિ માટે ભય લાગતો હતો, અને ઘડીકમાં માંદગી ભોગવતા પિતા માટે ચિન્તા થતી હતી. કેટલોક સમય વિચાર કરીને તે મનમાં બોલી કે "જો પતિને કાંઇ પણ થશે તો હેમાં મ્હારા દોષથી નહિં થાય, પણ જો એ પેલી સ્ત્રીના પંજામાં સપડાશે તો હું શું કરીશ? હેનો કાંઇ પણ ઉપાય કરવાનું ભાગ્યદેવીએ મ્હારા હાથમાંથી લઈ લીધું છે. હાલ પિતાજીને મ્હારો ખપ છે, અને છતાં મ્હને એમ થાય છે કે હાલ પતિ પાસે રહેવાની મ્હારે ખાસ જરૂર છે." હાલા

કઢંગી સ્થિતિમાંથી પોતાને બચાવવાને મહાન્ દેવની પ્રાર્થના કરી, પરંતુ તે નિષ્ફળ જશે એમ હેને લાગ્યું. પતિ પ્રત્યેની ફરજો સંપૂર્ણ રીત્યે બજાવવાના હેતુથી આટલા સમય સુધી કમલિનીએ પોતાના પિતા પાસે જવાની ઇચ્છા દબાવી રાખી હતી, પરંતુ પોતાના પિતાના મંદવાડના સમાચાર સાંભળીને હવે એ રોકી સકી નહિં. પોતાના ખંડમાં ભોંય ઉપર સૂઇને કમલિની રુદન કરવા લાગી; " ઓ ! પિતાજી ! પિતાજી ! હું તો અહિં છું, ત્હાં તમારી સારવાર કોણ કરતું હશે ? " પોતાના પિતાની પાસે જઇ પહોચ્યા પ્હેલાં વખતે પિતાજી મરણ પામશે હેવી ચિન્તાથી એ અત્યન્ત દુઃખી થઇ, અને આખી રાત્રિ નિદ્રા રહિત કાઢી.

બીજે દિવસે પ્રાતઃકાળે કમલિની ઊઠી; પોતાના બાલ્ય કાલના, આટલા વર્ષ સુધી ન જોયેલા, પર્વત ઉપર ને ઘેર સાસુ સાથે જવાનું ઠર્યું હતું. ગણેશ પણ સ્હવારમાં વ્હેલો ઊઠ્યો હતો. કમલિનીના લગારે વિચાર કર્યા વગર આખી રાત્ય ઘસઘસાટ ઊંઘ્યો હતો, પરંતુ જ્યારે હેણે કમલિનીના રુદન કર્યાથી નયનો રાતાં તથા સૂજેલાં જોયાં તથા હેને મુખ નીચું રાખીને, કામમાં ચિત્ત રોકીને, રુદન કર્યાનાં ચિન્હ ગુપ્ત રાખવાનો વ્યર્થ યત્ન કરતી જોઇ ત્યારે ગણેશને પોતાની બેદરકારી માટે પશ્ચાત્તાપ થયો. કમલિની ઘડી ઘડી સાસુના ખંડના બારણા આગળ જઇને સાસુના બ્હાર આવવાની વાટય જોતી હતી. ગણેશથી આ જોઇને હેની પાસે જઇને કહ્યા વગર રહેવાયું નહિં. હેણે કહ્યું, " કમલિની રોઇશ નહિ. " આ સાંભળીને કમલિની પડતાં અશ્રુ સંતાડવાના હેતુથી જરા પાછળ ખસીને પાસેના ખંડમાં ગઇ. ગણેશ તેહેની પાસે ત્હાં ગયો અને કમલિ-

નીએ નીચું કરેલું માથું વ્હાલથી ઊંચું કરીને બોલ્યો, " ના, કમલિની, ના, આમ રોયેલે મ્હોએ જઈશ નહિં." આટલા દિવસ સૂધી કમલિની પ્રત્યે બેદરકારી રાખ્યા માટે ગણેશને પશ્ચાત્તાપ થયો. કમલિનીના જવાના વિચારથી હેના હૃદયમાં દુઃખ થવા લાગ્યું, તથા હેને ખોવાનો ભય લાગવા માંડયો, પરંતુ હેણે સ્મિત કરીને કહ્યું, " કમલિની! તું ન્હાની બાલક છે કે આમ રૂવે છે? ત્હારા પિતાજી કાંઇ બહુ માંદા નથી, કાલ્યે મ્હેં રામચન્દ્રરાવને ખાસ પૂછી જોયું હતું, ત્ય્હારે હેણે કહ્યું હતું કે એ ઘણા ભયંકર મંદવાડમાં નથી, પરંતુ પોતાની પુત્રીને જોવાની ઇચ્છાથી હેમનું હૃદય તલપી રહ્યું છે. અને તેમ હોય હેમાં કાંઇ નવાઈ નથી, ત્હને કેટલાં બધાં વર્ષ થયાં મળ્યા નથી !" એટલામાં બ્હારના ખંડમાં પોતાની માના બોલ્યાનો સ્વર સાંભળ્યાથી ગણેશે કહ્યું, " હવે સંભાળીને જજે, હું ત્હને મળવાને ત્ય્હાં ઝટ આવીશ." એટલું કહીને એ બ્હાર ગયો.

માર્ગમાં જતે કમલિની આખો સમય પોતાના પિતાના પર્વત ઉપરના ઘરનો જ વિચાર કરતી હતી. નિદ્રા રહિત રાત્રી ગાળ્યાથી, તથા ચિન્તાથી હેનું માથું ભમતું હતું, અને આ સર્વ હેને સ્વપ્ન જેવું લાગવા માંડયું. કમલિની તથા હેની સાસૂ બજાર વટાવીને ગામને બીજે છેડે જઈ પ્હોચ્યાં. બજારને આ રસ્તે થઈને બાલ્ય કાળમાં પોતાના પિતાની પીઠ ઉપર બેશીને અનેકવાર ગયા આવ્યાના દિવસો સાંભરી આવ્યા અને હેનાં નયનો અશ્રુથી ભરાઈ આવ્યાં. હેણે વિચાર્યું, " આહા ! પિતાજીનો પ્રેમાળ હસ્ત હવે ક્ય્હાં છે? કશાની દરકાર ન કરતાં, 'નિરાંત્યે ઊંઘી જા' એમ કહેનાર પ્રિય પિતાજીનો સ્વર ક્ય્હાં છે!" માર્ગની બંને બાજૂએ લીલાં ખેતરો પ્હેલાં જેવાં

જ હતાં, તથા હેમાં પવનથી લીલા અનાજમાં સુન્દર લ્હેરો પડતી હતી. આ જોઈને હેને બાળકપણુમાં ખેતરમાં થઈને જતાં, તે સમયનો આનન્દ સાંભરી આવ્યો. હેણે સ્વાભાવિક રીત્યેં ઊંચું જોયું કે સૂર્ય પણ પૂર્વની પેઠે પ્રકાસે છે કે કેમ? અને પોતાનો બાલ્યકાળનો રમતનો સાથી, પવન, પણ પ્હેલાંની પેઠે જ સુસવાટા કરતો આવે છે કે કેમ? પ્રાતઃકાળના સૂર્યનાં કૂણાં કિરણો આછા ધુમ્મસમાં થઈને લીલાં પાંદડાંને તથા ધુમ્મસથી પલળેલી વૃક્ષોની ટોચોને પ્રકાશિત કરતાં હતાં. કમલિની પોતે છેલછેલ્લી પિતાને ઘેરથી આવ્યા ને કેટલાં વર્ષ થઈ ગયાં, તથા તેટલાં વર્ષમાં પોતાના જીવનમાં કેટલા ફેરફાર થઈ ગયા, એ વિચાર આવ્યાથી મનમાં બોલી, "આહા! બાલ્યકાળનો આનન્દ હવે ક્યાં ગયો? હવે શું એ પાછો નહિં આવે?" એ વિચારથી તે કમ્પિત થઈ.

હવે પિતાજીની ઝૂંપડીવાળી ટેકરીની તળેટીએ કમલિની તથા હેની સાસૂ આવી પ્હોચ્યાં હતાં. કમલિનીની પિતાજીને મળવાની અધીરાઈ જોઈને હેની સાસૂએ હેને ઝડપથી આગળ જવાનું કહ્યું. ટેકરી ઉપર ચઢતાં કમલિનીએ પોતાની બાલ્યકાળની સખી ચેશાને સ્હામી આવતી જોઈને હેનું હૃદય સ્તબ્ધ થયું. તે બોલી, "ચેશા!" ચેશીના હાથમાં ન્હાનું બાળક તેડેલું જોઈને વર્ષો વીત્યાનો તથા ત્હેમાં થયેલા ફેરફારનો કમલિનીને પ્રથમ જ ખ્યાલ આવ્યો, પણ વાતનો વખત હતો નહિં. કમલિનીએ તરત હર્ષથી ચેશીને આલિંગન દીધું, અને રોવા લાગી. આ સમયે જ્ઞાતિભેદ વીસરી જવા માટે બિચારી કમલિનીને કોણ દોષ દઈ સકે? જ્ઞાતિના અભિમાનને આ સમયે અવકાશ જ ન્હોતો, કેમકે પૂર્વકાળના સ્નેહના ઊભરા આગળ

આભડછેટ અને સ્પર્શાસ્પર્શની બ્રાહ્મણ વર્ગની લાગણી લુપ્ત થઈ ગઈ.* ચેશીએ પણ પોતાની સખીને ગળે હાથ વીંટયા, અને આશ્ચર્ય તથા હર્ષથી બોલી, " કમલિનીબાઈ! ત્હમે કેટલાંબધાં બદલાઈ ગયાં છો ?" પરંતુ આ પ્રશ્નનો ઉત્તર ન દેતાં હેણે આતુરતાથી પૂછ્યું "પિતાજીને કેમ છે ?"

"ત્હમારા પિતાજી ઘણા માંદા થયા હતા, પણ હવે સારૂં છે, ચિન્તા કરશો નહિં. હું ત્હમારી જ વાટય જોતી હતી." આમ બોલીને બંને સખિયો એકબીજાનો હાથ ઝાલીને પર્વત ઉપરની ઝૂંપડી બણી જવા લાગી.

ઝૂંપડી પાસે આવતાં જ કમલિની અધીરી થઈને ચેશાને મૂકીને ઝૂપડીની અંદર ગઈ, અને પથારીમાં બેઠેલા પિતાજીના ચરણે પડીને કહ્યું, " ઓ ! પિતાજી! ત્હમને મળવાને હું કેટલીબધી તલપી રહી હતી !" આમ કહીને એ ડુસકાં ભરીને રુદન કરવા લાગી.

" કમલિની! મ્હારી વ્હાલી દીકરી કમલિની ! ત્હારૂં મ્હોં મ્હને જોવા દે" કહી હેના વૃદ્ધ અને અશક્ત પિતાએ હેનું માથું સોડમાં લઈને હેના કપાળ ઉપર આશીર્વાદસૂચક ચુમ્બન કર્યું. કમલિની ડુસકાં ભરતી છાની રહી અને વિશ્રામસ્થાન આખરે મળ્યું હોય એમ અપૂર્વ શાન્તિ અનુભવવા લાગી. હેણે પિતાને કાંઈ પણ પ્રશ્ન ન પૂછતાં પોતાનું માથું પિતાના ઉર ઉપર નાખ્યું, અને એ હેને સજ્જડ પકડી રહ્યો, અને પુત્રીની આંખ્યોમાં જોવા લાગ્યો તથા હેને વ્હાલથી

* મૂળ ગ્રન્થની લેખિકા મદ્રાસની હોવાથી, મદ્રાસ ઇલાકામાં બ્રાહ્મણો શૂદ્રની છાયા પણ લેતા નથી, તો સ્પર્શ તો શેના જ કરે—એ રીત્યનો અહિં ઉલ્લેખ છે.

પંપાળવા લાગ્યો. તેટલામાં કમલિનીની સાસૂ આવી પ્હોચી; પરંતુ કમલિની ઊઠીને ઊભા ન થઈ તેથી હેણે કચડાગીમાં પૂછ્યું, "ઓહો! શું કમલિની ઊંઘી ગઈ છે કે?" "ના, એ છો મ્હારી પાસે આમ રહી. મ્હારી દીકરી કમલિનીને મ્હારા સદ્દભાગ્યે હું પાછી જોવા પામ્યો છું. હેની બાલ્યાવસ્થામાં મ્હેં હેને કદી પણ મ્હારાથી છૂટી મૂકી નથી." વૃદ્ધ સંન્યાસીએ મંદ સ્વરે આમ ઉત્તર દીધો.

વન ઘણું ગાઢ તથા પુરાણકાળનું હતું. હેની શાન્તિ તથા શૂન્યકારનો ભંગ માત્ર સુકાઈ ગયેલાં પાંદડાંના પડવાથી જ થતો હતો. સૂકાં પાંદડાંના ઢગલા કોક કોક સ્થળે ભૂમિથી ત્રણ ચાર ફૂટ જેટલા ઊંચા થયેલા હતા. વનના આખા વિસ્તારમાં સૂકાં પાંદડાં ખડખડીને એક પછી એક ખરખર અવાજ કરીને જમીન ઉપર પડતાં હતાં. ત્યાં વૃક્ષોનાં થડ વેલાથી ઢંકાઈ ગયેલાં હતાં, અને વૃક્ષની ડાળીઓ એકબીજામાં ગુંચવાઈ જઈને વિશાળ મંડપ બનાવીને ઊભાં હતાં. હેમાં સૂર્યનાં કિરણો ભાગ્યે જ પ્રવેશ કરી સકતાં હતાં. દિવસે પણ માત્ર ઝાંખું અજવાળું દેખાતું હતું. આ વન કારમા, શૂન્ય પર્વતોમાં એક ઉચ્ચ ભૂમિમાં હતું, ત્યહાં પક્ષીઓ અને પશુ પણ જવલ્લે જ જવાને આકર્ષાતાં હતાં. ખીણમાંથી અથવા સ્હામેના પર્વતો ઉપરથી ધુમ્મસ વહી આવતું હતું ત્યારે આ વનને ઝાંખું કરી દઈને એક વિશાળ શ્વેત વાદળમાં ઢાંકયું હોય તેમ દેખાતું હતું; પરંતુ જ્યહારે પર્વતો ઉપરથી પવન સુસવાટા કરતો આવતો હતો ત્યારે વનની શાન્તિ નસાડી દઈને, તોફાની સમુદ્ર મ્હોટા ખડકો ઉપર અથડાતો હોય ત્હેવા અવાજ કરીને આખા વનને જાગૃત કરતો હતો.

વેદપુરાણના જ્ઞાનમાં નિપુણ હોવાથી સર્વ દેશમાં કીર્તિ

પામેલા તથા સર્વ રોગના ઉપાય જાણનાર **અરૂણોદય** ઋષિનું નિવાસ સ્થાન આ **પાનવર્ષ** વન હતું. અનેક પ્રકારની ઓષધિ તથા શાન્તિ માટે આ વન ઋષિને પ્રિય હતું, હેમણે પોતાનું આખું જીવન અભ્યાસ તથા ધ્યાનમાં ગાળ્યું હતું. ઘણા થોડાક જ પુરુષોને હેમના સંસર્ગનો લાભ મળ્યો હતો, ત્હેમાંના સંન્યાસી **નારાયણ** તથા તરુણ વૈદ્ય **રામચંદ્ર** હતા.

એકાન્ત ઝૂંપડીથી થોડે છેટે એક મ્હોટા વૃક્ષ નીચે સાદડી ઉપર **અરુણોદય** ઋષિ બેઠેલા હતા, અને હેમની પાસે જ **રામચન્દ્ર** બેઠો હતો. થોડીકવાર મૌન રાખ્યા પછી હેમણે ધીમે અને કોમળ સ્વરે કહ્યું, " **રામચન્દ્ર** ! "

યુવકે અતિ માનપૂર્વક ઉત્તર દીધો, " ગુરુરાજ, આજ્ઞા કરો. હું હાજર છું. "

" **રામચન્દ્ર**, જો કે **નારાયણ** મ્હારા પ્હેલાં જશે એમ લાગે છે, પરંતુ મ્હારા દિવસો હવે પૂરા થવા આવ્યા છે. મ્હેં કહેલું સર્વ ત્હેં બરાબર લક્ષમાં રાખ્યું છે ? મ્હારા ગયા પછી જ્ઞાનનો દીપ તું બળતો રાખી સકીશ હેની ખાત્રી છે ? "

" હું અજ્ઞાન તથા અનુભવહીન છું, પરંતુ ગુરુજી, હું યત્ન કરીશ." આટલું કહીને તરુણ શિષ્ય **રામચન્દ્ર** બીજી આજ્ઞાઓ સાંભળવાને ઋષિની જરા પાસે આવ્યો, પરંતુ ઋષિની બોલવાની વૃત્તિ જતી રહી હતી, અને એ પુનઃ ધ્યાનમગ્ન થઈ હૃદયશૂન્ય જણાતા હતા. થોડીવાર પછી રામચન્દ્રે કહ્યું "મ્હારે એક માઠા સમાચાર કહેવાના છે." પરંતુ હાનો પણ ઉત્તર ના મળ્યો, તેમ હેની કાંઇ અસર પણ થયેલી લાગી નહિં. વળી થોડીવાર રહીને રામચન્દ્રે

બોલવાનું શરૂ કરી કહ્યું, "આપે કહેલી સર્વ ચર્મપત્રિકાઓ મ્હેં વાંચી. સર્પના આકારનું દુર્લભ મૂળિયું જડયું છે. સ્હામેના પર્વતના શિખર ઉપર એ એક જ વેલ છે ત્હાં છે, ખાંયણી પરાસ્ય તથા બૂટો તૈયાર છે." પરંતુ રામચન્દ્રનું આ સર્વ કહેવું વ્યર્થ ગયું, કારણ એ મહાન્ ઋષિ સમાધિમાં લીન થઈ ગયા હતા, ત્હેમાંથી કાંઇ પણ હેમને જાગૃત કરી સકતું ન્હોતું. સમાધિમાં લીન થયેલી સ્થિતિમાં જ તે ઊભા થયા, અને એક અંધ મનુષ્યની પેઠે ભૂમિભણી દૃષ્ટિ રાખીને વૃક્ષોનાં થડ ઝાલતા ઝાલતા, તથા ભૂમિભણી કાન રાખીને કાંઇ સ્વર સાંભળવાના હેતુથી ચાલવા મંડયા. યુવક પોતાના ગુરુના સ્વભાવથી માહિતગાર હતો તેથી ધીરજથી ગુરુના બોલવાની વાટ્ય જોતો હતો.

આખરે ઋષિએ ઝડપથી પાછા ફરીને રામચન્દ્રનો હસ્ત મજબુત ઝાલીને જરા ઉસ્કેરાઈને કહ્યું, "મ્હારાથી પાણીનો ખળખળાટ સંભળાય છે, આટલામાં એક ગુપ્ત ઝરણુ છે, અને આપણાં પવિત્ર પુસ્તકોમાં આ ઝરણનું વર્ણન કર્યાનું મ્હને સ્મરણ છે. જૂનાં પુસ્તકોમાં એ આસ્તારિણીના પ્રખ્યાત ઝરણ વિશે વાંચ્યું છે. જેટલી બને તેટલી ઉતાવળથી હેની શોધ કર, નહિં તો વળી ખળખળાટ સંભળાતો જતો રહેશે. સીધો જા, અને પછી ડાબો ફર્ય, ત્હાં એક ખડક છે, હેની પાસે વનદેવની મૂર્તિ વરસોનાં વરસથી સૂકાં પાંદડાંથી ઢંકાઈ ગયેલી છે, ત્હાં આ લાકડી વડે ઠોકી જોજે. મૂર્તિની પાસે જ ઔષધિવાળા પાણીનું ઝરણ છે, તે પાણી મનુષ્યને આરોગ્ય તથા જીવતદાન આપે છે. એ જળમાં નિરંતર પરપોટા થયા કરે છે. ઝરણનું મુખ સંભાળથી પથરા ખશેડીને ઉઘાડી ઝરણને વેગથી વ્હેવા

દેજો. ઉતાવળ કર્ય ! મ્હને લાગે છે કે આપણા મિત્ર **નારાયણને** આપણી સાહ્યની જરૂર છે."

" હા ગુરુજી, હું એમ કહેવા આવ્યો હતો કે એ બેભાન અવસ્થામાં છે."

"સારૂં, ઉતાવળ કર્ય ! તું એ પાણી લઈને ઝટ આવ્ય, એટલે આપણે આશ્રમમાં જઈ યે."

"**રામચન્દ્રે** આજ્ઞા પ્રમાણે કર્યું. હેને પરપોટા વળતા પાણીનું ઝરણુ જડયું. વરસોનાં વરસની જૂની વાંસની બાંધેલી ઝૂંપડીમાં ઋષિ તથા **રામચન્દ્રે** પ્રવેશ કર્યો, ત્હાં **નારાયણ** સાદડી ઉપર સૂતેલો હતો. વનમાં થઈને જતા પવનનું મધુર ગાન ઝૂંપડીમાંથી સંભળાતું હતું, પરંતુ **નારાયણને** ત્હેનું ભાન ન્હોતું. ઋષિ હેની પાસે ગયા, નાડી તપાસી, અને જાગૃત કરીને એ પ્રખ્યાત ઝરણનું પાણી થોડું પાયું.

ઋષિએ કહ્યું:—"મ્હારા મિત્ર, જ્ઞાન તથા હેની શક્તિ સંપાદન કરવાને ત્હેં ઘણા ભોગ આપ્યા છે. તું હવે નિરાશ થઈશ નહિં. ત્હારી સર્વ ઇચ્છાઓ મ્હને કહે."

નારાયણે નિર્બળ સ્વરે ઉત્તર દીધો, " મ્હારી ઇચ્છાઓ ? મ્હારી એક જ ઇચ્છા છે. આ મહાન્ વૃક્ષરૂપી મંદિરમાં શાન્તિથી પ્રાણ ત્યાગ કરીશ; પરંતુ ત્હાર પ્હેલાં મ્હારી પુત્રીને મળવાને મ્હારૂં હૃદય તલપી રહ્યું છે, હેને મળ્યાથી હું શાન્તિથી મૃત્યુ પામીશ. "

રામચન્દ્રે કહ્યું, "પરંતુ પિતાજી હેને અહિં આણવી અશકય છે. ત્હમને ત્હમારા **અંજિની** મઢમાં લઈ જવા દો. ત્હમે નિરાશ

થશો નહિં, ત્હમને શાન્તિ આપનાર ઔષધવાળું પાણી પાયું છે, તેથી હાલ તરત ત્હમારી જિંદગી ભયમાં નથી.”

આ બનાવ બન્યા પછી સંન્યાસી નારાયણને હેની અંજિનીગઢની અસલની ઝુંપડીમાં લઈ ગયા, અને કમલિનીને તેડાવી.

કમલિનીના લગ્ન પછી વૃદ્ધ સંન્યાસી તદ્દન એકાન્ત જીવન ગાળતો હતો, અને ઘણે ભાગે વિચારમગ્ન રહેતો હતો. ઘણા કઠણ વિષયો વિશે તે મનમાં ગૂંચવાતો હતો. ઈન્દ્રિયોને લગતી સવ બાબતો હેને ક્ષણભંગુર લાગી, જગતની સર્વ વસ્તુઓ અસ્થિર લાગતી હતી, પરંતુ એક વસ્તુ હેને ચિરસ્થાયી તથા અમર લાગતી હતી, તે મહાન્ પ્રભુ હતો. પરંતુ પંચેન્દ્રિયગમ્ય સૃષ્ટિ શું હશે ? શું તે પરબ્રહ્મનું ચિન્હ હતી ? જો તેમ હોય તો તે વિકારી કેમ છે ? એ પરબ્રહ્મનું ચિન્હ નહિં તો હેનો અંશ છે કે શું ? શાસ્ત્રો શેને માટે લખાયલાં છે ? જો મહાન્ પ્રભુ સર્વત્ર અને સર્વ વ્યાપી છે, તો આટલી અંતહીન ધર્મક્રિયાઓ તથા મૂર્તિપૂજાનું કારણ શું ? જો પ્રભુ સર્વત્ર વ્યાપી રહ્યો છે તો એ મનુષ્યમાં પણ હોવો જ જોઈએ. આ પ્રમાણે સંન્યાસીની વિચારમાળા ફર્યે જતી હતી. હેણે વિચાર્યું કે આ સર્વ શોધ તથા વિચાર કરવાને જનમંડળથી છેટે એકાન્તમાં રહેવું વધારે અનુકૂળ પડશે. વનમાં જ માત્ર હેના આત્માની ઊંચી ભાવનાઓ વિકાસ પામતી હતી, વનમાં જ ત્હેને આત્માના ઉત્તમ ઉલ્લાસનો અનુભવ થઈ સકતો હતો, વનમાં જ હેને પ્રભુનો સ્વર સાક્ષાત્ સંભળાયાનું ભાન થતું હતું. હેનો હેતુ પ્રભુ સાથે લીન થવાનો હતો. તેથી જ હૃદયની સર્વ લાગણીઓ દબાવી રાખવાની આવશ્યકતા લાગતી હતી. અરૂણોદય ઋષિનો સહવાસ હેને બહુ પ્રિય હતો, અને જ્યારે તે કાંઈ વિચારોથી

મૂંઝાતો હતો, ત્હારે ઋષિની સલાહ લેવાને જતો હતો. ઘણીવાર નારાયણ એકાએક વનમાંથી આવીને ગામના જનમંડળને ઉત્સાહ તથા જોસથી ખરો શાસ્ત્રાર્થ સમઝાવતો હતો. એ એટલા વાક્ચાતુર્યથી છતાં વ્યવહારિકતા સાચવીને બોલતો હતો કે લોકો હેના મનુષ્યોના અને જગતના જ્ઞાનના ભંડારથી આશ્ચર્ય પામતા હતા.

એ એમ કહેતો હતો કે ત્હમારા પુરાતનકાળના ધર્મને઼, તમારા પૂર્વજોના ઋષિઓના અને સાધુઓના ધર્મનો ત્યાગ કરશો નહિં, અથવા અન્ય ધર્મ પણ સ્વીકારશો નહિં. ગમે તે નામથી પૂજો પરંતુ મહાન્ પરમેશ્વર એક જ છે. હેનાં જુદાં જુદાં દેવાલય સ્થાપી, જુદાં જુદાં નામ પાડી, જુદી જુદી મૂર્તિઓ સ્થાપશો તોપણ ખરો દેવ એક જ છે. એ પર્વતમાં, લીલાં વૃક્ષમાં, નથી છતાં તે ત્હાં અને સર્વત્ર છે. ત્હમે હેનો સ્વર સાંભળી સકો છો પરંતુ જોઈ સકતા નથી. હેનો અંશ સર્વ વસ્તુમાં વ્યાપી રહ્યો છે, એ પવિત્ર રોહિણીમાં પણ છે, રક્ષા કરનારી ભવાનીમાં પણ છે, તથા ત્હમારૂં રક્ષણ કરનાર ગૃહદેવમાં પણ છે. પાપી મનુષ્યો જ્યહાં લગી શુદ્ધ થઈ વિષયવાસનાનો ત્યાગ નથી કરતા, ત્હાં લગી એઓને એ ભયંકર રાક્ષસ જેવો લાગે છે. પરંતુ એથી જરા ઉચ્ચ મનના તથા સદ્‌ગુણી મનુષ્યને એકાગ્ર ચિત્તથી પરમાત્મામાં લીન થવાનો લાભ મળે છે. જગતનાં સુખોની દરકાર કરશો નહિં, એ સર્વ સુખ માયા છે. સારાં કાર્ય કરી, તથા દાન કરીને, ત્હમારી મુક્તિનો માર્ગ ત્હમારી મેળે જ સરલ કરો. એ પ્રમાણે નારાયણ સંન્યાસી કોઇવાર મંદિરનાં પગથિયાં ઉપર બેશીને, કોઇવાર નદીના ઘાટ ઉપર બેશીને, તો કોઇવાર શાસ્ત્રીઓની નિવાસઘટામાં બેશીને ઉપદેશ, સંવાદ, તથા ચર્ચા કરતો

હતો, હેને સર્વે ઓળખતા હતા તથા સર્વનો હેના ઉપર પૂજ્યભાવ હતો.

ભારતવાસીઓનો એકાન્ત વાસ ઉપર, તથા ધ્યાન ઉપરનો અત્યન્ત પ્રેમ જોઈને વિદેશીઓને ઘણું આશ્ચર્ય લાગે છે, પરંતુ તીવ્ર લાગણી એ હિન્દુઓનો એક મુખ્ય ગુણ છે, તે વીસરી જાય છે. હિન્દુઓનાં હૃદય ક્ષણમાં ઘણાં ખિન્ન બને છે, તો ક્ષણમાં હેના આત્મા ઉલ્લાસમય બને છે, અને આત્માની તીવ્ર ક્ષુધાની ઊંડી અસર થાય છે, ત્હેનાથી અન્ય પ્રજાઓ અજાણી છે. હિન્દુને ધ્યાન ધરવું ઘણું પ્રિય હોય છે, કારણ હેમાં હેને ઘણો જ આનન્દ પ્રાપ્ત થાય છે, તથા જ્ઞાનનો નવીન પ્રકારનો આનન્દ મળે છે, અને જાગૃતિ પામેલા આત્માને સંતુષ્ટ કરવાને ગમે તે વસ્તુનો ભોગ આપવાને એ તૈયાર હોય છે. એ સંસારની તુચ્છ વસ્તુઓનો તથા સંસારનો ત્યાગ કરે છે, કારણ તે હેના ધ્યાનમાં વિઘ્ન પાડે છે, તેથી એ હેવે સ્થળે જાય છે કે જ્યહાં એ સ્વતન્ત્રતાથી તથા પૂર્ણ આનન્દથી પોતાના હૃદયને, જે સર્વથા સુન્દર અને ઉચ્ચ છે, ત્હેનું ધ્યાન ધરીને આત્માને સંપૂર્ણ રીત્યે આનન્દપૂર્ણ કરી સકે. હેને એકલાં રહેવું રસહીન લાગતું નથી, વૈભવના શોકી મનુષ્યો જે આનન્દથી અજાણ્યા છે, તે આનન્દ ધ્યાની પુરુષો ભોગવે છે. હેમને જગતની ઘણી જ થોડીક વસ્તુઓનો ખપ હોય છે, ને થોડાથી જ સંતોષ પામે છે, પરંતુ પ્રકૃતિની સર્વ સુન્દર વસ્તુઓ ઉપર હેનો પ્રેમ ઘણો જ હોય છે. તાજો શીતળ પવન વાય છે ત્હેનાથી હેને ઘણો જ આનન્દ થાય છે. પર્વત ઉપરનાં વાદળાં, તથા ત્હેમાં થતા સુન્દર રંગ, તથા વનમાંનાં રંગીન પુષ્પો, ગાન કરી વ્હેતાં ઝરણ અને પડતા પાણીના શ્વેત ધોધ, તથા

આનન્દી પક્ષીઓને પોતાનાં મિત્ર ગણે છે. પર્વત ઉપરનાં બકરીઓ, ગાયો, તથા વાછડાં વગેરે હેની આસપાસ રહીને પોતાની મિત્રતાની ખાતરી કરી આપે છે, કારણ એ શહેરમાં રહેનારા મનુષ્યોની પેઠે નિર્દોષ પશુને દુઃખ દેતા નથી. જ્યહારે હેને ગમે ત્યહારે પોતાનું નિવાસ સ્થાન બદલે છે, અથવા પવિત્ર ગણાતે સ્થળે યાત્રા કરવા જઈ પાછો એકાન્ત વનમાં જાય છે. હાવા જીવનનો આનન્દ સંસારી મનુષ્યો સમજી સકતા નથી.

પ્રકરણ ૧૩ મું.

સઈનો બાજીમાં પ્રથમ દાવ.

સંન્યાસી નારાયણને અંજિનીગઢ આણીને રામચન્દ્ર ઉતાવળથી કમલિનીના પતિ પાસે સંદેશો લઈ ગયો, અને તરત પાછો આવ્યો. જ્યહારે કમલિની આવી ત્યહારે રામચન્દ્ર ઝૂંપડીમાં જ હતો, આખી રાત્રિ હેણે સંન્યાસીની ચાકરી કરી હતી. જેવી કમલિની ઝૂંપડીમાં આવી કે રામચન્દ્ર બ્હાર નીકળી ગયો, પરંતુ કમલિનીએ હેને દીઠો નહિં. રામચન્દ્રે આખો દિવસ મંદિરની પાસે ગાળ્યો, પરંતુ હવે હેનાથી વધારે સમય અંજિનીગઢમાં રહેવાય તેમ ન્હોતું, કારણ હેને તથા નારાયણને સિંહગઢથી ઘણા જ અગત્યના કામ માટે તેડું આવ્યું હતું, તેથી નારાયણે પોતાની ચિન્તા ન કરતાં રામચન્દ્રને તરત જવાની આજ્ઞા કરી હતી. આ યુવકને જ્યહાં પોતાની મા બાપ

ભરેલા મંદવાડમાં હતી, ત્હાં જવાને પર્વત ઉપરના ઘાટના કેટલાક
દુર્ઘટ માર્ગ વટાવીને જવાનું હતું.

વનના ખાડાખઇયાવાળા માર્ગ, ખીણ્ય તથા કોતરોમાં થઈને
પર્વતની ધાર ઉપર થઈને રામચન્દ્ર જતો હતો, ત્હારે ત્હેણે પર્વત
માંના કારમા દેખાવ જોયા. વૃક્ષની ડાળીઓ એકબીજામાં ગૂંચવાઈ
ગયેલી હતી, તથા મ્હોટી સ્યામ શિલાઓ ભયંકર પ્રાણીરૂપે ઊભી
હતી. અનેક ઠેકાણેથી પર્વત ઉપરથી પાણીનાં ઝરણ પડતાં હતાં,
તથા ત્હેના જોસબંધ વ્હેતા પાણીનો ખળખળાટ આખી ખીણ્યમાં
સંભળાતો હતો. ઘોડેસ્વાર થયેલો રામચન્દ્ર ધીમે ધીમે જતો હતો,
પર્વત માર્ગથી ટેવાયલો ઘોડો ખડક તથા પથરામાં થઈને પોતાના
ધણીને સાવચેતીથી લઈ જતો હતો. બપોરનો તાપ સખત હતો;
પાસેની અંધારી ગાઢી ઘટામાંથી કાલીની રાતી મૂર્તિની સળગતા
દેવતા જેવી બે આંખ્યો પોતાના ભણી ધારીને જોતી હતી એમ
લાગ્યું, તેથી રામચન્દ્રનું મન અસ્વસ્થ થયું, અને હેણે એ જગ્યા
વટાવ્યા પછી એ જરા સ્વસ્થ થયો. ઊંડી ખીણ્ય ઉતરી રહીને
ઘોડાને પાણી પાવાને થોભાવ્યો. હેણે ચારે તરફ જોયું, એ સ્થાન ઘણું
રમણીય હતું. લીલાં વૃક્ષોએ વળગેલા 'ફર્નના છોડ,' પર્વત ઉપરની
કેળો, તથા વ્હેતાં નાળાં ચોતરફ હતાં. અને વૃક્ષો ઉપરથી હલકાં
પાંદડાં બધે પડીને પીળો દેખાવ કર્યો હતો. "આહા! અહિં! સર્વ
સુન્દર દેખાવ છે.આ રમણીય સ્થળ તે ખૂન અને લૂંટફાટનું સ્થાન–
ભયંકર સદાશિવ ઢાળ–છે એમ કોણ ધારી સકે? આ સ્થળ ઉપરથી તો એમ
નથી લાગતું." ચોતરફ જોઇ રામચન્દ્રને આમ વિચાર આવ્યો.
આ ખીણ્યની બન્ને બાજુએ ઊંચા પર્વતો હતા, એક બાજુ ઉપ-

રના પર્વત ઉપરના કાળા ભયંકર ખડકો આગળ ધસી આવેલ હતા. “આહા ! નિરાંત્યે બેશીને ચિન્તન કરવાની આ કેવી સારી જગ્યા છે! બીજાની પેઠે મ્હારાથી હજી ધ્યાન ધરાતું નથી, મ્હને સર્વ સ્વપ્ન જેવું લાગે છે. પર્વતનો સુન્દર પ્રકાશ, પક્ષીઓ, તથા નિર્મળ પાણીનો ખળખળાટ મ્હારૂં ચિત્ત અસ્થિર કરેછે. રૂના ઢગલા જેવાં શ્વેત વાદળાં ધસી આવીને સર્વ ઢાંકી દે છે ત્હારે એ દેખાવ જોવાને ખીણ્યમાંથી પર્વતની છેક ટોચ ઉપર હું જાઉંછું અને વીજળીના ચમકારા જોઈને તથા ભયંકર ગર્જનાઓ સાંભળીને મ્હારા હર્ષનો પાર રહેતો નથી. અત્યન્ત હર્ષથી હું મહાન્ પ્રભુની સ્તુતિ કરૂંછું, તથા હેને ચરણે મ્હારો આત્મા અર્પણ કરૂંછું.” આમ વિચાર કરતો કરતો રામચન્દ્ર ન્હાનો સાંકડો માર્ગ વટાવીને મ્હોટી વિશાળ ખીણ્યમાં આવ્યો. પર્વતવાળો ઢાળ ટેકરાનો માર્ગ પૂરો થયાથી હેનો ઘોડો આનન્દથી ખૂંખાર્યો, કે તે જ સમયે પછવાડેની ટેકરી ઉપરથી એક ઘોડેસ્વારે દોડતા આવીને રામચન્દ્રના ઘોડા સાથે પોતાનો ઘોડો આણ્યો. પ્રથમ રામચન્દ્ર ચમક્યો પરંતુ ઘોડેસ્વાર એક સ્ત્રીને જોઈને પોતાના ડરકુપણા માટે જરા હસ્યો. તે સ્ત્રી ટટ્ટુ ઉપર ફલંગીને બેઠી હતી, હેના શરીરનો બાંધો ન્હાનો હતો, એ પાતળી હતી પરતુ ઘણી જ ચંચળ દેખાતી હતી, હેની કાળી આંખ્યો બુદ્ધિના પ્રકાશથી ચળકતી હતી, અને રામચન્દ્ર ભણી હેનું લંબગોળ મ્હો આતુરતાથી ફરેલું હતું. ઢાળ ટેકરા તથા ખડબચડી જગ્યાઓ ઉપરથી ટટ્ટુને એ કળા તથા યુક્તિથી ચલાવતી હતી, તથા હેના હાવભાવમાં ઘણું લાલિત્ય હતું. એ ઘણા ગૌરવર્ણની ન્હોતી, પરંતુ હેની જાંબુડા રંગની કસૂબી કોર્યની સાડીથી હેનો

ઘઉં જેવો વર્ણ ઘણો સુન્દર દેખાતો હતો.

"હવે આપણે વનમાંથી સારે રસ્તે આવ્યાં, ખરૂં ?" હેણે રામચન્દ્રની પાસે પોતાનું ટટ્ટુ આણીને પૂછ્યું, પરંતુ રામચન્દ્રે કાંઇ ઉત્તર ન દેતાં માત્ર હેના સ્હામું જોયું.

તે સ્ત્રી ફરી બોલી, "મ્હારાં માણસો પછવાડે પડી ગયાંછે, હું આટલી ઝડપથી આવીશ એમ ત્હેમણે ધાર્યું ન્હોતું; હવે એ લોકોનો દોડીને શ્વાસ ચઢી જશે."

રામચન્દ્રે તે સ્ત્રીની પોતાની સાથે વાત કરવાની ઉત્કંઠા જોઇને જરા સ્મિત કર્યું; હેણે પ્હેલાં આ સ્ત્રીને જોઇ હતી, પરંતુ અજાણ્યો થવાનો ડોળ કરીને પૂછ્યું, "ત્હમારે બહુ દૂર જવાનું છે ?"

"પેલે પાસેને જ ગામડે. સૂર્ય હજી ઊંચો છે એટલે ભય નથી, અને વળી ત્હમારો સંગાથ છે. હજી આપણે એક અંધકાર-વાળો માર્ગ વટાવવાનો છે. મ્હને લાગે છે કે મ્હેં ત્હમને શિવગં-ગામાં જોયા હતા, પણ ત્હમે એટલા વેસ બદલો છો કે કોઇ ઓળખી સકે નહિં." રામચન્દ્રે હેની તરફ જોઈને વિસ્મય પામીને પૂછ્યું:—

"ત્હમે કેની રીત્યે જાણ્યું ?"

"તે સર્વ સઈને સોંપો."

"શું ત્હમે સઈ છો ?"

"હા. ત્હમે મ્હને કોણ ધારી હતી ?" આટલું કહીને તે ઘાંટો પાડીને ખડખડાટ હશી અને કહ્યું, "મ્હારાથી કશું ગુમ નથી, ત્હમે ધારો છો ત્હેના કરતાં હું ત્હમને સારી રીત્યે ઓળખું છું, અને

હાલ ત્હમે મ્હારા તાબામાં છો, પણ કશું ભય પામવા જેવું નથી. સઈને જે મનુષ્ય ગમે છે ત્હેને એ ઈજા કરતી નથી."

"ત્હારે પેલા ખડક ઉપર મ્હેં જે જોયા તે ત્હમારા ભીલ છે?"

"હા, ચૂપ! કોઇને કહેશો નહિં, મ્હારા મિત્રો સાથે હું ખુલ્લા દીલથી વર્તું છું તેથા ત્હમને કહું છું."

"મ્હને ત્હમે ઓળખ્યો?"

"હા, ત્હમે સંન્યાસી નારાયણના ભાણેજ છો." સઈએ રામચન્દ્રની મુખમુદ્રાનું નિરીક્ષણ કરતે કરતે ઉત્તર દીધો. આ સાંભળીને તે જરાક ચમકયો, એટલે સઈએ હસીને કહ્યું. "ત્હમારા મનમાં કે એ વાત મ્હારાથી ગુપ્ત હશે. વળી આપણી સૌન્દર્યવાન કમલિની સાથે પ્હેલાં ત્હમારો વિવાહ થયો હતો." આ સાંભળીને રામચન્દ્રે પોતાની વર્તણુક બદલી હેને પોતાની સર્વ વાતથી માહિતગાર જાણીને ખુલ્લા મનથી તથા આનન્દથી બોલ્યો, "ત્હમારૂં કહેવું કેટલે અંશે ખરૂં છે તે હું નહિં કહું, પરંતુ ત્હમે મ્હારી આ વાત ગુપ્ત રાખજો." સઈએ કહ્યું, "બહુ સારૂં, ત્હમે મ્હારી વાત ગુપ્ત રાખજો, અને હું ત્હમારી રાખીશ. એ આપણી પ્રથમ પ્રતિજ્ઞા થઈ. હવે ત્હમે હમારે ગામડે આવવાનું વચન આપશો? ત્હાં એક સારી ધર્મશાળા છે, ત્હાં ત્હમને આરામથી રહેવાનું મળશે અને વિશ્રાંતિ મળશે, અને ત્હમારા માણસોની સર્વ વ્યવસ્થા હું કરીશ." સઈએ જાણ્યું કે કમલિનીના નામથી પોતે રામચન્દ્ર ઉપર જય મેળવ્યો છે. હેની સ્ત્રીજાતિની બુદ્ધિની કળાથી જાણ્યું કે હજી વધારે

વિગત મેળવી સકાશે, એમ ધારીને ફરી પૂછ્યું, " ત્હમે દુધસ્થળમાં હતા વારૂ ? "

રામચન્દ્રે સઈ સ્હામું જોયું અને હેના પ્રશ્નનું કારણ ચેતી ગયો, તેથી જરા સ્મિત કરીને કહ્યું "હું હોઈશ કે નહિં પણ હોઉં."

" અને હજી ત્હમારો પ્રેમ એ છોકરી ઉપર છે; અરેરે ! હેના ઘયડા પિતાએ મૂર્ખાઈથી ઉતાવળ કરીને પયણાવી દીધી, તે માટે ત્હમે હેને ક્ષમા કરી હોય હેવું લાગતું નથી. " આ પ્રમાણે સઈએ કચડાગીમાં કહ્યું. દરેક પગલે પોતાનાં અનુમાન ખરાં પડયાનાં ચિન્હ રામચન્દ્રની મુખમુદ્રા ઉપર જણાતાં હતાં. હેણે ધાર્યું હતું કે આ સર્વ પ્રશ્નોથી રામચન્દ્ર ક્રોધિત થશે, પરંતુ રામચંદ્ર હસ્યો. હેને પુષ્કળ હસતો જોઈને સઈને આશ્ચર્ય લાગ્યું.

રામચન્દ્રે કહ્યું, "ત્હમે કે'વી સ્રી છો ? ત્હમે જાણતાં નથી કે એકવાર લગ્ન થયા પછી તે હાથમાંથી ગઈ ? હું હેનું ભલું ઇચ્છું છું, અને આખી દુનિયાંનું રાજય મળે તોપણ હેના સુખનો ભંગ થાય એ હું સ્વપ્નેં પણ ઇચ્છી સકતો નથી. અન્ય પુરુષની સ્રી માટે ત્હમે આટલું નિરર્થક તથા છૂટથી મ્હારી સાથે બોલો છો તે મ્હને ગમતું નથી. એ હમારો પૂર્વનો સંબન્ધ શો હતો તે જાણતી નથી. "

સઈએ પોતાની ચિન્તા સંતાડવાના હેતુથી, તથા કમલિની વિશે આમ તર્ક કર્યો તે ધૃષ્ટતા ભરેલો હતો એ ધૃષ્ટતા સંતાડવાને, ઘાંટો પાડી ખડખડ હસીને કહ્યું, "અને છતાં એ ત્હમારી સાથે વાત કરતી હતી તથા માર્ગમાં જોડે જોડે ચાલતી હતી ! " દૂધસ્થળમાં ભીડમાં થઈને કમલિનીને રામચન્દ્ર અથવા હેના જેવો કોઈ પુરુષ

લઈ જતો સઈએ દીઠો હતો એમ હેને ભાસ થયો હતો; અને એ પોતાનો તર્ક ખરો હતો કે કેમ તે જોવા માટે આ ક્ષણે એ રામચન્દ્ર ભણી ધારી ધારીને જોઈ રહી.

હેના આ શબ્દો સાંભળીને રામચંદ્ર ઘણો ચમક્યો, સઈનું હસવું હેને ઘણું અસભ્ય લાગ્યું; પોતાને કોઇયે તમાચો માર્યો હોય એમ હેને લાગ્યું અને પોતાના હોઠ કચડવા લાગ્યો. સઈને પોતાના મનની વાત તથા અભિપ્રાય કહ્યા માટે રામચન્દ્રને પશ્ચાતાપ થવા માંડ્યો. હેણે સઈ તરફ ક્ષણવાર શૂન્ય મને જોઈને પછી શાન્ત સ્વરે કહ્યું, "હમારો પૂર્વનો સંબન્ધ શો હતો, તે હવે ત્હમે જાણો છો, પણ એ વાત ત્હમારે ગુપ્ત રાખવી જોઈયે, કારણ કુમલિની એ વિશે તદ્દન અજાણી તથા નિર્દોષ છે, અને હેના પિતાના મરણ પછી હું હેનો રક્ષક છું." આ હકીકત જાણ્યાથી સઈની લાંબી જીભ શું કહેશે ત્હેની હેને ખાતરી ન્હોતી, તેથી એ જરા ભય પામ્યો અને ચિન્તા થવા માંડી. દુઃખસ્થળનો એક ન્હાનો બનાવ આજ આટલું મહત્વ પામશે એમ હેણે કદી પણ ધાર્યું ન્હોતું.

સઈએ બેદરકારીનો ડોળ કરીને કહ્યું, "એમ કે ?" હેણે રામચન્દ્રની વર્ત્તણુકમાં ફેરફાર થતો જોઈને મનમાં વિચાર્યું કે "હવે જો હું એ વાત વધારે છેડીશ તો એ મ્હારે ગામડે નહિં આવે, પણ હવે કુમલિની મ્હારા હસ્તમાં આવી છે, અને મ્હારો માર્ગ સરલ થયો છે."

સઈયે કહ્યું, "રાવ સાહેબ, નારાજ ના થશો. હમારા ગામડામાં ઉતારો કરો. એ બિચારી છોકરીની વિરુદ્ધ મ્હારે કશું કહેવાનું નથી, હું હેનાં કેટલાંક કુટુમ્બીને ઓળખું છું, અને હેને મ્હેં દુઃ-

સ્થળમાં જોઈ હતી. ત્હાં હું કેટલાક રાગ શીખવાને ગઈ હતી, કારણ ત્હાં પ્રવીણ ગવૈયાઓ આવવાનો સંભવ હતો, અને ગાયનશાસ્ત્રમાંના ત્રણ મુખ્ય રાગ એ જાણતા હતા, અને હમારે સ્ત્રીઓને એ કળા ઉપર જ જીવનનો આધાર રહેલો છે, તેથી જ્યહારે પ્રસંગ મળે ત્યહારે એ કળામાં નિપુણતા વધારવાનો હું યત્ન કરૂં છું."

રામચન્દ્ર સઈને આટલી નમ્રતાથી પોતાની વાત કરતી સાંભળીને પૂર્વ કરતાં વધારે ગૂંચવાડામાં પડયો. અને હેને ક્રોધિત ન કરવાની ઇચ્છાથી હેને ગામડે ઊતરવાનો નિશ્ચય કર્યો, કારણ હેને એમ લાગ્યું કે હાલ પોતે સઈની સત્તામાં છે.

* * * * *

કમલિની હેના પિતાને ઘેર ગયાથી શિવગંગામાંની હેની સખીઓ અનેક અટકળો બાંધીને તર્કવિતર્ક કરતી હતી. ભાગીરથીના ઘરના ચોક પાસેના ઓયડામાં ચાર પાંચ સ્ત્રીઓ ભેગી મળીને બેઠી હતી. હેમની વચમાં એક પીતળની તાસકમાં પાન સોપારી તથા જૂઈના ગજરા મૂકેલા હતા. બીજી તાસકમાં ચાંદીની અત્તરદાની તથા ચાંદીની એક વાડકીમાં ઘશેલું ચંદન હતું. એ સ્ત્રીઓ સાદડી ઉપર બેઠેલી હતી તથા પાન સોપારી ચાવતી હતી. કેશવપન કરેલી વિધવા સ્ત્રીઓ છેક કપાળ સુધી લુગડાં માથે ઓઢીને બીજી સાદડી ઉપર બેઠી હતી. તે સ્ત્રીઓ ઘણું બોલતી ન્હોતી પરંતુ વચ્ચે વચ્ચે સૌભાગ્યવતી સ્ત્રીઓની વાતોમાં ટાપશી પૂરતી હતી. પણ એક આધેડ વયની વિધવા ભીંત્ય પાસે તકિયે અઢિંગીને બેઠી હતી, તે પુષ્કળ વાતો કરીને સર્વનું લક્ષ પોતાની ભણી ખેંચવાનો યત્ન કરતી હતી.

સૌભાગ્યવતી સ્ત્રીઓમાંની એક બોલી, "શાસ્ત્રીના ઘરનું રસ્તા ઉપરનું બાયણું આજે બે દિવસથી બંધ જણાય છે, અને કોઇ જતું આવતું પણ દેખાતું નથી."

એક ગૌરવર્ણની, જરા શરીરે જાડી, સ્ત્રીએ પાનથી ભરેલે મ્હોંએ ઉત્તર દીધો, "વખતે એ સઘળાં બ્હાર ગયાં હશે; પેલી રમાબાઈ ઉપર મ્હને ધિક્કાર આવે છે. એ રામપુર ગંગાને સાસરે થોડા દિવસ રહીને પોતાને ઘેર જવાની હતી."

એક ઘઉં વર્ણની, કસબી કોર્યની સાડી પ્હેરેલી, સ્ત્રીએ પોતાની સુવર્ણની જાડી પાટલીઓ ઉપર ચ્હડાવી, ખભા ઉપરનો પાલવ ખેંચીને સમો કરતે કરતે તિરસ્કારથી કહ્યું:—"હં, હેની કને માત્ર બે જ સારી સાડીઓ છે, અને પોતે જાણે શ્રીમંત હોય ત્હેવો ડોળ કરે છે; બીચારી નિર્દોષ કમલિની જોડે કેવી ક્રૂરતાથી વર્તે છે! શાસ્ત્રીના નોકરો પણ કહે છે કે કમલિનીને સાસૂ નણંદો ઘણું દુઃખ દે છે, પણ કમલિની કશો બડબડાટ કે ફરિયાદ કરતી નથી."

એક વિધવાએ ટાપશી પૂરી કહ્યું:—"બિચારી છોકરી ઘણી ભોળી છે; એક દિવસે નદી ઉપર એ મ્હને મળી હતી, મ્હેં હેને પૂછ્યું હતું પણ હેણે વાત ઉડાવીને કહ્યું 'સર્વ માયાળુ છે.' પણ હું, હેના દુઃખી મ્હોં ઉપરથી સમજી સકું છું કે એ માર પણ ખાતી હશે. એ સાસરીઆંની કઠોરતાનું કારણ એમ ધારે છે કે પોતાને કામકાજ બરોબર આવડતું નથી, અને સર્વનો દોષ પોતાના માથા ઉપર જ લે છે."

તકિયે અઢિંગીને બેઠેલી ભાગીરથીની સાસૂએ કહ્યું: "શું,

હેને કામ નથી આવડતુ ? એ આખો દિવસ ઢોરની પેઠે તો વૈતરૂં કરે છે; આ કકેશા કરતાં મ્હારે હેવી વહૂ હોત તો કે'વું સારૂં થાત ! ”

બીજી એક સ્ત્રીએ કહ્યું, “ અરે, ત્હમે ગણેશપંત વિશે સાંભળ્યું ? મ્હેં સાંભળ્યું છે કે એ વધારે ને વધારે સઇની સોબતમાં રહે છે. ”

આ સાંભળીને રૂકૂમાની સાસૂ સર્વને પાન સોપારી તથા પુષ્પ આપતે આપતે બોલી, “ એ સર્વ કારસ્તાન કમલિનીનાં સાસરિયાંનાં જ છે. પોતાને ત્યહાં દરેક મિજલસ, ઉત્સવ તથા કથાઓમાં સઈને તેડાવે છે, અને ગણેશપંત જોડે મળવાની ગોઠવણ કરી આપે છે. લોકોને આંખ્યો એ છે ને કાન પણ છે, તે જોયા સાંભળ્યા વગર રહે ! કમલિની હાલ અહિં નથી એટલું સારૂં છે, નહિં તો હેને હાલ કરે છે હેના કરતાંએ વધારે વૈતરાં કરવાં પડત. હેના પતિને હાલ પેલીની સોબત ઘણી છે, એટલે હેને કાંઈ પોતાની સાથે રામપુર લઈ જાય એમ લાગતું નથી.”

“ના, હેના બાલકનો જન્મ થતા સુધી હેને અહિંઆં સાસૂ પાસે જ રહેવાનું ઠર્યું છે; વળી એમ પણ કહેશે કે, હજી એ બહુ ન્હાની છે, અને અનુભવ વગરની છે, એટલે હેનો પતિ નોકરી ઉપર જાય, ત્યહાં એટલે દૂર ગામ શી રીતે મોકલાય? મ્હારી ખાતરી છે કે જો એ જશે તો સઈનું ગણેશને આકર્ષણ અને ગણેશને બીજી એક છોકરી જોડે પરણાવવાનું ધાર્યું છે તે, એમ બધું મળીને બિચારી કમલિનીને તો બમણું વેઠવું પડશે. બિચારી કમલિનીની મ્હને દયા આવે છે, અને હજી હેના સીમન્તનો વિધિ

પણ કર્યો નથી."

"એ જ રીત્યે હમારા સુખનો નાશ બધાં કરે છે," બ્હારથી ઉતાવળી ઉતાવળી ભાગીરથીએ ઉપરની વાત સાંભળીને બોલી દીધું, પરંતુ જરા પાસે આવતાં, ઓયડામાં વૃદ્ધ સ્ત્રીઓને બેઠેલી જોઈને અચકાઈ, અને બાયણા પછવાડે જતી રહી.

ભાગીરથીની સાસૂએ જરા બારેખમ થઈને કહ્યું, "હું જાણતી હતી જ કે એ કાંઈક હેવું જ બોલશે, આ છોકરીને દશો વિવેક વિચાર નથી, ને દહાડે દહાડે બગડતી જાય છે."

ભાગીરથીએ જઈને ધોઈ આણેલાં લૂગડાંના વીંટા ચોકમાં નાંખ્યા, અને પાણીનો દેઘડો ચોકમાંના પથ્થર જડેલી ભોંય ઉપર જોરથી પછાડીને મૂકયો; અને ઝડપથી ઘરમાંથી બ્હાર ગઈ. એ ઉતાવળથી જતી હતી. તેથી હેના પગમાંનાં ઝંઝીરાંનો અવાજ સંભળાતો હતો.

રૂક્માની સાસૂ ઘેર જવાને ઊઠી ત્હેવી જ સ્હામી આવતી કમલિનીની સાસૂ મળી, ત્હેને સર્વ જણાંએ આવકાર દીધો. ભાગીરથીની સાસૂએ ઊઠીને ત્હેનો હસ્ત ઝાલીને પોતાની જોડે બેસાડી. કોઇ "લક્ષ્મી દેવીની કૃપા આજે અહિં કય્હાંથી થઈ?" તો કોઇ "આજે સૂર્ય કેઇ દિશામાં ઊગ્યો છે?" તો કોઇ "હમારા ધન્ય ભાગ્ય" એમ કહેવા લાગ્યાં; પછી સર્વેએ કમલિનીના સમાચાર પૂછ્યા, ત્હેના ઉત્તરમાં કમલિનીની સાસૂએ કહ્યું, "એ હેના પિતાને ઘેર ગઈ છે, હેનો ધણી હેને ગમે તો લઈ આવે કે ન લઈ આવે તે એ જાણે, હું તો એ છોકરીથી તદન થાકી ગઈ છું. એ અહિં હોય છે ત્યહારે મ્હને ઘણી મેહેનત પડે છે. હેની પુસ્તકો વાંચવાથી

ઘેલછાથી તથા હેના પતિની મૂર્ખાઈઓથી હું તો એટલી બધી કંટાળી ગઈ છું કે એ પાછી ન આવે તો સારૂં. અને વળી હેની જવાબદારી; એ લગારે બીજી છોકરીઓ જેવી નથી; હેને કશું ઘર-કામ આવડતું નથી કે ઉપયોગી થાય, અને જ્‍હારે જરા ધમકાવીએ છીએ ત્‍હારે કહે છે કે 'મ્હારો દોષ થયો હવેથી હું બરોબર કરીશ.' બીજી છોકરી હોય તો ગમે તો સાંભળી રહે અથવા તો મ્હો ચઢાવે. ત્‍હમે જાણો છો સ્તો કે કોઇ કોઇવાર ધમકાવવાનીએ જરૂર પડે છે, તેથી ધમકાવ્યા વગર ચાલતું નથી." એક જાડી સ્ત્રીએ જરા હસ્તે હસ્તે ઉત્તર દીધો, 'હા, ત્‍હમારૂં કહેવું હું સમજી. કહેવતમાં પણ છે કે 'ભાગી ધાડ દેડવાડે જાય' પણ કમલિની એ સમઝતી નથી. હં, ત્‍હારે ગણેશપંત તેડવા જશે ત્‍હાં લગી એ હેના પિતાને ઘેર રહેશે ?"

ભાગીરથીની સાસૂએ કહ્યું, " અને હેને જવાની ઉતાવળે શી છે ?"

કમલિનીની સાસૂએ વાત ફેરવીને કહ્યું, " આજે સ્હવારે ભીમીએ કૂવામાં પડતું નાંખ્યાની વાત સાંભળી ? સ્હવારે હેના ઘરમાં કેવો ગભરાટ થઈ રહ્યો હતો ! હું હમણાં ત્‍હાંથી જ આવી; અત્યારે રૂકમા ભીમીને મારમાંથી બચાવવાને પોતાને ઘેર લઈ ગઈ છે. "

બે ત્રણ સ્ત્રીઓએ એકે સ્વરે કહ્યું, " હાય ! હાય ! કે'વી મૂર્ખ છોકરી ! "

કમલિનીની સાસૂએ કહ્યું, " પેલી ડોશી ભીમીની સાસૂ ઘણી ગુસ્સે થઈ છે; હેને ભીમીની કંઠી વગેરે કેટલાંક ઘરેણાં જોઈતાં

હતાં, તેથી હેણે પોતાના દીકરાને સમઝાવીને **ભીમી** કનેથી લઈ લેવાનું કહ્યું. એ નિર્બળ મનનો છોકરો છે, હેણે માના કહ્યા ઉપર મૂર્ખાઈથી લક્ષ દીધું. એ ઘરેણાં **ભીમી**ના સાસરાનાં ન્હોતાં તેથી **ભીમી**એ આપવાની ના કહી એટલે હેના પતિએ કઠોર શબ્દો વાપર્યા, અને બંને વચ્ચે લઢાઈ થઈ. પતિના બ્હાર જતા પ્હેલાં **ભીમી** છાની માની પછવાડેના વાડામાં ગઈ અને કૂવામાં પડતું મૂક્યું. ”

એક વૃદ્ધ સ્ત્રીએ કહ્યું, “ કેવું દુર્ભાગ્ય ! **ભીમી**ની સાસુ ઘણી કંજુસ અને પાકી છે; હેના દીકરાએ પૈસા માગ્યા હશે ત્ય્હારે ઘરમાં કાંઈ નથી એમ કહ્યું હશે અને હેની વહૂનાં ઘરેણાં કાઢી લેવાનું સૂચવ્યું હશે; પણ કહે છે કે હવે **ભીમી**ના પતિને ઘણો જ પશ્ચાતાપ થાય છે, અને આ વાત ગુપ્ત રાખવાનું કરે છે; પણ સારૂં થયું કે છોકરી બચી ગઈ; જો હમારો માળી ત્ય્હાં પાસે ના હોત તો એ ડૂબી મરત. ”

વાંચનાર ! બિચારી **ભરતખંડ**ની સ્ત્રીઓને અલંકાર આટલા પ્રિય હોય, ત્હેને માટે દોષ દેશો નહિં. મહા મેહેનતે ઘરખરચના રૂપીઆમાંથી બચાવીને ત્હેમાંથી એઓ અલંકાર કરાવે છે, કારણ કદાચ દુર્ભાગ્યે પતિનું મરણ થાય અથવા તો પોતાના ઉપર કાંઈ સંકટ આવે ત્ય્હારે માત્ર પોતાના અલંકાર શિવાય હેના સર્વ વસ્તુઓ સાસરીઆં લઈ લે છે. બીજી માલ મિલકતનું ગમે તે થાય, પરંતુ હેના અલંકાર હેની પાસે જ રહેવા દે છે; હેના ઉપર જ હેનો ભવિષ્યમાં નિર્વાહ ચાલે છે, તથા સ્વતન્ત્રતાથી રહી સકે છે; અને અડચણને સમયે અલંકાર ઉપર જ આધાર હોય છે; આથી હેની

કનેથી હેના અલંકાર કોઇ છીનવી લે છે ત્ય્હારે બહુ જ વસમું હેને લાગે છે. સ્ત્રીઓને અલંકાર જેટલો પોતાનો પ્રાણ પણ વ્હાલો હોતો નથી, કારણુ અલંકાર ન હોય તો બીજાની ગુલામગિરી કરીને, મેહેણાં સાંભળીને, તથા અનેક પ્રકારનાં દુ:ખ ખમીને જીવન ગાળવામાં શો સાર ? એ વરસોના વરસ સુધી અનાથ સ્ત્રીઓને દુ:ખ દીધાને પરિણામે હાવા વિચાર હિન્દુ સ્ત્રીઓનાં મનમાં વસ્યા છે.

પ્રકરણ ૧૪ મું.

ભૂતકાળનાં ઝાંખાં દર્શનો.

"પિતાજી! રાત્રિનો પવન કેટલો શીતળ અને મધુર છે, ચન્દ્ર કેટલો ઊંચો આવ્યો છે! ઝાડના હાલતા પડછાયા જોયા? પેલાં મેદાનની રૂપેરી ચાંદનીના પડછામાં ખડકો કે'વા કાળા દેખાય છે! આહા! સર્વ કે'વું રૂપેરી પ્રકાશમય થયું છે!"

આ પ્રમાણે કમલિની હેના પિતા સાથે વાતો કરતી હતી. હેનો માંદો પિતા અને કમલિની ઝૂંપડીની બ્હાર બેઠાં હતાં. સંન્યાસી હવે જરા સાજો થવા માંડયો હતો, પરંતુ ઘણો અશક્ત હતો. કમલિનીની સાસૂ કમલિનીને મૂકીને પાછી શિવગંગા ગઇ હતી, અને કમલિનીની વૃદ્ધ દાદીમા ઝૂંપડીમાં કાંઇ કરતી હતી. કમલિની પિતા પાસે સંપૂર્ણ આનન્દથી બેઠી હતી, અને બાલ્યકાલના ગયેલા દિવસો પુનઃ આવ્યા હોય એમ હેને લાગતું હતું.

વ્હેળાના પાણીનો જાણીતો ખળખળાટ, સ્હામેનાં મ્હોટાં વૃક્ષની ઝોકાં ખાતી ડાળીઓ, અને ધસારાબંધ આવતા પવનનો સુસવાટ ગયેલા દિવસોનું સૌન્દર્ય જે કમલિનીને ઘણું મોંઘું હતું, ત્હેનું સ્મરણ કરાવતાં હતાં. કમલિની પોતાના પિતાના ખભા ઉપર માથું ટેકવીને બેઠી હતી; એ બોલી, "પિતાજી, હું ત્હમારાથી છૂટી પડી ત્યહારે હું દુનિયાંદારીનું કશું સમઝતી ન્હોતી, અને કેટકેટલું શીખવું પડ્યું છે; ત્હમે શેહેરના સર્વ મનુષ્યો કરતાં કેમ જૂદી જ પ્રકૃતિના છો? મ્હારે જે જે જાણવું અવશ્યનું હતુ ત્હેમાંનું અડધું પણ ત્હમે મ્હને કહ્યું ન્હોતું. મ્હને આપણી પ્હેલાંની જીવન રીતિ ગમે છે, બહુ જ ગમે છે. પિતાજી! મ્હને હમેશા ત્હમારી પાસે જ રહેવા દ્યો, એટલે શેહેરના મનુષ્યોના બોલવાથી મ્હારા હૃદયમાં દુઃખ થાય છે તે નહિં થાય. અરે! પોતાના જ કુટુમ્બીઓ વિરુદ્ધ શા માટે થતાં હશે? કોઇને પણ ક્રોધિત દેખીને હું બ્હીઉં છું, પણ કોણ જાણે કેમ, જે મ્હારી પાસે આવે છે ત્હેને મ્હારા ઉપર ક્રોધ આવે છે. કોઇને પણ હું હજી સુધી પ્રસન્ન કરી સકી નથી. મ્હારા સસરાને પ્રસન્ન રાખવાની મ્હારી કેટલી બધી ઇચ્છા છે! પણ મ્હેં કાંઇ અપરાધ કર્યો હોવો જોઈએ, કારણ હવે એ લગારે મ્હારી કાળજી રાખતા નથી. અહિં આવતા પ્હેલાં હું હેમને પગે લાગી, અને કહ્યું કે 'સસરાજી, મ્હને આશીર્વાદ દ્યો, હું ઘેર જાઉં છું.' મ્હેં ધાર્યું હતું કે એ માયાનો એક શબ્દ તો કહેશે, પણ એ પથ્થર જેવા કઠણ મનના રહ્યા ને થોડીવારે કહ્યું, 'મ્હને શું કામ પગે લાગે છે? સંન્યાસીને મ્હારા નમસ્કાર કહેજે.' હેમના ચ્હેરો હેવો તો દેખાતો હતો કે મ્હેં માથા ઉપર હોડેલા લુગડાનો છેડો વધારે આગળ હોડ્યો અને મ્હને શાક

રોઉં થયું. એ મ્હારાથી ઘણા નિરાશ થયા હશે, કારણ હેમની મુખમુદ્રા ઉપર દુઃખની છાયા જોઈને મ્હને લાગ્યું કે સસરાજીને મ્હેં કોઇક વાતે અપ્રસન્ન કર્યા હશે. પિતાજી! મ્હારા સસરા પ્હેલાં હાવા ન્હોતા, એ તદ્દન જુદા જ હતા." આટલું કહીને કમલિનીએ પોતાના પિતાની સ્હામે જોયું. હેનો પિતા વિચારમાં મગ્ન હતો, તેથી હેણે કાંઇ ઉત્તર દીધો નહિં. એટલામાં વાદળાંથી ચન્દ્ર ઢંકાયો, અને સર્વ શાન્ત થયું. કમલિનીના હૃદયમાં પણ શાન્તિ પ્રસરી રહી, એ પણ માથું નીચું કરીને વિચાર કરવા લાગી. આ પ્રમાણે કેટલોક સમય મૌનમાં રહ્યા પછી કમલિનીએ એકાએક કહ્યું, "જુવો, જુવો, ચન્દ્ર પાછો વાદળાંમાંથી બ્હાર નીકળ્યો, હવે સર્વ કેવું પ્રકાશમય થઇ ગયું છે! પિતાજી! જ્યહારે જ્યહારે હું પેલા ચાંદનીવાળા શાન્ત મેદાન બણી જોઉં છું, ત્યહારે મ્હને અનેક વિચારો આવે છે; એ સ્થળ જેવાં જ બાગ્ન જોયાં હોય હેવો ભાસ થાય છે, પણ ક્યહાં તે ખબર નથી, અને દેખાવનું ઝાંખું સ્મરણ છે.

"જાણે હું મુસાફરી કરતી હોઉં અને મ્હારી સાથે કોઇ મધુરતાથી વાત કરતું હોય હેવું સાંભરે છે; પિતાજી! એ ત્હમે નહિં પણ બીજું જ કોઇ હતું. એ મ્હારી મા હતી વારૂ? મ્હારી મા? હેને વિશે મ્હને શા સારૂ કશીએ ખબર નથી કહી? પિતાજી! મ્હને કહો, ઘણીવાર મ્હને એમ વિચાર આવે છે કે હું ધારૂં છું હેવી એ સદ્‌ગુણી નહિં હોય તેથી ત્હમે માની વાત ગુપ્ત રાખો છો. પણ હવે મ્હને એનો વૃતાન્ત જાણ્યા વગર ચેન પડતું નથી, સારી ખોટી જેવી હોય હેવી પણ એ મ્હારી મા હતી. શેહેરના લોકોને હેને વિશે બોલતાં સાંભળીને મ્હને બહુ દુઃખ થાય છે."

કમલિનીનું બોલવું સંન્યાસીએ સાંભળ્યું હોય એમ લાગતું ન્હોતું. હેને કોઇકનું પ્રત્યક્ષ દર્શન થતું હોય તેમ લાગ્યું. કમલિનીએ હેના મુખ ઉપર આ પ્રકારની છાયા ઘણીવાર જોઈ હતી, ત્હેવી જ આજે પણ જોઈને એ બોલતી છાની રહી. આખરે એ બોલ્યો, “દીકરી ! ત્હારી મા ? અરે, ત્હારી માની વાત હુ કે’વી રીત્યે કહું? હેનું સ્મરણ થતાં જ મ્હારૂં હૃદય ચીરાઈ જાય છે, પણ હું ત્હને સર્વ કહીશ. આટલો સમય ત્હને ન કહ્યું એ મ્હારો દોષ થયો છે. હેને મ્હેં પ્રથમ ક્ય્હાં ને કે’વી રીત્યે દીઠી હતી તે કહું ? એક ન્હાના પર્વત ઉપર ગઢ હતો. આજે પ્રકાસે છે ત્હેવો જ રૂપેરી ચન્દ્રમા તે દિવસે ત્ય્હાં પ્રકાસતો હતો. ગઢની ભીંત્ય તથા અગાશી ચાંદનીમાં સ્નાન કરતી હોય તેમ દેખાતું હતું, ગઢની અંદરના મંદિરનો પીતળનો કળસ ચન્દ્રના પ્રકાશથી નિર્મળ સુના જેવો ચકચકતો હતો. ગઢની ચોતરફ જૂનાં મહાન્ વૃક્ષ હતાં, તે ચાંદનીના પડછામાં અંધકારવાળાં તથા ગમ્ભીર દેખાતાં હતાં. ત્હારી મા એ ગઢમાં રહેતી હતી. ચાંદનીની રાત્રિએ એ ગઢ મ્હેં પ્રથમ જ જોયો હતો. હેના કોટની રાંગ ઉપર મધ્ય રાત્રિયે મ્હેં કોકને ફરતું જોયું. મ્હેં ધાર્યું કે એ શાન્ત ગઢની કોઈક રક્ષક દેવી હશે, કારણ ત્હેની આકૃતિ ઊંચી, અને ભવ્ય, નિર્મળ ચાંદનીમાં રૂપેરી સ્પષ્ટ દેખાતી હતી. હેણે થોડીક ક્ષણ ઊંચે આકાશ ભણી જોયું, એટલે ચન્દ્રના પ્રકાશમાં હેની ગોળ મુખમુદ્રા બીજો એક ન્હાનો ચન્દ્ર જ હોય હેવી દેખાઈ. હેણે પોતાના હસ્તવડે નીચે કોકને સંજ્ઞા કરી અને જતી રહી. આ મ્હેં ઘણે છેટેથી જોયું હતું, અને જ્ય્હારે હું ઉતાવળો ઉતાવળો ગઢના છેક પાસેના ગામડામાં ગયો, ત્ય્હારે મ્હેં એમ સાંભળ્યું કે એક સ્વરૂપ-

વાન મ્હોટી થયેલી કન્યાને હેના પિતાએ એ ગઢમાં કેદીરૂપે પૂરી રાખી હતી, અને પોતે ગઢના મંદિરમાંના લુંટારૂ, અજ્ઞાન અને વ્હેમી પૂજારીઓથી વીંટાયલો રહેતો હતો. હેનો ઘયડો પિતા આ ગઢ શિવાય પોતાની સર્વ જાગીર પોતાના ન્હાના ભાઈને સોંપીને, અને પોતાની પુત્રીને ઉછેરવાનું કામ હેની માશીને સોંપીને સંન્યાસી થઈ ગયો હતો. શોધ કરતાં જણાયું કે હેની માશી તે મ્હારી પણ માશી થતી હતી, એ મ્હારી માની હોરમાન બ્હેન થતી હતી. આ સગપણ હોવાથી મ્હેં હેના પાસે જવાનો નિશ્ચય કર્યો. એ કન્યાને કોઇએ કદી પણ દીઠી ન્હોતી; હેને ગઢમાં રહેવાની, ફરવાની, સર્વ જુદી જ વગ કરી આપી હતી. એ બંધનવાળા સ્થળની પવિત્રતાઈથી હું અજાણ્યો હતો. બીજે દિવસે સાંઝે હું મ્હારી માશી દ્રૌપદીબાઇને મળવા ત્ય્હાં ગયો. જેવો હું ગઢનાં પગથિયાં ચઢ્યો કે એક મનુષ્યે મ્હને જમણીબાજુ જવાનું કહ્યું. ત્ય્હાં સ્હામે એક ન્હાનું મંદિર હતું, થોડો થોડો પવન આવતો હતો, અને પુષ્પની મધુર સુગન્ધ ફેલાઈ રહી હતી, અને ચોતરફ ન્હાનાં કૂણાં વૃક્ષ હતાં. હેના ઉપર અસ્ત પામતા સૂર્યનાં કિરણ પડીને સુવર્ણના મુગટ જેવાં દેખાતાં હતાં. ન્હાના મંદિરનો સ્હામેનો દેખાવ જોઈને મ્હારૂં હૃદય ધડકવા લાગ્યું. એક ઘણા વૃદ્ધ, શ્વેત વાળવાળા પૂજારી પાસે એક ઘણી સ્વરૂપવાન યુવતી ઉભી હતી એ પૂજારી ધૂપની થાળી ઉપર વાંકો વળીને ઉભો હતો અને ઘંટડી વગાડતો હતો. એ યુવતી મ્હને જોઈને ભડકી. તે ગભરાયલા મૃગના જેવી દેખાતી હતી. મ્હેં પૂછ્યું મ્હારી માશી દ્રૌપદીબાઈ અહિંઆં છે? એ યુવતિયે નજર નીચી ઢાળી દઈને સભ્યતાથી મધુર સ્વરે કહ્યું, દ્રૌપદીબાઇ ત્હમારી માશી? એ તો મ્હારી પણ

માશી થાય છે!' મ્હેં પૂછ્યું, ત્હમે કોણ છો? 'હું ન્હાની બાઈજી', કહી તરત જ સુધાર્યું, 'લક્ષ્મી.'

અજાણ્યા પુરુષ સાથે બોલવાની હીમ્મત ધર્યાથી એ જરા ભયભીત થઈ, અને લુગડાનો છેડો માથા ઉપર ન્હોડીને ઝડપથી અંદર જતી રહી. ત્હારી મા સાથે આ મ્હારૂં મળવું પ્રથમ જ થયું. કમલિની, એ સમયની મ્હારી લાગણીઓ હું ત્હને કહી સકતો નથી. દ્રૌપદીબાઈ જોડે એ યુવતી પણ ઘરની બ્હાર આવી. હેની માયાળુ માશી સિંહગઢના સર્વ સમાચાર પૂછતી હતી, કારણ હેનું પિયેર સિંહગઢમાં હતું. આ વાતો સાંભળવાને એ યુવતિ પણ પોતાની માશી પાસે બેઠી. હેનો સંન્યાસી પિતા અવિચારી તથા બેદરકાર હતો, તેથી એ યુવતિનું આટલી મ્હોટી વય થયા છતાં લગ્ન કર્યું ન્હોતું. વૃદ્ધ, શાણી, અને માયાળુ દ્રૌપદીબાઈએ મ્હને પોતાને ત્ય્હાં રાખ્યો. મ્હેં હેની સ્વરૂપવાન ભાણેજ સાથે લગ્ન કરવાની ઇચ્છા દર્શાવી, ત્ય્હારે હેણે ઘણા આનન્દથી મ્હારૂં માગું સ્વીકાર્યું, અને રૂઢિ વિરૂદ્ધ હોવા છતાં એ યુવતિ સાથે મ્હને બોલવાની છૂટય આપી. એક દિવસે એ ગઢની ભીંત્ય ઉપર ચઢવાનાં પગથીયાં ઉપર બેઠી હતી ત્ય્હાં હું ગયો, અને ધીમે ધીમે, સંકોચથી મ્હારા પ્રેમની વાત જણાવી. એ નિર્દોષ બાળાના મુખ ઉપર લજ્જાથી રંગ ચઢી આવ્યો, અને પોતાના લુગડાના છેડાવડે પોતાનું મ્હોં ઢાંકી દીધું; હું વાત કરતો હતો ત્ય્હારે એ વારંવાર પોતાનું મ્હો લુગડામાં સંતાડતી હતી, લજ્જાથી એ મ્હારા સ્હામું જોઈ સકતી ન્હોતી, તેમ એ એક અક્ષર પણ બોલતી ન્હોતી, પરંતુ મ્હેં એક દિવસે હેને બોલાવવાનો નિશ્ચય કર્યો. મ્હેં કહ્યું, 'દ્રૌપદીબાઈ આપણું

લગ્ન ગુપ્ત રીત્યે કરવાનું ધારે છે, મ્હારી સાથે લગ્ન કર્યાથી ત્હમે સુખી થશો ?' પુનઃ મ્હેં હેને મ્હારો પ્રેમ કેટલો અનહદ છે તે દર્શાવ્યું. એ આધાર માટે વૃક્ષના થડને હાથનો ટેકો દઈને ઊભી રહી. મ્હેં હેને કહ્યું કે, 'મ્હારૂં ઘર ઘણે જ દૂર છે, પરંતુ મ્હારો પ્રેમ અપાર છે, માટે મ્હારા ઉપર વિશ્વાસ રાખો.' આમ મ્હેં ઉત્સુકતાથી કહ્યું ત્યહારે હેણે પ્રથમ જ મ્હારી દષ્ટિ સાથે દષ્ટિ મેળવી, અને હેમાં જાણે 'હું ત્હમારો વિશ્વાસ રાખું છું' એમ ઉત્તર દેતી હોય તેમ જણાયું.

જેમ બને તેમ ઉતાવળથી હમારૂં લગ્ન કરવાનો દ્રૌપદીબાઈનો આગ્રહ હતો. સર્વ ગુપ્ત રીત્યે કરવા માંડયું હતું, કારણ એ લોકોને હેના વૃદ્ધ પિતાનો ભય હતો. હેમણે લગ્નની હકીકત પછીથી કહીને સર્વ સમાધાન કરવાનું ધાર્યું હતું. પરંતુ એ એક મ્હોટી ભૂલ્ય થઈ નીવડી. દ્રૌપદીબાઈએ ઘણી જ ઉતાવળ કરી, અને તેથી પછીથી હમને ઘણું દુઃખ પડયું. લગ્નને બીજે જ દિવસે ત્હારી માનો પિતા દ્રૌપદીબાઈ કને ગયો, ને કહ્યું કે લક્ષ્મીના લગ્નની સર્વ તૈયારી કરો. આથી લક્ષ્મી ઘણી જ ગભરાવા લાગી, દ્રૌપદીબાઈ અને હેના પતિને શું કરવું તે સૂઝયું નહિં. પાસેના ગામના ઘણી સત્તાવાળા જાગીરદારે લક્ષ્મીનું માગું કર્યું હતું. હમારે બન્નેએ ગઢમાંથી જતા રહેવું અને પછીથી સર્વ વિગત હેના વૃદ્ધ પિતાને કહેવી, એ શિવાય બીજો એકે ઉપાય રહ્યો નહિં. દ્રૌપદીબાઈએ ધાર્યું હતું કે જ્ઞાતિની રીત પ્રમાણે મશાયાઈ સાથે લગ્ન થયાથી હેનો પિતા શાન્ત થશે. ત્હારી માનું ધારવું જુદું જ હતું, છતાં હેની માશી

ગયા માસાના કહેવા પ્રમાણે કરવાને એ તૈયાર થઈ. એ ઘણી બહાદુર સ્ત્રી હતી.

એ રાત્રિયે લક્ષ્મી, મંદિરની ઓશરીમાં થઈને, પડથા પડતી ફરસબંધી ઉપર થઈને હેના માસાની જોડે આવતી જોયેલી મ્હને સ્પષ્ટ સાંભરે છે. પિતાના ઘરમાંથી ગુપ્ત રીત્યે ન્હાસી જનાર દોષિત સ્ત્રી જેવી લગારે નહિં, પરંતુ એક દૃઢ મનની અને ભવ્ય દેવી જેવી તે સમયે લક્ષ્મી દેખાતી હતી. હેનો માસો, હેની ભણી ઘણી સભ્યતાથી ફરીને હેને હેના પતિને ઘેર મોકલવા માટે શી શી વ્યવસ્થા કરી છે તે કહેતો હતો. જ્યહારે એ છેલ્લું પગથિયું ઊતરી રહી, અને ગઢની તદ્દન બ્હાર આવી, ત્યહારે હેને ચક્કર આવ્યા, ને જરા અરબડીયું ખાધું; એક ક્ષણ જાણે હેનો શ્વાસ ગભરાતો હોય તેમ લાગ્યું. હેની દૃષ્ટિ સ્હામે વિશાળ એકાન્ત મેદાન આગળ જણાતું હતું,—આકાશ અને પૃથ્વીનો વિશાળ પટ પથરાયલો હતો, અને જાણે અનન્તતાનું મૌન ત્યહાં વસ્યું હોય એમ ભાસતું હતું. હેણે ગઢની આ બાજુ કદી પણ જોઈ ન્હોતી. હેના પગ નીચે જ મહાન્ તપ સરોવર હતું, અને એક મહાન્ ઘોળા થડવાળું વરસોનાં વરસ વર્ષાઋતુ, શિયાળો, અને હુનાળાના તોફાની પવનના ઝપાટા ખમેલું પીપળાનું વૃક્ષ એ સરોવરની પાસે હતું. હેણે વૃક્ષનું થડ ઝાલ્યું અને થોડીક ક્ષણ વિચારમાં મગ્ન થઈ ગઈ, પછી એક નિશ્વાસ નાંખીને પોતાના માસાને પાલખી મંગાવવાની ઇશારત કરી. હું હેની પાસે જ ઊભો હતો, પણ હેણે મ્હારા સ્હામું પણ જોયું નહિં; માત્ર પાલખીમાં બેસતી વખતે હેણે પોતાનો ન્હાનો સરખો કોમળ હાથ સંપૂર્ણ વિશ્વાસથી અને ખુશીથી મ્હારા હાથમાં મૂકયો, તેથી હું હેનો

ઉપકાર મનમાં માનવા લાગ્યો. હેના માસા પોતાના ઘોડા ઉપર સ્વાર થયા, માશીએ મ્હારી પત્નીને આશીર્વાદ દીધા, અને અલંકારની એક પેટી મ્હારા હાથમાં મૂકીને કહ્યું, "આ પેટીનો કદી ત્યાગ કરશો નહિં. હેમાં લક્ષ્મીને મા તરફથી પેઢી દર પેઢી ઊતરી આવેલા વારસામાં મળેલાં ઘરેણાં છે; મ્હને સોગન ખાઈને વચન આપો." હમારી સાથે માસા ઘણા ગાઉ સુધી આવ્યા, અને ઘાટની સરહદ ઉપર હમને વદાય કરીને પાછા ફર્યા. મ્હારૂં ઘર ઘાટની પેલી બાજૂએ સમુદ્ર કાંઠે હતું, ત્યાં મ્હારા ઘરની એક બાજુના પથ્થરની ભીંતે સમુદ્રની છોળો અથડાય છે.

પર્વતો ઉપર થઈને જતે હમારે ઘણા દિવસ થયા. મ્હેં ઘેર જઈને મ્હારી પત્નીને મ્હારા કુટુમ્બીઓને દેખાડી. ત્યહારે મ્હને લાગ્યું કે હમારૂં દુર્ભાગ્ય હમારી આગળ ચાલ્યું આવ્યું હતું; કેમકે મ્હારી મા હમને જોઈને લગારે હર્ષિત થઈ જણાઈ નહિં, અને મ્હારી બ્હેનો મ્હેં આણેલી કન્યાને જોઈને બડબડાટ કરવા લાગી. પરંતુ ત્હારી માએ સર્વની મશ્કરી, મ્હેણાં ધૈર્યથી સહન કર્યાં. છેક જ્યહારે મ્હારી બ્હેનોએ સાસરામાં સંકટ આણ્યાનો આરોપ મૂક્યો તથા અપશુકનવાળાં પગલાંની હેને કહી, ત્યહારે એ ઘણી દુઃખી થઈને એકાન્તમાં જઈને રુદન કરવા લાગી; દુર્ભાગ્યે હમે ઘેર આવ્યાં ત્હેવામાં જ મ્હારા પિતા જે એક સમયે ધનવાન હતા તે પૈશાની તંગીમાં આવી પડ્યા, હેમણે પૈશા અનેક માર્ગે ઉડાવી દીધા હતા, અને જ્યહારે હમે ઘેર ગયાં ત્યહારે એ ઠગારા બ્રાહ્મણો અને જોશીઓને તદ્દન વશ થયા હતા. એ ઠગારાઓ મ્હારા ભોળા પિતાને બ્રાહ્મણોને જમાડવાનું, ને બ્રાહ્મણોને દાન

કરવાનું તથા મંદિરમાં દાન કરવાનું સૂચવતા હતા, અને એ રીતે બાકી રહેલું સર્વ ધન લૂંટી લેવાનો યત્ન કરતા હતા. હેમની પાસે બાપદાદાથી ચાલતી આવેલી જમીન શિવાય કશું રહ્યું ન્હોતું. આ સર્વ સંકટ ત્હારી માના આવ્યાથી પડ્યું, એમ મ્હારી મા તથા બ્હેનો કહેતાં હતાં; ત્હારી માને 'ધોળા પગવાળી ડાકયણ' કહેતાં હતાં. મ્હારી પત્નીના અલંકારનો કદી પણ ત્યાગ ન કરવાનું વચન મ્હેં હેની માશાને આપ્યું હતું. એ અમૂલ્ય અલંકાર જોઈને મ્હારી મા, બ્હેનોને ઘણી ઇર્ષ્યા આવતી હતી. હેમનો હાવો ઉઘાડો વૈરભાવ, અને મ્હારી પત્નીના અલંકાર ઉપરના હેમના લોભથી હું કંટાળી ગયો; એ કંટાળાથી એક દિવસે જાત્રાએ જવાને હું પિતાનું ઘર છોડીને ગયો, અલબત ત્હારી મા મારી સાથે આવી. મ્હારી બ્હેનનો પુત્ર રામચન્દ્ર હમારી સાથે ઘણો જ હળી ગયો હતો; તે હમારી સાથે આવ્યો; એ મ્હારી પાસે શાસ્ત્ર શીખતો હતો, અને હેની વય કુમળી હોવાથી હેના મગજમાં પુરાણોમાંનાં મહાન્ સત્ય ઠસાવવાનો હું યત્ન કરતો હતો. ઘણાં સ્થળ જોતાં જોતાં હમે કાશી જવાને ઊપડયાં. માર્ગમાં એકવાર ત્હારી મા ઘણી માંદી પડી, તે સમયે ત્હારો જન્મ થયો. ત્હને કમળ જેવી સુન્દર જોઈને ત્હારૂં નામ હેણે 'કમલિની' પાડયું. હમે એ વર્ષ તદ્દન એકાન્ત જગાઓમાં ગાળ્યાં, તે સમયે હમે અપાર સુખ અનુભવ્યું.

મ્હારી દીકરી ! તે સુખી દિવસોનું હું શી રીતે વર્ણન કરૂં ? હમારા જેવું સુખ સર્વ માનવીના ભાગ્યમાં નથી હોતું. વાંસ અને પાંદડાંથી બાંધેલી ઝૂંપડીમાં હમે રહેતાં હતાં, ઝરણનું નિર્મળ ઠંડું પાણી પીતાં હતાં, પ્રાતઃકાળે પક્ષીઓ ઊઠે તે સમયે જાગૃત થતાં

હતાં, અને પડખા પડતી ખીણોમાં તથા વાદળાંથી ઢંકાયલી; જાણે ભૂરા ગગનને સ્પર્શ કરતી હોય, ત્હેવી ટેકરીઓ ઉપર ફરતાં હતાં. સ્હવારે અને સંધ્યાકાળે સૂર્યનાં કૂંણાં કિરણો પડતાં તે સમયે ત્હારી મા મ્હારી સાથે સાથે ફરતી હતી, કોઇક ક્ષણે સૂર્યનાં કિરણો તો કોઇક ક્ષણે વૃક્ષનો છાંયડો, હેના ઉપર પડતાં ત્યહારે એ ગિરિદેવી હોય ત્હેવી દેખાતી હતી. પર્વત ઉપરની બકરીઓ હમારી પાસે આવતી, હળી ગયેલાં પક્ષી હમારી ઝૂંપડીની આસપાસના અંધારા ગાઢા વનમાંથી આવીને હમારા હાથમાંથી દાણા ખાતાં હતાં. એક વ્હેળાને કિનારે મ્હોટા કેસુડાના વૃક્ષ નીચે હમારી ઝૂંપડી બાંધી હતી. ત્હારી માનો એક વિશ્વાસુ નોકર હેના પિતાને ઘેરથી હમારી સાથે આવ્યો હતો, તે હમારે માટે રાંધતો હતો. રોટલી, દાળભાત, બાફેલાં કંદ અને ઘેર કરેલું ઘી—હેવું સાદું ભોજન હમે જમતાં અને સુખી હતાં, અપાર સુખી હતાં. ત્હારી મા મ્હારી સમીપ બેશીને, જે પુસ્તકો સ્ત્રીના હાથમાં કદી નથી મૂકાતાં તે પુસ્તકો વાંચી આનન્દ પામતી હતી, અને ત્હેની આંખ્યો વિસ્મયના પ્રકાશથી ભરપૂર થતી હતી. એ પુસ્તકોમાંના કઠણ વિષયો હું હેને સમજાવતો ત્યહારે હેના હર્ષનો પાર રહેતો નહિં. હેની અને મ્હારી વચ્ચે કદી કશો અંતરાય આવ્યો ન્હોતો, અને જેમ જેમ હેની બુદ્ધિ વિકાસ પામવા લાગી તેમ તેમ હેનો પ્રેમ મ્હારા ઉપર વધતો ગયો. હેનો પ્રેમ એટલો તો ઊંડો હતો કે હેનું વર્ણન કરી સકાય નહિં. હેની સાથે સુખમય દિવસો વનમાં ગાળ્યા હતા, તેથી પર્વત અને વન મ્હને આટલાં બધાં પ્રિય હોય હેમાં કાંઇ નવાઈ? મનુષ્યો કરતાં પર્વત, વન, તથા વનનાં પ્રાણીઓ, હમારી પ્રત્યે વધારે

માયાળુ હતાં. પણ અરેરે ! હમારા સુખનો ઝટ અંત આવ્યો. ત્હારી મા મ્હને કેટલી બધી પ્રિય છે, ત્હેનું મ્હને પૂર્ણ ભાન થતા પ્હેલાં હેને મ્હારી કનેથી મહાન્ પિતા પ્રભુએ બોલાવી લીધી. અંત સમયની હેની પ્રેમપૂર્ણ દૃષ્ટિનું ચિત્ર નિરંતર મ્હારી આંખ્ય સ્હામે આવે છે. કમલિની ! તું તદ્દન હેની જ પ્રતિમા છે, હેનું ભાન મ્હને એક દિવસ અચાનક ગયે વરસે દૂધસ્થળમાં થયું, તે સમયે મ્હને ત્હારી મા સાંભરી આવી ને એટલું દુઃખ થયું કે હું ત્હાં થોભી સકયો નહિં."

કમલિની ઉત્સુકતાથી બોલી ઉઠી, " હા ! પિતાજી હા ! દૂધસ્થળ વિશે શું છે ? "

" શું દીકરી, હેને વિશે શું જાણતું છે ? "

" પિતાજી, હું પ્હેલાં કોઇ દિવસ ત્હાં ગઈ હતી ? એ સ્થળ મ્હને જાણીતું લાગતું હતું. મ્હેં ત્હાં તમારો સ્વર સાંભળ્યો, અને જાણે ઠંડા ધસતા પાણીમાં હું પડી ગઈ હોઉં તથા કોઇએ મ્હને બચાવી હોય હેવો ભાસ થઈ ને મ્હારા મનમાં વિચિત્ર લાગણી થઈ આવી. અમૂલ્ય સુશોભિત બંગડીઓ પ્હેરેલી સ્ત્રીએ મ્હને ખેંચી કાઢનાં મ્હેં જોઈ હોય એમ મ્હને લાગ્યું. આ સર્વે લાગણી એટલી તો સ્પષ્ટ હતી કે જાણે હું પ્હેલાં ત્હાં ગઈ હોઉ એમ થયું. તમારો સ્વર સાંભળ્યાની સાથે જ હું તમને સોધવાને લોકોની ભીડમાં દોડી ગઈ."

સંન્યાસીએ હેને બાલ્યકાલમાં જેમ પોતે સોડમાં લેતો હતો, તેમ લીધી, અને હેની આંખ્યો ઉપર ચુમ્બન કરીને કહ્યું, "ખરે

દીકરી ! ત્હારી સ્મરણશક્તિ ઘણી જ તીવ્ર છે; ત્હને એ સ્ત્રીનો ચ્હેરો યાદ નથી ?"

"ના, પિતાજી, માત્ર હેનો હાથ જ જોયેલો સાંભરે છે."

"તું ઊંડા પાણીમાં પડી ગઈ હતી, અને ત્હને ખેંચી કાઢનાર ત્હારી મા હતી. તે સમયે ત્હેં હમને ઘણાં ગભરાવી નાંખ્યાં હતાં. આપણે કૃષ્ણક્ષેત્ર જતાં હતાં, તે સમયે આ બનાવ બન્યો હતો, અને તે જ દિવસે સાંઝે એકાન્ત માર્ગમાં ત્હારી મા ભયંકર મંદવાડમાં સપડાઈ, અને ચાલી ગઈ. જ્યારે એ ઘણી માંદી થઈ ત્યારે હેણે કહ્યું, " અરે, ત્હમારી એકની એક બાળક પુત્રી પણ જો ગઈ હોત તો શું થાત ? ત્હમે નિરાશ થશો નહિં." મ્હને એ સમયની દરેક ક્ષણો સાંભરે છે. હમને સહાય કરનાર કોઈ મનુષ્ય ન્હોતું. જે વૃક્ષ નીચે હમે હતાં તે અંધકારમય વૃક્ષમાં ઘુવડ બોલવા માંડયાં, શૂન્ય મેદાનમાં શિયાળ બૂમો પાડતાં હતાં, અને વનમાં છેટે બીજાં ભયંકર પ્રાણીના અવાજ સંભળાતા હતા. મૃત્યુ પ્હેલાં ત્હારી માને સ્વપ્ન આવ્યું હતું. પીળા રંગની પ્રકાશિત પાલખી જે માત્ર ઋષિઓ અને સાધુઓ માટે સ્વર્ગમાંથી આવે છે તે પોતાને માટે આવેલી હેણે જોઈ, અને બોલી 'યમદેવ, ભયંકર યમ !' એ જરા ભયભીત જણાઈ અને પોતાને જવાનો સમય પાસે આવ્યો છે એમ કહ્યું. રાત્રિ પડી હતી, તારા પૂર્ણ તેજથી પ્રકાશતા હતા, અને વિશાળ મેદાનમાં થઈને પવન સુસવાટા કરતો આવતો હતો. હમે ભોજન કરી રહ્યા પછીનું વધેલું અન્ન ખાવાને બેચાર કૂતરાં બેગાં થયાં હતાં, તે ભસતાં ભસતાં છેટે ટેકરીઓ ઉપર ન્હાસવા લાગ્યાં. મ્હેં જાણ્યું જે લક્ષ્મીએ દેહ છોડી છે. એ મ્હને

મૂકીને ગઈ પણ હેની સુન્દર મુખમુદ્રા ઉપર સ્વર્ગની અનંતશાન્તિનાં ચિન્હ દેખાતાં હતાં. મ્હેં હેની મૃત્યુ પામેલી મુખમુદ્રા બણી જોયું, અને બેભાન બુદ્ધિભ્રષ્ટ મનુષ્યની પેઠે હેની છેવટની સર્વ ક્રિયાઓ કરી. ત્ય્હાર પછી તું જ મ્હારો આધાર અને આશ્વાસન હતી; ત્હને લઈને એ સ્થાન છોડીને અંજિનીગઢ આવીને હું રહ્યો."

પ્રકરણ ૧૫ મું.

સઈથી પણ અજાણી એક વાત.

સિંહગઢ જતા રામચન્દ્રને માર્ગમાં સઈ જોડે વાત કરતો છેલ છેલ્લો આપણે જોયો ત્ય્હારપછી હેનું શું થયું, તે જાણવા તરફ આપણે લક્ષ દઈએ. બીજો અંધકારવાળો પર્વતમાર્ગ વટાવવાનો હતો, ત્હેની પાસે આવ્યાં એટલે સઈએ પોતે એક ટૂંકો માર્ગ જે પોતે એકલી જ જાણતી હતી ત્ય્હાંથી પોતાને ગામડે આગળ અને વ્હેલી જાઉં છું એમ કહીને રામચન્દ્રથી છૂટી પડી. રામચન્દ્રે હમ્મેશને જાણીતે માર્ગે ધીમે ધીમે જવા માંડયું.

સઈનું ઘર એકીબાંધણીનું એક ટેકરીની ધાર ઉપર હતું, ત્ય્હાંથી ટેકરીની બંને બાજૂની ખીણો દેખાતી. હતી. છૂટક છૂટક

વેરાયલાં ઘરવાળું ગામડું જરાક આગળ હતું, અને સઈના ઘરની પાસે જ વ્હેળાને સ્હામે કિનારે ધર્મશાળા હતી. રામચન્દ્ર એ ધર્મશાળામાં થોડો સમય વિસામો લઈને એ ગામડું જોવા નીકળ્યો.

સઈ જે'વી પોતાના ઘરમાં આવી કે તરત પોતાના ઘરના ભોંયરામાંના એક ખંડમાં ગઈ. ત્હાં એક આધેડ વયનો પુરુષ બેઠેલો હતો, હેની સ્હામે કેટલીક પીતળની મૂર્તિઓ અને પુષ્પ હતાં. એ માળા ફેરવતો હતો, પરંતુ હેની દૃષ્ટિ ગામડું તથા સ્હાગેની ખીણ્ય જ્હાંથી દેખાતાં હતાં ત્હેવી એક ન્હાની બારીની બ્હાર ફરતી હતી. આ ભોંયરામાં જવાનો ગુપ્ત માર્ગ આ પુરુષ અને સઈ શિવાય બીજું કોઇ જાણતું ન્હોતું. ઘરની આ બાજૂની ટેકરી દુર્ઘટ ચઢાવવાળી અને સાધી હોવાથી કોઇ મનુષ્ય ત્હાં આવી સકતું ન્હોતું, અને કોઇને ભોંયરૂં છે હેવી શંકા પણ થતી ન્હોતી.

સઈએ ખંડમાં આવતાં જ આવેશથી કહ્યું, "કાજી ! આ નવો આવનાર પુરુષ કોણ છે તે મ્હને કહો ? એ આપણા જિલ્લા તરફનો લાગે છે; સંન્યાસી નારાયણ જોડેનું હેનું સગપણ મ્હેં અકસ્માત્ જાણ્યું; કાશીના પિતા રામકૃષ્ણ પંતને ઘેર વેરાગી ભગવાનદાસ વિધિ કરતા હતા ત્હેનાથી મ્હેં જાણ્યું. કાશી કમલિનીની સખી છે, અને ભગવાનદાસ વેરાગીએ કાશીના કુટુમ્બ સાથે રામચન્દ્રનું ઓળખાણ એક હુશિયાર વૈદ્ય અને અરુણોદય ઋષિના શિષ્ય તરીકે કરાવ્યું હતું. વેરાગીએ નારાયણ સંન્યાસી

જોડેનું રામચન્દ્રનું સગપણ અચાનક મ્હને કહી દીધું. હું રામચન્દ્રને ઓળખતી ન્હોતી છતાં જાણે ઓળખતી હોઉં એમ મ્હને લાગતું હતું. હમણાં થોડીવાર પછી એ ગામમાંથી પાછો આ રસ્તે થઈને જશે, ત્હારે ત્હમે હેને જોજો.”

“હાસ્તો, હવે તો તું જ્યહારે કાંઇ માહિતી મેળવવી હોય કે કાંઇ કામ હોય તો જ મ્હારી પાસે આવે છે. ત્હારા જેવી ચલચિત્ત અને દુષ્ટ સ્ત્રી મ્હેં કદી પણ જોઈ નથી. હવે જો તું નહિં સંભાળે તો ત્હારૂં સર્વ પોગળ જાહેર કરીશ. ત્હારા માથા ઉપર ઘા કરવાને કેવી તલવાર તૈયાર રહી છે તે તું જાણતી નથી. રાઘોપંતના કુટુમ્બી કદી ક્ષમા કરતા નથી.”

સઈએ પોતાનો હોઠ કચડીને જરા ચીઢાઈને ઉત્તર દીધોઃ—“ હું એ જાણું છું એટલે કાંઇ ઘડિયે ઘડિયે કહેવાની જરૂર નથી. ત્હમે મ્હારા બાળકપણની અજ્ઞાનતાનો લાભ લઈને મ્હારૂં જીવન રદ કર્યું; ને હવે આમ કહેવાની હિમ્મત ધરો છો ? હવે મ્હારે ત્હમારાથી બ્હીતાં રહેવું, ત્હમારી પાસે નોકરની પેઠે હાજર રહેવું, ત્હમારી મૂર્ખ ઇચ્છાઓ તૃપ્ત કરવી, અને ત્હમારી ભૂખાઈ ભરેલી ઇર્ષ્યાઓનું સાન્તવન કરવું, ખરૂં ને ? હું ત્હમારાથી થાકી ગઈ છું. આપણે એકબીજાને જેમ ઓછું મળીએ તેમ સારૂં.”

આમ કહીને સઈએ પોતાના લુગડાના છેડા વડે પોતાનું મ્હોં ઢાંકયું. આ જોઈ તે પુરુષે કઠોરતાથી કહ્યું:—“હા ! હવે રોવા માંડય; તું હેને જ યોગ્ય છે.”

"તમારા વ્યર્થ લવારા જવા દ્યો, તમારા દેખતાં સઈ કદી પણ રૂવે છે? એ કોઇ પણ પુરૂષ દેખતાં રોતી નથી."

"હા, સઈને આટલા બધા મિત્રો હોય પછી શું કામ રૂવે?" આટલું બોલીને હેણે પોતાનો સ્વર બદલીને ધમકાવીને કહ્યું:–"મ્હેં ત્હારી તરફથી ઘણું સહન કર્યું છે, સાંભળે છે? ત્હારી સર્વ બાબતમાં મ્હેં ત્હને અશે કરીને જવા દીધી છે, હવે જો તું એક પણ દિવસ મ્હારી કનેથી ખશીશ તો ત્હારૂં સર્વ પોગળ ફોડી દઈશ. તું કોણ છે, તે હું સર્વને કહી દઈશ, અને તું કેવી રીત્યે ઘર છોડીને ન્હાશી ગઈ અને મોરલી છું એમ બધે કહેતી ફરી, પણ તું મોરલી નથી પણ બ્રાહ્મણ છે તે જાહેર કરીશ. હું ત્હારા પતિની શોધ કરીને ત્હને ઉઘાડી પાડીશ. રાઘવો હેનું વેર વાળ્યા વગર રહેશે નહિં. જરા પણ દયા આણ્યા વગર હું આ પ્રમાણે નક્કી કરીશ."

સઈ આ સર્વ શાન્તિથી સાંભળી રહી, અને પછી બોલી:— "સારૂં, જોઈશું, પણ આ પુરૂષ કોણ છે તે મ્હને પ્હેલાં કહો. સાવચેત રહેજો, ત્હમે મૂકેલા સર્વ આરોપમાંથી હું મ્હારો બચાવ કરી સકીશ, હું પણ મ્હારે કહેવાનું હશે તેટલું સર્વ કહીશ. સઈ તરફ કોઇ પણ આંગળી કરીને એમ નહિં કહી સકે કે હેની વર્તણુક અધમ સ્ત્રીના જેવી છે, અથવા હેણે કોઇનું દ્રવ્ય લીધું છે કે હેણે દ્રવ્યને માટે પોતાની જાત્યને વેચી છે."

એ પુરૂષે હસતે હસતે પૂછ્યું:—"ના, કારણ ત્હારી પાસે પુષ્કળ ધન છે, પણ એ ધન ત્હેં મેળવ્યું શી રીત્યે?"

"શી રીત્યે? એ પ્રશ્ન ત્હમારી જાત્યને જ પૂછોને, અશુદ્ધ? અમે લવારા બંધ કરો. જેટલી હું દોષિત છું, હેના કરતાં પણ ત્હમે વધારે દોષિત છો, અને એ સર્વ પાપનો ભાર ત્હમારે જ માથે છે. કેદખાનામાં રહેવું સારૂં છે, કે સઈ જોડે રાજાની પેડે સ્વતન્ત્ર જીવન ગાળવું સારૂં છે, તે ત્હમે જોશો.

આ સાંભળીને તે પુરુષ નીચું જોઈ રહ્યો. હેની મુખમુદ્રા ઉપર પાપની છાયા હતી. સઈએ હેના ભણી તિરસ્કારની દૃષ્ટિયે જોયું. તે સમયે રામચન્દ્ર નીચેના ખીણ્યમાંના માર્ગમાંથી આવતો હતો. એ ઘોડા ઉપર સ્વાર થયો હતો, અને હેની પછવાડે એક પુરુષ ચાલતો હતો. સઈ સાથે બેઠેલો પુરુષ ઉસ્કેરાઇને ઊભો થયો, અને બારીમાંથી ડોકિયું કરીને જોયું, અને ધીમે સ્વરે બોલ્યોઃ,—'હું જાણતો હતો કે એ આ રસ્તે આવશે, મ્હેં હેને અહિં થઈને જતાં જોયો હતો, તેથી મ્હેં ત્હને મ્હારી પાસે રહેવાનું કહ્યું હતું. એ પુરૂષે ત્હને દીઠી છે?"

"હા, અડધે રસ્તેથી હું હેની જોડે જ હતી, અને હેના ગામમાં આવતા પ્હેલાં હું ટૂંકે રસ્તે અહિં આવી. હેને ત્હમે ઓળખો છો?"

"હેની પછવાડે ચાલનાર પાઘડીવાળા પુરુષના વેસ ઉપરથી તું ઓળખી સકે છે? એ રાઘવોનો નોકર છે, અને ઘોડા ઉપર ત્હારો પતિ છે."

આ સાંભળીને સઈએ બારીના લાકડાના શળિયા ઝાલ્યા અને ચક્કર આવવાથી નીચે બેશી ગઈ. હેણે ઘોડેસ્વાર થયેલા પુરુષને જતાં જોયો તે સમયની હેની લાગણીનું વર્ણન કરવું કઠણ છે. "ત્હારે

આ રામચન્દ્ર મ્હારો પતિ છે! હેનું નામ હવે મ્હારા કાનને કે'વું વિચિત્ર લાગે છે? ઘણા વર્ષ પૂર્વે મ્હને માને ઘેર મૂકીને ગયો હતો તે જ આ પુરુષ! આહા, કે'વો ભવ્ય પુરૂષ! પણ મ્હે જ હેને ખોયો છે." થોડા સમય સુધી આ વિચાર આવ્યાથી સઈના હૃદયમાં ઘણું દુઃખ થયું. આટલા વર્ષનું હેનું જીવન, તથા જીવનના ભયાનક વૃતાન્ત, હેની દૃષ્ટિ સ્હામે આવ્યા. હેણે કહ્યું:—"કેટલો બધો ભોગ મ્હેં આપ્યો છે! અરેરે, હેને પુનઃ પામવાને હું શું ન આપું?" તરુણાવસ્થામાં ન્હાશી ગયાની મૂર્ખાઈ કર્યા માટે હેને પશ્ચાત્તાપ થવા લાગ્યો. સઈની લાગણીઓના બે છેડા હતા, ગમે તો એ ઘણી કઠોર થતી હતી; અથવા તો ઘણી નરમ થઈને પોતાના હૃદયને અત્યન્ત દુઃખી કરતી હતી. હેને થોડાં વર્ષમાં જગતનો ઘણો અનુભવ થયો હતો. હવે હેને જગતના લોક, લોભ, સર્વ તુચ્છ લાગ્યાં. પ્રથમ હેને સ્વતન્ત્રતા અત્યન્ત પ્રિય હતી, પરંતુ ત્હેનાથી હવે કંટાળી ગઈ. હેણે કહ્યું, "મ્હારો જીવનમાર્ગ હજી પણ હું શું ના બદલી સકું? સદાચારી થઈને એક ઉમદા અને મહાન પુરુષનો પ્રેમ પામવાને શું ના કરૂં! અરેરે! હું ન્હાનપણુમાં કેવી ઠગાઈ!" સઈએ નિઃશ્વાસ નાંખ્યો, અને બારીના કઠેરા સજ્જડ ઝાલ્યા. આ બધો સમય પેલો પુરુષ સઈ ભણી આનન્દથી જોયા કરતો હતો. ત્હેણે કહ્યું, "આ માહિતીથી ત્હને વિચાર કરવાનો સારો વિષય મળ્યો છે." આ સાંભળીને સઈ સ્વપ્નમાંથી જાગૃત થઈ હોય તેમ ચમકી, હેને સત્ય સ્થિતિનું ભાન થયું, ને બોલી, "હાય હાય! એ સર્વ ગયું, ત્હમે મ્હારા જીવનને ભ્રષ્ટ કર્યું છે. મ્હારી આ સ્થિતિ આણનાર ત્હમે જ છો. હું હવે બદલાઈ સકવાની નથી, પણ મ્હને લાગે છે કે હું નીતિમાન રહી

સકત." એ પુરુષે ક્રૂરતાથી હશીને કહ્યું, "પણ તું રેહેત ખરી? જો મ્હેં ત્હને એવી ન કરી હોત તો ત્હને સ્વતન્ત્રતા, સેહેલ,તથા સાહસિક મઝાઓ ક્ય્હાંથી મળત?"

"ત્હમે મ્હારૂં સારૂં નામ, આબરૂ, સર્વ લઈ લીધું છે, અને મ્હેં પણ ખુશીથી આપ્યું હતું. સર્વને વશ કરવાની શક્તિ, સ્વતન્ત્રતા અને દ્રવ્ય, અને વિદ્યા સર્વ ઉપર ત્હમે આકર્ષક ઝળક લગાવીને ત્હમે મ્હને લલચાવી, તેથી મ્હેં મ્હારૂં સારૂં નામ અને આબરૂ–હેનો ત્યાગ કર્યો. એ વિદ્યા, દ્રવ્ય અને સ્વતન્ત્રતા એ સર્વ હું પામી છું, પણ એ સર્વ આબરૂ વિના શા કામનાં? અરે, હવે જે થયું તે ન થયું થવાનું નથી. સઈ હવે બદલાઈ સકવાની નથી, હેને સ્વતન્ત્રતા વગર ચાલે તેમ નથી. પણ જવા દો, હવે એ વાત ભૂલી જઈને આપણે સંપથી રહીએ."

આ બેની વાત ઘણી વિચિત્ર લાગશે, પરંતુ જ્ય્હારે નારાયણ યુવાવસ્થામાં પોતાની પત્ની લક્ષ્મીને તથા રામચન્દ્રને લઈને જાત્રાએ નીકળ્યો હતો, ત્યહાર પછી રામચન્દ્ર બે ત્રણ વાર પોતાને ઘેર જઈ આવ્યો હતો. તે સમયે હેનો વિવાહ સઈ જોડે થયો હતો તે ખરી વાત હતી. રામચન્દ્રની માએ હેને ઘેર રાખવાના ઘણા યત્ન કર્યા હતા, અને જેમ નારાયણ પિતાનું ઘર તજીને જતો રહ્યો, તેમ કદાચ એ પણ કરશે એ ભયથી રામચન્દ્રના ઘેર આવ્યાનો લાભ લઈને વિવાહ કરી દીધો, પરંતુ રામચન્દ્ર ઘણો સમય ઘેર રહી સકયો નહિં. હેનું હૃદય નારાયણ માટે તથા હેના ગુરુ અરુણોદય માટે તલપી રહ્યું હતું. તેથી કાંઈક બ્હાનું કાઢીને વિવાહ થયો કે તરત ઘર છોડીને જતો રહ્યો. ઘણા સમય સુધી હેના કાંઈ સમાચાર મળ્યા

નહિં. યુવાન રામચન્દ્રને **નારાયણ**નો સહવાસ તથા **અરુણોદય** ઋષિ કનેથી મળતા જ્ઞાનનું ઘણું આકર્ષણ હતું. પોતાના પિતાના ઘરના મોજશોકવાળા જીવનથી એ કંટાળી ગયો હતો, અને પોતાનો વિવાહ પણ ઇચ્છા વિરુદ્ધ થયો હતો. આમ વરસો વીતી ગયાં, ને પુનઃ જ્યહારે તે ઘેર ગયો ત્યહારે સાંભળ્યું કે પોતાના કુટુમ્બીઓમાં પોતે મરણ પામ્યાની ગપ કોઇએ ચલાવી હતી. આ ગપ ગામમાં બધે ફેલાયા પછી જે કન્યા સાથે હેનો વિવાહ થયો હતો તે કન્યા વૈધવ્ય દુઃખ ટાળવાને માટે અદૃશ્ય થઈ ગઈ હતી; **રામચન્દ્રે** હેને માત્ર એક જ વાર જોઇ હતી. પણ હેના ગુમ થવાની સાથે બીજી એક ફજેતીની વાત જોડાયલી હતી; હેના અદૃશ્ય થવાની સાથે હેમના ઘરનો બ્રાહ્મણ પૂજારી પણ તે જ દિવસે અદૃશ્ય થઈ ગયો હતો. આ સર્વ સાંભળી **રામચન્દ્ર**ને અત્યન્ત કંટાળો આવ્યો ને પાછો એ **નારાયણ** કને ગયો. તે સમયે કમલિનીનો જન્મ થયો હતો. **રામચન્દ્ર**નો **નારાયણ** ઉપરનો આટલો બધો ભાવ જોઈને **નારાયણ**ની પત્ની હેના ઉપર ઘણો વાત્સલ્ય ભાવ રાખતી હતી. હેણે પોતાની પ્રિય પુત્રી મ્હોટી થયે **રામચન્દ્ર**ને પત્ની તરીકે આપવાનું વચન આપીને હેના મનનું સમાધાન કર્યું. કમલિનીના જન્મ પછી પાંચે વર્ષે **રામચન્દ્ર**ને પાછું ઘેરથી તેડું આવ્યું. કારણ હેના પિતા મરણ પામ્યા હતા, તેથી **રામચન્દ્ર**ને ઘેર જવું પડ્યું, તથા કુટુમ્બની વ્યવસ્થા કરવાને અને ઘરના બીજા કામસર ઘણો લાંબો સમય રહેવું પડ્યું. એટલા સમયમાં કમલિનીની મા મરણ પામી, અને **નારાયણ** તે દુઃખથી પોતાની ન્હાની પુત્રીને લઈને ઘણે દૂર વનમાં ભટક્યો. આખરે ઘાટની પેલી બાજૂ **અં**જિનીગઢમાં આવીને

રહ્યો. રામચન્દ્રે સન્યાસી નારાયણની ઘણી શોધ કરી, પરંતુ લાંબા સમય સુધી પત્તો લાગ્યો નહિં. છેવટે એ કમલિનીના વિવાહને દિવસે આવી ચઢયો.

*   *   *   *   *

કમલિની પિતા પાસે આવ્યાને એક મહિના કરતાં વધારે દિવસ થયા પછી ગણેશ કમલિનીને તેડવા આવ્યો. કોણ જાણે કેમ કમલિનીને હેના પતિ પ્રત્યે જેવી લાગણી એ સાસરામાં હતી ત્યહારે હતી ત્હેવી હવે ન્હોતી. હેને પોતાના સુખમાં વિઘ્ન આવવાનો ભય પૂર્વે લાગતો હતો તે હવે જતો રહ્યો હતો. શિવગંગામાં એ અશાન્ત સ્થળમાં હતી; હેણે ઘણી બાલિકાઓનાં સુખનો નાશ થતો જોયો હતો, તે જોઈને પોતાના ભાગ્યમાં પણ હેવું જ થશે કે શું એ વિચારથી એ ભયભીત થતી હતી. પરંતુ હવે એ પોતાના પિતાના શાન્ત, સુખમય, અને રમણીય સ્થાનમાં આવ્યાથી હેના ચિત્તને શાન્તિ વળી હતી, અને શેહેરના જીવનની સર્વ ચિન્તાઓ જતી રહી હતી, અને પોતાને માટે પણ કશી ચિન્તા ન્હોતી. પોતાને સંસારના પ્રદેશ ઉપરથી કોઇએ ઉપાડી લીધી હોય તેમ હેને લાગતું હતું; તેથી જ્યહારે ગણેશ તેડવા આવ્યો ત્યહારે હેને શાન્ત ચિત્તથી, લગભગ બેદરકારીથી મળી, અને ગણેશે હેને પોતાની મા પાસે લઈ જવાની ઇચ્છા પ્રગટ કરી ત્યહારે કમલિની પોતાના પતિની આજ્ઞાને આધીન થઈ. કમલિનીની પ્રથમની પતિ માટેની તીવ્ર ચિન્તા જતી રહ્યા પછી પતિની ખરી રીતભાત ઉપર વિચાર કરવાનો સમય મળ્યો, હેની ખોડયો તથા મનની કેટલીક દુર્બલતા એ જાણી સકી.

કમલિનીએ પિતાનું રામચન્દ્ર સાથેનું સગપણ જાણ્યું હતું, તે જાણીને સંતોષ પામી હતી, અને પોતાના રામચન્દ્ર તરફ આટલા પ્રબલ આકર્ષણનું કારણ, તથા હેની આંખ્યોની પોતાના ઉપરની સત્તાનું કારણ એક કુટુમ્બ તથા એક લોહી હોવાનું ધારતી હતી. રામચન્દ્ર પોતાના પિતાના જેવા સ્વભાવનો હતો, અને પિતાની ભયંકર માંદગીમાં રામચન્દ્રે સેવા ચાકરી કરી હતી તે જાણીને કમલિની મનમાં રામચન્દ્રનો આભાર માનતી હતી. દૂધસ્થળનો બનાવ પણ જે હેને ઘણા ગૂંચવાડામાં નાંખતો હતો, તે હવે સ્પષ્ટ સમજાયો. દૂધસ્થળમાં જ્હારે પોતે એકલી પડી, અને પિતાજી પણ પાસે ન્હોતા ત્હારે માયાળુ રામચન્દ્રે વિચારીને પોતાની પાસે આવીને લોકોની ટીકામાંથી બચાવ્યા માટે ઘણી આભારી થઈ. "પરંતુ જો મ્હારા પતિ રામચન્દ્ર જે'વા હોત તો કેટલું સારૂં થાત!" આવો વિચાર હેને એક જ પ્રસંગે આવ્યો હતો. આવો સાહસિક વિચાર આવ્યાથી કમલિનીના મુખ ઉપર લજ્જાથી રંગ ચઢી આવ્યો, અને ભયથી પોતાના હૃદય ઉપર હાથ મૂકીને હેવો વિચાર આવતાં અટકાવ્યો. જો કે આ વિચાર તદ્દન સ્વાભાવિક હતો, પરંતુ પોતાના પતિને અન્ય પુરુષ સાથે સરખાવવો એ હિન્દુ સ્ત્રીને મન ઘણું જ નઠારૂં કાર્ય ગણાયછે તેથી કમલિનીને પશ્ચાતાપ થયો.

ગણેશ આવ્યો, ત્હારે કમલિનીએ આનન્દી રહેવાનો ઘણો યત્ન કર્યો પરંતુ વ્યર્થ. હેનો પિતા સાજો થયો હતો એટલે કમલિનીને રહેવાની જરૂર ન્હોતી; પરંતુ કેટલીકવાર સંન્યાસી અસ્વસ્થ લાગતો હતો હેનું કારણ એ સમજી સકતી ન્હોતી.

કમલિની વિચાર કરતી કે "પિતાજીએ મ્હને સર્વ વાત કહી છે, છતાં એ કેમ ચિન્તાતુર દેખાય છે ?" ગણેશના તેડવા આવ્યા પ્હેલાં બેએકવાર સંન્યાસીએ પોતાની પુત્રીને પૂછ્યું હતું કે, "કમલિની, હું મરી જઈશ તો તું શું કરીશ ? તું સંપૂર્ણ રીતે સુખી છે ? ત્હને ખાત્રી છે કે ત્હારે કશાનો ખપ નથી ? પ્રેમના વિષયમાં તું ત્હારી મા જેટલી બાગ્યશાળી નથી, પરંતુ હું ત્હારા મનની સ્થિતિ સમજી સકતો નથી. ત્હારી અને ત્હારા પતિ વચ્ચે સત્ય અને દૃઢ પ્રેમ હશે તો સર્વ સારૂં થશે. ત્હને હજી ન્હાના બાલક પ્રમાણે પિતા ઉપર ઘણો સ્નેહ છે ને અહિં તું પૂર્ણ સંતોષથી રહે છે. ગણેશપંતનો મ્હને બહુ પરિચય નથી, તેથી મ્હને ચિન્તા થાય છે."

"ના, પિતાજી, ત્હમે ચિન્તા કરશો નહિં, એ મ્હારા ઉપર ઘણો સ્નેહ રાખે છે, બીજી સ્ત્રીઓના પતિ કરતાં એ તદ્દન જુદા સ્વભાવના છે. મ્હારી સખીઓ મ્હને હાવો પતિ મળ્યા માટે ધન્યવાદ આપે છે. પ્હેલાં મ્હને ચિન્તા થતી હતી અને હું અસ્વસ્થ રહેતી હતી પણ કોણ જાણે કેમ હવે તેમ થતુ નથી. વખતે એ ઝટ અહિં આવશે." આ પ્રમાણે કમલિનીએ પોતાના પિતાને ધીમેથી ઉત્તર દીધો.

જ્યારે ગણેશ આવ્યો ત્યારે વૃદ્ધ સંન્યાસીના ચિત્તને શાન્તિ થઈ, અને કમલિનીને લગારે વાંધો લીધા વગર સાસરે જવાની રજા આપી. ગણેશ રામપુર નોકરી ઉપર પાછો ગયો હતો, પણ કમલિનીને શિવગંગામાં પોતાની મા પાસે મૂકવી હતી તેથી હેનો

તેડવાને ખાસ આવ્યો. કમલિનીએ પોતાના પિતાની વદાય લેતાં ઘણીવાર લગાડી તે જોઈને ગણેશને પોતાની તરફ પત્ની ઉપર દયા આવી. કમલિનીની સાસૂ હેમને પર્વતની તળેટીએ મળી; હેને કમલિનીને સોંપીને ગણેશ રામપુરને રસ્તે વદાય થયો.

પ્રકરણ ૧૬ મું.

પતિને ઘેર; સુખ કે દુઃખ ?

કમલિની અને હેની સાસૂ જે'વાં પોતાના ઘર પાસે આવ્યાં કે ભાગીરથીને હેના આંગણાની વાડયમાંથી ડોકિયાં કરતી દીઠી. કમલિનીએ પોતાના સામાનનું પોટલું કેડ ઉપર મૂકયું હતું, હેની સાસૂ હેનાથી ઘણી આગળ ચાલતી હતી. કમલિનીના આવ્યાના સમાચાર ઘણું ઝડપથી હેની સખીઓમાં ફેલાઈ ગયા, અને હેના ઘરની પાસેના વાંક વળતા પ્હેલાં જ કૂવેથી ભરેલા પાણીના દેઘડા લઈ જતી હેની સખીઓ મળી; કેટલીક હેને મળવાને ખાસ હેના ઘર પાસે વાટય જોતી ઊભી રહી હતી, ભાગીરથી પ્રથમ બોલી, “આવ્ય કમલિની, આવ્ય” બીજીઓએ “ કેમ છે ? સારી તો છે ને ? ” “ ક્યહાંથી આવી ? ” “ ક્યહાં જાય છે ? ” વગેરે પ્રશ્નો પૂછ્યા. હરિણી પણ હેની પાસે દોડતી આવી, પરંતુ આનન્દી કુસુમા ઘણી દુર્બલ થઈ ગઈ હતી; અને હેની મુખમુદ્રા ઉપર

શોકની છાયા દેખાતી હતી, હેના આવ્યાથી સર્વ બોલનાં શાન્ત થઈ ગયાં. કમલિનીએ રૂક્મા ભણી પ્રશ્ન પૂછતી હોય તેમ જોયું ને પૂછ્યું, " રૂક્મા ? શું છે ? શું થયું છે ? મ્હને કહે. "

એક મ્હોટી વયની સ્ત્રીએ કહ્યું, " કાંઈ નહિં, કાંઈ નહિં " અને જવા માંડયું. કમલિનીની સખીઓનાં હેને આવકાર દેતી વખતનાં સર્વ સ્મિત જતાં રહ્યાં, અને હેમની આંખ્યોમાં ચિન્તા અને ભયનાં ચિહ્ન દેખાયાં, અને બધીઓ એકબીજા સાથે ધીમે ધીમે બોલવા લાગી. રૂક્મા જરા ધ્રૂજતે સ્વરે બોલી, "હવે હેમને જરા સારૂં છે, કાલ્યે રાત્રે વૈદ્ય આવ્યા હતા. " એટલું બોલીને વધારે સમય મન રોકી ના સકવાથી કમલિનીના ખભા ઉપર માથું મૂકીને રુદન કરવા લાગી.

રૂક્માની બે ત્રણ સખીઓએ કહ્યું, " છાની રહે બ્હેન રોઈશ નહિં. તું શું નથી જાણતી કે રોવાથી દેવી ક્રોધાયમાન થાય છે ? અને જે હેના પંઝામાં સપડાય છે ત્હેને માટે એક શબ્દ કે રોવાનો સ્વર પણ ના નીકળવો જોઈએ ? રોવું અશુભ છે માટે રોઈશ નહિં. "

કમલિની આ જોઈ વધારે ગૂંચવાડામાં પડી ને ભાગીરથી સ્હામું જોયું. ભાગીરથીએ કહ્યું, "શાન્ત થાઓ, ભય પામશો નહિં, ગામમાં નવા આવનારને એકદમ ભડકાવવાં નહિં. એક મહિનાથી ગામમાં કોલેરા શરૂ થયો છે, ત્હેનાથી રૂક્માનો પતિ માંદો થયો છે, અને હમારા ઘરમાં પણ ઘયડો રસોઈયો અને નોકરનો છોકરો એ જ રોગમાં સપડાયા છે. હવે કોણ જાણે કો'નો વારો આવશે

તે કાંઇ કહેવાય નહિં. હેને કોઇની દરકાર નથી, માત્ર હેને યમ કનેથી પણ ભોગ જોઈએ છીએ."

કમલિની રૂક્‌માનું માથું પોતાના ખભા સાથે ચાંપીને બોલી "અરેરે કેવું ભયાનક !" તે જ સમયે કમલિનીના ઘરનું આગળનું બાયણું ઊઘડયું અને હેની સાસૂ રસ્તા ઉપર બંને બાજૂએ ડોકિયાં કરવા લાગી. એ વૃદ્ધ સ્ત્રીને જોઈને યુવતીઓએ પોતાને માથે લુગડાં હોડયાં અને સૌએ પોત પોતાને ઘેર જવા માંડયું. જતે જતે કમલિનીની સખીએ કહ્યું, "પાછાં ત્હને મળીશું, બધાં ઘણાં વાંનાં કહેવાનાં છે, કમલિની, હવે સંભાળીને ઘેર જા." સૌભાગ્યવંતી સ્ત્રીઓ ધોયેલાં લુગડાંના વીંટા લઈને પોતપોતાના ઘરના સ્હામેના દ્વારમાં થઈને ગઈ, અને વિધવા સ્ત્રીઓએ વાડાને પાછલે બાયણેથી ઘરમાં પ્રવેશ કર્યો.

તે રાત્રિયે કમલિનીના હૃદયમાં ઘણી વિચિત્ર લાગણીઓ થતી હતી. અવર્ણનીય ભય, અને દુઃખથી હેનું હૃદય ભરાયું હતું, હેને નિદ્રા આવી નહિં. પડોશનું ઘર રૂક્‌માનું હતું ત્હાં થતા સર્વ અવાજ તથા આવ્ય જા ધ્યાન દઈ સાંભળતી હતી, અને અસ્વસ્થ ચિત્તે જાગૃત રહી. રૂક્‌મા ઉપર હેનો એટલો બધો સખીભાવ હતો કે જાણે પોતે જ રૂક્‌માની સ્થિતિમાં છે, તેટલું હેને દુઃખ થતું હતું. રાત્રિ તદ્દન શાન્ત હોવાથી જે જે સ્વર તે સાંભળતી હતી, ને તે હેને અશુભ સૂચક લાગવા માંડયા. ચન્દ્ર ઝાંખો થઈ ક્ષીણ થવા આવ્યો. રાત્રિનો પવન સુસવાટા કરતો વસતો જતો હતો, પાસે કોક સ્થળે ઘુવડ બોલવા લાગ્યું, હેનો શોકીલો લંબાતો સ્વર અંધકારમય વ્હેતી નદી ઉપર થઈને દૂર લગી જતો હોય એમ લાગ્યું. આ

રાત્રયે કમલિનીના વાડામાંનાં વૃક્ષના પડછાયા તે જાણે ભૂતનાં ટોળાં ઊભાં હોય તેમ લાગ્યું. વાદળાંથી ચન્દ્ર તદ્દન ઢંકાઈ ગયો ત્યારે એ વધારે અસ્વસ્થ થઈને પોતાના ખંડમાં આંટા મારવા લાગી. પાસેના ઘરમાં કોકના ઉતાવળા ચાલ્યાનાં પગલાં સાંભળીને હેણે વિચાર્યું, “ રૂક્મા ક્યહાં હશે ? એ શું કરતી હશે. ? ઓ પ્રભુ ! આનો શો અર્થ હશે ? મ્હારી ચંચળ સખી કહેવી સુખી અને આનન્દી હતી ! ” આમ કહી હેણે રુદન કરવા માંડયું. પોતે શા માટે રોઈ તે સમઝી સકી નહિં, અને ફરી મનમાં બોલી, “ ઓ પ્રભુ ! હેને આ મહા દુઃખમાંથી બચાવો. ” વળી પાસેના ધરમાં કોકના ઝડપથી ચાલ્યાનાં પગલાં સંભળાઈને જરા શાન્ત થયું. એક દુઃખપૂર્ણ ઉંકારો સંભળાયો, અને તરત જ કોકને ધાંટો પાડીને રુદન કરતાં સાંભળ્યું. આ અતિશય દુઃખની ચીસ સાંભળીને કમલિનીને કમકમાટ ઊપજ્યો અને એ ધ્રુજવા લાગી. આ ચીસ કોકની નાશ થતી શક્તિનો છેલ્લો યત્ન હતો, અને જે કોઇ એ એકવાર પણ સાંભળે છે તે કદી વીસરી સકતું નથી, ત્હેવો છૂટા પડતા આત્માનો દુઃખનો સ્વર હતો. “ મ્હારી પાસે કોઇ આવો, હું એકલો છું ” આમ ચીસ કમલિનીએ સાંભળી, અને તે ચીસ પવન સાથે ઘણે દૂર સુધી સંભળાઈ. સર્વ થોડીવાર શાન્ત થયું. થોડીવાર પછી કઠોર હૃદયના મનુષ્યના હૃદયને પણ પીગળાવી નાંખે ત્હેવાં ડુસકાં સંભળાયાં. રુદન કરતી રૂક્માની પાસે જઈને પોતાની સખીને ગળે હાથ વીંટીને આશ્વાસન દેવાનું કમલિનીને ઘણું મન થયું, પરંતુ અરે ! કકડે કકડા થઈ ચીરાઈ જતા હૃદયને એ કેવી રીત્યે આશ્વાસન દઈ સકે ? અને હવે મરણ પામતા પુરુષના છેવટનો દુઃખી સ્વર સંભળાયો. કમલિનીને હેવો ભાસ થયો કે હેનો

આત્મા ઊડી ગયા પછી પણ “ મ્હારી પાસે આવો, પાસે આવો, હું એકલો છું ” એમ કહે છે. વળી સર્વે શાન્ત થયું, પરંતુ આ સમયે શાન્તિ ઘણી ક્ષણ ટકી નહિં. અંધારી ઘટામાં ઘુવડો ભયંકર શોક દર્શક રીતે બોલવા લાગ્યાં, એક કૂતરાએ રોવા માંડયું, અને તરત જ જાણે કોઇ અદશ્ય મનુષ્યને આવતાં દીઠું હોય તેમ ભસવા લાગ્યું. કમલિનીએ પોતાનું મ્હો લુગડામાં સંતાડયું, હેનો અર્થ એ સમઝી હતી; કૂતરાએ યમના ભયંકર દૂતને આવતાં અને આત્માને લઈ જતાં જોયો હતો. પરંતુ એ ઘરમાં આટલા શૂન્યકારનું કારણ શું? ઓ પ્રભુ! શું ઘરનાં અન્ય મનુષ્યો નિદ્રાવશ હશે કે શું? ઘરમાં કોણ પ્રવેશ કરે છે તે શું નહિં જાણતાં હોય? યમના ભયંકર દૂતને શું આવતો રોકી ના સકાય? જાણે અંધારામાં યમના દૂતને પડછાયા રૂપે હાથમાં ફાંસો લઈને એ ઘરની પાસે જતો જોયો હોય એમ કમલિનીને લાગ્યું. હેણે વિચાર્યું કે “ શું હેનાં પગલાં ખરેખર સંભળાય છે? ” વળી કૂતરાએ જોરથી ભસવા માંડયું, અને પાસેના વૃક્ષમાં ઘુવડની પાંખોનો ફફડાટ સંભળાયો, અને અનેક કૂતરાં ભસતાં ભસતાં નદી ભણી દોડયાં. કમલિની મનમાં બોલી “ હેનો આત્મા ગયો, પકડાયો અને હેને લઈ ગયા.” આકાશ કાળાં વાદળાંથી છવાઇ ગયું, ત્હેમાંથી કોઇક કોઇકવાર નિસ્તેજ ચન્દ્રનો ઝાંખો પ્રકાશ પડતો હતો. થોડીવાર સર્વ શાન્ત થતું તો થોડીવાર એકાએક વૃક્ષની ડાળિયો અને પાંદડાં હાલતાં હતાં. પાસેના ઘરમાં હાલચાલ થવા માંડી. છેક આકાશ સુધી પ્હોચે તેટલા જોરથી તથા હૃદય ચીરી નાંખે ત્હેવા દુઃખથી કોઇકના રુદન કરવાનો અવાજ સંભળાયો, ને બીજે જ ક્ષણે બન્ધ પડયો; કેમકે એક પુરુષનો અરવા-

ભાવિક અને પ્હરાણે કાઢેલો સ્વર સંભળાયો, તે બોલ્યો, "રોઈશ નહિં, શબને તરત લઈ જાઓ, નહિં તો વધારે સંકટ આવશે." આ ધાંટો મૃત્યુ પામેલા યુવકના પિતાનો હતો. હેના ધાંટા ઉપરથી લાગતું હતું કે ઘણા જ દુઃખથી હેનું હૃદય ચીરાઈ જાય છે. કમલિની વળી પોતાના લુગડામાં મ્હો સંતાડીને રોવા મંડી. રૂક્મા ઉપર મ્હોટામાં મ્હોટું દુઃખ પડયું. રૂક્મા પાસે જઈને આશ્વાસન દેવાના હેતુથી સ્હવાર થવાની કમલિની ઇન્તેજારીથી વાટય જોતી હતી. તે બોલી "રૂક્મા! રૂક્મા! શું ત્હારૂં દુર્ભાગ્ય!"

પરંતુ બીજે દિવસે કમલિનીને હેની સાસૂએ હેની સખી રૂક્મા પાસે જવા દીધી નહિં. વ્હેમ અને ભયથી સર્વ મૂઢ થઈ ગયાં હતાં. રૂક્મા કેટલું સહન કરતી હશે હેનો વિચાર કમલિની કરવા લાગી. હવે હેનાં વ્હાલાં સાસરિયાં હેની તરફથી મ્હો ફેરવી દઈને કહેશે કે, "ભલે, હેને ખમવા ધો, ગયા જન્મના પાપનાં પરિણામ ભોગવવા ધો, એ અભાગણીને પાપે હેના પતિનું મૃત્યું થયું; હેણે કોણ જાણે કેટલાંએ પાપ કર્યા હશે, ને કેટલાંનાંએ હૃદય દૂભવ્યાં હશે." પરંતુ કમલિનીની ખાત્રી હતી કે રૂક્મા સર્વ ધૈર્યથી સહન કરશે. એ દુઃખથી અને શોકથી કોઇને પોતાનું મ્હો નહિં દેખાડે, અને કોઇ હેના ઉપર દયા લાવીને એક માયાનો શબ્દ પણ કહેવા નહિં જાય. આ સર્વ વિચાર આવ્યાથી કમલિનીને અત્યન્ત દુઃખ થયું. જેમ જેમ કમલિની રૂક્મા પાસે જવાની સાસુને વિનંતી કરવા લાગી, તેમ તેમ ત્હેણે ના ની ના જ કહી. આ પ્રમાણે દિવસોના દિવસ વીતી ગયા.

ત્ય્હાર પછી કમલિનીની ખરી કસોટીનો અને દુઃખનો સમય આવ્યો, અને હેના પ્રથમ બાલકનો જન્મ થયો. આ દિવસો કમલિનીએ અત્યન્ત માનસિક દુઃખમાં કાઢ્યા. પતિને ઘેર રામપુર જવાને હેનું મન ઘણું જ તલપી રહ્યું હતું. જે દિવસોમાં હેની પ્રત્યે માયા, અને સંભાળની ખાસ જરૂર હતી, ત્હેવે સમયે હેની સાસૂ અને નાણંદો વધારે ક્રૂરતાથી વર્તવા લાગ્યાં; હવે એ લોકો ઉઘાડી રીત્યે કડવા વચનો કહેતાં હતાં કે " એ નકામો ભાર છે; હેના કરતાં મરી જાય તો સારૂં, કશા કામની નથી, એ હેના પતિને એકલાને ભારરૂપ નહિં પણ આખા ઘરને ભારરૂપ છે; જો એ નહોત તો ગણેશ કે'વી સારી રીત્યે રહી સકત ? પણ શું કરીએ જગતની ખાતર મ્હો બંધ રાખવાં પડે છે. અને હમણાં વળી બાળક કો'ને જોઇતું હતુ ? અને તે પણ છોકરી ?" આમ વારંવાર કહેવા લાગ્યાં. બિચારી કમલિનો જાણે સાસરિયાંના કઠોર શબ્દ અને શાપથી નિર્દોષ બાળકનું રક્ષણ કરતી હોય તેમ પોતાની બાલકીરૂપી પોતાના નવા પામેલા ધનને પોતાની છાની સરસી દાબી રાખતી હતી. શાપથી ન્હાનાં બાળકો કરમાઈ જઈ નાશ પામે છે, તેમ સાસરિયાંના શાપથી વખતે થશે એ વિચારથી વ્હેમી મનની કમલિની ભયથી કંપતી હતી, પણ જ્ય્હારે એ નિર્દોષ બાલકી પોતાની પ્રકાશિત આંખ્યો ઉઘાડી સ્મિત કરતી હતી ત્ય્હારે તે જોઈને કમલિની પોતાનું સર્વ દુઃખ ભૂલી જઈને કેહતી કે " ઓ પ્રભુ ! આ મ્હારૂં અમૂલ્ય રત્ન મ્હારી પાસે રહેવા દે જે, બીજાં એ લોકો ગમે તે કહે ત્હેની હું દરકાર કરતી નથી. "

બે મહિના થઈ ગયા પછી ગણેશ શિવગંગામાં આવ્યો.

કમલિનીને અતિશય દુર્બળ જોઈને હેને દયા આવી, પરંતુ હેણે પોતાની ન્હાની બાલકી પ્રત્યે બેદરકારી દેખાડી. પોતાના બાળકને જોઈને એ આનન્દિત ન થયાથી કમલિનીને દુઃખ થયું, પણ હેણે વિચાર્યું કે, "કાંઇ સર્વ બાલકના પિતા એટલી મોઘાંઇ કરતા નથી, અને પુરૂષોનો સ્વભાવ જ હેવો હોય છે." અને વળી પતિ સાથે રામપુર જવાનું ઠર્યાથી કમલિનીને ઘણો આનન્દ થયો હતો. પતિનું જીવન સુખમય કરવાને પોતે શું શું નહિં કરે! પોતે રોજ સન્ધ્યાકાળે પતિના આવવાની વાટય જોશે, હેને માટે સાદું પણ સ્વાદિષ્ટ ભોજન પોતાને હાથે રાંધીને તૈયાર રાખશે, અને પોતાની ન્હાની બાલકીને પતિ પાસે લાવશે; એ નિર્દોષ બાલકી હેમના પ્રેમનું બંધન નિશ્ચય વધારે દૃઢ કરશે; અને આ સર્વ કર્યાની કદર પતિ જરૂર સમઝી જશે. આ પ્રમાણે કમલિનીની વિચારમાળા ચાલતી હતી. પોતે સંપૂર્ણ રીત્યે સુખી થશે અને પોતાની બાલકીના સહવાસથી પતિ આનન્દિત રહેશે એ વિચારથી કમલિની સુખી થતી હતી. બાલકીના જન્મ પછી કમલિનીના ખાસ આગ્રહથી પોતાની માની માશીના નામના સ્મૃતિચિન્હ તરીકે બાલકીનું નામ દ્રૌપદી પાડ્યું, કારણ કમલિનીને પોતાની માના જીવનવૃત્તાન્તે હેનાં હૃદય ઉપર અસર કરી હતી, અને પોતાની માની પાલન કરનારી એ વૃદ્ધ બાઈ હજી હયાત હતી ત્હેની તરફ કમલિનીને ખાસ સ્નેહ ઉત્પન્ન થયો હતો. હવે માત્ર એક જ વિધિ કરવાનો રહ્યો હતો; ત્હાર પછી કમલિની હેના પતિ સાથે રામપુર જવાની હતી.

રામપુર શેહેરના ઘરમાં કમલિનીને નવીન અને વિચિત્ર અનુભવ ભોગવવા પડ્યા. થોડાં અઠવાડિયાં સુખ અને શાન્તિમાં ગાળ્યા

પછી હેણે ઉત્સાહથી બાંધેલા હવાઈ કિલ્લાનો નિષ્ઠુરતાથી નાશ થયો. હેનાથી તરત સમઝાયું કે નિર્બળ મનનો અને સ્વચ્છંદી પુરુષ ક્વચિત્ સારા હેતુથી વર્તનારો છતાં પોતાની તીવ્ર લાગણીવાળી સ્ત્રીને કેટલું બધું દુઃખ દઈ સકે છે. હેના વરનો સ્વભાવ જરા અણુ-ઘડ હતો, તેથી ગણેશના કેટલાક શબ્દો અને કૃત્યોથી કમલિનીના કોમળ હૃદયને કેટલું દુઃખ થતું હતું તે એ સમઝી સકતો નહિં. એ પ્રથમ કમલિની પ્રત્યે માયાથી વર્તતો હતો, પરંતુ કમલિનીને હેનો વિચિત્ર અસ્થિર સ્વભાવ જલદી જ જણાઈ આવ્યો.

કમલિનીની બંને નણંદો રામપુરમાં રહેતી હતી, અને ગણેશ ત્હાં હેમને મળવાને વારંવાર જતો હતો. જ્યહારે ગણેશ હેમને ઘેરથી આવતો ત્હારે એ તદ્દન બદલાઈ ગયેલો જણાતો હતો. હેના કાનમાં એ બે જણીઓ વિષ રેડતી હતી તેથી તે મૂંગો અને વિચા-રમાં જ બેશી રહેતો હતો. જ્યહારે સઈ રામપુરમાં ન્હોતી ત્હારે શરૂઆતમાં આ પ્રમાણે થતું હતું. એક દિવસ ગણેશે રમાબાઇને ત્હાંથી આવીને કમલિનીને કહ્યું કે “ મ્હારી બંને બ્હેનો કહે છે કે તું કંજુસ અને લોભી છે, અને ઘરખરચ માટે આપેલા પૈસામાંથી તું મ્હારાથી ગુપ્ત રીત્યે બચાવે છે, તેથી મ્હારી પાસે બ્હેનોને આપ-વાને કશું રહેતું નથી.” આ હેણે ખુલ્લા મનથી કમલિનીને કહ્યું, પરંતુ કમલિની જાણતી હતી કે પોતાનો પતિ પોતાને સારી રીત્યે ઓળખે છે તેથી પોતાના ઉપરના વિશ્વાસનો ભંગ થશે નહિં. પછીથી જ્યહારે ગણેશ બ્હેનોને ત્હાંથી આવીને કમલિનીને કશી પણ વાત કર્યા વગર બેશી રહેતો, ત્હારે કમલિની ચિન્તાતુર થવા લાગી, અને હેને સર્વ શૂન્ય લાગવા માંડયું. બીજા પણ કેટલાક

હેવા ન્હાના ન્હાના બનાવ બનવાથી કમલિનીનું જીવન કડું બનતું હતું. ગણેશ વિચાર કર્યા વગર જ બોલતો તેથી હેના શબ્દો કમલિનીના હૃદયમાં કાંટાની પેઠે વાગીને હેને ખૂંચ્યા કરતા હતા. કેટલીક નજીવી બાબતોથી પતિપત્ની વચ્ચે વિરોધ થતો હતો. એક પ્રસંગે દુપટ્ટા વેચનાર વ્હેપારીને રમાબાઈ મારફત હેનો નોકર લઈને આવ્યો હતો. ગણેશે ખરીદી કરીને કમલિનીને પૈશા ચૂકવવાનું કહ્યું. કમલિનીએ જોયું કે માલના પ્રમાણમાં ભાવ ઘણો મોઘો કહે છે તેથી તે ધીમે રહીને ગણેશ પાસે ગઈ; ગણેશ રમાબાઈના નોકર સાથે વાત કરતો હતો; કમલિનીએ ધીમે સ્વરે કહ્યું કે ભાવના પ્રમાણમાં પોત ઘણું હલકું છે. ગણેશના મનમાં આવ્યું કે "કમલિની પોતાને મ્હારી બ્હેનો કરતાં વધારે હુશિયાર માને છે, અને પોતાનો અભિપ્રાય આપવાની ધૃષ્ટતા કરે છે અને તે વળી રમાબાઈના માણુસની આગળ" એ વિચારથી હેણે ક્રોધાયમાન થઈને કહ્યું, "એકદમ પૈશા ચૂકવી દે." આ શબ્દો નિર્દોષ હતા, પરંતુ બોલવાની રીત્ય એટલી તો ક્રૂર હતી કે એ આભી જ બની ગઈ, અને પૈશા ચૂકવીને બીજા ખંડમાં ગઈ, અને વિચાર કરવા લાગી કે "હેમને શું થયું છે, કે વિચિત્ર રીત્યે વર્તે છે!" થોડીવાર પછી ગણેશે આવીને કમલિનીને કહ્યું, "તુ નીચ, અધમ છે, ઘાસ કાપનારીઓમાં અને ત્હારામાં લગારે ફેર નથી, ત્હારી બુદ્ધિ ઠેકાણે આણુવાને ખાસડાંના મારની જરૂર છે." આ સાંભળીને કમલિની ઘણી જ બડકી, અને પોતાના નિર્દોષ શબ્દોનું કેટલું માઠું પરિણામ આવ્યું હેનો વિચાર કરવા લાગી; થોડીવાર પછી ત્હેણે ધીમેથી કહ્યું, "ભાવ

ઠરાવવામાં કાંઈ નિર્લજ્જપણું નથી, અને સાચું હતું તે મ્હેં કહ્યું ત્હેમાં શું થયું ?"

"હા ! ત્હને કોઇની દરકાર નથી, ત્હારા પોતાના ધણીની પણ દરકાર નથી, હું ત્હારે હિસાબે ત્હારા પગ તળેની ધુળ્ય જેવો છું."

"ત્હમે આ પ્રમાણે શું કરવા બોલો છો ? ત્હમે ત્હમારા કુટુમ્બીઓનું સાંભળી આવીને મ્હને શું કરવા મેહેણાં મારો છો ?"

ગણેશની બ્હેનોએ ગણેશના કાન વિષથી ભર્યાં હતા, ત્હેનું આ પરિણામ હતું, એ કમલિની જાણતી હતી. કમલિનીની નણંદો અનેકવાર કમલિનીને મ્હોએ જ મેહેણાં મારતી હતી તથા કઠોર શબ્દો કહેતી હતી, તો પછી કમલિનીની ગેરહાજરીમાં ગણેશના કાન ભંભેરે ત્હેમાં નવાઈ શી ! આ કમલિની ખાતરીથી જાણતી હતી તેથી હેણે પતિના કુટુમ્બીઓ વિશે કહ્યું, પરંતુ એ સાંભળીને ગણેશને વધારે ક્રોધ ચઢયો અને બોલ્યો "મ્હારાં કુટુમ્બી ? મ્હારાં કુટુમ્બી વિશે હાચી રીતે હિમ્મત ધરી બોલનાર તું કોણ ? ત્હને માર મારીને ત્હારી હલકાઈ કાઢી નાંખવાની મ્હારી ઇચ્છા થાય છે. ત્હને તો સર્વ જણાં હસે છે, પેલો રમાબાઇનો માણસ પણ ત્હારો હલકો સ્વભાવ જોઈને હસતો હતો." આ શબ્દો સાંભળીને કમલિનીને જાણે કોઇયે મારી હોય તેમ લાગ્યું, અને એ જમીન ઉપર બેશી ગઈ. હેણે ધાર્યું કે હાનું કાંઇક ભયંકર પરિણામ આવશે; તેથી દુઃખી થઈને રુદન કરવા લાગી.

આ બનાવ બન્યા પછી થોડા સમયમાં જ એક બીજો બનાવ બન્યો, ને તેથી કમલિનીએ વિચાર્યું કે પોતાના પતિનો વિશ્વાસ પોતાના ઉપરથી તદ્દન ઊઠી ગયો છે. આથી ત્હેનું હૃદય તદ્દન નિરાશ થયું, અને પોતે પતિની દૃષ્ટિમાં હલકી પડી છે એમ લાગ્યું. આ બનાવનું કારણ માત્ર નોકરની બેદરકારીનું પરિણામ હતું. કમલિનીએ જાણ્યું કે પતિ એક નોકર કરતાં પણ સ્ત્રીને હલકી ગણવા લાગ્યો હતો. ગણેશના આ વિચારનું કારણ હિન્દુઓમાં સ્ત્રીઓ વિશેના હલકા અભિપ્રાયનું પરિણામ હતું, પરંતુ માબાપથી ઉછેરાયલી કમલિનીને એ સર્વ નવીન હતું. એક મૂર્ખ નોકરની ભૂલ્યનો દોષ પોતાના ઉપર મૂકાયાથી હેને ઘણું દુઃખ થયું. નોકર ઊંઘણશી હતો અને ગણેશે કહેલી વસ્તુ ખરીદવાની આજ્ઞા હેણે બરોબર લક્ષ દઈને સાંભળી નહિં. તે દિવસે ગણેશ કચેરીમાંથી વ્હેલો ઘેર આવ્યો હતો; કારણ હેની બ્હેનો હેને ઘેર આવવાની હતી. ગણેશે નોકરને ત્રણ આનાની ત્રણ જુદી જુદી જાત્યની મીઠાઈ આણવાનું કહ્યું, તે નોકરને સમઝાવવાને કમલિનીએ સ્પષ્ટ રીત્યે સમઝણ પાડીને કહ્યું કે "દરેક પાપા શેર લાવજે." જ્ય્હારે નોકર પાછો આવ્યો ત્ય્હારે ત્હેણે ત્રણે જાત્યની મળીને પાશેર મીઠાઈ આણીને કમલિનીને આપી; આ જોઈને કમલિનીના આશ્ચર્યનો પાર રહ્યો નહિં. આમ કર્યાનું કારણ ગણેશે પૂછ્યું ત્ય્હારે તે બાઘા જેવો સ્હામું જોઈ રહ્યો, અને થોડીવારે બચાવ કરીને કહ્યું કે "બાઈ સાહેબે પાશેર કહી હતીઃ" આ સાંભળી કમલિનીએ કહ્યું "અરે મૂર્ખ! મ્હેં ત્હને ત્રણ જાત્યની પાપાશેર આણવાની કહી હતી, તે ત્હેં ન્હોતું સાંભળ્યું?" આ સમયે કમલિનીએ પતિની મુખમુદ્રા ઉપર કઠોરતા અને કંટાળાનાં

ચિન્હ જોયાં. ગણેશે કહ્યું "કોણ જાણે" આ સાંભળીને કમલિની તદન મૂગી થઈ ગઈ, અને વિચાર કરવા લાગી કે "શું હાવી નજીવી બાબતમાં પણ પતિનો વિશ્વાસ ઉઠી ગયો છે કે 'કોણ જાણે' કહે છે!"

થોડા દિવસ પછી ગણેશ ધીમે ધીમે ઘેર મોડો આવવા લાગ્યો તેથી કમલિની અસ્વસ્થ રહેવા લાગી, પરંતુ પોતાના હૃદયની લાગણી કોઈને પ્રગટ કરતી ન્હોતી. હેની એક નોકરાણી પણ મૂંગી મૂગી સર્વ જોયા કરતી હતી. એ કમલિનીને એક શબ્દ પણ પૂછી કે કહી સકતી ન્હોતી, કારણ ગમે તે થાય તોએ કમલિની પોતાના ઉપર દયા દેખાડવાને ખાતર પણ પોતાના પતિની વિરૂદ્ધ કોઈને એક શબ્દ પણ કહેવા દે ત્હેવી ન્હોતી, પરંતુ શેહેરના જીવનમાં, શેહેરની વસતિમાં લોકનિંદાથી બચવું ઘણું કઠણ છે. ગણેશની વર્તણુક હેનાં આડોશીપાડોશી લક્ષ દઈને જોતાં હતાં. એકવાર પડોશની સ્ત્રી કમલિનીને મળવા આવી, અને હેણે સારા હેતુથી કમલિની ઉપર દયા આણીને, ગણેશ ક્યહાં જાય છે આવે છે તે કહી દીધું. ત્યહાર પછી હૃદય ચીરાઈ જતા દુઃખથી કમલિનીએ તદન મૌન ધારણ કર્યું. થોડા દિવસ પછી કમલિનીએ પોતાના પતિને કચેરીમાંથી છૂટે કે બારોબાર વ્હેલા ઘેર આવવાની વિનંતિ કરી, કારણ એ મોડે સૂધી ક્યહાં રહેતો હતો, તે જાણતી હતી. પ્રથમ તો ગણેશે શંકાશીલ દૃષ્ટિએ કમલિની ભણી જોયું, પરંતુ પછી હાસ્ય કરીને પૂછયું "શું આપણી સર્વે તકરારો વીસરી ગઈ?" કમલિનીએ નીચી દૃષ્ટિ રાખીને કહ્યું "જો ત્હમે સર્વ વીસરી ગયા હો તો હું પણ વીસરી ગઇ છું એમ સમજજો." વળી હેણે એમ પણ વિનંતી કરી કે "ત્હમે કૃપા કરીને

મ્હારા કહેવાનો ખોટો અર્થ લેશો નહિં, ત્હમે મ્હને નીચ અને જુઠ્ઠી કહો છો તેથી મ્હારૂં હૃદય ચીરાઈ જાયછે. ” ગણેશ માયાળુ સ્વભાવનો હતો, તેથી ત્હેણે બીજે દિવસે કચેરીમાંથી બારોબાર ઘેર આવવાનું વચન આપ્યું, અને તે પાળ્યું, પરંતુ એ અસ્વસ્થ રહ્યો. કમલિની હેના અસ્વસ્થપણાનું કારણ ચેતી ગઈ, અને વિચાર્યું કે “ સઈ હેમના આવવાની વાટય જોતી હશે કે કેમ ? એ શું સઈના વિચાર કરે છે ? અરેરે ! એ સઈથી આકર્ષાઈને મ્હારા પ્રત્યે વિશ્વાસઘાતી કેમ થતા હશે ? ” હેણે જોયું કે કચેરીમાંથી બારોબાર ઘેર આવ્યાથી ગણેશ ઘણો દિલગીર જણાતો હતો, ને એક શબ્દ પણ બોલતો ન્હોતો. કમલિનીએ આપેલું ખાવાનું થોડુંક ખાઈને ઊઠયો ને જરૂરનું કામ છે કહીને બ્હાર ગયો. શું કામ હતું તે કમલિની સારી પેઠે જાણતી હતી. હેણે પોતાના પતિને સઈના ઘર ભણી જતો જોયો. એ નિઃશ્વાસ નાંખીને ઘરમાં ગઈ, અને ઘણે મહિને ચાટલું હાથમાં લઈને પોતાની મુખમુદ્રા જોવા લાગી. એ ઘણી બદલાઈ ગઈ હતી, ક્ષીણ થઈ ગઈ હતી, અને હેની મુખમુદ્રા ઉપર દુઃખનાં ચિન્હ જણાતાં હતાં; એ મનમાં બોલી, “ સઈ ! સઈ ! મ્હારા જીવનમાર્ગમાં તું શું કરવા આડે આવે છે ? જેટલું હું સહન કરૂં છું તેટલું શું ઓછું છે ? ” બીજે દિવસે કમલિનીના હાજરીમાં ગણેશની મુખમુદ્રા નિરાશ અને ઊતરી ગયેલી દેખાતી હતી. કમલિનીના સ્પષ્ટ પ્રશ્નોથી દોષિતની પેઠે ગણેશે નીચું માથું કર્યું અને કમલિનીને પ્રસન્ન કરવાનો નિર્બલ યત્ન કર્યો. ગણેશના બ્હાર ગયા પછી કમલિનીને જુદા પ્રકારના વિચાર આવ્યા, ને મનમાં બોલી, “હેમની જોડે મ્હેં શું કરવા વાદવિવાદ કર્યો ? હેમને હેવા

પ્રશ્નો શું કામ પૂછ્યા ? 'મ્હારા આનન્દમાં વિઘ્ન નાખનાર તું કોણ?' એમ હેમણે નિર્દોષતાથી જ અને વગર વિચાર્યે કહ્યું હશે, હેનો અવળો અર્થ મ્હેં અધમ સ્ત્રીની પેઠે લઈને હેમના જીવને દુઃખ કર્યું. સ્હવારમાં એ કેટલા ઉદાસ દેખાતા હતા ! અને હજી પણ હેમના હૃદયમાં શું થતું હશે ! હવે એ મ્હારા ઉપર પ્હેલાં કરતાં પણ ઓછો સ્નેહ રાખશે, હેમને એમ લાગશે કે પોતે બીજી સ્ત્રીઓના પતિ કરતાં આટલી માયા અને ઉદારતાથી વર્તે છે છતાં પોતાના પતિ વિશે ખોટું કલ્પતાં હું અટકી નહિં. હેમણે કેટલી બધી વાર મ્હને રીઝવવાનો યત્ન કર્યો છે! " આમ વિચાર કરીને, સર્વ દોષ પોતાને માથે વ્હોરી લઈને અને પોતે કહેલા શબ્દો માટે પશ્ચાત્તાપ કરીને તે આખો દિવસ કમલિનીએ વિચારમાં, અને રુદન કરવામાં કાઢ્યો. પોતાની વર્તણુક ઘણી જ ખરાબ ગણી, પોતાને આવા સારા પુરુષની પત્ની થવાને અયોગ્ય ગણી. હેણે વિચાર્યું કે, "હેવા નિર્દય શબ્દો પતિ માટે મ્હારા મ્હોમાંથી કેમ નીકળ્યા ? અહા ! કોઇ મ્હારો છૂંદો કરીને પણ મ્હારી અધમતા કાઢી નાંખે તો કે'વું સારૂં ? તેમ કર્યાથી ભવિષ્યમાં ફરી હેવી ભૂલ્ય નહિં થાય. " હાવા વિચાર કમલિનીના ઉમદા સ્વભાવને લીધે જ આવ્યા હતા, અને હેના ઉત્તમ ગુણને લીધે જ પતિના દોષ ન જોતાં સર્વ દોષ પોતાને માથે વ્હોરી લઈને પોતાને પતિના પગની રજને પણ સ્પર્શ કરવાને અયોગ્ય ગણતી હતી.

પ્રકરણ ૧૭ મું.

પરાકાષ્ઠા.

જેમ જેમ દિવસો જવા લાગ્યા તેમ તેમ સઈએ કમલિનીને ઘેર દરરોજ આવવા માંડયું. જ્યહારે જ્યહારે કમલિની સઈના ઘડી ઘડી આવવા વિશે વાત કરતી અથવા તો તે વિશે પતિને ફરિયાદ કરતી ત્યહારે " સઈ મળવા આવે છે ત્હેમાં કશો વાંધો નથી, માત્ર સ્ત્રી જાતિના હલકા ઈર્ષ્યાખોર સ્વભાવને લીધે તુ બધામાં દુર્ગુણ દેખે છે. " એમ કહીને ગણેશ કમલિનીને ચૂપ રાખતો હતો. વળી હેણે આશ્ચર્ય પામીને એમ પણ કહ્યું કે, " બીજી સ્ત્રીઓનો તો ઈર્ષ્યાખોર સ્વભાવ હોય, પરંતુ તું પણ ઈર્ષ્યા કરે છે ! " પરંતુ આખર હેવો સમય થોડી જ મુદ્દતમાં આવ્યો કે સઈ રોજ સાંઝે નિયમસર આવવા લાગી, અને ગણેશ રોજ કચેરીમાંથી આવીને તરત સઈને બોલાવવા લાગ્યો, અને કમલિની સંધ્યાકાળનો લાંબો સમય છેક રાત્રિ થતા સુધી ઘરના વાડામાં બેશીને ગાળવા લાગી. સઈ વાતો કરતી હતી, અને ગણેશ હેની સાથે આનન્દથી ઠઠ્ઠા મસ્કેરી કરતો હતો. કમલિનીને એ હવે લગારે ગણકારતો પણ નહિં. કમલિની એકાન્તમાં બેશીને વિચાર કરતી કે, " પ્હેલાં જ્યહારે હું જરા પણ વિચારમગ્ન રહેતી, અથવા તો થોડીવાર પણ મૌન રાખતી ત્યહારે એ અધીરાઈથી કેટલા પ્રશ્ન પૂછતા ! તે

સમયમાં ને હાલમાં કેટલો બધો ફેરફાર થયો છે ! હેનું કારણ શું હશે ? હવે એ મ્હારા પ્રત્યે તીક્ષ્ણ છરી જેવી દૃષ્ટિએ જુવે છે, મ્હને જોઈને હેમનો આનન્દ નાશ પામે છે. સર્પ મ્હારા કરતાં શા વિષયમાં ચઢિયાતી છે ? એ બહાદુરીથી, ખરૂં પૂછો તો ધૃષ્ટતાથી, સર્વની જોડે બોલે છે, હસે છે, પણ એ રૂપવતી નથી. ખાસ જ્યહારે એ મ્હારા સ્હામું વિજય મેળવ્યો એમ બાડી નજરે જુવે છે ત્યહારે મ્હને સર્પ યાદ આવે છે." વળી કમલિની વિચારતી કે મ્હારી હાવી પરાધીનતાનો અને દુઃખી જીવનનો અંત ક્યહારે આવશે ?

એક દિવસે સ્હાંઝે બનેલા બનાવે કમલિનીના જીવનમાં ભયંકર ફેરફાર કર્યો. રામપુરમાં ઉત્સવનો દિવસ હતો, તેથી ગણેશ કચેરીમાં ગયો ન્હોતો, અને રોજ કરતાં વ્હેલો બ્હાર ગયો. કમલિનીએ તે દિવસે ગણેશ ઉપર બરોબર લક્ષ રાખ્યું, અને ગણેશને પોતાની સોબત અપ્રિય હોય એમ લાગ્યાથી હેને અતિશય દુઃખ થયું. એ બાયણામાં ઊભી રહીને ગણેશને જતો જોતી હતી, તેટલામાં હેણે પોતાના પિતાના ભાણેજ રામચન્દ્રને આવતો જોઈને આશ્ચર્ય પામી. હેણે બ્રહ્મચારીનો વેશ ન પ્હેરતાં ગૃહસ્થ જેવાં કપડાં પ્હેર્યાં હતાં. એ સીધો સીધો કમલિનીના બાયણા પાસે આવ્યો. કમલિની હેનો બધો પૂર્વ જીવનવૃત્તાન્ત જાણતી હતી તેથી હેના બદલેલા વેશથી આશ્ચર્ય પામી નહિં. હેને જોઈને કમલિની જાણે અન્ય પ્રકારનું જીવન અનુભવતી હોય તેમ હેને ક્ષણભર લાગ્યું. પોતાની સ્વર્ગસ્થ માનું જીવનચરિત યાદ આવ્યું, અને જાણે મા પાસે જ રહેતી હોય તેમ લાગ્યું. રામચન્દ્રે પ્રથમ ગણેશના સમાચાર પૂછ્યા, અને

કમલિનીના પિતાના પુનઃ માંદગીના સમાચાર કહ્યા, અને સંન્યાસીની સેવા ચાકરીમાં રોકાયો હતો તેથી રામપુર પોતે વ્હેલો ન આવી સક્યો એમ કહ્યું; વળી કહ્યું કે પોતાની મા મરણ પામ્યાથી ઘરની માલમિલકતના કામમાં પોતે રોકાયો હતો; હેણે એમ પણ કહ્યું કે ગમે તો નારાયણને મ્હારા સાથે અંજિનીગઢ લઈ જઈશ અથવા તો અરુણોદય ઋષિને ત્હાં જ હેમની દેખરેખ નીચે મૂકીને જઈશ, જેમ સંન્યાસીને ગમશે તેમ કરીશ; મ્હારે પિતાની માલમિલકતની વ્યવસ્થા કરવાની છે, પરંતુ હું ત્હમારા સમાચાર પૂછવાને માણસ મોકલાવતો રહીશ, ત્હેની જોડે ત્હમારી તનદુરસ્તીના સુખ સમાચાર મોકલાવજો; સંન્યાસીના કહેવાથી હું ત્હમારી ખબર કાઢવા આવ્યો છું." વળી હેણે જરા સંકોચ પામતે પામતે હેના બાળકની વાત છેડી. "અહા! છોકરી છે? કો'ના જેવી છે?" આ સાંભળીને કમલિની ઘરમાં દોડી જઈને પોતાની બાળકીને લઈ આવી.

કમલિનીએ રામચન્દ્રને ગણેશના ઘેર આવતા સૂધી રહેવાનો ઘણો આગ્રહ કર્યો પરંતુ હેણે કહ્યું કે, "મ્હારે અંજિનીગઢ જવું છે તેથી નહિં રહેવાય, કારણ રાત્રે મોડું થઈ જશે, ને હું હમણાં જ શિવગંગાથી આવ્યો છું, મ્હારા મનમાં કે ત્હમે શિવગંગામાં હશો."

રામચન્દ્ર કમલિનીના સસરાને મળીને આવ્યો હતો. હેણે કમલિનીના સસરાને સંન્યાસીનો સર્વ જીવનવૃત્તાન્ત કહ્યો હતો, અને સંન્યાસીની સર્વ મિલકતની વારસ કમલિની છે એ પણ જણાવ્યું હતું; કારણ સંન્યાસીની એ તથા કમલિનીનો સર્વ પૂર્વ વૃત્તાન્ત

જણાવવાની ખાસ ઇચ્છા હતી. રામચન્દ્રે કમલિનીને ચેતવણી આપીને કહ્યું કે " સઇથી સાવચેત રહેજે, મ્હેં સાંભળ્યું છે કે એ અહિં ગામમાં આવી છે." જતી વખતે રામચન્દ્રે કમલિનીની સ્હામું જોઈને કહ્યું, "સુખી થજે, ઇશ્વર ત્હારા પતિનો પ્રેમ ત્હારા ઉપર અચળ રાખો." આ સાંભળીને કમલિનીનાં નયનો અશ્રુથી ભરાયાં, પણ હેણે અશ્રુ રોકી રાખ્યાં. રામચન્દ્રે પુનઃ માયાથી હેના ભણી જોઈને કહ્યું, " તુ જાણે છે ? ત્હારા પિતા પછી હું ત્હારો રક્ષક છું. ત્હને કશાની ખોટય નહિં પડે, શોઈથ નહિં. તું સર્વ વાતે સુખી છે, ત્હારે જે જોઈએ તે ત્હારા પિતાને ઘેર પુષ્કળ છે, અને સર્વ ઉપર ત્હારો જ અધિકાર છે. " આટલું કહીને તે ઝડપથી બ્હાર નીકળીને ગયો.

આ સર્વ વાત રામચન્દ્ર કમલિનીના ઘરના આંગણામાં બાયણાની સ્હામે લીમડાના વૃક્ષ નીચે ઊભો રહીને કહેતો હતો. ચારે બાજુથી પડોશણો ડોકિયાં કરતી હતી. કમલિનીની નોકરાણી પણ પ્રત્યેક શબ્દ ધ્યાન દઈને સાંભળતી હતી, હેણે પડોશણને કહ્યું કે " નવાઈની વાત કે કમલિની બાઈનો કોક સગો છે ! બાઈને સગું છે તે જ નવાઈ ! "

સાંઝે ગણેશ સઈને લઈને ઘેર આવ્યો. આથી કમલિનીને રોજની પેઠે અસ્વસ્થતા ન લાગી, કારણ હેના વિચાર ઘણે દૂર ભમતા હતા; પતિને રામચન્દ્ર આવી ગયાના સમાચાર કહેવાને એ ઘણી ઉત્સુક હતી, પરંતુ સઈ હતી તેથી કશું બોલી નહિં. ગણેશ વિચારમાં ડૂબેલો અને અસ્વસ્થ લાગતો હતો. સઈ હીંચકા ઉપર

બેશીને એટલા તો વિજયના આનન્દથી વાતો કરતી હતી તથા હસતી હતી કે બ્હારની શાન્તિ છતાં કમલિનીના હૃદય ઉપર આઘાત કર્યા જેવું લાગતું હતું. સઈયે કમલિનીના ઘરની, ઘરમાં ગોઠવેલી વસ્તુઓની, મશ્કરી કરવા માંડી, અને તેટલેથી જ અટકી નહિં પણ કમલિનીને હુકમ કરીને કહ્યું " છોકરી ! આમ જો, પેલી પીકદાની અહિં લાવ્ય, અભાગણી ! કાંઇં થોડું કામ તો કર્ય ! " પરતુ કમલિનીએ હેનું કહેવું ગણકાર્યું નહિં; પણ ગણેશની અત્યન્ત દુઃખમય મુખમુદ્રા જોઈને હેના હૃદયમાં કાંઇંક વિલક્ષણ જોસ ઊભરાયો, હેને લાગ્યું કે આ ભવાઈનો જેમ વ્હેલો અંત આવે તેમ સારૂં. પોતાનો પ્રાણ જાય તોએ શી ચિન્તા છે ? હેના મનમાંથી જે ગર્વે હેને આ સ્થિતિ ઉપર બેદરકાર તથા શાન્ત ચિત્તથી વર્તન રાખતાં શીખવ્યું હતું, તે ગર્વ જતો રહ્યો, અને હેના માતાપિતાને જે દૃઢતાએ અને ટેકે, ધન વૈભવનું જીવન તજીને કષ્ટમય સ્વતન્ત્ર જીવન ગાળવાને દોર્યાં હતાં, તે દૃઢતા તથા ટેક નમ્ર અને માયાળુ કમલિનીમાં પણ હતાં ખરાં.

સઈએ કહ્યું " સાંભળતી નથી ? બ્હેરી ? રૂહોંચી ! " અને ગણેશ તરફ ફરીને કહ્યું " જુવો, મ્હારૂં કહેવું સાંભળતી પણ નથી. હેની પાસે જ એ કામ કરાવો. " કમલિની ઉંબરા ઉપર બેઠી હતી, અને અંદરના ખંડ બણી મ્હોં ફેરવ્યું હતું; હેણે ઢીંચણ ઉપર માથું ટેકવ્યું હતું. સઈનું આ કહેવું સાંભળીને તે આશ્ચર્ય પામી, હેણે સઈને હાવી રીત્યે વર્તતાં કદી પણ જોઈ ન્હોતી. એટલામાં હેણે પોતાના પતિનો સ્વર સાંભળ્યો. એ બોલ્યો " આમ જો, ઊઠય, અને કહે તે કર્ય. " અને ત્હેની સાથે જ હેના વાંસા ઉપર ઘણા

બળથી ધક્કો માર્યો, અને બિચારી કમલિની ગગડી પડી. હવે હેનાં સ્વાભિમાન અને ટેક જાગૃત થયાં, અને ગગડી પડયાનું કષ્ટ રોકી રાખીને સિંહણ જેવા જોસમાં ઊભી થઈ અને પતિને કહ્યું, "ત્હમે! ત્હમે હાવા કારણ માટે મ્હને મારો છો! હાના બદલામાં પ્રભુ ત્હમને આઘાત કરે નહિં તે સંભાળજો." આ સાંભળીને ગણેશ ભયમૂઢ થયો. આ પ્રમાણે સ્ત્રીઓએ બોલવું અસાધારણ હતું. કમલિની ત્ય્હાં જ સીધી દઢતાથી ઊભી રહી, અને ગણેશની સ્ત્રી તરીકેનો તથા ગૃહિણી તરીકેનો અધિકાર અમલમાં આણીને પોતાના વિજયથી હિમ્મત મેળવીને સઈને કહ્યું:—

"મ્હારૂં ઘર એકદમ છોડીને જા! નહિં તો હું બળથી ત્હને કાઢીશ!" એમ કહીને હેણે અસાધારણ બળ કરીને સઈને ધક્કેલીને ઘરની બ્હાર કાઢી. સઈ જતે જતે ગણેશને વિનંતિ કરવા લાગી, પરંતુ ગણેશ તો જ્ય્હાં ઊભો હતો ત્ય્હાં જ સજ્જડ થઈ ગયો. કમલિનીએ સઈને કાઢીને બાયણું બંધ કર્યું અને પોતાના પતિને જ્ય્હાં પ્રથમ ઊભો હતો ત્ય્હાં જ ઊભેલો જોયો. આ પછી કમલિની તદ્દન નિર્જીવ જેવી થઈ ગઈ. તત્કાળનો આવેશ ચાલ્યો ગયો અને એ ભોંય ઉપર બેશી ગઈ, તથા ડુસકે ડુસકાં ભરીને રોવા મંડી. આખરે હેના પતિએ કહ્યું, "આ ત્હેં શું કર્યું! જગતમાં મ્હારી ફજેતી થશે, હવે હું શું કરીશ? હું મ્હારૂં મ્હોં શી રીતે બ્હાર દેખાડીશ? ગામમાં મ્હારી આટલી ફજેતી કરાવી છે તેટલાથી સંતુષ્ટ નથી કે ત્હેમાં વળી આ કર્યું?"

કમલિનીએ કહ્યું, "મ્હેં શું કર્યું છે? કશું કર્યું નથી. નૃત્ય કરનાર અધમ સ્ત્રીને મ્હારી પદવી લેવાનો શો અધિકાર છે? અને

વળી હુકમ કરવાની ધૃષ્ટતા ! હેવી નીચ આને મ્હેં ઘરની બ્હાર કાઢી છે ત્હેમાં કશું ખોટું કર્યું નથી. ત્હમે જે'ને એકવાર ચ્હાતા હતા તે હું ત્હમારી પત્ની છું." વળી હેનું હૃદય દુઃખથી ભરાઈ આવ્યાથી બોલી "ત્હમે હાવું સર્વ શું કામ કરો છો ? આપણી પ્રિય બાળકીને ખાતર શું આપણે સુખ અને શાન્તિથી ના રહી સકિયે ?" એમ કહી કમલિની ગણેશને ચરણે પડીને રોવા લાગી.

ગણેશે તિરસ્કારથી કમલિની ભણી જોઈને કહ્યું, "હા ! શા માટે નહિં ? અધમ કૃત્ય કરીને વળી પાછી મ્હારી જોડે આમ બોલે છે ? તું સઈ કરતાં પણ અધમ છે, ત્હેં મ્હારી ફજેતી કચ્હા-રનીએ કરી છે, ત્હેને માટે ત્હારે સહન કરવું પડશે."

"ત્હમારી ફજેતી કરી છે ? મ્હેં શું કર્યું છે ?"

"અજ્ઞાનતાનો ડોળ શા સારૂં કરે છે ! હું ત્હારૂં મન સંપૂર્ણ રીત્યે જાણું છું, અને મ્હેં મ્હારી આંખ્યોએ પેલા પુરુષને આટલામાં ભટકતો જોયો છે."

"કિયો પુરુષ ? ત્હમે કહોની વાત કરો છો ? ઓ પ્રભુ ! આ શું !" "તું ભલે ને આશ્ચર્ય પામ્યાનો ડોળ કરે પણ તું મ્હને છેતરી સકીશ નહિં. આપણા બાપ દાદા કહેતા હતા કે 'કદી સ્ત્રીનો વિશ્વાસ કરવો નહિં', તે ખરૂં જ છે. મ્હારી આંખ્યમાં ધૂળ નાંખવાને મ્હારા ઉપર બહુ પ્રેમ હોય ત્હેવો તું ડોળ કરે છે, અને ત્હારા ઉપર મ્હારો વિશ્વાસ રખાવીને મ્હારી ગેરહાજરીમાં ગમે તેમ કરે છે, હું ત્હારો વિશ્વાસ હવે ભૂલ્યે ચૂકે પણ નહિં કરૂં." હેણે દાંત પીસીને અને પગ પછાડીને ઉમેર્યું કે "હેનું પરિણામ ત્હારે ભોગવવું પડશે.

મ્હને શું કરવા પગે લાગે છે? અજ્ઞાનતાનો ડોળ કરતાં બહુ સારી રીતે આવડે છે. થોડીવાર ઉપર તો મ્હને તદ્દન ભડકાવ્યો, મ્હેં ધાર્યું કે તું ખરેખર અજ્ઞાન છે, અને ત્હારા પ્રત્યે મ્હારી પૂર્વની લાગણી થઈ આવી હતી, પણ હવે તે જતી રહી છે. ત્હારૂં ખરૂં પોત મ્હેં પારખ્યું છે. હું સોગન ખાઈને કહીશ કે એ બાલકી મ્હારી નથી, અને ત્હને ઘરની બ્હાર કાઢી મૂકીશ."

"શું એટલું બધું? ત્હમે શું ખરેખર કહેશો કે એ બાલકી ત્હમારી નથી? હાય! હાય! હાના કરતાં મરણ સારૂં! ત્હમે જે પુરૂષ વિશે શંકા લાવો છો ત્હેનું મ્હારે નામ પણ નથી જાણવું. ત્હમે મ્હારે વિશે હાવા વિચાર આણ્યા! ત્હમને હાવી વાત કોણે કહી? જો ત્હમારા મનમાં મ્હારે વિશે ખરેખર હાવો જ વિચાર છે તો હું ત્હમને દુઃખ દેવાને વધારે સમય જીવીશ નહિં. મ્હારા ઉપર હાવો આરોપ મૂકતા પ્હેલાં લગારે વિચાર કર્યો હતો?"

ગણેશે તુચ્છકારથી ઉત્તર દીધો "હેમાં વિચાર શેનો કરવાનો હતો? સત્ય શું છે તે હું જાણું છું."

"ઓ પ્રભુ! આ શું? અરેરે! ત્હમે આમ શું કરવા બોલો છો?"

ગણેશના તુચ્છકારથી અને આરોપથી કમલિનીને કંપારી છૂટી. હેના હૃદયના ચૂરેચૂરા થઈ જતા હોય એમ હેને લાગ્યું. આ અનુભવથી જાણે એકાએક દશવર્ષ ઉમ્મર વધી ગઈ હોય એમ કમલિનીને લાગ્યું; અને ઊભી થઈ અને શાન્ત સ્વરે ધીમેથી બોલી "હું આત્મઘાત કરી સકતી નથી, તેમ કર્યાથી ત્હમારે માથે વિપત્તિ

આવશે. પ્રભુ એક દિવસ સત્ય પ્રગટ કરશે, પણ હવે હું અહિં રહી સકીશ નહિં, જો કોઈ મ્હારી ખબર કાઢવાને આવે તો કહેજો કે મ્હારા માંદા પિતાજીને જોવા ગઈ છું. આમ કહ્યાથી નિંદા કરનારાઓની જીભ બંધ થશે, ત્હમારે માથે દોષ નહિં આવે, અને ત્હમારી ફજેતી નહિં થાય." કમલિની ઉપર ગણેશને દયા આવી તેથી કહ્યું "સાથે થોડા પૈશા રાખ્ય."

"ના મ્હારે પૈશાનો ખપ નથી. ત્હમે મ્હને ફરી કદી જોઈ સકશો નહિં.

આટલું કહીને એ પોતાની બાળકીને લઈને ઘરની બ્હાર ચાલી. જ્યારે એ માર્ગ ઉપર ગઈ ત્હારે કંપવા લાગી, હેણે પોતાની બાળકીને છાતી સરસી રાખીને અંધારી રાત્યમાં એકાન્ત માર્ગ ઉપર ઉતાવળથી ચાલવા માંડ્યું. ઘર છોડતા પ્હેલાં હેણે પોતાની સર્વ લાગણીઓ દાબી રાખીને નોકરાણીને બોલાવીને પોતાની સાથે આવવાનું કહ્યું. આ સર્વ ગણેશ જોઈ રહ્યો હતો.

થોડે છેટે જઈને કમલિની એક વૃક્ષ નીચે ઊભી રહી. ચારે બાજૂએ પવન સુસવાટા કરતો હતો અને અંધકારમય વૃક્ષોની ટોચો અશુભ સૂચક ઝોલાં ખાતી હતી. હેની સ્હામે એકાન્ત, વિશાળ મેદાન હતું. એ મનમાં બોલી, "હું કયાં જાઉં? મ્હારા બાલ્યકાલના અંજિનીગઢને ઘેર તો નહિં જ જાઉં. કદી નહિં! કદી નહિં! સ્ત્રીએ પોતાના પતિને ઘેર જ મરવું જોઈએ." હેને એક બીજો વિચાર આવ્યાથી હેણે ઘણી ઝડપથી ચાલવા માંડ્યું. બિચારી નોકરાણી પછવાડે પછવાડે સમઝાવતી સમઝાવતી આવવા મંડી. કમ-

લિનીએ કહ્યું:—"હું ક્યાં જાઉં છું તે કોઇને પણ કહીશ નહિં."
કમલિનીએ કોઇ ન ધારે હેવે સ્થળે જ જવાનો વિચાર કર્યો હતો; હેણે શિવગંગામાં પોતાના સસરાને ઘેર જવાનું ધાર્યું હતું. "એ લોકોએ જ હેમના મનમાં હાવી વાત ભરવી હશે; માટે મ્હારે હવે હેમને ઘેર જ જવું અને હેમની જોડે જ જીવન પૂરૂં કરવું." આમ હેણે ધાર્યું.

માર્ગની બંને બાજૂએ ડાંગ્યરનાં ખેતરો હતાં. જેમ જેમ હેણે માર્ગ ઉપર જવા માંડયું અને રાત મોડી થતી ગઈ તેમ તેમ અંધકાર વધવા માંડયો. અસહ્ય દુઃખના વેગથી હેને ઉતાવળાં ચાલવાનું બળ આવ્યું હતું; નોકરાણી હેને ધીમે ચાલવાને કાલાવાલા કરતી હતી, પરંતુ વ્યર્થ. કમલિની પોતાની બાલકીને છાતી સરસી ઝાલી રાખીને, નોકરાણીનો શબ્દ પણ સાંભળવાને થોભ્યા વગર વેગથી ચાલ્યે જતી હતી. હેના માથામાં અને હૃદયમાં ઘણા બળથી ધમકારા થતા હતા. આખરે એ થાકીને થોડીવાર વિસામો લેવાને બેઠી, અને મનમાં બોલી, "મ્હારે મ્હારા સર્વ યત્નનું આ પરિણામ આવ્યું.!" "આ બાલકી મ્હારી નથી." એ શબ્દો હેને ઘડી ઘડી સંભળાતા હોય એમ લાગ્યું. એ બોલી, "અરેરે! હું શું કરૂં? મ્હારી જાતને ક્યાં સંતાડું? મ્હારો નાશ શી રીતે કરૂં? ઓરે! મરણ આવે તો કેટલું સારૂં! પણ યમને મ્હારી પાસે આવવું કેટલું કઠણ લાગે છે! ઓ! યમરાજ! હું વિનંતિ કરૂં છું કે મ્હને લઈ જાઓ." આમ કમલિની વિચારતી હતી, પરંતુ મરણ ન આવે ત્હેનું શું કરવું? ભયંકર ભવિષ્ય હેના સ્હામું ઊભું હોય તેમ હેને લાગ્યું. મરણ તે એક જ આશ્વાસન રહ્યું હતું. અતિશય દુઃખથી

હેણે ઊંચે આકાશ ભણી જોયું, અને હેને વિચિત્ર લાગણી થઈ. એકાએક નવીન અવર્ણનીય અનુભવ થવા લાગ્યો. ચકચકિત તારાઓથી આકાશ છવાઈ રહ્યું હતું, અને હેની અપૂર્વ શાન્તિ, અને સુન્દરતા જોઈને કમલિનીને રોમે રોમ હર્ષ વ્યાપી રહ્યો. હેણે વિચાર્યું કે "હું જીવું કે મરૂં, તે આ વિશાળ બ્રહ્માન્ડમાં શા લેખામાં ?" તે જ સમયે હેની ન્હાની બાલકી ઊંઘમાંથી જાગી, અને માને આકાશ ભણી જોતી જોઈને પોતાના ન્હાના હાથ આકાશ ભણી ઊંચા કર્યા, અને હર્ષથી "હું હું" કરવા લાગી. જેમ કોઇવાર આપણને નજીવી વસ્તુથી આશ્ચર્ય લાગે છે, તેમ કમલિનીને પોતાની બાલકીનો આ અભિનય જોઈને આશ્ચર્ય લાગ્યું. જાણે બાલકી પોતાના મનના વિચાર સમઝીને જ આકાશ ભણી હાથ કરતી હોય તેમ લાગ્યું. "શું આ બાલકી પ્રભુને વીનવે છે ? આ ન્હાનો અજ્ઞાન પ્રાણ કો'ણે ઉત્પન્ન કર્યો ? અને હું મરણ પામીશ તો હેની સંભાળ કોણ લેશે ? પણ સર્વ વસ્તુઓની તથા પ્રાણીની સંભાળ લેનાર, પ્રેમ અને જ્ઞાનનો ભંડાર મહાન્ પિતા પ્રભુ છે." આમ વિચાર આવ્યાથી કમલિનીને ઘણી શાન્તિ વળી, અને ભૂતકાળનો વિચાર કરવો છોડી દઈને માથું નીચું નમાવી પોતાની બાલકીને પ્રેમભર ચુમ્બન કર્યું. હાવા શાન્તિને સમયે હેના હૃદયમાં શાન્તિ પ્રસરી, અને હેના આત્માને કાંઇ સંદેશો આવ્યો હોય તેમ હેના હૃદયના ઊંડાણમાં કોઇ ધીમેથી બોલતું લાગ્યું:—"ત્હારે મરવાની ઇચ્છા ન કરવી જોઈએ. ત્હારે જીવતાં રહીને, સત્ય અને નિર્દોષ સ્ત્રીનું જીવન કે'વું હોય છે, ત્હેનું ઉદાહરણ કરી દેખાડવું જોઈએ. પ્રેમથી જીત મેળવ્ય, સર્વનાં હૃદય ઉપર પ્રેમથી જીત મેળવ્ય; જેટલું નમાય

તેટલું નમ્ય, નમવામાં અધમતા નથી. જાગૃત થા, અને કર્તવ્ય કર્ય, કેમકે ત્હારૂં કર્તવ્ય આ જીવનમાં જ છે." કમલિની હર્ષિત થઈને ઊઠી, હેનામાં નવીન જીવનની જાગૃતિ આવી, અને સ્વાર્થીય દુઃખનો નાશ થયો. હવે કમલિનીએ અન્ય માટે અને જે હેનો તિરસ્કાર કરે ત્હેને માટે પણ પોતાનું જીવન ઉપયોગી કરવાનો વિચાર કર્યો. ત્હેણે કહ્યું "સ્નેહ અને નિર્દોષતા શું ન કરી સકે તે હું સર્વ ઉપર માયા રાખીને દેખાડીશ. જો મ્હને કોઇ કચરી નાંખશે તોએ તે ધૈર્યથી સહન કરીશ, અને એક દિવસ મ્હારા પતિને મ્હારી નિર્દોષતાની ખાતરી થશે." કમલિનીની મુખમુદ્રા ઉપર નમ્રતા અને માયાનો પ્રકાશ છવાયો, અને હેણે ધારેલા આત્મભોગના વિચારથી સુખી થઈ. એક અજ્ઞાન સ્ત્રીને હાવો અનુભવ થયો જાણીને વાંચનારને વિચિત્ર લાગશે, પરંતુ કેટલીકવાર જંગલી મનુષ્યના હૃદય ઉપર પણ પ્રકૃતિની ભવ્ય રચનાથી અસર થાય છે. કમલિની અન્ય હિંદુ સ્ત્રીઓ કરતાં જુદા સ્વભાવની હતી; કમલિનીમાં હેના વિદ્વાન્ મહાત્મા પિતાનો અને વિદ્યાસંપન્ન માતાનો અંશ હતો, તેથી પોતે પોતાની મેળે જ મનન કરતાં અને ભાવાનુભવ કરતાં શીખી હતી.

પ્રકરણ ૧૮ મું.

सर्वेगुणाः काञ्चनमाश्रयन्ते.

કેટલીક આસપાસની સ્થિતિથી ગણેશની વર્તણુકમાં ફેરફાર થઈને કમલિની પ્રત્યે હાવી રીત્યે વર્તીને હેણે દુઃખ દીધું હતું. ઘણા સમય સુધી હેણે લઢાઈ ટંટો ના થાય હેવે માર્ગે ચાલીને કમલિનીને દુઃખ ન દેવાનો યત્ન કર્યો હતો; પરંતુ દિવસે દિવસે એ વધારે ને વધારે સઈના પંઝામાં સપડાતો જતો હતો. વારંવાર જાણે અકસ્માત્ મળતાં હોય તેમ મંદિર પછવાડેની ઘટામાં ગણેશ અને સઈ મળતાં હતાં. માત્ર કમલિની ઉપર વેર લેવાના હેતુથી જ સઈએ ગણેશ સાથે મિત્રાચારી વધારી હતી. રામચન્દ્રની પોતાના પ્રત્યેની કઠોરતાથી એ ક્રોધાયમાન થઈ હતી, અને હેણે વિચાર્યું હતું કે. "જે સ્ત્રી વિશે રામચન્દ્રનો આટલો બધો ઊંચો અભિપ્રાય છે તે સ્ત્રીને કોઇ પણ પ્રકારે હું દુઃખી કરીશ. હેને દુઃખી જોઈને રામચન્દ્ર પણ દુઃખી થશે, કારણ હેને કમલિનીને હેના પતિને ઘેર સુખી થયેલી જોવાની ઘણી ઇચ્છા છે. રામચન્દ્ર કમલિનીને સુખી જોઈને પોતાને સુખી માને છે, આ કે'વો અપૂર્વ દિવ્ય પ્રેમ!" આ વિચારથી સઈને પોતાના ઉપર ચીઢ ચઢી અને કમલિનીની ઈર્ષ્યા આવી. સર્વ મનુષ્યને પોતાના દાસ બનાવવા એ સઈને બહુ પ્રિય

હતું, અને રામચન્દ્ર જો કે હેની પ્રત્યે સભ્યતાથી વર્તતો હતો છતાં સઈને લાગતું હતું કે રામચન્દ્ર મ્હારો તિરસ્કાર કરે છે. રામચન્દ્રના પર્વતના રેહેઠાણુમાં સઈએ ઘણીવાર હેને મળવાના પ્રસંગ સાધ્યા હતા, દરેક પ્રસંગે રામચન્દ્ર સભ્યતાથી દૃઢતા રાખીને પોતાના ટેકમાં રહેતો હતો. પ્હેલાં તો સઈને ગણેશની કાંઈ દરકાર ન્હોતી અને હેને છેક ન્હાનો અને દમ વગરનો પુરૂષ ગણતી હતી; પરંતુ ગણેશને કમલિનીનો સહવાસ છોડાવવાને અને હેને કાઢી મૂકાવવાના હેતુથી જ ગણેશને ધીમે ધીમે પોતાના પંઝામાં લઈને હેની પાસે દાસત્વ કરાવવા માંડયું હતું. વળી એ જાણતી હતી કે કમલિનીને મ્હારે વિશે લગારે માન અથવા ઊંચો અભિપ્રાય નથી, તે પણ કારણ કમલિનીને ધિક્કારવાનું હતું. સઈમાં ગણેશને આકર્ષવાનું સૂક્ષ્મ બળ હતું. એ છૂટથી બોલતી, હસતી, અને સ્વતન્ત્રતા દર્શાવતી હતી, તેથી ગણેશ વધારે મોહિત થયો હતો. જેમ એ સઈના સહવાસમાં વધારે રહેતો ગયો તેમ સઈ હેને પ્રસન્ન કરવાના અનેક યત્ન કરવા લાગી. આખરે સઈ દરરોજ સન્ધ્યાકાળે ગણેશના આવવાની વાટય જોતી હતી, અને જો એ કોઈ દિવસ ન્હોતો આવતો તો સઈ અસ્વસ્થ રહેતી હતી. સઈ ઘણી ચાલાક હતી, છતાં ગણેશના સ્વભાવનું અન્યસ્વરૂપ એ ન્હોતી સમજી સકી; ગણેશ સર્વને રાજી રાખીને અપ્રસન્ન થવાનો પ્રસંગ ટાળે છે! એ હેનાથી કળી સકાયું ન્હોતું; અને જ્યહારે ગણેશ સઈ પાસે હમેશ કરતાં વધારે લાંબો વખત રહેતો ત્યહારે સઈની આંખ્યોમાં અને મુખમુદ્રા ઉપર આનન્દનો કોમળ છાયા આવતી હતી; જે આંખ્યો હમેશાં તીક્ષ્ણ અને ઝળકતી હતી, તે આ વખતે કોમળ અને મધુર થતી; અને હેના લજ્જાયુક્ત સ્મિત, અડધા ઉઘાડા હોઠ

ઉપર રમતું; આ વખતે એ ઘણી મોહક દેખાતી હતી. હેના આનન્દી અને બોલકણા સ્વભાવની અસર ગણેશને પણ થઈ હતી. અને ધીમે ધીમે બુદ્ધિ અને વિનોદની વાતો કરવામાં સઈ કરતાં પણ ચઢિયાતો થયો. આથી સઈ આશ્ચર્ય પામી. જે સઈએ શરૂઆતમાં માત્ર કમલિની ઉપર વેર લેવાના હેતુથી જ ગણેશની જોડે હેને રમકડું બનાવવાને મિત્રાચારી કરી હતી તે જ સઈનો હવે ગણેશ પ્રત્યે પ્રેમ સ્હોટવા લાગ્યો, સઈ ગણેશને પોતાની પાસે જેમ બને તેમ વધારે સમય રોકી રાખવા લાગી, દરેક પ્રસંગે જાણે અચાનક મળ્યાં હોય તેમ જગતને જણાવવાને જુદે જુદે સ્થળે મળવાનું ઠરાવતાં. જે દિવસે રામચન્દ્ર કમલિનીને મળવા આવ્યો હતો તે દિવસે મંદિર પછવાડેની ઘટામાં તેઓ આ રીતે મળ્યાં હતાં. સઈએ ગણેશને આવતો જોઈને કહ્યું "આજે ત્હમે કેટલા બધા મોડા આવ્યા!"

"મોડો હું?"

"હા, ત્હમે જાણતા નથી? જુઓ, કે'વો સુન્દર દેખાવ જોવાનું ત્હમે ખોયું! પેલી બે ટેકરીઓ વચ્ચે થઈને સાંઝનાં સૂર્યનાં કિરણથી મંદિરનો કળસ સુવર્ણ જેવો થઈ રહ્યો હતો, પેલું સ્હામેનું સરોવર,—વિશાળ, પવિત્ર સરોવર, જે'નું તળિયું અને ઊંડાઈ કોઇ માપી સકયું નથી, અને એમ કહેવાય છે કે હેની નીચે એક આખું શેહેર ડૂબી ગયેલું છે–તે સરોવર શાન્ત થઈને થોડીક પળ પ્હેલાં એક ભપકાદાર શેહેરનું પ્રતિબિમ્બ પાડતું હતું, દેવાલયના ઘુમ્મટો, ભવ્ય ઈમારતો અને ફરસબન્ધીવાળા વિશાળ રસ્તાઓ એ સ્ફટિક મણિ જેવા નિર્મળ સરોવરમાં મ્હેં સ્પષ્ટ જોયા હતા, તે ક્ય્હાંથી આવ્યાં? એ શેહેર શાન્ત હતું, સર્વ મનુષ્ય, પ્રાણી મૃત્યુ પામ્યાં

હોય તેટલી શાન્તિ પ્રસરી રહી હતી. મ્હને એમ લાગ્યું કે ઋષિઓ કહે છે કે ચમત્કાર થઈને સર્વ ઉથલપાથલ થઈ આખું ડૂબી ગયેલું શેહેર એક દિવસે એકાએક શાન્ત અને ગંભીર સરોવરમાંથી નીકળી આવશે અને સરોવરનું સર્વ પાણી ધરતીમાતા પી જશે, તે સમય આવ્યો છે કે શું? હેવું બનવું શકય છે? ત્હમારી શાળામાંના નવીન શિક્ષણથી એ સમઝાવી સકશો? ત્હમે ન્હોતા આવ્યા ત્હારે એ દેખાવ થોડીક ક્ષણ દેખાયો હતો. ચાલો! આપણે સરોવરને તીરે જઈને બેશીએ."

"હા ચાલો, આપણે બીજું કામ પણ શું છે?—હું કમલિનીનો વિચાર કરતો હતો. એ હેવો દેખાવ જોઈને કેટલી આનન્દિત થાત!" આ શબ્દો ગણેશથી અજાણતાં બોલાઈ ગયા. ઘેરથી આવ્યો તે સમયે કમલિનીની નિરાશા ભરેલી મુખમુદ્રા જોઈને હેને પશ્ચાત્તાપ થતો હતો, તેથી એ કમલિનીના વિચારમાં ને વિચારમાં સઈ આગળ બોલી દીધું, પરંતુ તે વધારે બોલતાં અટક્યો. સઈએ હેના ભણી સ્થિર દૃષ્ટિએ જોયું, અને તિરસ્કારથી ડોકું વાંકું કરીને બોલી, "કમલિનીને હેવા દેખાવની શી કદર! ત્હમે એમ ધારો છો કે સુન્દર દેખાવની કદર કરવાની સર્વને ઉચ્ચ ભાવના હોય છે? હેને ઘરમાં જ રહેવાની ટેવ પડી છે."

"હા, પણ એ બિચારીને આપણે જેવી ટેવ પાડીએ ત્હેવી પડે."

સઈએ બહુ ક્રોધે ભરાઈને ઉત્તર દીધો:—"ત્હમે એમ માનો છો કે હેને ત્હમારી અને ત્હમે જે જે સ્થળો જુવો છો ત્હેની, કે

હાવા સૃષ્ટિના દેખાવોની દરકાર છે? હેના વિચાર હાલ ક્યહાં ભમે છે તે હું જાણું છું."

" હેના વિચાર? હાલ શેમાં હોય?

" ત્હમારે વિશે તો નહિં જ કરતી હોય, ખાતરી છે."

ગણેશે જરા સ્મિત કરીને અને સઈ તરફ પ્રસન્ન વદનથી જોઈને પૂછ્યું: "—ત્હારે કો'ને વિશે કરતી હશે?"

" હેનો એક કોઇનો પુત્ર છે તે ત્હમે નથી જાણતા? કમલિનીએ પગ મૂકેલી જમીનને પણ એ પૂજે છે. હેની સરખામણીમાં ત્હમે શી વિસાતમાં? એ ઘણો ચતુર અને વિદ્વાન છે, અને ત્હમને પણ વેચાતા લઈ લે એટલો ધનવાન છે."

" હું હેવા કોઇ પુરૂષને ઓળખતો નથી. કમલિનીનો પિતા સંન્યાસી અને ધનહીન છે, કમલિની કોઇ પુરૂષને ઓળખતી નથી."

" ત્હમારા હૃદયમાં તો એ જ વશી રહી છે, તેથી ત્હમે હેનો દોષ જોતા નથી." સઈ આંખ્યની ઝળક મારીને બોલી.

" કેમ? ત્હમે હેને વિશે શું જાણો છો? ત્હમને ક્રોધિત થયેલાં જોવાં મ્હને બહુ ગમે છે, કારણ ત્હેવે સમયે ત્હમે સુન્દર દેખાઓ છો, પણ ત્હમે આટલાં બધાં મ્હારી સ્ત્રીની વિરુદ્ધ શા માટે છો?" ગણેશના મનમાં જરાક તોફાન જગાવવાનું હતું, અને સઈના મનમાં ઈર્ષ્યા જાગૃત કરવાનો હેતુ હેનો હતો.

" હું હેની વિરુદ્ધ નથી પણ ત્હમારા ઉપર કો'નો ખરો પ્રેમ છે અને કોણ ત્હમને છેતરે છે તે મ્હારે ત્હમને દેખાડવું છે. બેશક, કમલિની દેખીતી નિર્દોષ અને નિષ્કપટી છે."

"હેને વિશે ત્હમારે આમ ના બોલવું જોઈએ, સર્વની હદ હોય છે, સ્ત્રી વિશે હેના પતિને જ આમ કહેવું એ સ્વાભાવિક રીતે હેના પતિને અરુચિકર લાગે."

સાઈ એ કહ્યું:—"બિચારી કમલિની નિર્દોષ છે તેથી જ ત્હમે હેને ઘણે ભાગે એકલી મૂકીને બ્હાર ફરો છો."

ગણેશે કહ્યું:—"હેને એકલી મૂકીને હું ખાસ ત્હારે માટે જ બ્હાર આવું છું."

સાઈ એ પૂછ્યું, "હેવું શા માટે કરો છો ?"

"કોણ જાણે" એટલું કહીને ગણેશે ધીમેથી સાઈનો હસ્ત પોતાના હસ્તમાં લીધો.

"અને ત્હમે, ત્હમે એમ માનો છો કે મ્હારા જેવી સ્ત્રી ત્હમારી પત્ની વિશે કશું બોલવાને યોગ્ય નથી."

ગણેશે કહ્યું, "મ્હારું કહેવું હેવું નથી; જરામાં ક્રોધિત ના થશો."

સાઈ એ કહ્યું, "હું ત્હમને મળવાને ખાસ વખત કાઢું છું, અને ત્હમને આનન્દમાં રાખવાનો યત્ન કરૂં છું. ત્હમારી સ્ત્રી ત્હમારે માટે શું કરે છે ? ત્હમારે વિશે ત્હમારી સ્ત્રી બે ઘડી પણ વિચાર નહિં કરતી હોય. હું કહું છું કે હમણાં પણ તે પોતાના પ્રિય પુરુષ સાથે વાતો કરતી હશે, અહિં આવતા પ્હેલાં એ પુરુષ ગામમાં આવ્યો છે એમ મ્હેં સાંભળ્યું હતું, અને હેને ત્હમારૂં ઘર પૂછતો મ્હેં નજરે જોયો છે."

ગણેશે ગંભીરતાથી કહ્યું:—"હાવું બોલવાની શી ત્હારી ધૃષ્ટતા! કમલિની કોઇ પણ પુરુષને ઓળખતી નથી, અને મ્હારી

ગેરહાજરીમાં કોઈ પણ પુરુષ સાથે બોલતી નથી; મ્હને એવી વાત કહીને ક્રોધિત કરશો નહિં."

સાઈએ કહ્યું, "ચાલો ત્હારે આપણે જોઈએ."

"શું જોવું છે! આવા પ્રકારની મ્હારી મશ્કરી કરો છો?"

સાઈએ દૃઢતાથી કહ્યું, "હું ખાતરીથી કહું છું કે કમલિની એ પુરૂષને ઓળખે છે, એટલું જ નહિં પરંતુ એથી વધારે પણ હું હેને વિષે જાણું છું."

આ સાંભળીને ગણેશ ઉશ્કેરાઈને કહ્યું "તમે કશુંએ જાણતાં નથી અને ત્હમારી મગદૂર નથી કે કાંઈ કહી શકો; ચાલો જઈને જોઈએ."

"ઉતાવળા ન થાઓ ઉતાવળા ન થાઓ. સારંગપાણિની વાડી ખાલી છે ત્હાં આપણે જઈએ, હેના ઘરની બારીમાંથી ત્હમારૂં ઘર તથા આંગણું સર્વ દેખાય છે, ત્હાંથી કમલિની શું કરે છે તે સર્વ દેખાશે.

સાઈ અને ગણેશે એ વાડી તરફ જવા માંડ્યું. સાઈએ પુષ્કળ આનન્દથી હસતે હસતે રસ્તાના વાંક પાસે ઝૂલ અને નમદો નાંખેલો ઊભો રાખેલો ઘોડો દેખાડ્યો, પરંતુ ગણેશને કાંઈ શંકા આવી નહિં, અને પોતાને દુઃખ દેવાને સાઈ જૂઠું કહે છે એમ ધારીને અતિશય ક્રોધિત થયો, પરંતુ થોડીવારમાં હેણે સારંગપાણિની વાડીમાંથી વિચિત્ર દેખાવ જોયો. સાઈ હેના કાનમાં કાંઈ કહીને હસવા લાગી, અને દાંત પીસીને હેના કાનમાં બોલી:–"મૂર્ખ!" ગણેશ બારીના સળિયા મજબૂત ઝાલીને દાંત પીશીને ધારી ધારીને જોવા મંડ્યો.

અડધા ઉઘાડા દ્વારમાં ભય અને શંકાથી કમલિની ઊભી રહેલી હતી, અને સ્હામેના લીમડાના વૃક્ષ નીચે માર્ગથી અડધો સંતાયલો કોઇક પુરુષ હતો. ગણેશે વિચાર્યું કે, "ભિખારી કમલિનીને આ અજાણ્યા પુરુષનું ક્યહાંથી ઓળખાણ થયું ?" એ પ્રશ્ન પૂછતો હોય તેમ સઈ ભણી ફરીને જોયું. સઈ હેના વિચાર સમજી ગઈ, પરં બીજી તરફ મ્હોં ફેરવી દીધું. ગણેશને દુઃખ થતું જોઇને સઈને પણ દુઃખ થયું અને સર્વ સત્ય વાત કહી દેવાનો એક ક્ષણ સઈને વિચાર આવ્યો; પરંતુ એટલામાં ગણેશે કઠોર સ્વરથી કહ્યું, "હવે ત્હને સંતોષ થયો ?" એટલે સઈના સ્વભાવમાંનો આસુરી અંશ જાગૃત થયો અને એ ક્રોધાયમાન થઈને બોલી, "સંતોષ? મ્હને શેનો સંતોષ થવાનો હતો ? ત્હમે મૂર્ખ છો કે હેને માટે આટલી બધી લાગણી ત્હમને થાય છે; હેની આ કળા તો ઘણી જૂની છે; એ પુરુષને મ્હો એ જ મ્હેં કબૂલ કરાવ્યું છે કે એ કમલિનીને દૂધસ્થળમાં પણ ગયો હતો, ને તે ત્હમારા જાણ્યા શિવાય જ, એમ મ્હારી ખાતરી છે; કેમકે એ પુરુષ વિશે ત્હમે કશુંએ જાણતા હો એમ મ્હને લાગતું નથી. મ્હેં ત્હમને ન્હોતું કહ્યું કે સંન્યાસીની પુત્રીથી સાવચેત રેહેજ્જો ? એ પુરુષ અરુણોદય ઋષિનો શિષ્ય છે; અને નારાયણ સંન્યાસીનો ભાણેજ અને પરિચારક છે, અને એ જ પુરુષ સંન્યાસી નારાયણ માંદો થયો હતો ત્યહારે અંજિનીગઢથી કમલિનીને તેડવા આવ્યો હતો. હવે ત્હમે સમજ્યા ? કમલિની માંદી પડી હતી ત્યહારે હેની દવા કરનાર પેલો કુશળ વૈદ્ય તે એ જ, ઓળખ્યો ? હેના આવ્યા પછી કમલિની કેવી ચમત્કારી રીત્યે સાજી થઇ ગઈ હતી. !"

આ સર્વ સાંભળીને ગણેશ દુઃખી સ્વરે બોલ્યો, "બસ કરો! બસ કરો! અરે! પરંતુ એ સર્વ સત્ય છે, ચાલો."

થોડીવાર બંને જણાં મૌનબદ્ધ રહ્યાં, પછી ગણેશે કહ્યું, "આવો, હું હેનો બદલો લઈશ, ત્હમે મ્હારી સાથે જ રહેજો, અને સર્વ સત્યવાત હું કમલિનીને મ્હોએ જ કબૂલ કરાવીશ, અને નરકની પીડાઓનો હેને અનુભવ થશે; ચાલો આપણે ઘેર જઈએ."

સાંઈએ મનમાં હર્ષિત થઈને કહ્યું, "આટલા વ્હેલા નહિં, ત્હમે થોડુંક જમો પછી જઈશું. કશો ગભરાટ કરશો નહિં. ત્હમે અજાણ્યા હો તેમ જ વર્તજો, એટલે સર્વ સત્ય વાત હું કહાવીશ. ત્હમે શાન્ત રીતે પછીથી હેને કાઢી મૂકજો. આજે હું ત્હમારે ત્હાં બે ત્રણ કલાક રહીશ."

ત્હાર પછી શો બનાવ બન્યો હેનું વર્ણન ગયા પ્રકરણમાં કર્યું છે, એટલે હવે વાંચનાર ગણેશની ક્રૂર વર્તણુકનું કારણ સમજી સકશે.

પ્હરોડ થતા પ્હેલાં અંધકારને સમયે કમલિની પોતાના સસરાને ઘેર પ્હોંચી. નવીન બળ આવ્યાથી એ લાંબા એકાન્ત નિર્જન માર્ગ ઉપર થઈને, રાત્રિના ભયંકર અંધકારથી કે માર્ગ ઉપર થયેલી લૂંટ અને ખૂનની સાંભળેલી વાતોથી લગારે ભય પામ્યા વગર કમલિની ચાલી આવી હતી. હેની નોકરાણીએ ભયભીત થઈને રાત્રિનો સમય ધર્મશાળામાં ગાળવાના ઘણા કાલાવાલા કર્યા હતા, પરંતુ કમલિનીએ ચાલ્યા જવાનો નિશ્ચય કર્યો હતો. બંને સ્ત્રીઓ ભયંકર અંધકારમાં ભૂતની પેઠે કોઈનું પણ લક્ષ ખેંચ્યા વગર ચાલ્યે ગઈ. એક વખતે ત્હેમણે પાછળ કોકનાં પગલાં સાંભળ્યાં, પણ એ

પોતે જ બીજાને ભયનું કારણ થયાં હતાં. કારણ નિર્જન જગ્યાએ સ્ત્રીઓને જોય.થી ત્હેમને ભૂત ધાર્યા હતાં. હિન્દુઓમાં હેવી માન્યતા છે કે સ્ત્રી ભૂતના પંઝામાંથી છૂટવું ઘણું કઠણ છે, તેથી તેઓ ભયનું કારણ થઈ પડયાં હતાં.

કમલિની હેના સસરાને ઘેર પ્હોચી ત્હારે એક ક્ષણ હેના હૃદયમાં ભય અને શંકા ઉત્પન્ન થયાં; હેણે વિચાર્યું કે, "પ્હેલાં એ કેંવાં કઠોર અને નિર્દયતાથી મ્હારી સાથે વર્તતાં હતાં? અને હવે કોણ જાણે કેંવી રીત્યે વર્તશે? ના, મ્હારે ભય ન રાખવો જોઈએ. મ્હારૂં જીવનકાર્ય અહિંયાં જ રહેલું છે" એમ હેણે નિશ્ચય કર્યો. હેનો શ્વાસ ઝડપથી ચાલતો હતો, હેણે દઢતાથી બાયણું ઠોકયું; પ્હરોડ થતા પ્હેલાં આટલા બધા અંધકારમાં બાયણું ઠોકાય તે વિચિત્ર હતું, તેથી ગણેશનો પિતા પોતે જ હાથમાં દીવેલનો દીવો લઈને આવ્યો. કમલિની હેને જોઈને પગે લાગી અને રોતી રોતી બોલી "મ્હને ત્હમારા ઘરમાં રાખો, હું ઘણે દૂરથી ચાલીને આવી છું."

"કેમ ! શું છે !" વૃદ્ધ શાસ્ત્રીએ આશ્ચર્યમૂઢ થઈને ભય-ડતે અવાજે પૂછ્યું. પરંતુ કમલિનીની પાછળ હેની બાળકીને તેડીને નોકરાણીને ઊભેલી જોઈને હેણે સ્વર બદલ્યો અને ઘરમાં જવાનું હેને કહ્યું; પછી આજ્ઞા કરતો હોય હેવે સ્વરે હેણે કમલિનીને ઊઠ-વાનું કહ્યું અને અંદર આવીને બધી વાતનો ખુલાસો કરવાનું કહ્યું. કમલિની બોલી, "ત્હમે મ્હારી એક વાત કબૂલ કરો તો હું ઘરમાં આવું, હું અહિંઆં આવી છું તે કોઇને કહેશો નહિં. હું ત્હમારૂં દાસત્વ કરીશ, હું ગમે હેવી અયોગ્ય હોઉં તોપણ ત્હમે મ્હારૂં

રક્ષણ કરો. મ્હારે ગુપ્ત રહેવું છે, માત્ર આટલી જ મ્હારી ભિક્ષા છે. શું કહેવું તે મ્હને સમઝણ પડતી નથી. પતિએ મ્હારો ત્યાગ કર્યો છે, ના, હું પતિનું ઘર છોડીને આવી છું, એ મ્હારા ઉપર શંકા લાવે છે, હાય! હાય! હું શું કહું! હેમણે કહેલા શબ્દો ત્હમારી સમક્ષ શી રીત્યે કહું? હું માત્ર મરણને યોગ્ય છું."

"આ સર્વ શું છે! આટલું બધું દુઃખ શેને માટે?" કમલિનીએ રોતે રોતે કહ્યું. "અરેરે! હેમણે મ્હને શું કહ્યું છે તે ત્હમે જાણતા નથી, પણ એ સર્વેનું મૂળ કારણ ત્હમે બધાં જ છો એ ત્હમે નથી જાણતા? હું મ્હારી નિર્દોષતા સાબીત કરવાને આવી છું."

"પણ છે શું?"

"હવે હેમનામાં ફેરફાર થાય એમ નથી રહ્યું. હેમણે મ્હારી તરફ દાંત પીશીને અનેકવાર મ્હને બેવફા કહી છે; ત્હમે સર્વેએ હેમના કાન આટલા બધા શા સારૂં ભંભેર્યા? મ્હને કાઢી મૂકો, મારી નાંખો, પણ હાય! અનીતિનો દોષ મ્હારાથી સહન થતો નથી. હેવો વ્હેમ આણવાનું કોઇને પણ મ્હેં કશુંએ કારણ આપ્યું છે?"

શાસ્ત્રીએ ધીમે રહીને કહ્યું:—"છાની રહે, તું ઘેલાની પેઠે બોલે છે; ઊઠય, તું શુદ્ધિમાં નથી, વખતે ત્હારા પિતાના માઠા સમાચાર સાંભળીને ત્હારી હાવી સ્થિતિ થઈ હશે. ત્હારા પતિના મનમાં હાવો વિચાર કોઇએ આણ્યો નથી. અંદર આવ્ય, ત્હારી સાસૂ ત્હારી સંભાળ લેશે; દીકરી, કશી વાતે દુઃખ ના કરીશ, ત્હારા

પિતા પછી હું શું ત્હારો પિતા નથી ?"

આ શબ્દો સાંભળીને કમલિની ચમકી. એ આટલી અસાધારણ માયા અને વ્હાલથી વર્તતા જોઈને આશ્ચર્ય પામી. અને મનમાં વિચાર્યું કે મ્હારા પિતા કાંઈ મરણ પામ્યા નથી. તે તો ઘણા માંદા છે છતાં શાસ્ત્રી આટલી માયાથી શા માટે બોલે છે ? આહા! સસરાજી તો માયાળુ જ છે પણ પ્હેલાં મ્હેં હેમને વિશે ઉતાવળથી અભિપ્રા બાંધીને અન્યાય કર્યો." કમલિનીએ ધાર્યું હતું કે શાસ્ત્રી કઠોર વચનો કહેશે અને એમ કહેશે કે 'જો ત્હારા પતિને ત્હારા ઉપર વ્હેમ આવ્યો તો ત્હેનું કાંઈ કારણ હશે જ, તેથી હમે ત્હને અહિંયાં નહિં રાખી સકીએ.' પરંતુ શાસ્ત્રીની માયાળુ વર્તણુક જોઈને હેને આશ્ચર્ય લાગ્યું, અને સજ્જડ થઈને ઊભી રહી. હેના સસરાની ખાતરી થઈ કે કમલિનીની શુદ્ધિ ઊડી ગઈ છે. થોડી વાર પછી કમલિની સસરા સ્હામું જોઈને જરા આછું સ્મિત કરીને બોલી, "ત્હારે ત્હમારો મ્હારે વિશે નઠારો અભિપ્રાય નથી ?" શાસ્ત્રીએ કહ્યું, "ના, દીકરી ના, તું કે'વી વિચિત્ર રીત્યે વર્તે છે!"

કમલિનીએ શાન્તિથી કહ્યું, "ત્હમને વિચિત્ર લાગતું હશે, પરંતુ હું ઘેલી થઈ નથી. કાલ્ય રામચન્દ્ર પંત મ્હને મળવા આવ્યા હતા, હેમણે મ્હને પિતાજીના મંદવાડના સમાચાર કહ્યા. કોઈકે ત્હમારા પુત્રને હું અનાચારી છું એમ ભરવ્યું છે, અને તે મ્હારા પતિએ માન્યું તેથી મ્હને એમ લાગે છે કે મ્હારા કરતાં એ વધારે ઘેલા છે. સઈ મ્હારા પતિને ઘેર રોજ સાંઝે આવે છે, હમણાંના એ ઉદાસ અને વિચારમગ્ન રહે છે, અને ઘણા બદલાઈ ગયા છે, તેથી

મ્હને એમ લાગે છે કે એ સર્વ કાર્ય સઈનાં જ છે. સઈ એ મ્હારા પતિને કાંઈક હાનિકારક ઓૈષધિ આપી હોવી જોઈએ. હું અહિંઆં રહીશ; પરંતુ ત્હમે હેમની સંભાળ લેજો, અને હું કહ્હાં છું તે કહેશો નહિં.”

કમલિની આ સર્વ કહેતી હતી તે સમયે હેની સાસૂ ત્હાં ધીમે રહીને આવીને સર્વ સાંભળતી હતી. કમલિનીની વાત પૂરી થયા પછી હેની સાસૂ હેને ઘરમાં લઈ ગઈ અને સાસૂ ઓયડામાં જઈને રુદન કરવા લાગી. કમલિની હેની પાસે જ ઊભી હતી પરંતુ પોતાના ઉપર મહા દુઃખ પડયાનો વિચાર પણ ન્હોતો આવ્યો. હેના આવ્યા પ્હેલાં જ મધ્ય રાત્રિયે રામચન્દ્રને સોધતો આવેલો કોઇ ખેપિયો આવીને કમલિનીના પિતાના મરણના સમાચાર શાસ્ત્રીને કહી ગયો હતો, પરંતુ શાસ્ત્રીએ કમલિનીને બ્હેબાકળી થયેલી જોઈને એ વાત છેડી ન્હોતી. શાસ્ત્રી અને હેમનાં વૃદ્ધ પત્ની કમલિની પ્રત્યે માયા અને પ્રેમથી વર્તવા લાગ્યાં, પરંતુ કમલિની હેમની વર્તણુંકમાં થયેલા ફેરફારનું કારણ સમઝી નહિં. રામચન્દ્રે કમલિની વિશે વાત કરી હતી અને આ લોકોની વર્તણૂકમાં ફેરફારનું કારણ એ હતું તે કમલિની જાણતી ન્હોતી. સાસૂના ધાર્યા પ્રમાણે કમલિની દ્રવ્યહીન સ્ત્રી ન્હોતી પરંતુ ઘણી ધનવાન હતી અને કુટુમ્બ અને કુળમાં શાસ્ત્રીના કુટુમ્બના કરતાં પણ ચઢિયાતી હતી. આ સમાચાર જાણ્યા પછી હેની સાસૂ પ્હેલાં કમલિનીના દોષ અને દુર્ગુણો કહેતી હતી તે હવે નિર્દોષપના, અજ્ઞાનના, કહેવા મંડી અને કમલિનીનાં વખાણ કરવા મંડી. કમલિનીનો હમ્મેશાં પક્ષ લેનાર શાસ્ત્રી ચક્કર સવળું ફર્યું જોઈને સ્મિત કરીને બોલ્યા, “મ્હેં તો ત્હમને પ્હેલેથી જ કહ્યું હતું કે

કમલિની બીજી સાધારણ વર્ગની છોકરીઓ જેવી નથી."

કમલિનીના આવ્યા પ્હેલાં જ હેની સાસૂએ કમલિનીને તેડાવીને સારી રીત્યથી રાખવાનો નિશ્ચય કર્યો હતો.

કમલિની બીજે દિવસે પ્રાતઃકાળે મનમાં બોલી કે "આહા! આવા જગતમાં પણ દુઃખ સહન કર્યાનો બદલો મળે છે; સર્વ જગત મ્હારી વિરુદ્ધ થશે હેવો ભય મ્હને લાગતો હતો પણ એકાએક બધાં મ્હારી પ્રત્યે કેવી માયાથી વર્તે છે।"

પ્રકરણ ૧૯ મું.

મૃત્યુની છાપ.

નિત્યે ફરું મનુજ લોકની વાડી માંહિ,
ચૂંટું કળી કુમળી ત્યાંહિં અસંખ્ય કાંઈ;
ચૂંટું વળી કુસુમ કાંઈ ખીલ્યાં ન ખીલ્યાં,
ને કો પ્રફુલ્લ વળી કો કરમી ગયેલાં.

હૃદયવીણા પૃષ્ઠ ૪૫.

શાન્ત સંધ્યાકાળનો સમય હતો. વિશાળ, દવ પડેલાં મેદાન પીળા રંગના પ્રકાશમાં સ્નાન કરતાં હતાં, અને અસ્ત પામતા સૂર્યનાં છેલ્લાં કિરણો મેદાનો અને ઢોળાવો ઉપર ઘાસ ઉપર તરવર તરવર થતાં હતાં; એ ઘાસ એટલું તો કૂણું હતું કે સ્હેજ પવન આવ્યાથી પણ ત્હેમાં લ્હેરો પડતી હતી. સ્હામે પર્વતો હતા અને ત્હેનાં શિખરો ઉપર અને પર્વતની પેલી બાજૂના વિશાળ મેદાન ઉપર

સૂર્યનો સ્વર્ગીય પ્રકાશ પડતો હતો, જેથી દરેક વસ્તુ સ્પષ્ટ દેખાતી હતી. પીળા ઝગઝગતા તેજથી ઢંકાયલા સ્યામ ખડકો જાણે જીવનમય હોય હેવા દેખાતા હતા; દૂરનાં ચોતરફ ફેલાયલી ડાળીઓવાળાં મ્હોટાં વૃક્ષો ઉપર સુનેરી પ્રકાશ પડતો હતો, સૂકાં પાંદડાંમાં પણ પ્રાણ હોય એમ પવનથી ખડખડતાં હતાં. જ્યહાં કમલિનીના લગ્ન પછી રામચન્દ્ર આવ્યો હતો તે નારાયણ સંન્યાસીની ઘાસથી છાયેલી ઝૂંપડીમાંથી ચોતરફ હાવો દેખાવ દૃષ્ટિએ પડતો હતો. ઝૂંપડી પાસેના વ્હેળાનો ખળખળાટ સ્પષ્ટ સંભળાતો હતો; પરંતુ સંન્યાસીના વિચાર દૂર ભમતા હતા, હેનું મગજ જીવનનો નવીન અને કઠણ પ્રશ્ન ગ્રહણ કરવાને યત્ન કરતું હતું. મૃત્યુનો સમય પાસે આવેલો જાણીને હેના જ્ઞાનમય વિચારોનો અને શાન્તિનો ભંગ થયો; એ વિચારતો હતો કે "તીવ્ર લાગણીવાળો આત્મા નાશવંત દેહ તજીને ક્યહાં જશે? કો'ની સમક્ષ જશે? શું આત્મા વસ્તુ છે ખરી? મૃત્યુ પછી હેનું શું થાય છે?" થોડા મહિના પૂર્વે આ પ્રશ્નોના ઉત્તર એ પોતે જ પૂર્ણ સંતોષથી આપી સકત, પરંતુ હવે મૃત્યુનાં દ્વાર પોતાને જ માટે ઊઘડ્યાથી હેને એક પ્રકારનો ભય ઉત્પન્ન થયો હતો. પાછો તે વિચારગ્રસ્ત થઈને મનમાં બોલ્યો, "શું આટલો સમય હું છેતરાયો હતો? નિર્વાણ—જીવાત્માની પરમાત્મામાં વિલીનતા—પામવાની આટલા વર્ષની મ્હારી અંતની ઇચ્છા હતી, પરંતુ મૃત્યુ પછી જો ચેતના અને વિચારશક્તિનો તદન નાશ થતો હશે તો શું? જો એમ થતું હોય તો મ્હારા સૂક્ષ્મ ધ્યાનનું, કરેલા અપવાસોનું, પ્રાર્થનાનું, કામ ક્રોધાદિકના તથા અહંભાવના દમનનું શું થશે?" આ પ્રમાણે અરુણોદય ઋષિ પાસેથી જ્ઞાન

પામેલા નારાયણ સંન્યાસી મૃત્યુ શય્યા ઉપર સુતા સુતા વિચાર કરતા હતા. વિચારશૂન્ય પામર જનના કરતાં અરુણોદય જેવો પુરુષ ચઢિયાતો શી રીતે ગણાય? અરુણોદય ઋષિમાં અપરોક્ષ જ્ઞાનની શક્તિ હતી, માનસિક બળની ક્ષણે પોતાના પ્રિયજનોને શું થાય છે તે જાણવાની શક્તિવાળા હોવા છતાં મૃત્યુનો મર્મભેદ સમજાવી સક્યા ન્હોતા. અલબત, ઋષિને ભક્તિ, ધ્યાન, અને સમાધિનો બદલો ઘણે અંશે મળ્યો હતો, હેમને આ ત્રણના બદલામાં અસાધારણ શાન્તિનું સુખ પ્રાપ્ત થયું હતું, અને ધન, કીર્તિ, અધિકાર એ સર્વની આકર્ષક શક્તિઓની સત્તા ઋષિ ઉપર નિષ્ફળ નીવડી હતી, દુઃખ ઉપર તે વિજય પામ્યા હતા અને સર્વ પ્રકારની ચિન્તાઓનો નાશ થયો હતો. પરંતુ અરુણોદય ઋષિ પણ ભવિષ્ય જીવન વિશે શંકાથી બોલતા હતા, ને કહેતા કે, "ખરેખર, વિચાર શક્તિનો કાંઇ તદ્દન નાશ નહિં જ થતો હોયને? મૃત્યુ એ દીર્ઘકાળની નિદ્રા હશે કે શું? ત્હાર પછીના ભવિષ્યની સ્થિતિ શી થતી હશે? શું સર્વ નાશ પામતું હશે?" અરુણોદય ઋષિના આ શબ્દો યાદ આવ્યાથી નારાયણ સંન્યાસીને કંપારી આવી; એ વધારે જ્ઞાન મેળવવાને અને ભવિષ્યની ચોકસ સ્થિતિ જાણવાને પ્રયાસ કરતો હતો. જો કે હેનું જ્ઞાન અપૂર્ણ હતું છતાં તે એક મહાત્મા હતો અને હેણે પોતાનું જીવન ઉત્તમ રીત્યે ગાળ્યું હતું. આ પ્રમાણે વિચાર કરતો સંન્યાસી થોડાક સમય પછી શાન્ત થયો, અને તેથી હેને આરામ લાગ્યો. હેને એમ લાગ્યું કે પોતાની તળેથી પૃથ્વી લુપ્ત થઈ ગઈ છે, પોતાનો અને જગતનો સર્વ સંબંધ અને બંધન છૂટી ગયાં છે.

આ સમયે પશ્ચિમમાં અસ્ત પામેલા સૂર્યનો ઘણો જ ઝાંખો મોતિયા રંગનો પ્રકાશ રહ્યો હતો, અને તારા ઉગવા માંડયા હતા; સર્વ સ્થળે શાન્તિ પ્રસરી રહી હતી અને જાણે કોઇ નિઃશ્વાસ નાંખતું હોય તેમ મંદ મંદ પવન આવતો હતો. આસપાસની પ્રકૃતિની આ મહાન્ શાન્તિનું પાન સંન્યાસી કરતો હતો. એક ક્ષણ હેને વિચાર આવ્યો કે "હાવા શાન્ત પ્રકાશિત તારા અને મંદ પવનમાં વસવું તે જ મૃત્યુ છે?" પરંતુ હાવી શાન્તિ થોડીક જ ક્ષણ રહી, એકાએક હેની ઝૂપડીમાં અંધકાર વ્યાપી રહ્યો અને એ ધીમે સ્વરે બોલ્યો, "અરે ધર્મશ્રદ્ધાનું મ્હને આ સમયે બળ આપો." આટલું કહીને તે શુદ્ધિહીન થઇ ગયો; ને મહા પ્રયાસે છેલ્લો શ્વાસ લઇ હેનો અમર આત્મા લુપ્ત થયો.

અરુણોદય ઋષિ જરા મોડા પડયા. એ આવ્યા ત્હારે હેના પ્રિય શિષ્ય નારાયણ સંન્યાસીને ભાન ન હોવાથી ગુરૂશિષ્યનો મેળાપ ન થયો, પરંતુ સંન્યાસીની ઇચ્છા પ્રમાણે હેના મૃત દેહને પાનવર્ષના શાન્ત અરણ્યમાં દાટયો.

~ ~ ~

સંન્યાસીના મરણના સમાચાર કમલિનીને હેના સસરાએ ધીમે રહીને કહ્યા. તે પછી પોતાના પ્રિય પિતાજીને ફરી આ જગતમાં નહિં મળાય એ વિચારથી દિવસોના દિવસો સુધી હેણે શોક કર્યો, પરંતુ હાના કરતાંએ ભારે દુઃખ હેને ભોગવવાનું હતું ત્હેનાથી એ અજાણી હતી. થોડા સમય પછી ભાગ્યને શરણ થઇને પિતાજીના મરણનું દુઃખ ઓછું થવા લાગ્યું, ત્હારે હેની પ્રિય બાલકી માંદી

પડી. હેની પ્રકાશિત આંખ્યો પ્હેલાં આખો દિવસ આનન્દિત દેખાતી હતી તે હવે અશુભ સૂચક નિસ્તેજ દેખાવા લાગી; જો કે હજી પણ બાળકી સ્મિત કરતી હતી તથા મૃદુ મૃદુ હસતી હતી પરંતુ અન્ય બાલકો કરતાં એ વિચિત્ર રીત્યે જુદી દેખાવા લાગી. જ્યહારે કમલિનીને એ અશ્રુપાત કરતાં જોતી હતી ત્યહારે એ માના મુખ ભણી હેવા તો સ્નેહથી અને મધુરતાથી જોતી હતી કે કમલિની પોતાનું દુઃખ વીસરી જતી હતી અને પોતાના અમૂલ્ય રત્ન બાલકીને છાતી સરસી દાબતી હતી. જેમ જેમ દિવસો જવા લાગ્યા તેમ તેમ એ બાલકીની ન્હાની અને કોમળ દેહ તાવથી દુર્બલ થતી ગઈ. કમલિનીને હવે અનેક પ્રકારના ભય અને વ્હેમ આવવા લાગ્યા. હિન્દુઓને મન પ્રેતલોક તે સત્ય જગતના જ લોક છે એમ હોય છે. સારા અને નઠારા મરણ પામેલા મનુષ્યોના અદૃશ્ય આત્મા બ્રહ્માંડમાં વસે છે, આ આત્માઓમાં જગતના મનુષ્યના સર્વ ગુણ અવગુણ હોય છે; વળી એમ પણ માને છે કે આ આત્માઓને સ્વર્ગમાં જતાં પહેલાં કૃત કર્માનુસાર એક જીવન બ્રહ્માંડમાં ભટકવામાં ગાળવું પડે છે. જો હેણે જગતમાં રહીને સદાચારી અને ધાર્મિક જીવન ગાળ્યું હોય તો તે તરત જ સ્વર્ગમાં જાય છે, પરંતુ હેવું જીવન ન ગાળનારના આત્માને સ્વર્ગમાં જતાં પ્હેલાં લાંબો સમય કસોટીમાં કાઢવો પડે છે, અને કેટલાક તો તે છતાંએ સ્વર્ગ પામતા નથી. જે આત્મા કદી સ્વર્ગ પામતા નથી તે જગતના લોકને ઘણું દુઃખ દે છે; હેવું મનાય છે કે હેવા આત્માઓ ન્હાનાં બાળકો ઉપર ખાસ સત્તા ચલાવે છે, અને બાળકો ઉપર ત્હેની ઝટ અસર થાય છે. નબળા મનની માતાઓ મરણ પામેલી વિધવા સ્ત્રીઓને બીજાના

બાળકને હાથમાં તેડેલું સ્વપ્નામાં વારંવાર દેખે છે. મરણ પામેલી વિધવા સ્ત્રીનો આત્મા સ્વપ્ન જોનાર સ્ત્રીનું બાલક લઈ જશે હેવું માને છે, પરંતુ ઘણે ભાગે ગૃહદેવ અને મંદિરના દેવ હાવા આત્માઓની અસર થતાં બાળકોનું રક્ષણ કરે છે. માતાઓ ઘણી વાર પોતાના બાળકોને વિનાશકારી અસરોમાંથી મુક્ત કરવાને મંત્ર ભણાવે છે. કમલિની પણ હાવા વ્હેમ અને ભયથી મુક્ત ન્હોતી; કમલિનીને સ્વપ્નાં આવતાં ત્હેનો અર્થ હેની નોકરાણી જેમ જેમ સમઝાવતી તથા વ્હેમ ઘાલતી તેમ તેમ કમલિની વધારે ને વધારે ભય પામતી. કમલિનીએ હેનાથી બન્યા તેટલા ઉપાય કર્યા પરંતુ એ બાલકી સાજી થતી ન્હોતી. હેવામાં ત્હેણે સાંભળ્યું કે ભવાનીના મંદિર સ્હામેના મેદાનમાં એક મહાન દેવ પ્રગટ થનાર છે, ત્હાં ત્હેણે પોતાની બાલકીને લઈ જવાનો નિશ્ચય કર્યો. સાંઝને સમયે પોતાની બાળકીને લઈને એ મંદિર પાસે જતી હતી તેટલામાં ત્હેણે સ્હામેથી દેવની સ્વારી આવતી જોઈ, પુરુષો ઘેલા માણસની પેઠે બાંટા પાડીને દોડાદોડ કરતા હતા. સવારી મંદિરથી થોડે છેટે ઊભી રહી, એટલે ભક્તમંડળ કુંડાળું વળીને દેવની સ્હામે ઊભું રહ્યું અને પૂર્ણ ઉત્સાહથી ભજન ગાવા મંડયું. ભય અને વ્હેમથી ધ્રૂજતી કમલિની પોતાની બાલકીને છાતી સરસી તેડીને દૂર એક વૃક્ષ નીચે સ્વારી જોતી ઊભી રહી. બિચારી ન્હાની બાલકી માંદગીના કષ્ટથી નિર્બળ થઈ ગયાથી માના ખભા ઉપર માથું નાંખીને પડી રહી હતી, પરંતુ તે વારંવાર પોતાની સુન્દર આંખ્યો મા તરફ ફેરવીને જોતી હતી. દેવની સવારી પાસે આવતી ગઈ અને નાચતા ગાતા ભક્તોના કુંડાળા પાસે લોકોનું ટોળું વધતું ગયું. કમલિની એકાએક ભયભીત

થઈ. હેને વિચાર આવ્યો કે "જો દેવ મ્હારી પ્રાર્થના સાંભળતા પ્હેલાં જ મ્હારી વ્હાલી બાળકીનો ભોગ લેશે તો? દેવો હમ્મેશાં ભોગ માગે છે, અને મ્હારી ઉત્તમમાં ઉત્તમ અને સર્વથી પ્રિય મ્હારૂં અમૂલ્ય ધન બાળકી માગશે તો? અરેરે જો મ્હને પ્હેલેથી સૂઝ્યું હોત તો હેનું રક્ષણ કરવાને હેને લઈને જગતને બીજે છેડે દોડી જાત."

એ બાળકીએ લોકોના ઘાંટા સાંભળ્યા હતા, અને સવારી ભણી આશ્ચર્ય પામીને મ્હોટી મ્હોટી આંખો કરીને જોતી હતી અને ઘડીકમાં મા તરફ દૃષ્ટિ ફેરવીને જાણે પ્રશ્ન પૂછતી હોય તેમ જોતી હતી--આહા! કેવી સુંદર, વિશાળ આંખો! કમલિની હેનું પૂછ્યું સમજીને હેને પ્રેમથી છાતી સરસી ચાંપીને બોલી "ઓ પ્રભુ! દયા કરો. મ્હારી સર્વ વસ્તુ લઈ લેજો, મ્હને લઈ જજો પણ આ પ્રાણ સમાન વ્હાલી પુત્રીને જીવનદાન ઘો." એ બાલિકાએ પોતાનું મ્હોં માના ખભા ઉપર મૂક્યું, અને પોતાની વિશાળ આંખો મા તરફ ફેરવીને એકવાર માની આંખો સ્હામું જોઈને પોતાની આંખો મીંચી દીધી. કમલિનીએ હેના માથા ઉપર હાથ મૂકી જોયો, હેનું માથું તાવથી ધગધગતું હતું તે જોઈ કમલિનીનું હૃદય ચિન્તાથી બળવા લાગ્યું; હેને વિચાર આવ્યો કે "તાવ જરાએ ઊતર્યો નથી, હેને અહિં આણી તે શું ભૂલ્ય કરી છે? ના, ફરી એકવાર હું પ્રાર્થના કરીશ." એમ કહીને પોતાની બાળકીને હાથમાં જ સજ્જડ તેડી રાખીને અનેકવાર દેવને પગે લાગી, અને મનમાં પ્રાર્થના કરવા માંડી. લોકોએ હેને કોઈ ઘેલી સ્ત્રી જાણીને હેની મશ્કરી કરવા માંડી. ધીમે ધીમે દેવની સવારી આગળ ચાલી ગઈ.

કમલિની પોતાની નિદ્રાવશ બાલકીને લઈને ઉતાવળી ઉતાવળી ઘેર ગઈ.

~~ ~~ ~~

રાત્રિ અંધારી હતી. કમલિની જે ખંડમાં પોતાની બાલકીને લઈને બેઠી હતી ત્હેમાં બારીમાંથી તારાનો ઝાંખો પ્રકાશ પડતો હતો, પવન જાણે ઘણા દુઃખથી નિઃશ્વાસ નાખીને રુદન કરતો હોય તેમ લાગતું હતું. "ઊંઘી જા, મ્હારી દીકરી ઊંઘી જા," કમલિનીએ કહ્યું અને ખોળામાં સૂતેલી દુર્બળ અને ફિક્કી પડી ગયેલી બાળકીના મુખ તરફ ચિન્તાથી જોયું. બાળકી આંખો ઉઘાડી મા ભણી જોઈ રહી, કમલિનીએ હેને છાતી સરસી ચાંપીને કહ્યું "એમ ના જોઇયે વ્હાલી દીકરી, સૂઈ જા". એમ કહીને કમલિનીએ મધુર સ્વરે ધીમે ધીમે હાલેડું ગાવા માડયું, પરંતુ હેના શબ્દો વિધાતાને હાસ્યજનક લાગતા હતા. કારણ એ બાળકી લાંબો સમય જીવવાની ન્હોતી.

જેમ જેમ કમલિની એ પોતાને મનગમતુ ને પરિચિત હાલેડું ગાતી ગઈ તેમ તેમ હેના શબ્દો કમલિનીને વિચિત્ર લાગવા માંડયા. હેની આંખોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી. એ ગીત આનન્દિત હાલેડાં કરતાં મરણના રાજિયા જેવું વધારે લાગ્યું; હેણે પોતાની બાલકીને છાતી સરસી રાખી. શું હેને ખબર હતી કે વખત ચાલ્યો જાય છે અને તારાઓનું તેજ આ ક્ષણે હેની બાળકી ઉપર અને હેના ઉપર પ્રકાસે છે? શું હેને ખબર હતી કે અશ્રુગ્રથિત ગીત એ ગાતી હતી તે વખતે એ બાળકનો આત્મા પાંખો કરીને ઉડી ગયો હતો?

પોતાની બાળકીને છાતી સરસી દાબીને કમલિની પાષાણુની મૂર્તિ જેવી સ્થિર ને શીતળ બેસી રહી; અને કમલિનીના કુટુમ્બીઓએ બીજે દિવસે સ્હવારમાં કમલિનીને ભીંતના ખુણામાં માથું ટેકાવીને બેભાન અવસ્થામાં પડેલી દીઠી. કુટુંબીઓએ જાણ્યું કે મા અને બાલકી બંને મરણ પામ્યાં છે, પરંતુ એક દુઃખમય શૂન્યતાનો અનુભવ પામવાને જીવતી રહી, અને બીજી સ્વર્ગવાસી થઈ.

જ્યહારે મલિનીને શુદ્ધિ આવી ત્યહારે હેને પૂર જોસથી તાવ ચઢવા માંડયો હતો; અને તે તાવને પરિણામે ઘણા દિવસ સુધી કમલિની અડધી બેભાન અવસ્થામાં રહી હતી. હેના ઉપર બીજું એક મહા સંકટ આવ્યું હતું ત્હેનાથી એ તદ્દન અજાણ્‌ જ હતી. હેના કુટુમ્બીઓ તથા આડોશી પાડોશી એમ કહેતાં હતાં કે "કમલિનીનો જન્મ નઠારા ગ્રહમાં થયો હતો, તેથી હેના ઉપર દુર્દૈવ સંકટ વરસાવે છે. હવે હેને હેનું ધન શા કામનું ? સ્ત્રીઓનું સૌથી ઉત્તમ, અમૂલ્ય આભૂષણ હેણે ખોયું.—માત્ર બાર કલાક કોલેરાથી દુઃખ ભોગવીને ગણેશ મૃત્યુ પામ્યો હતો, ઘરમાં મહા ત્રાસ વર્તી રહ્યો હતો, કમલિની પણ મરણની અણી ઉપર હતી, હેના સસરા અને સાસૂને રામપુર જવું પડયું હતું, તેથી કમલિનીની સખીઓ વારા ફરતી કમલિનીની ચાકરી કરતી હતી. જેમ જેમ દિવસો જવા લાગ્યા તેમ તેમ કમલિની મહા દુઃખ ભોગવવાને સાજી થતી ગઈ, માતાપિતા વગરની તુચ્છકારાયલી અને અશુભ શુકનવાળી ગણાયલી કમલિની સર્વથી સંતાતી રહેવા લાગી, અને એકાન્તમાં પોતાના ખોયેલા દ્રવ્ય—ન્હાની બાલકી—માટે અનહદ રુદન કરવા લાગી. પતિનું ઘર છોડયા માટે પતિના મૃત્યુથી પોતાને યોગ્ય

શિક્ષા મળી છે એમ ધાર્યું. કારણ પોતાની સખી ભાગીરથીના જીવનમાં હવે કે'વો ફેરફાર થયો હતો ? ભાગીરથીનો પતિ અન્ય સ્ત્રીની સોબત છોડી દઈને ભાગીરથી ઉપર હવે પ્રેમ ભાવ રાખતો હતો, અને તે સુખી હતી, અને હેના સુખમાં એક પુત્રના સુખથી વધારો થયો હતો. ભાગીરથીએ કમલિનીને કહ્યું હતું કે, "મ્હારા પોતાના જ દોષથી મ્હારા પતિનો અભાવ થયો હતો." ભાગીરથીને હેના પુત્રના જન્મ પછી સમઝણ આવી હતી. ભાગીરથીના પતિએ ભાગીરથીને કહ્યું હતું કે, "હું બીજી કોઇ સ્ત્રીના પ્રેમની આશા રાખતો ન્હોતો પણ ત્હારી ઉછાંછળી વર્તણુકની ત્હને શિક્ષા કરવાને જ બીજી સ્ત્રીને ઘરમાં આણી હતી."

આ વાત સાંભળીને કમલિનીને પશ્ચાતાપ થવા લાગ્યો, ને હેણે વિચાર્યું કે. "જો હું પણ દુઃખ સહન કરીને પતિની પાસે જ રહી હોત તો થોડા સમયમાં સર્વ સારૂં થાત." પરંતુ હવે વૈધવ્યનું મહા દુઃખ હેને માથે પડયું હતું અને એ દુઃખ પડયાથી પોતાને યોગ્ય જ શિક્ષા થઈ છે એમ એ ધારતી હતી. હેની સખીઓ હેની પાસે ને પાસે જ રહીને હેના દુઃખનો ભાર ઓછો કરવાનો પ્રયત્ન કરતી હતી. કાશીએ પોતાના ન્હાના બાળકને લાવીને કમલિનીના ખોળામાં મૂકીને કહ્યું "એ મ્હારૂં બાલક નથી, વ્હાલી કમલિની, તું જ હેને ઉછેરીને મ્હોટી કરજે," આ સાંભળીને કમલિનીને આ જીવનમાં હજી પણ કાંઇક સુખનો ટુકડો પોતાને માટે રહેલો લાગ્યો.

પ્રકરણ ૨૦ મું.

અમૃતનો પ્યાલો; પાન વિના તૃપ્તિ.

કેટલાંક વર્ષો વીતી ગયાં, અને એક રીતે દુઃખમય જણાતો પરંતુ હેના કંટકમય જીવનમાર્ગ સરળ થવાને કૃપાળુ પ્રભુએ એક પ્રકારનો જ્યોતિ હેના જીવનમાર્ગમાં મૂક્યો. એ સ્નેહજ્યોતિ એટલો નિઃસ્વાર્થી, હેવો અસાધારણ, બળવાન અને એટલા ઉચ્ચ પ્રકારનો હતો કે કમલિનીને એમ લાગ્યું કે પોતાને આ દુઃખમય પૃથ્વી ઉપરથી કોઇએ ઊંચકી સ્વર્ગમાં મૂકી છે; જો કે એ સ્નેહજ્યોતિ કમલિનીના ભાગ્યમાં નિર્મેલો ન્હોતો, પરંતુ એક રીત્યે હેનો જ હતો, અને તેટલાથી જ એ સંતુષ્ટ થઈ હતી.

એક દિવસે કમલિની પોતાના ઘર પછવાડે નદીને તટે રોજની જગ્યાએ મ્હોટા વૃક્ષ નીચેની શિલા ઉપર બેઠી હતી અને વીતી ગયેલા દિવસોનો વિચાર કરતી હતી, તેટલામાં હેણે રામચન્દ્રને દૂરથી આવતાં જોયો. બે વર્ષ સુધી હેણે રામચન્દ્રને જોયો ન્હોતો તેથી હેને આવતો જોઈને ઘણી હર્ષિત થઈ.

રામચન્દ્ર કમલિનીની માના અલંકારની પેટી જે સંન્યાસીએ કમલિનીને માટે આટલાં વર્ષ સંતાડી રાખી હતી તે પેટી લઈને આવ્યો હતો; ધનથી નિરપેક્ષ સાચા પ્રેમ અને ગૃહસંસારનું વિશુદ્ધ સુખ કમલિનીને મળે એ હેતુથી સંન્યાસીએ પોતાના એક વિલક્ષણ તરં-

ગને વશ થઈને એ પેટી હેણે સંતાડી રાખી હતી. રામચન્દ્રે હેને સર્વ સમાચાર કહ્યા, પછી કમલિનીએ હેને ઘરમાં આવીને સાસૂ સસરાને મળવાનું કહ્યું; રામચન્દ્રે કહ્યું, "થોડો સમય ત્હમે થોભશો? મ્હારે ત્હમને કાંઈ અગત્યનું કહેવું છે." હેવું શું અગત્યનું હશે હેનો કમલિની વિચાર કરતી હતી. એ મૌન રાખીને બેસી રહી; અને તરત જ રામચન્દ્રે કમલિની તરફનો પોતાનો પ્રેમ એકાએક પ્રગટ કર્યો. હેણે બહુ જ વાગ્બળથી કહ્યું:—" પ્રિય કમલિની ! જે દેશમાં સ્વતન્ત્રતા છે ત્હાં તમે મ્હારી સાથે આવો. જ્ઞાતિ અને રૂઢિનાં બંધન ત્હમને અસહ્ય લાગતાં નથી ? ચોપાસની અજ્ઞાનતા અને વ્હેમની બેડીઓ ત્હમને કંટાળો ઉપજાવીને મૂઝવણમાં નાંખતાં નથી ? અહિં તમને સર્વ અંધકારમય લાગતું નથી ? ત્હારી આંખ્ય ઉપરથી જ એ બધું જણાઈ આવે છે. ત્હમે મ્હારી સાથે સર્વ પ્રકારની છૂટથી રહી શકશો; પ્રિય કમલિની ! નિશ્ચય કરીને મ્હારી સાથે આવો. ત્હમારો જન્મ થતાં પ્હેલાંનાં ત્હમે મ્હારાં છો, ત્હમારી માએ આપણું લગ્ન કરવાનું વચન આપ્યું હતું. હવે હું ભક્ત અને શિષ્યનું જીવન ગાળીને કંટાળી ગયો છું. મ્હને એ સર્વ અર્થ વગરનાં લવારા લાગે છે. જીવનના મૂળની શોધ કરવાને મ્હેં ઘણુએ યત્ન કર્યા; પરંતુ સફળ નીવડ્યો નહિં. અનેક અપવાસો કર્યા, મંદિરમાં અને બહાર, ભયંકર અને ઘોર અરણ્યમાં અને પર્વતને એકાન્ત શિખરે ત્હમે મ્હને તપશ્ચર્યા કરતાં જોયો હોત તો ત્હમારી ખાતરી થાત કે સત્યની શોધ કરવા માટે મ્હારા જેટલું કોઇએ દુઃખ ભોગવ્યું નથી. સંન્યાસી નારાયણની આજ્ઞા પ્રમાણે ચાલ્યો છું, મહાન્ ઋષિ અરુણોદયના ચરણ સમીપ બેશીને બોધ લીધો છે, અને વનસ્પતિશાસ્ત્રનું

જ્ઞાન મેળવ્યું છે, વનસ્પતિનો ગુણકારક રસ કાઢીને મનુષ્યોને કેટલાક રોગ મટાડવાને વાપરી સકું છું. પરંતુ તે સર્વ વ્યર્થ. હેનાથી મ્હેં ધારેલી વસ્તુની પ્રાપ્તિ થતી નથી, હેનાથી સત્ય પ્રકાશનું મૂળ મહાન્ પ્રભુની સમીપ જવાતુ નથી. હવે કમલિની! કહોને! આપણે આપણું સ્વતન્ત્ર જગત રચીશું, ત્યહાં આપણને કોઇ વિઘ્ન નાંખીને આપણા આનન્દનો નાશ કરી સકશે નહિં. મ્હારી કને એવાં સુખ સાધન છે કે તે વિશે ત્હમને કશી ખબર નથી. ત્હમારા નવીન જીવનમાં અપૂર્વ પ્રેમ ત્હમને વધાવી લેશે. ત્હમે કદી સ્વપ્ને પણ ના અનુભવેલા મ્હારા પ્રેમનો અને ત્હમારા સ્વાતન્ત્ર્યનો સ્વીકાર કરો અને મ્હારી સાથે આવો; કોઇને કશી ખબર પડવાની નથી."

કમલિનીએ રામચન્દ્ર સ્હામું અશ્રુપૂર્ણ આંખ્યોએ દીર્ઘ હૃદયદ્રાવક દૃષ્ટિથી જોયું; પથ્થર જેવા કઠણ હૃદયના મનુષ્યને પણ પીગળાવીને હેના હૃદયમાં દયા ઉત્પન્ન થાય ત્હેવી મૃદુ પણ દુઃખની છાયા કમલિનીનાં નયનોમાં હતી. હેને કંપારી આવી ને બોલી, "મ્હારી કને હેવી માગણી કરશો નહિં, હેનો મ્હારાથી વિચાર પણ કરી સકાતો નથી. પૂર્વેની સ્ત્રીઓ પતિ સાથે ચિતામાં મરણ ન્હોતી પામતી? હવે હમે શું કરી સકીએ છીએ? મ્હારા હૃદયના ધબકારા ત્હમારા હૃદયના ધબકારા સાથે જ થાય છે. પરંતુ ઓ લલચાવનાર હૃદય! મ્હને લલચાવીશ નહિં. મ્હને મ્હારી આ લાગણીથી મ્હારા ઉપર તિરસ્કાર આવે છે. ત્હમે મ્હારો તિરસ્કાર કરીને મ્હને ત્હમારાથી દૂર રાખજો; મ્હારા સ્હામું જોશો નહિં. હું સ્ત્રીવર્ગમાંથી તજાયેલી છું; મ્હારામાં કાંઇક અવગુણ છે તેથી દેવોએ મ્હને અધમ સ્થિતિમાં આણી છે, દેવોએ મ્હારી ડોકમાંનું પવિત્ર મંગલસૂત્ર તોડયું

છે અને મ્હારા સ્વામીને લઈ લઈને મ્હને શાપ દીધો છે. ના ! ના! ત્હમે કહો છો તે અશક્ય છે. હું જેવી છું તેવી જ મ્હને મૂકીને જાઓ, અને કોઇ ભાગ્યશાળી કુમારીકા જોડે લગ્ન કરી ભાગ્યશાલી થાઓ. હું એક ફૂટેલા માટલા જેવી છું અને નાંખી દેવાને યોગ્ય છું. અહા! પ્રભુ મ્હને હામાંથી બચાવો, કોણ જાણે શું મ્હને ડુબાડી દે છે; પર્વતની હાર્ય મ્હારી દૃષ્ટિ સમક્ષ આવે છે, એ પર્વતની હાર્ય લાંબી લાંબી છે, આ દેખાવ ત્હમારી શક્તિ અને સત્તાનાં ચિન્હ છે."

રામચન્દ્રે કહ્યું, " ના એ પ્રેમનાં ચિન્હ છે; ઊઠો, અને હેના બોલાવ્યાથી જ આવો; ત્હમે પ્રેમની વિરૂદ્ધ યુદ્ધ કરી સકશો નહિં. પ્રિય કમલિની, મ્હારી વિનંતિ સ્વીકારો." એમ કહીને એ કમલિનીની પાસે આવ્યો અને એક ન્હાના બાલકને ઊંચકે તેમ એક ક્ષણમાં ઊચકી લીધી, પરંતુ તે તરત મુક્ત થઈ ને, " બણેશ " કહીને એક ચીસ પાડીને ઘેલી સ્ત્રીની પેઠે પોતાના ઘર તરફ દોડી ગઈ. હેની ચીસ ઊંડા ચીરાયલા હૃદયમાંથી નીકળેલી હતી. હેનો ધર્મ જો કે ડાગ્યો હતો પરંતુ વિજયી નિવડયો. હેને લાગ્યું કે, " જો નવીન જીવન ગ્રહણ કરત તો એ જીવન પશ્ચાત્તાપથી દુઃખમય થાત. તેથી હેણે તે પુરુષના પ્રેમની બળવાન શક્તિમાંથી હમેશને માટે દૂર રહેવાનો દૃઢ નિશ્ચય કર્યો. પરંતુ રામચન્દ્રનો પ્રેમ કદી વીસરી સકી નહિં, કેમકે એ સાચો પ્રેમ હતો, અને એ પ્રેમ કમલિનીના જીવન માર્ગમાં સ્નેહજ્યોતિ પ્રમાણે રહી હેનું જીવન સુખમય થયું. આહા! પોતાના ઉપર કોકનો પણ પ્રેમ છે એટલું જાણ્યાથી મનુષ્યની

હૃદયને કેટલું સુખ થાય છે! જગતથી તજાયલી કમલિનીને એ જાણ્યાથી કેટલું સુખ થયું હશે!

રામચન્દ્ર પોતાની પર્વત ઉપરની ઝૂંપડીમાં રહેવા લાગ્યો, અને માત્ર કોઈવેલે દિવસે જ માંદાં માણસોને જોવાને ગામમાં આવતો. પરંતુ હેનું ગુપ્ત એકાન્ત લોકોએ ઝટ શોધી કાઢયું, દરિદ્ર અને માંદાં માણસો હેના ઉપર અત્યન્ત સ્નેહભાવ રાખતાં હતાં, કારણ રામચન્દ્ર હેમને ઘણા ઉત્સાહથી સહાય કરતો હતો. રામચન્દ્રની પ્રેમકથા કોઇ જાણતું ન્હોતું. જનમંડળ માત્ર એમ જ ધારતું હતું કે એ હેના ગુરુ અરુણોદય ઋષિને પગલે ચાલે છે.

કમલિની પોતાનું સર્વ ધન નિઃસ્વાર્થપણે પરોપકાર કરવામાં વાપરવા લાગી, અને હેની કીર્તિ આજદિન સુધી પણ ગવાય છે અને ગામડાના લોકો હજી પણ હેને દેવી ગણીને પૂજે છે.

આ પ્રમાણે કમલિની-સાધ્વી કમલિનીનો વૃત્તાન્ત હું નદી તટે વૃક્ષ નીચે બેઠી હતી ત્યારે સાંભળ્યો હતો. હું બેઠી હતી ત્યાં પાસે જ જૂનું રોહિણી માતાનું મંદિર છે; એ જ શિવગંગા શહેર હજી હયાત છે, અને એ જ પૂર્વકાળની નદી હેના તટ ઉપરના શેહેરમાં વસનારાંઓનાં સુખ દુઃખ ઉપર લક્ષ આપ્યા વગર વહ્યે જાય છે. સ્હામે દૂર એક દહેરૂં અને છત્ર કમલિનીના નામનાં છે, કારણ એ એક સાધ્વી હતી અને ગણાઈ છે. હેના અદૃશ્ય હાથ હજી પણ દારિદ્રોનું દુઃખ ટાળીને રક્ષણ કરે છે, કારણ સાધ્વી કમલિની પોતાનું સર્વ ધન અનાથ બાળકો તથા વિધવા સ્ત્રીઓના હિત માટે જ મૂકી ગઇ છે.

સમાપ્ત.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧	૫	હતું	છે
,,	૬	હતી	છે
,,	૭	હતી	છે
,,	૯	જતો હતો	જાય છે
,,	૧૦	થતો હતો	થાય છે
૨	૫	ખંડર	ખંડેર
૫	૨૧	પાંદડાંનાં	પાંદડાં
૨૮	૧૫	એટલા	ઓટલા
૨૯	૧૨	સસરા	સસરો
૩૧	૮	પુરુષ સુકતના	પુરુષ સૂક્તનું
,,	૯	શ્લોકનું	(આ શબ્દ કાઢી નાંખો)
,,	૧૧	શ્લોક	(,,)
૩૭	૪	કરવેલા	કરાવેલા
૪૦	૧૫	ત્હેને	મ્હને
૪૨	૩	પૂવ	પૂર્વે
૫૦	૩	રહ્યા	રહ્યો
૫૧	૨૦	સંભળ્યા	સાંભાળ્યા
૫૭	૧૩	કટાય	કઢાય
૬૩	૮	કર્તિ	કીર્તિ

૬૪	૯	પૂર્પે	પૂર્વે
,,	૧૦	મ્હોન	મ્હોનાં
,,	૧૧	કમલિનીન	કમલિનીનાં
૬૬	૯	વખણુ	વખાણુ
૬૮	૮	ળ	(આ અક્ષર કાઢી નાંખો)
,,	૧૦	હુનાળા	હુનાળાના
,,	૧૧	સ	સર્વ
૬૯	૫	ય	ર્ય
૭૭	૧૧	ચાલ્ય;	ચાલ્યા;
,,	૧૩	ત્હેન	ત્હેની
,,	૧૪	થ	થતું
,,	૧૫	કુંડ	કુંડમાં
,,	૧૬	પવિ	પવિત્ર
,,	૧૭	કોત	કોતરી
,,	૧૮	બમણું	બમણું
૯૪	૧૪	બાલ્યો	બોલ્યો
૯૯	૨૦	પેતાના	પોતાના
૧૦૧	૧	મધુરના	મધુર
૧૦૪	૨૨	વસ્તીની	વસ્તીની
૧૧૨	૩	સાસ	સાસુ
૧૧૭	૪	ાહમને	ત્હમને
૧૧૮	૧૭	રીચે	રીત્યે
૧૨૭	૧૭	અવંકારરૂપી	અંધકારરૂપી

૧૨૮	૨૨	ઘાટમાં	ઘટામાં
૧૪૦	૭	સવ	સર્વ
૧૪૩થી ૧૫૫		મથાળે પિતાની સોડયમાં પાછી	સઈનો બાજીમાં પ્રથમ દાવ
૧૪૫	૨૧	ટ ુને	ટહુને
૧૭૨	૨	રૂત	રૂતે
૧૭૭	૯	બાલિકાઓની	બાલિકાઓના
૧૮૩	૧	રાત્રયે	રાત્રિએ
૧૯૬	૨૨	આવું	આવ્યું
,,	,,	પસે	પાસે
,,	૨૩	અ ો	અને
૨૦૧	૧૨	સંપૂણ	સંપૂર્ણ
૨૦૩	૨	કોઈ	કોઇ
૨૧૩	૨૧	ગ્ણેશ	ગણેશ
૨૧૬	૨	જોયથી	જોયાથી
૨૧૮	૨૧	સંઝે	સાંઝે



ડોંગરેનું બાલામૃત.

સુન્દરી સુબોધ.

જ્યાં સ્ત્રીઓ નરદ સન્માનિત છે, ત્યાં દેવતાઓ પ્રસન્ન રહે છે

—મનુ ભગવાન

સારી પત્ની એ દેશના ઉત્કર્ષનું મુખ્ય સાધન છે. તેજ જીવનને આત્મપ્રભાથી અજવાળવા તેજ સમર્થ છે. —[illegible]

સર્વથા ગૃહની, કુટુમ્બની ગામની, દેશની,—સર્વની ઉન્નતિનું મૂલ આશ્રયરૂપ શુદ્ધ માતા એજ છે. —આર્ય

સ્ત્રીની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ અશક્ય છે—ગોવર્ધનરામ મા. ત્રીપાઠી

સ્ત્રીઓની ઉન્નતિમાં પ્રજાની ઉન્નતિ રહેલી છે.—મહર્ષિ દાદાભાઈ નવરોજી

સ્વદેશને આબાદ કરવાનો માર્ગ માતાઓને કેળવણી આપવી એજ છે. —મહાન નેપોલીયન.

સારી માતા, સદ્ગુણી પુત્રી, સ્નેહાળ ભગિની, ઉત્તમ ગૃહિણી, પવિત્ર પત્ની, અને પરોપકારી દેશસેવી સ્ત્રીઓ; નિરોગી, ઉદ્યોગી, ધર્મશીલ અને તેજસ્વી બાળકો; તથા સુખસન્તોષી, આનંદી અને ઉત્સાહી કુટુમ્બજીવનનો સ્વદેશમાં વધારો થાય એમ ઇચ્છતા હો તો, તેમને સારી કેળવણી આપો. તમારા સ્વજન અને મિત્ર-મંડળમાં સુખસન્તોષ, આબાદી અને આરોગ્ય, આનન્દ, ઉત્કર્ષ અને ઉત્સાહ વધે એમ ચાહતા હો તો, તેમને (સુન્દરી સુબોધ જેવાં) નિર્દોષ અને હિતકારક પત્રો તથા પુસ્તકો વાંચવા આપો.